**૧૭. સરકારી કર્મચારી હોય તેવા પતિ-પત્ની બંને જ્યારે પોતાના માલિકીના કે ભાડાના મકાનમાં રહેતા હોય ત્યારે ઘરભાડા ભથ્થાની આકારણી :** પતિ-પત્ની બંને સરકારી કર્મચારી હોય અને તેઓ સરકારી કર્મચારી હોવાથી પોતાના કે ભાડાના એક જ મકાનમાં સાથે રહેતા હોવાના કારણે તેમને મળવાપાત્ર ઘરભાડા ભથ્થા પર કોઈ નિયંત્રણ રહેશે નહિ. આવા કિસ્સાઓમાં ઘરભાડા ભથ્થાની આકારણી માટેની અન્ય શરતોની મર્યાદામાં, તેમને મળવાપાત્ર ઘરભાડાની રાબેતા મુજબની રકમ મંજૂર કરી શકાશે.

**૧૮. રજા દરમ્યાન ફાળવવામાં આવેલ કે પરત કરી દેવામાં આવેલ સરકારી રહેણાકનું ઘરભાડા ભથ્થું :** (૧) રજાના સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીને સરકારી રહેણાક ફાળવવામાં આવે ત્યારે તેવી ફાળવણીની આગળની તારીખ સુધીનું ઘરભાડા ભથ્થું - કર્મચારીને રજા ઉપર ઉતરતાં પહેલાં મળતા ઘરભાડા ભથ્થાના દરે અગર તો તેને સરકારી રહેણાક ફાળવવામાં આવેલ ન હોત તો અને રજા ઉપરથી પાછા ફરતા તેને જે દરે ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થાત તે બે દર પૈકીના ઓછા દરે મળવાપાત્ર થશે.

(૨) તેને ફાળવવામાં આવેલ રહેણાક જો સરકારી કર્મચારી રજાના ગાળા દરમ્યાન બપોર (forenoon) પહેલાં સુપરત કરી દે તો તે તારીખથી અને બપોર પછી (afternoon) સુપરત કરી દે તો તે દિવસ બાદની તારીખથી સરકારી કર્મચારીને; તે જો તેને સરકારી રહેણાક ફાળવવામાં ન આવ્યું હોત અને રજા ઉપર ઉતરતા અગાઉની તારીખથી મળવાપાત્ર થતા ઘરભાડા ભથ્થાના દરે અથવા રજા ઉપરથી પાછા ફરતા તેને જે દરે ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થાત તે બે દર પૈકી ઓછા દરે - ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે.

૧૯. **પોતાની માલિકીનું મકાન ધરાવતા સરકારી કર્મચારીઓની ઘરભાડા ભથ્થા માટેની પાત્રતા :** (૧) જે સરકારી કર્મચારી પોતાની, પોતાની પત્નીની, સંતતિની, પિતાની કે માતાની માલિકીના મકાનમાં રહેતા હશે તેઓ પણ આ નિયમો હેઠળ ઘરભાડા ભથ્થું મેળવવા હકદાર બનશે.

**નોંધ :** આવા દરેક કિસ્સામાં ભાડાના ખાનગી મકાનમાં રહેતા સરકારી કર્મચારીઓને લાગુ પડતી શરતોની પૂર્તતાને અધીન, ઘરભાડા ભથ્થું મંજૂર કરવામાં આવશે.

(૨) સરકારી કર્મચારીની ફરજની જગાએ પોતાનું મકાન હોવા છતાં તેના બદલે તે ભાડાના મકાનમાં રહેતો હોય તેવા કિસ્સામાં, જો અન્યથા મળવાપાત્ર હોય તો, ભાડે રાખેલ મકાન અંગેનું ઘરભાડા ભથ્થું મળી શકશે.

૨૦. **ભાડામુક્ત સરકારી રહેણાક મળવાપાત્ર સરકારી કર્મચારીઓને સ્થાનિક વળતર ભથ્થા કે ઘરભાડા ભથ્થાની પાત્રતા :** સેવાની શરતો હેઠળ જે કર્મચારીઓને ભાડામુક્ત રહેણાકના બદલામાં ઘરભાડા ભથ્થાનો હક આપવામાં આવતો હોય તે કર્મચારીઓને ઘરભાડા ભથ્થાની મંજૂરીને લાગેવળગે છે ત્યાં સુધી આ નિયમો લાગુ પડશે નહિ. આમ છતાં, તેવા કર્મચારીઓને સ્થાનિક વળતર ભથ્થું મંજૂર કરવા અંગેનું નિયમન આ નિયમો હેઠળ કરવામાં આવશે.

૨૧. **સરકીટ હાઉસ / ગેસ્ટ હાઉસ / રેસ્ટ હાઉસ / પથિકાશ્રમમાં રહેતાં ઘરભાડા ભથ્થાની અપાત્રતા :** તેની / તેણીની નિમણૂકના મુખ્ય મથકમાં આવેલા સરકારની કે સ્થાનિક મંડળની માલિકીના કે તેમના દ્વારા સંચાલિત સરકીટ હાઉસ / ગેસ્ટ હાઉસ / રેસ્ટ હાઉસ / પથિકાશ્રમમાં રહેતા હોય તેવા સરકારી કર્મચારીને તેવા રહેઠાણના સમયગાળા માટે ઘરભાડા ભથ્થાનો હક રહેશે નહિ.

૨૨. **બદલી થયેલ હોય તેવા સરકારી કર્મચારીને ઘરભાડા ભથ્થાની પાત્રતા :** નવા સ્થળે ભાડાનું મકાન ન રાખવાને કારણે અથવા તેને સરકારી રહેણાક ન ફાળવવાને કારણે જૂના સ્થળે તેના કુટુંબનો રહેવાસ ચાલુ રાખેલ હોય તેવા જૂના સ્થળે સરકારી રહેઠાણ ફાળવવામાં આવ્યું ન હોય એવા સરકારી કર્મચારી - નવા સ્થળે હવાલો સંભાળી લીધા તારીખથી છ માસ સુધી અથવા તે નવા સ્થળે ભાડાનું રહેણાક મેળવી લે અથવા તેને સરકારી રહેણાક ફાળવવામાં આવે તે તારીખ સુધી; આ બે પૈકી જે તારીખ વહેલી હોય ત્યાં સુધીના સમયગાળા માટે - ઘરભાડા ભથ્થું મેળવવાને હકદાર બનશે. આવા કિસ્સાઓમાં ઘરભાડા ભથ્થાનું નિયમન નીચે મુજબ થશે :-

| | | |
|---|---|---|
| (૧) | નવા સ્થળે હવાલો સંભાળી લીધા તારીખથી પ્રથમ બે માસ માટે | જૂના સ્થળે જે દરે ભથ્થું આકારતા હોય તે દરે. |
| (૨) | ત્યારપછી ચાર માસ માટે. | જો તેણે નવા સ્થળે ભાડે મકાન લીધું હોત તો જે દરે તેને ઘરભાડું મેળવવાપાત્ર થાત તે દરે, અથવા જૂના સ્થળે તે ઘરભાડા ભથ્થુ આકારતા હતા તે દરે - આ બે પૈકી જે દર ઓછો હોય તે દરે : |

**પરંતુ** જે તારીખથી તેને નવા સ્થળે સરકારી રહેણાક ફાળવવામાં આવે તે તારીખ પછી આ બંને પૈકી એકપણ કિસ્સામાં, આ જોગવાઈઓ હેઠળ ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે નહિ.

૨૩. **બદલી થયા બાદ સરકારી રહેણાકનો કબજો ધરાવતા સરકારી કર્મચારીને ઘરભાડા ભથ્થું :** બદલી થતાં જૂના સ્થળે સરકારી રહેણાક ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય તેવા સરકારી કર્મચારી તેની બદલીની તારીખના આઠ માસથી વધુ સમય માટે નવા સ્થળે ઘરભાડા ભથ્થું મેળવવાને હકદાર રહેશે નહિ.

૨૪. **પોતે ભાડુ નહિ ભરતી મહિલા સરકારી કર્મચારીઓને ઘરભાડા ભથ્થાની પાત્રતા :** પરણિત મહિલા સરકારી કર્મચારી તેના પતિ સાથે રહેતી હોય તેવા કિસ્સામાં અને અપરણિત મહિલા સરકારી કર્મચારી, જો સરકારી કર્મચારી ન હોય તેવા તેમના પિતા અગર પરિવારના સભ્ય સાથે રહેતી હોય તો તેવા કિસ્સામાં તેના પતિએ કે પ્રસંગાનુરૂપ તેના પિતા કે પરિવારના સભ્યે ભરેલ ભાડુ તેણીએ ભરેલુ ભાડુ ગણાશે. આ નિયમો હેઠળ અન્યથા પાત્ર હોય તો આવા સરકારી કર્મચારી ઘરભાડા ભથ્થાના હકદાર થશે.

૨૫. **રજા દરમ્યાન સ્થાનિક વળતર ભથ્થા અને / અથવા ઘરભાડા ભથ્થાનું નિયમન :** રજા દરમ્યાન સ્થાનિક વળતર ભથ્થા અને / અગર ઘરભાડા ભથ્થાની આકારણીનું નિયમન નીચે મુજબ કરવામાં આવશે :-

(૧) સરકારી કર્મચારી રજા ઉપર જતા પહેલાં જે દરે તે ઘરભાડા ભથ્થું અને સ્થાનિક વળતર ભથ્થું મેળવતા હોય તે દરે તે ભથ્થાં રજા દરમ્યાન પણ મેળવવાને હકદાર રહેશે. આ હેતુ માટે રજા એટલે જો કોઈપણ પ્રકારની ૧૮૦ દિવસથી વધુ નહિ તેટલી કુલ રજા, અને કુલ રજા તેથી વધુ હશે તો પ્રથમ ૧૮૦ દિવસ સુધીની રજા. જો વેકેશનને કે જાહેર રજાઓને જોડવામાં આવે તો વેકેશન અને જાહેર રજા સાથેનો રજાનો આખો સમયગાળો ગણતરીમાં લેવામાં આવશે.

**નોંધ-૧ :** જો સરકારી કર્મચારીને માંદગી સબબ અથવા અન્યથા મંજૂર કરવામાં આવેલ રજા ભોગવ્યા બાદ ફરજ પર હાજર ન થાય અને રાજીનામું આપે તેવા કિસ્સામાં, સમગ્ર રજાના ગાળા માટે તે સ્થાનિક વળતર ભથ્થું અને ઘરભાડા ભથ્થું મેળવવા હકદાર રહેશે નહિ. રાજીનામા વગેરેનો સ્વીકાર કરતા પહેલાં આવી આકારેલ સમગ્ર રકમની વસૂલાત થાય તે સંબંધિત નિમણૂક અધિકારી સુનિશ્ચિત કરશે.

**નોંધ-૨ :** સરકારી કર્મચારીને મૂળતઃ માંદગી સબબની ૧૮૦ દિવસથી વધુ નહિ તેટલી રજા મંજૂર કરવામાં આવી હોય અને ત્યારબાદ તેઓને અશક્તતા સબબે સરકારી નોકરીમાંથી નિવૃત્ત કરવામાં આવેલ હોય તો તેવા કિસ્સાઓમાં પૂર્વે આકારાઈ ચૂકેલ સ્થાનિક વળતર ભથ્થા તથા ઘરભાડા ભથ્થાની રકમની વસૂલાત કરવાની આવશ્યક્તા નથી. જે સરકારી કર્મચારીઓને મૂળતઃ માંદગી સબબની અથવા અન્ય પ્રકારની રજા મંજૂર કરવામાં આવેલી હોય, પરંતુ તેવી રજાના સમયગાળા દરમ્યાન અશક્તતા અગર અવસાનના કારણે તેઓ રજા પરથી ફરજ પર ન જોડાય તેવા કિસ્સાઓ પણ આ જ પ્રમાણે નિયમિત કરી શકાય.

**નોંધ-૩ :** રજાઓ સાથે જોડીને કે તે સિવાય ભોગવેલ વેકેશનના સમયગાળા માટે આ ભથ્થાની આકારણીનું નિયમન તે જ પ્રમાણે કરવું જે પ્રમાણે રજા દરમ્યાન કરવામાં આવે છે.

**નોંધ-૪ :** આ નીચેના પેટા-ખંડ (૨) મુજબની ૧૮૦ દિવસથી વધુ સમયગાળાની માંદગી સબબ સિવાયની રજાના ભથ્થાઓની આકારણી, નિયમ-૩૪ હેઠળ નિર્ધારિત પ્રમાણપત્ર રજૂ કરવાની શરતને અધીન રહેશે.

**નોંધ-૫ :** આ પેટા-નિયમોના હેતુ માટે ''રજા'' માં દરેક પ્રકારની અસાધારણ રજા તથા ભારતમાં અભ્યાસાર્થે લીધેલ રજાનો સમાવેશ થાય છે.

(૨) ટી.બી., કેન્સર, લેપ્રસી કે મૂત્રપિંડના રોગો કે એવી અન્ય બિમારીઓથી પીડાતા સરકારી કર્મચારીઓ આવી ૧૮૦ દિવસની મર્યાદામાં આવતી માંદગી સબબની રજા દરમ્યાન, સંબંધિત નિયમો હેઠળ ઠરાવેલ નમૂનામાં તબીબી પ્રમાણપત્ર રજૂ કરે, તો આ ભથ્થાઓ મંજૂર કરવાના હેતુસર આવી રજાની મર્યાદા આઠ માસ સુધી વધારી શકાશે. શરૂઆતથી જ આવી રજા માંદગી સબબે મંજૂર કરવામાં આવી છે કે ઉપરોક્ત પેટા-ખંડ (૧) મુજબ બીજા પ્રકારની રજાના અનુસંધાનમાં માંગવામાં આવેલ છે તે હકીકત અહીં અપ્રસ્તુત રહેશે. આવા રોગોના કારણે આઠ માસથી વધુ સમયના રજાના કિસ્સાઓમાં આઠ માસથી વધુ સમયગાળા માટે ઘરભાડા કે સ્થાનિક વળતર ભથ્થા મંજૂર કરવા બાબતે, સંબંધિત નિયમો મુજબનું નિર્ધારિત તબીબી પ્રમાણપત્ર જ્યારે પ્રાપ્ત હોય ત્યારે સંબંધિત રજાના ગાળાને ધ્યાનમાં લીધા સિવાય રજા મંજૂર કરનાર અધિકારીએ આઠ માસથી ઉપરની રજાના સમયગાળા માટે સ્થાનિક વળતર ભથ્થું અને ઘરભાડા ભથ્થું મંજૂર કરવાનો નિર્ણય કરી શકશે.

**સ્પષ્ટીકરણ :** આ પેટા-ખંડમાં ''બિમારી'' શબ્દમાં પ્રસૂતિનો સમાવેશ થાય છે.

૨૬. **હંગામી બદલી દરમ્યાન ઘરભાડા ભથ્થા / સ્થાનિક વળતર ભથ્થાની પાત્રતા :** (૧) ૧૨૦ દિવસથી વધુ નહિ તેવી કામચલાઉ બદલીના સમયગાળા માટે સરકારી કર્મચારીની બદલી થતા પહેલાં તે હકદાર હોય તે દરે સ્થાનિક વળતર ભથ્થું અને ઘરભાડા ભથ્થું આકારી શકશે. આવા ભથ્થાના પરિમાણનો આધાર તેની બદલી થઈ ન હોત અને તેણે જે પગાર આકાર્યો હોત, તેના સંદર્ભે નક્કી કરવો. ૧૨૦ દિવસથી વધુ સમયગાળાની હંગામી બદલીના સંજોગોમાં, આવા ભથ્થાનું નિયમન તેના નવા મુખ્ય મથકના સંદર્ભે કરવામાં આવશે. પ્રથમથી જ ૧૨૦ દિવસથી વધુ નહિ એટલા સમયગાળા માટે કરવામાં આવેલી કામચલાઉ બદલીનો સમયગાળો ત્યારપછી વધારવામાં આવે ત્યારે ઘરભાડા / સ્થાનિક વળતર ભથ્થા, વધારવામાં આવેલ સમયગાળાના હુકમ જારી કર્યાની તારીખથી અથવા ૧૨૦ દિવસ માટે, એ બેમાંથી જે તારીખ વહેલી હોય તે તારીખ સુધી જૂના સ્થળે મળવાપાત્ર દરે ચૂકવવામાં આવશે.

**નોંધ-૧ :** પ્રથમથી જ ૧૨૦ દિવસથી વધુ નહિ એટલા સમયગાળા માટે કરવામાં આવેલ કામચલાઉ બદલીનો સમયગાળો ત્યારબાદ વધારવામાં આવે ત્યારે જે હુકમથી આવી બદલી કાયમી તરીકે ફેરવવામાં આવી હોય તે હુકમની તારીખથી અથવા ૧૨૦ દિવસ પૂરા થયા તારીખથી, એ બંનેમાંથી જે વહેલું હોય તે તારીખથી સરકારી કર્મચારીને ઉપર્યુક્ત જોગવાઈનો લાભ આપવામાં આવશે.

**નોંધ-૨ :** કામચલાઉ બદલી અને ૧૨૦ અથવા ૧૮૦ દિવસની રજાના સંયુક્ત સમયગાળા દરમ્યાન ઘરભાડા / સ્થાનિક વળતર ભથ્થાની પાત્રતાનું નિયમ-૨૫ હેઠળ નિયમન થશે.

(૨) કામચલાઉ બદલીના સમયગાળા દરમ્યાન આ ભથ્થાઓની આકારણી નીચેની શરતોને અધીન રહેશે :-

(૧) સરકારી કર્મચારીની જે મથકેથી બદલી થયેલ હોય તે સ્થળે કામચલાઉ ફરજની સમાપ્તિ બાદ પાછો ફરવાની શક્યતા છે એ મતલબનું પ્રમાણપત્ર બદલી કરનાર અધિકારી દ્વારા આપવામાં આવે;

(૨) જે જગાએ સરકારી કર્મચારીની બદલી થઈ હોય તે જગાના આ જ પ્રકારના ભથ્થાની તેણે આકારણી ન કરી હોય; **અને**

(૩) સરકારી કર્મચારીએ જે સમયગાળા માટે આવા ભથ્થાની આકારણી કરી હોય તેણે તેની જે સ્થળેથી બદલી થઈ હોય તે સ્થળે પોતાના પરિવારને તે સમયગાળા માટે રાખેલ છે તે મતલબનું પ્રમાણપત્ર આપ્યું હોય.

૨૭. **જોઈનીંગ ટાઈમ દરમ્યાન સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થાની પાત્રતા :** (૧) જે સ્થળેથી સરકારી કર્મચારીની બદલી થયેલ હોય તે સ્થળે મળવાપાત્ર દરે, જોઈનીંગ ટાઈમ દરમ્યાન પણ ઘરભાડા ભથ્થા તથા સ્થાનિક વળતર ભથ્થા આકારવાનું ચાલુ રાખશે. પરંતુ જ્યારે રજા સાથે આવો જોઈનીંગ ટાઈમ સંયોજિત કરવામાં આવેલ હોય અને અન્યથા સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી ન હોય ત્યારે નિયમ-૨૫ માં ઉલ્લેખેલ ૧૮૦ દિવસના સમયગાળામાં આ જોઈનીંગ ટાઈમ ઉમેરવામાં આવશે.

(૨) હવાલો સુપરત કરવાના અને સ્વીકારવા માટે વ્યતીત થયેલ સમયગાળા માટે હવાલો સુપરત કરનાર અને સ્વીકારનાર અધિકારીઓ બંને, તે સ્થળે ફરજ પર હોય તેમ ગણી તે આધારે મળવાપાત્ર સ્થાનિક વળતર ભથ્થા અને ઘરભાડા ભથ્થાના હકદાર થશે.

૨૮. **ફરજમોકૂફી દરમ્યાન સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થાની પાત્રતા :** ફરજમોકૂફીનો હુકમ કરનાર અધિકારી આદેશ કરે તે મર્યાદા સુધી અને તે શરતોને અધીન રહી, સરકારી કર્મચારી તેની ફરજમોકૂફીની તારીખે જે પગાર મેળવતા હોય તેના સંદર્ભે વખતોવખત મળવાપાત્ર થતા હોય તે દરે, સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થા માટે હકદાર છે.

**પરંતુ** જે ખર્ચને પહોંચી વળવા આવા ભથ્થા મંજૂર કરવામાં આવેલ હોય તે ખર્ચ કરવાનું સરકારી કર્મચારીએ ચાલુ રાખેલ છે તેમ સદરહુ સત્તાધિકારીને ખાતરી ન થાય ત્યાં સુધી તે કર્મચારી આવાં ભથ્થા મેળવવાને હકદાર રહેશે નહિ.

**નોંધ-૧ :** ફરજમોકૂફી હેઠળ મૂકવાના સમયે સરકારી કર્મચારી જે સ્થળે ફરજ પર હતો તે સ્થળે તે અથવા તેના પરિવાર અગર બંને ફરજમોકૂફીના સમય દરમ્યાન નિવાસ કરતા હતા તે મતલબનું સરકારી કર્મચારી પ્રમાણપત્ર આપે તો જ ફરજમોકૂફીનો હુકમ કરનાર અધિકારીની વિવેકબુદ્ધિ હેઠળ મંજૂર કરેલ સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થાની તે આકારણી કરી શકશે.

**નોંધ-૨ :** સક્ષમ સત્તાધિકારીના આદેશ મુજબ ફરજમોકૂફી હેઠળના સરકારી કર્મચારીનું મુખ્ય મથક જાહેર હિતમાં બદલવામાં આવે ત્યારે તે કર્મચારી તે નવા સ્થળ સંબંધે ઉપર્યુક્ત પ્રમાણપત્ર આપે ત્યારે તે નવા સ્થળે મળવાપાત્ર ભથ્થા મેળવવા હકદાર બનશે.

**નોંધ-૩ :** ફરજમોકૂફી હેઠળના સરકારી કર્મચારી પાસેથી કોઈ લેણું બાકી હશે તો ફરજમોકૂફીનો હુકમ કરનાર અધિકારી સ્થાનિક વળતર ભથ્થા અને / અથવા ઘરભાડા ભથ્થા અટકાવી શકશે અને સરકારી લેણાનો તેવી રકમ સામે મેળ કરી શકશે.

૨૯. **ભારતમાં તાલીમ દરમ્યાન સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થાની પાત્રતા :** ભારતમાં તાલીમ માટે મોકલવામાં આવેલ હંગામી કે કાયમી સરકારી કર્મચારીની તાલીમનો સમયગાળો ફરજ તરીકે ગણવામાં આવે, ત્યારે તાલીમના સમગ્ર સમયગાળા માટે તે - તાલીમના સ્થળે મળવાપાત્ર દરે અથવા જે સ્થળેથી તેને તાલીમ માટે મોકલવામાં આવેલ હોય તે સ્થળે મળવાપાત્ર દરે સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થા. આ બંનેમાંથી તેને જે ફાયદાકારક હોય તે દરે, મેળવવા હકદાર બનશે. જે ફરજના સ્થળેથી સરકારી કર્મચારીને તાલીમમાં જે સ્થળે મોકલવામાં આવેલ હોય, તે સ્થળના મળવાપાત્ર ભથ્થાની આકારણી માટે તેણે નિયમ-૩૪ માં ઠરાવેલ પ્રમાણપત્ર આપવાનું આવશ્યક રહેશે.

**નોંધ-૧ :** તાલીમ માટે મોકલવામાં આવેલ સરકારી કર્મચારીને પ્રવાસનું મુસાફરી ભથ્થું અને તાલીમના સ્થળનું દૈનિક ભથ્થું આપવામાં આવે ત્યારે તેને જે સ્થળેથી તાલીમ માટે મોકલવામાં આવેલ હોય તે સ્થળે મળવાપાત્ર દરે જ સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થાની તે આકારણી કરી શકશે.

**નોંધ-૨ :** ભારત બહારની તાલીમના સમય માટે સ્થાનિક વળતર ભથ્થું / ઘરભાડા ભથ્થું મળવાપાત્ર નથી.

૩૦. **વિદેશમાં પ્રતિનિયુક્તિ દરમ્યાન સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થાની પાત્રતા :** ભારત બહાર પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવેલ સરકારી કર્મચારી સંબંધે, તેને જે મથકેથી પ્રતિનિયુક્તિ પર વિદેશ મોકલવામાં આવેલ હોય તે મથકે વખતોવખત મળવાપાત્ર દરે સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થા આકારવા માટે નીચેની પદ્ધતિથી અપનાવવામાં આવશે :-

(૧) જો પ્રતિનિયુક્તિનો સમય એક વર્ષથી વધુ ન હોય, તો તેને પ્રતિનિયુક્તિના સમગ્ર સમય માટે સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થા મળવાપાત્ર રહેશે.

(૨) જો પ્રતિનિયુક્તિનો સમયગાળો એક વર્ષ કરતાં વધુ હોય, અને સરકારી કર્મચારી એક વર્ષ કરતાં વધુ સમયગાળા માટે ભારતની બહાર પ્રતિનિયુક્તિ પર જાય ત્યારે જે સમયગાળા દરમ્યાન તેનું કુટુંબ ભારતમાં તેના છેલ્લા ફરજના સ્થળે નિવાસ કરતું હોય તેટલા સમય પૂરતા સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થા માટે સરકારી કર્મચારી પાત્ર ગણાશે. સરકારી કર્મચારી જ્યારે વિદેશમાં પ્રતિનિયુક્તિના મથકે તેના પરિવારના સ્થળાંતર માટે અરજી કરે, અથવા ભારતમાં જ તેના વતનના કે અન્ય કોઈ સ્થાને સ્થળાંતર માટે તેના પરિવાર માટે મુસાફરી ભથ્થા માટે અરજી કરે, ત્યારે ભારતમાંના સરકારી કર્મચારીના છેલ્લા મુખ્ય મથકે તેના પરિવારે જે તારીખ સુધી નિવાસ કર્યા હોય તે સ્થળના સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થાની રકમ વસૂલ કરવાની આવશ્યક્તા રહેશે નહિ.

(૩) મૂળતઃ એક વર્ષથી વધુ નહિ તેવી પ્રતિનિયુક્તિની સમય મર્યાદા પાછળથી એક વર્ષ કરતાં વધારવામાં આવે ત્યારે આવા એક વર્ષ ઉપરાંતના સમયગાળા માટે પ્રતિનિયુક્તિ વધારવાના હુકમોની તારીખ સુધી સ્થાનિક વળતર ભથ્થુ / ઘરભાડા ભથ્થુ મળવાપાત્ર થશે. ત્યારબાદ ઉપરોક્ત પેટા-ખંડ (૨) મુજબ સ્થાનિક વળતર ભથ્થુ / ઘરભાડા ભથ્થુ મળવાપાત્ર થશે.

(૪) આ નિયમ હેઠળ ભથ્થાની આકારણી, નિયમ-૩૪ હેઠળ નિર્ધારિત પ્રમાણપત્રોની રજૂઆતને અધીન રહેશે.

**નોંધ :** ભારત બહાર પ્રતિનિયુક્તિ દરમ્યાન કે અભ્યાસ માટેની રજા દરમ્યાનના કોઈપણ પ્રકારની રજા તરીકે ગણવામાં આવેલ રજાના સમયગાળા માટે કોઈપણ સ્થાનિક વળતર ભથ્થું / ઘરભાડા ભથ્થું મળવાપાત્ર નથી.

૩૧. **નિવૃત્તિ બાદ પુનર્નિયુક્ત કરાયેલ પેન્શનરોની સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થા માટેની પાત્રતા :** નિવૃત્તિ બાદ પુનર્નિયુક્તિ પામેલ પેન્શનરોના સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થાની આકારણીનું નિયમન નીચે મુજબ કરવામાં આવશે :-

(ક) જેમનો પગાર તથા પેન્શનની સંયુક્ત રકમ સરકારી કર્મચારીના હોદ્દાના મંજૂર થયેલા મહત્તમ પગાર કરતાં વધુ થાય તેવા કિસ્સામાં ભથ્થાની રકમની ગણતરી આ મહત્તમ રકમના આધારે કરવામાં આવશે.

(ખ) પેન્શનરની સમગ્ર પેન્શનની રકમ અથવા તેના હિસ્સાને ગણતરીમાં લીધા વિના જે સરકારી કર્મચારીના પગારની બાંધણી મુલ્કી જગા ઉપરની પુનર્નિયુક્તિ સમયે કરવામાં આવેલી હોય તેવા કિસ્સાઓમાં પેન્શન અથવા તેના હિસ્સાની જે રકમની ઉપેક્ષા કરવામાં આવી હોય તેટલી રકમ સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થાની રકમ મંજૂરીના હેતુ માટે ધ્યાનમાં લેવી નહિ.

(ગ) અન્ય કિસ્સાઓમાં પગાર વત્તા પેન્શનની રકમ પર ભથ્થાઓની ગણતરી કરવી.

૩૨. **દરેક સરકારી કર્મચારીએ આપવાના થતા પ્રમાણપત્રો :** ઉપાડ અને ચૂકવણી અધિકારીને દરેક સરકારી કર્મચારી તેની પ્રથમવારની ઘરભાડા ભથ્થાની આકારણી સાથે નીચેના નમૂનામાં પ્રમાણપત્રો રજૂ કરશે :-

*(૧) હું પ્રમાણિત કરૂં છું કે જે સમયગાળા માટે ઘરભાડા ભથ્થાની આકારણી કરેલ છે તે સમયગાળા માટે મેં ઠરાવેલી પદ્ધતિ હેઠળ સરકારી આવાસ માટે અરજી કરી છે પરંતુ મને સરકારી આવાસની ફાળવણી કરવામાં આવેલ નથી. સરકારી આવાસ માટે મને કરવામાં આવેલી મકાનની ફાળવણી માટે મેં ઈન્કાર કરેલ નથી.

(૨) હું પ્રમાણપત્ર આપું છું કે હું ભાડાના / મારી કે મારી પત્નીની / પતિની / દિકરાની / દિકરીની / પિતાની / માતાની / હિન્દુ અવિભાજ્ય કુટુંબની માલિકીના જે મકાનમાં રહું છું તેનો સહભાગીદાર છું.

(૩) હું પ્રમાણપત્ર આપું છું કે ભાડાની અદાયગીમાં હું થોડો ખર્ચ આપું છું / ભાડા પેટે ફાળો આપું છું.

**અથવા**

** હું પ્રમાણપત્ર આપું છું કે મારી માલિકીના / હિન્દુ અવિભક્ત કુટુંબની માલિકીના જે મકાનમાં હું સહભાગીદાર છું તેની ભાડા કિંમત નિર્ણિત થઈ શકે તેમ છે તથા એ પણ પ્રમાણપત્ર આપું છું કે આ મકાનના ઘરવેરો કે મિલકત વેરો અથવા તે મકાનની જાળવણી ખર્ચ / ફાળો હું આપું છું.

(૪) હું પ્રમાણપત્ર આપું છું કે -

(૧) હું મારા માતા-પિતાને / સંતાનોને રાજ્ય સરકાર / કેન્દ્ર સરકાર / જાહેર સ્વાયત્ત સંસ્થા કે સ્થાનિક મંડળ દ્વારા ફાળવવામાં આવેલ આવાસનો કે,

(૨) અન્ય કોઈ સરકારી કર્મચારીને ફાળવવામાં આવેલ ભાડામુક્ત આવાસનો હિસ્સેદાર નથી.

(૫) હું પ્રમાણપત્ર આપું છું કે મારા પતિ / પત્ની / બાળકો / મા-બાપ જે / જેઓ મારી સાથે નિવાસ કરે છે તે મકાન અન્ય સરકારી કર્મચારીને કેન્દ્ર સરકારે / રાજ્ય સરકારે / જાહેર સ્વાયત્ત સંસ્થા કે સ્થાનિક મંડળી દ્વારા તેને ફાળવવામાં આવેલ છે અને તે / તેઓ કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર / જાહેર સ્વાયત્ત સંસ્થા કે સ્થાનિક મંડળ દ્વારા કોઈ ઘરભાડા ભથ્થું મેળવતા નથી.

(૬) હું એ પણ પ્રમાણપત્ર આપું છું કે મારી પત્ની / મારા પતિને કેન્દ્ર / રાજ્ય સરકાર કે જાહેર સ્વાયત્ત સંસ્થા કે સ્થાનિક મંડળ દ્વારા તે જ સ્થળે નિવાસ સ્થાન ફાળવવામાં આવેલ નથી.

**સહી .....**

**તારીખ :** **હોદ્દો .....**

* પોતાના મકાનમાં અગર હિન્દુ અવિભક્ત કુટુંબની માલિકીના મકાનના સહભાગીદાર હોય તેમણે રજૂ કરવાનું.

** અન્ય સરકારી કર્મચારી જ્યારે પત્ની / પતિ / દિકરા / દિકરી / પિતા કે માતા હોય અને જ્યારે પોતાની માલિકી ધરાવતા સરકારી કર્મચારીના મકાનના સહઆવાસી હોય ત્યારે રજૂ કરવાનું પ્રમાણપત્ર.

૩૩. **ઉપાડ અને ચૂકવણી અધિકારીએ આપવાના થતા પ્રમાણપત્રો :** સરકારી કર્મચારીના સ્થાનિક વળતર ભથ્થા અને ઘરભાડા ભથ્થાના તેમણે આકારેલ બિલો ઉપર ઉપાડ અને ચૂકવણી અધિકારીએ નીચે મુજબના પ્રમાણપત્રો આપશે :-

''(૧) પ્રમાણપત્ર આપવામાં આવે છે કે આ બિલમાં જે સરકારી કર્મચારીઓ માટે સ્થાનિક વળતર ભથ્થુ અને / અથવા ઘરભાડા ભથ્થુ આકારવામાં આવેલ છે તેની પાત્રતા બાબતે વખતોવખત સુધારેલા ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો, ૨૦૦૨ ની જોગવાઈઓના સંદર્ભે ચકાસણી કરવામાં આવેલ છે.''

''(૨) પ્રમાણપત્ર આપવામાં આવે છે કે આ બિલમાં જે સરકારી કર્મચારીઓ માટે ઘરભાડા ભથ્થુ આકારવામાં આવેલ છે (તેઓએ અરજી કરેલી પરંતુ) તેઓને સરકારી આવાસની સવલત ફાળવવામાં આવેલ નથી.''

''(૩) પ્રમાણપત્ર આપવામાં આવે છે કે જે સરકારી કર્મચારીઓ માટે આ બિલમાં ઘરભાડા ભથ્થુ આકારવામાં આવેલ છે, તેઓ પાસેથી સરકારે નિયત કરેલા પ્રમાણપત્રો મેળવવામાં આવેલ છે અને ભથ્થાની તે આકારણી અમલી નિયમો અને પ્રવર્તમાન આદેશો હેઠળ હોવાની મને ખાતરી થયેલ છે.''

**નોંધ :** સરકારી આવાસ માટે પાત્ર ન હોય તેવા સરકારી કર્મચારી માટે ભથ્થુ આકારવામાં આવે ત્યારે ખંડ (૨) માં કૌંસમાંના શબ્દો કાઢી નાંખવા.

૩૪. **રજા / તાલીમ / ફરજમોકૂફી ઈત્યાદિ સમયગાળા માટે આકારવામાં આવેલ સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થા સંબંધે ઉપાડ અને ચૂકવણી અધિકારીએ આપવાના થતાં પ્રમાણપત્રો :** ઉપાડ અને ચૂકવણી અધિકારીએ નિયમો-૨૫, ૨૮, ૨૯ અને ૩૦ હેઠળ આપવાના આવશ્યક પ્રમાણપત્રો નીચે પ્રમાણે રહેશે :-

(૧) **<u>સ્થાનિક વળતર ભથ્થાની આકારણી માટે :</u>**

જે સમયગાળા માટે સ્થાનિક વળતર ભથ્થું આકારવામાં આવ્યું હોય તે દરમ્યાન સંબંધિત કર્મચારીએ કે તેના પરિવાર કે બંનેએ તે કર્મચારીને જે સ્થળે ફરજમોકૂફી હેઠળ મૂકવામાં આવેલ હોય અગર જે સ્થળેથી રજા પર / વિદેશમાં પ્રતિનિયુક્તિ પર / ભારતમાં તાલીમ માટે ગયેલ હોય તે જ મથકમાં (જુદા જુદા શહેરના પરા વિસ્તાર સહિતના) રહેવાનું ચાલુ રાખેલ છે.

(૨) **<u>ઘરભાડા ભથ્થાની આકારણી માટે :</u>**

જે સમયગાળા માટે ઘરભાડા ભથ્થુ આકારવામાં આવ્યું હોય તે દરમ્યાન સંબંધિત કર્મચારીને જે સ્થળે ફરજમોકૂફી હેઠળ મૂકવામાં આવેલ હોય અગર જે મથકેથી રજા પર / વિદેશમાં પ્રતિનિયુક્તિ પર / ભારતમાં તાલીમ માટે ગયેલ હોય તે જ મથકમાં તેમનું મકાન ચાલુ રાખેલ છે.

## પ્રકરણ - ૫

## ડાંગ ભથ્થુ

૩૫. **ડાંગ ભથ્થુ મંજૂર કરવાની શરતો :** જે સરકારી કર્મચારીઓને ડાંગ જિલ્લામાં ફરજ ઉપર મૂકવામાં આવ્યા હોય અથવા જેમનું મુખ્ય મથક સદરહું જિલ્લાના કોઈપણ સ્થળે આવેલ હોય તેઓ ડાંગ ભથ્થાના હકદાર થશે.

૩૬. **ડાંગ ભથ્થુ :** ડાંગ ભથ્થાના દર સરકાર અવાર-નવાર મંજૂર કરે તે પ્રમાણે રહેશે. તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૧ થી અમલમાં આવેલા વર્તમાન દરો નીચે મુજબના છે :-

| અ.નં. | મૂળ પગાર વત્તા નોન-પ્રેક્ટીસીંગ ભથ્થુ વત્તા અટકાવવામાં આવેલ ઈજાફા (રૂ.) | ડાંગ ભથ્થાના માસિક દર (રૂ.) |
|---|---|---|
| ૧. | રૂ. ૩૦૦૦ | રૂ. ૧૮૮ |
| ૨. | રૂ. ૩૦૦૦ થી રૂ. ૪૯૯૯ | રૂ. ૨૧૯ |
| ૩. | રૂ. ૫૦૦૦ થી રૂ. ૫૯૯૯ | રૂ. ૨૫૦ |
| ૪. | રૂ. ૬૦૦૦ થી રૂ. ૮૯૯૯ | રૂ. ૨૮૧ |
| ૫. | રૂ. ૯૦૦૦ અને તેથી વધુ | રૂ. ૩૧૨ |

## પ્રકરણ - ૬

## નોન-પ્રેક્ટીસીંગ ભથ્થુ

૩૭. **નોન-પ્રેક્ટીસીંગ ભથ્થુ કોને મંજૂર થઈ શકે :** સરકારી નોકરીમાં હોય તેવા તબીબી અધિકારીઓ કે જેઓને બધા પ્રકારના ખાનગી વ્યવસાય (સામાન્ય વ્યવસાય, તજજ્ઞ પરામર્શ વ્યવસાય કે ખાનગી પ્રયોગશાળા જેવું કામ) કરવાની મનાઈ કરવામાં આવેલ હોય તેઓને તેવા ખાનગી વ્યવસાય ન કરવાથી થતા નુકસાનના વળતરરૂપે નોન-પ્રેક્ટીસીંગ ભથ્થુ મંજૂર કરી શકાશે.

૩૮. **નોન-પ્રેક્ટીસીંગ ભથ્થાના દર :** નોન-પ્રેક્ટીસીંગ ભથ્થાના દર સરકાર વખતોવખત મંજૂર કરે તે મુજબના રહેશે. મૂળ પગાર અને નોન-પ્રેક્ટીસીંગ ભથ્થાની સંયુક્ત રકમ રૂ. ૨૬,૦૦૦ થી વધે નહિ તે શરતે તા. ૧-૧-૯૬ થી અમલમાં આવેલ પ્રવર્તમાન ભથ્થાનો દર મૂળ પગારના પચીસ ટકા જેટલો છે.

૩૯. **રજા દરમ્યાન નોન-પ્રેક્ટીસીંગ ભથ્થાની મંજૂરી :** ત્રણ માસ સુધીની એક સાથે લીધેલી વગર પગારની અસાધારણ રજા સહિતની રજા દરમ્યાન જો ખાનગી પ્રેક્ટીસ કરવામાં ન આવી હોય તો, મંજૂર કરાયેલ નોન-પ્રેક્ટીસીંગ ભથ્થું રજા દરમ્યાન મળવાપાત્ર થશે. રજા દરમ્યાન કોઈપણ પ્રકારની પ્રેક્ટીસ કરવામાં આવે તો તેની સમગ્ર આવક સરકારમાં જમા કરાવવાની રહેશે. રજા પગારની ખરેખર રકમ અગર રજાનો પ્રકાર ધ્યાનમાં લીધા સિવાય, રજા ઉપર જતાં પહેલાં તેને નોન-પ્રેક્ટીસીંગ ભથ્થું જે દરે મળતું હોય તે જ દરે, રજાના સમયગાળા માટે પણ રહેશે.

૪૦. **હાજર થવાના સમય દરમ્યાન નોન-પ્રેક્ટીસીંગ ભથ્થાની પાત્રતા :** હાજર થવાના સમય દરમ્યાન કોઈ ખાનગી પ્રેક્ટીસ કરી ન હતી તે મતલબનું પ્રમાણપત્ર આપવામાં આવે તો - બદલી થયા પહેલાંના જૂના હોદ્દા ઉપર બદલી થઈ ન હોત અને જે દરે મળવાપાત્ર થાત તે દરે અથવા નવા હોદ્દાનો હવાલો સંભાળ્યા બાદ જે દરે મળવાપાત્ર હોય; તે બંનેમાંથી જે દર ઓછો હોય, તે દરથી - હાજર થવાના સમય દરમ્યાન પણ નોન-પ્રેક્ટીસીંગ ભથ્થુ મળવાપાત્ર છે.

૪૧. **રજા વગેરે દરમ્યાન નોન-પ્રેક્ટીસીંગ ભથ્થુ આકારવા અંગેના પ્રમાણપત્રો :** નોન-પ્રેક્ટીસીંગ ભથ્થુ મેળવતા સરકારી કર્મચારીએ નીચે પ્રમાણે નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે :-

**દરેક પ્રકારની રજા (અસાધારણ રજાના પ્રથમના ત્રણ માસ અને હાજર થવાના સમય સહિતની) દરમ્યાન આકારવામાં આવતા નોન-પ્રેક્ટીસીંગ ભથ્થા બાબતે આપવાના પ્રમાણપત્રનો નમૂનો :**

(૧) હું પ્રમાણપત્ર આપું છું કે -

(ક) જ્યારે હું પ્રાપ્ત રજા / અડધા પગારી રજા / રૂપાંતરિત રજા / અસાધારણ રજા / બિનજમા રજા ઉપર,

(ખ) જોઈનીંગ ટાઈમ પર,

- હતો ત્યારે તે સમય દરમ્યાન મેં ખાનગી વ્યવસાય કર્યો ન હતો.

**અથવા**

(૨) હું પ્રમાણપત્ર આપું છું કે -

(ક) જ્યારે હું પ્રાપ્ત રજા / અડધા પગારી રજા / રૂપાંતરિત રજા / અસાધારણ રજા / બિનજમા રજા ઉપર,

(ખ) જોઈનીંગ ટાઈમ પર,

- હતો ત્યારે તે સમય દરમ્યાન મેં ખાનગી વ્યવસાય કરેલ છે.

ખાનગી વ્યવસાય દ્વારા મને જે રકમ મળી હતી તે રૂ.....
(રૂપિયા .....) મેં સરકારમાં તા..... ના રોજ જમા કરાવેલ છે અને તે અંગેની પહોંચ મેળવી છે. તેની એક નકલ આ સાથે બીડેલ છે.

## પ્રકરણ - ૭

## માનદ્‌વેતન અને ફી

૪૨. **સામાન્ય :** આ પ્રકરણની જોગવાઈઓને અધીન રહી માનદ્‌વેતન અને ફી મંજૂર કરી શકાશે તથા તેની ચૂકવણી કરી શકાશે.

૪૩. **માનદ્‌વેતન અને / અથવા ફી મંજૂર કરવાના સામાન્ય સિદ્ધાંતો :** નીચેના સિદ્ધાંતોથી માનદ્‌વેતન અને / અથવા ફી ની મંજૂરી અને ચૂકવણીનું નિયમન કરવામાં આવશે :-

(૧) કોઈ કિસ્સામાં અન્યથા સ્પષ્ટ રીતે જોગવાઈ કરવામાં આવી ન હોય તેવા સરકારી કર્મચારીનો પૂરો સમય સરકારના હકમાં છે, અને યોગ્ય અધિકારી જણાવે તે રીતે તેને કોઈ કામે લગાડી શકાય, પછી ભલે તેની પાસેથી લેવામાં આવતી નોકરી એવી હોય કે જેનું વળતર સામાન્ય રીતે - ભારતના અથવા રાજ્યના એકત્રિત ફંડમાંથી અથવા સ્થાનિક ફંડની આવકમાંથી અથવા સંસ્થાપિત હોય અથવા ન હોય તેવું જે મંડળ પૂર્ણતઃ અથવા અંશતઃ સરકારની માલિકી અથવા નિયંત્રણ નીચે હોય તેની આવકમાંથી આપવામાં આવતું હોય.

(૨) સંબંધિત સરકારી કર્મચારીની કાયદેસરની ફરજના ભાગ તરીકે વાજબી ગણાતા કોઈપણ કાર્ય સંબંધે કોઈ માનદ્‌વેતન ચૂકવવામાં આવશે નહિ.

(૩) સરકારી કર્મચારીની જવાબદારી પૈકીની એક જવાબદારી અપવાદરૂપ સમય અને સંજોગોમાં કચેરીના કલાકો ઉપરાંત કામ કરવાની છે. સામાન્ય રીતે આ કારણસર તેને માનદ્‌વેતન આપી શકાય નહિ, પરંતુ કચેરી કલાકો બાદ સતત કામ કરવાનું હોય, તો માનદ્‌વેતન માટેના દાવાને ન્યાયી ઠરાવી શકાય. અપવાદરૂપ કિસ્સામાં, રવિવાર અથવા જાહેર રજાઓમાં બજાવવામાં આવેલી ખાસ ફરજ માટે માનદ્‌વેતન આપવાની આવશ્યક્તા સરકાર સ્વીકાર કરી શકશે.

(૪) જે બોર્ડ અથવા સમિતિઓની નાણાંકીય જવાબદારી પૂર્ણતઃ કે અંશતઃ કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના એકત્રિત ફંડમાંથી અદા કરવામાં આવતી હોય તેવા બોર્ડ કે સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે સરકારી કર્મચારીને કોઈ માનદ્‌વેતન ચૂકવવામાં આવશે નહિ.

(૫) જે સેવાના બદલામાં માનદ્‌વેતન અથવા ફી આપવામાં આવે છે તેની રકમ, તે સેવાનું મૂલ્ય યોગ્ય રીતે આંકી નક્કી કરવી જોઈએ. જે કિસ્સાઓમાં નાની રકમની ફી વાજબી અને પૂરતી થઈ પડે તેવા પ્રસંગે કોઈપણ નિયમાનુસાર મહત્તમ ફી આપવાનું પરવાનગીપાત્ર નથી.

(૬) એક સરકારી ખાતુ બિનસરકારી સંસ્થાનું કામ હાથ ધરે અને તે વળી પોતાના ખાતામાં તે હેતુથી કામ કરતા હોય તેવા યોગ્ય સરકારી કર્મચારીઓને તે કામ સુપરત કરે ત્યારે તે અંગેની ચૂકવણી પ્રથમ તબક્કે ખાતાને કરવામાં આવશે અને તે સરકારની આવકનો હિસ્સો બનશે. ત્યારબાદ સંબંધિત સરકારી કર્મચારીને કરવામાં આવતી ચૂકવણી સરકારના એકત્રિત ફંડમાંથી ચૂકવવામાં આવશે અને તે પ્રમાણે તેનું માનદ્‌વેતન તરીકે વર્ગીકરણ કરવામાં આવશે.

૪૪. **માનદ્‌વેતન અને ફી મંજૂર કરવાના કારણો :** માનદ્‌વેતન અને ફી એ બંનેના કિસ્સામાં તેને મંજૂર કરનાર અધિકારીએ લેખિતમાં નોંધ કરવી પડશે કે નિયમ-૪૩ હેઠળ સ્પષ્ટ કરેલ સામાન્ય સિદ્ધાંતોને ઉચિત આદર આપવામાં આવેલ છે અને આવા માનદ્‌વેતન અને ફી મંજૂર કરવાના પોતાના અભિપ્રાયને ન્યાયી ઠરાવતાં કારણોની પણ નોંધ કરવી પડશે.

**નોંધ :** સરકારના ઉપક્રમે ભરવામાં આવતા ખાસ સંમેલનને કારણે કામમાં થતો કામચલાઉ વધારો સરકારની સેવા માટે સામાન્ય રીતે પ્રાસંગિક છે અને તેથી નિયમ-૪૯ માં નિર્દિષ્ટ સામાન્ય સિદ્ધાંતો પ્રમાણે તે સરકારી કર્મચારીની કાયદેસરની ફરજનો એક હિસ્સો છે. માનદ્‌વેતન અને ફી મંજૂર કરવાનું તે કારણ બની શકે નહિ.

૪૫. **માનદ્‌વેતન અને ફી મંજૂર કરવાની કસોટી :** સરકારી કર્મચારીએ આપેલ સેવા જ્યારે તેની સામાન્ય ફરજના ક્ષેત્રમાં આવી જાય, ત્યારે માનદ્‌વેતન અથવા ફી મંજૂર કરતાં પહેલાં નિયમ-૪૩ માં ઠરાવેલ કરવામાં આવેલ ખાસ ગુણવત્તાની કસોટી ખૂબ ચૂસ્તપણે લાગુ પાડવી જોઈશે.

૪૬. **અદાલત દ્વારા આપવામાં આવેલ માનદ્‌વેતન અથવા ફી :** કાયદાની કોઈ અદાલત ટેકનિકલ બાબતોમાં એક કમિશન તરીકે પુરાવા આપવા સરકારી કર્મચારીને બોલાવે ત્યારે તેણે તેનું પાલન કરવું જોઈશે. પરંતુ તે મુકદ્દમો પોતાની વિધિસરની ફરજો દરમ્યાન તેની આગળ આવવાનો સંભવ ન હોય તેવા પ્રકારનો હોય ત્યારે અદાલતે નક્કી કરેલ ફી કે માનદ્‌વેતન તે સ્વીકારી શકે છે.

**નોંધ :** આ નિયમ હેઠળ અદાલતે આપેલ માનદ્‌વેતન કે ફી ની પૂરી રકમ સરકારી કર્મચારી પોતાની પાસે રાખી શકશે.

૪૭. **પેન્શનર અને કાયદા અધિકારી વગેરેને આપવામાં આવતા માનદ્‌વેતન અને ફી :** પેન્શન મેળવતા નિવૃત્ત સરકારી કર્મચારી કે સરકારી કાયદા અધિકારીઓને આ પ્રકરણના નિયમો લાગુ પડતા નથી. આમ છતાં વોર્ડઝ એસ્ટેટના ફંડમાંથી પેન્શનરને આપવામાં આવતી મોટી અને અપવાદરૂપ રકમની ચૂકવણી માટે સરકારની મંજૂરીની આવશ્યક્તા રહે છે.

૪૮. **માનદ્‌વેતન સ્વીકારવા પરવાનગી :** જેને માટે ખાસ પુરસ્કાર વાજબી ઠરે એવું ઘણું શ્રમજનક કે ખાસ ગુણવત્તા સભર પ્રાસંગિક કાર્ય કરવા બદલ સક્ષમ સત્તાધિકારી મહેનતાણા તરીકે સરકારી કર્મચારીને માનદ્‌વેતન મંજૂર કરી શકશે અથવા તે સ્વીકારવાની પરવાનગી આપી શકશે. સરકારની પૂર્વસંમતિ સિવાય કાર્ય હાથ ઉપર લેવામાં આવ્યું ન હોય અને તેની રકમ અગાઉથી નિશ્ચિત કરવામાં આવી ન હોય તો, માનદ્‌વેતન સ્વીકારવા કે તેને મંજૂર કરવા પરવાનગી આપી શકાશે નહિ, સિવાય કે આ જોગવાઈઓના ઉલ્લંઘન માટે લિખિત નોંધ દ્વારા ખાસ કારણો દર્શાવવામાં આવે.

૪૯. **પરીક્ષા કાર્ય માટે માનદ્‌વેતન :** (૧) શૈક્ષણિક પરીક્ષાઓ સિવાયની, જાહેર સેવા આયોગ કે અન્ય ખાતાઓ તરફથી, લેવામાં આવતી ખાતાકીય પરીક્ષાઓ સહિતની પરીક્ષાઓમાં કામ કરવા માટે સરકારી કર્મચારીને આપવામાં આવતા માનદ્‌વેતનના દર, સરકારે વખતોવખત ઠરાવ્યા મુજબના રહેશે.

(૨) આ અંગેના પ્રવર્તમાન દર નીચે મુજબ છે :-

| અ.નં. | કોને મળવાપાત્ર છે | માનદ્‌વેતનનો દર |
|---|---|---|
| ૧. | પરીક્ષા કેન્દ્રનો હવાલો ધરાવતા અધિકારી | |
| | (૧) પરીક્ષાના દિવસ માટે | (ક) એક સત્ર માટે રૂ. ૧૧૦<br>(ખ) બે સત્ર માટે રૂ. ૧૮૦<br>(ગ) ત્રણ સત્ર માટે રૂ. ૨૦૦ |
| | (૨) પરીક્ષાના દિવસના અગાઉના દિવસ માટે | રૂ. ૧૮૦ |
| ૨. | પ્રશ્નપત્ર તૈયાર કરનારને પ્રશ્નપત્ર તૈયાર કરવા માટે | (ક) ત્રણ કલાકની મુદતના એક પ્રશ્નપત્ર માટે રૂ. ૧૭૫<br>(ખ) ત્રણ કલાકથી ઓછી મુદતના પ્રશ્નપત્ર માટે રૂ. ૧૨૫ |
| ૩. | ઉત્તરવહીનું મૂલ્યાંકન કરનાર મૂલ્યાંકનકારને | (ક) ત્રણ કલાકની મુદતના પ્રશ્નપત્રની પ્રત્યેક ઉત્તરવહી માટે રૂ. ૩.૫૦<br>(ખ) ત્રણ કલાકથી ઓછી મુદતના પ્રશ્નપત્રની પ્રત્યેક ઉત્તરવહી માટે રૂ. ૨.૫૦. |

| | |
|---|---|
| ૪. પરીક્ષાના અવેક્ષકને | (ક) એક સત્રના રૂ. ૯૦ |
| | (ખ) બે સત્ર માટે રૂ. ૧૪૦ |
| | (ગ) ત્રણ સત્ર માટે રૂ. ૧૬૦ |
| ૫. પરીક્ષા નિરીક્ષકને | (ક) એક સત્રના રૂ. ૭૦ |
| | (ખ) બે સત્ર માટે રૂ. ૧૧૦ |
| | (ગ) ત્રણ સત્ર માટે રૂ. ૧૩૦ |
| ૬. પરીક્ષા સંબંધી કાર્યમાં કામે લગાડેલ પટાવાળાને | પ્રતિદિન રૂ. ૩૨ |
| ૭. પરીક્ષાનું સંચાલન કરનાર અધિકારીના પ્રતિનિધિ તરીકે કામ કરનાર વ્યક્તિને | (ક) એક સત્ર માટે રૂ. ૯૦ |
| | (ખ) બે સત્ર માટે રૂ. ૧૪૦ |
| | (ગ) ત્રણ સત્ર માટે રૂ. ૧૬૦ |
| ૮. પરીક્ષા ખંડની સફાઈ માટે રાખેલ સફાઈ કામદારને | પ્રત્યેક હોલ ઓરડા માટે રૂ. ૬ |
| ૯. પરીક્ષા અંગેની સામગ્રી ઉપર દેખરેખ રાખવા માટે રાખવામાં આવેલ વોચમેન / પટાવાળાને | પ્રતિદિન રૂ. ૨૦ |
| ૧૦. પાટલીઓ / મેજ ઉપર ક્રમાંક (રોલ નંબર) લખવા માટે રાખવામાં આવેલ કારકુનને | પ્રત્યેક આંક માટે રૂ. ૦.૨૫ પૈસા |

(૩) આવી પરીક્ષાઓ સંબંધે કામ કરનાર સરકારી કર્મચારીએ માનદ્‌વેતન સ્વીકારવા માટે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી લેવાની કોઈ આવશ્યક્તા નથી.

**૫૦. સેનાના અધિકારીઓની પરીક્ષાના સંચાલન માટે માનદ્‌વેતન :** સેનાના અધિકારીઓની પરીક્ષાનું સંચાલન કરવા માટે નીમવામાં આવેલા મુલ્કી સેવામાં હોય તેવા સેનાના અધિકારી અથવા મુલ્કી અધિકારી આવા પ્રકારની ફરજો બજાવવા માટે સેનાના વિનિયમો હેઠળ સેનાના અધિકારીઓને સમાન ફરજ બજાવવા મળતા માનદ્‌વેતન જેટલા જ માનદ્‌વેતન માટે હકદાર ગણાશે, પરંતુ આવા માનદ્‌વેતનની રકમ કોઈપણ કિસ્સામાં રૂ. ૫૦૦ ની મર્યાદા વધવી ન જોઈએ.

**૫૧. સરકારી અને બિનસરકારી અંશકાલીન મહેમાન વ્યાખ્યાતાઓને માનદ્‌વેતન :** સરકારની વિવિધ તાલીમ સંસ્થાઓ દ્વારા યોજીત અને સંચાલિત જુદા જુદા તાલીમ અભ્યાસક્રમો / યોજનાઓમાં વ્યાખ્યાન આપવા આમંત્રિત કરવામાં આવેલ સરકારી અને બિનસરકારી અંશકાલીન મહેમાન વ્યાખ્યાતાઓને આપવાના માનદ્‌વેતનના દર નીચે મુજબ રહેશે :-

(૧) સરકારના સચિવ કે તેની સમકક્ષ દરજ્જાના અધિકારીઓ, વિશ્વવિદ્યાલયના શિક્ષકો અને અન્ય વિશિષ્ટ બિનસરકારી વ્યક્તિઓ માટે મુલાકાતના પ્રતિ કલાકે રૂ. ૨૦૦ લેખે, પરંતુ પ્રત્યેક મુલાકાત માટે રૂ. ૪૦૦ ની મર્યાદામાં.

(૨) ખાતાના વડાઓ (સચિવ કક્ષાના હોય તે સિવાયના) સરકારના સંયુક્ત સચિવ અને નાયબ સચિવ અને તેમના સમકક્ષ દરજ્જાના અધિકારીઓની મુલાકાતના પ્રતિ કલાકે રૂ. ૧૫૦ લેખે, પરંતુ પ્રત્યેક મુલાકાત માટે રૂ. ૩૦૦ ની મર્યાદામાં.

(૩) ઉપરોક્ત (૧) અને (૨) ની કક્ષામાં ન આવતા અન્યની મુલાકાતના પ્રતિ કલાકે રૂ. ૧૨૫ ના દરે, પરંતુ પ્રત્યેક મુલાકાત માટે રૂ. ૨૫૦ ની મર્યાદામાં.

(૪) ઉચ્ચતમ લાયકાત ધરાવતા અને ગણમાન્ય મહેમાન વક્તાઓને બે કલાકથી વધુ સમયની નહિ તેવી એક મુલાકાતના પ્રત્યેક કલાક માટે રૂ. ૧૫૦ થી રૂ. ૪૫૦ લેખે.

૫૨. **વિશ્વવિદ્યાલય દ્વારા મંજૂર કરવામાં આવતી ફી :** આ પ્રકરણની જોગવાઈઓને અધીન રહીને, વિશ્વવિદ્યાલય વતી નિરીક્ષણ કરવા માટે નિમાયેલ સંબંધિત સરકારી કર્મચારી તે અંગેની ફી સરકાર ખાતે જમા નહિ કરાવતાં, પોતે રાખી લે તેમાં કોઈ બાધ હોઈ શકે નહિ. વિશ્વવિદ્યાલયના સત્તાધિકારીઓએ નિશ્ચિત કરેલી આવી રકમ દર વર્ષે મહત્તમ રૂ. ૫૦૦ ની મર્યાદામાં રહેવી જોઈએ.

**નોંધ :** પોતાની સત્તાવાર સામાન્ય ફરજના ક્ષેત્રમાં સ્પષ્ટપણે આવતા આવા કોલેજોના નિરીક્ષણ માટે કોઈપણ સરકારી કર્મચારી સિન્ડીકેટ વતી આવા નિરીક્ષણના કાર્ય માટે ખાસ ચૂકવણી મેળવી શકશે; પરંતુ બીજી બાજુ જેને માટે આવું કહી શકાય તેમ ન હોય તેવી સરકારી કે બિનસરકારી અન્ય વ્યક્તિને નિરીક્ષણની ફરજ માટેનું મહેનતાણું મળવું જોઈએ.

૫૩. **રાજ્યના એકત્રિત ફંડમાં જમા કરાવવાની ફી :** સરકારની ફરજની બજવણીમાં ગાળવામાં આવે તેવા સમયે કરેલ કાર્ય માટે જ્યારે સરકારી કર્મચારીને ફી ચૂકવવામાં આવે ત્યારે સક્ષમ સત્તાધિકારી તે રકમ પૂરેપૂરી અગર તેનો હિસ્સો સરકારી કર્મચારીને આપવાના હુકમ કરે તે સિવાય તેણે તે સરકારના એકત્રિત ફંડમાં જમા કરાવી દેવી જોઈશે.

૫૪. **ફી સ્વીકારવાની પરવાનગી :** સક્ષમ સત્તાધિકારીને ખાતરી થાય કે સરકારી કર્મચારીને તેવા કાર્યથી પોતાની સત્તાવાર ફરજ અને જવાબદારીને આંચ આવશે નહિ તો સંસ્થા અથવા તો ખાનગી વ્યક્તિ કે સ્થાનિક સંસ્થા સહિતની જાહેર સંસ્થા માટે કરેલ વિશિષ્ટ સેવા અથવા સેવાની શૃંખલા જો તે અગત્યની હોય તો તેની બજવણી માટે આવર્તક અથવા અનાવર્તક ફી મહેનતાણા તરીકે સ્વીકારવાની પરવાનગી આપી શકશે.

૫૫. **વોર્ડઝ એસ્ટેટમાંથી ફીની ચૂકવણી :** વોર્ડઝ એસ્ટેટને સરકારી કર્મચારીઓની નિઃશુલ્ક સેવાઓ તથા પરામર્શ મેળવવાના અધિકાર છે એ સિદ્ધાંતના અપવાદરૂપે સરકાર ખાસ અપવાદરૂપ અને પ્રાસંગિક કિસ્સામાં તેના કર્મચારીઓને આવી એસ્ટેટના ફંડમાંથી ફી ની ચૂકવણી માટે અધિકાર આપી શકશે.

૫૬. **બહારની કોઈ સંસ્થા વતી લેવાતી પરીક્ષામાં કામ કરવાની ફી :** બહારની કોઈ સંસ્થા વતી સરકાર દ્વારા લેવાતી પરીક્ષામાં, તે હેતુ માટે રોકવામાં આવેલા સરકારી કર્મચારીઓને પ્રસ્તુત સંસ્થા દ્વારા ચૂકવણી કરવાની થતી ફી, સરકાર મુકરર કરે તે પ્રમાણે સ્વીકારી શકાશે.

૫૭. **ઈનામ વગેરે મેળવવા માટે પરવાનગી અનાવશ્યક :** સરકારના સામાન્ય કે ખાસ હુકમ દ્વારા અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, ખાસ પરવાનગી મેળવ્યા સિવાય સરકારી કર્મચારી નીચેની બાબતો પારિતોષિક મેળવવા કે રાખી લેવા માટે હકદાર ગણાશે :-

(૧) નિબંધ લેખન, રમત-ગમત અથવા નાટકોની જાહેર સ્પર્ધામાં પ્રદાન કરવામાં આવેલ પુરસ્કાર;

(૨) ગુનેગારની ધરપકડ માટે અથવા અને ન્યાય પાલન સાથે સંબંધ ધરાવતી માહિતી પૂરી પાડવા બદલ અથવા ખાસ સેવા બજાવવા માટે બદલારૂપે આપવામાં આવેલ કોઈ પુરસ્કાર;

(૩) કોઈપણ અધિનિયમની જોગવાઈ કે તે હેઠળ ઘડવામાં આવેલ વિનિયમો કે નિયમો હેઠળ આપવાપાત્ર કોઈ પુરસ્કાર;

(૪) જકાત અને આબકારી કાયદાઓના વહીવટમાં સેવા આપવા બદલ મંજૂર કરવામાં આવેલ કોઈપણ પુરસ્કાર.

૫૮. **બેઠક ફી :** (૧) રાજ્ય કક્ષાની વિવિધ સમિતિઓના બિનસરકારી અધ્યક્ષ કે સભ્યોને દિવસના સત્રોને ધ્યાનમાં લીધા સિવાય આખા દિવસ માટે બેઠક ફી તરીકે રૂ. ૧૦૦ આપવામાં આવશે. બિસ્સા ખર્ચના બદલામાં બેઠકની ફી ચૂકવવામાં આવશે અને તે નીચેનાઓને મળવાપાત્ર થશે નહિ -

(૧) તદર્થ સમિતિઓમાં નિમાયેલ બિનસરકારી વ્યક્તિઓને,

(૨) સ્થાયી સલાહકાર સમિતિના સભ્યોને,

(૩) મર્યાદિત સમય અને હેતુ માટે નિમાયેલ આયોગના સભ્યોને, **અને**

(૪) કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના અધિકારીઓ / હોદ્દાની રૂએ જ સભ્ય હોય તેવી વ્યક્તિઓ.

(૨) વૈધાનિક મંડળોમાં, નિગમોમાં, પબ્લિક લિમિટેડ કંપનીઓ વગેરેમાં નિયામક કે સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવતા સરકારી અધિકારીઓને મળવાપાત્ર બેઠક ફી અથવા અન્ય કાર્ય અર્થે સરકારી અધિકારીને ચૂકવવાની થતી ફી ની રકમ, સંબંધિત નિગમ અથવા સત્તામંડળે પરભારી સરકારી તિજોરીમાં જમા કરાવી દઈ સરકાર તથા સંબંધિત સરકારી અધિકારીને તેની જાણ કરવી. સદરહુ રકમ મુખ્ય હિસાબના સદર ''૦૬૫ - અન્ય વહીવટી સેવાઓ (૧) અન્ય સેવાઓ - અન્ય આવક, પરચૂરણ આવક'' હેઠળ જમા કરાવવામાં આવશે.

## પ્રકરણ - ૮
## મોંઘવારી ભથ્થુ

૫૯. **મોંઘવારી ભથ્થાની મંજૂરીના નિયમન અંગેની શરતો :** સરકારી કર્મચારીઓને મંજૂર કરવામાં આવેલ, મોંઘવારી ભથ્થાની ચૂકવણી નીચેની શરતોને અધીન રહેશે :-

(૧) ભારતમાં અથવા ભારત બહાર અસાધારણ રજા સિવાયની બીજી રજાઓના સમયગાળા માટે પણ આ ભથ્થું આકારી શકાશે.

(૨) રજા દરમ્યાન મળવાપાત્ર મોંઘવારી ભથ્થાની રકમ - પરવાનગીપાત્ર નાણાંકીય મર્યાદાના હેતુ તેમજ ભથ્થાની રકમની ગણતરીના હેતુ એમ બે હેતુઓ માટે - ખરેખર આકારેલ રજા પગાર પર આધારિત રહેશે.

(૩) ભારતમાં કે ભારત બહાર વિદેશમાં અભ્યાસ રજા પર ગયેલા અધિકારીઓને કોઈ મોંઘવારી ભથ્થું મળવાપાત્ર થશે નહિ.

(૪) સરકારી કર્મચારીને મળવાપાત્ર થતી મોંઘવારીની માસિક રકમની ગણતરી વખતે પચાસ પૈસાથી વધુ થતી રૂપિયાની અપૂર્ણાંક રકમને નજીકના ઉપરના રૂપિયાની રકમમાં પૂર્ણ કરવામાં આવશે અને તેથી ઓછી અપૂર્ણાંક રકમ જતી કરવામાં આવશે.

૬૦. **મોંઘવારી ભથ્થાના દર :** મોંઘવારી ભથ્થાના દર સરકાર વખતોવખત મંજૂર કરે તે પ્રમાણે રહેશે.

૬૧. **સરકારી કર્મચારીના પગારની રકમ અપૂર્ણાંક રૂપિયામાં આવતી હોય ત્યારે મોંઘવારી ભથ્થાનો દર :** સરકારી કર્મચારીના પગારની રકમ જ્યારે અપૂર્ણાંક રૂપિયામાં આવતી હોય ત્યારે મોંઘવારી ભથ્થાની ગણતરીના હેતુ માટે તે રકમને ત્યારપછીના પૂર્ણ રૂપિયાની રકમમાં પૂર્ણ કરવામાં આવશે.

૬૨. **મહિનાના તૂટક સમય માટે મોંઘવારી ભથ્થાની ચૂકવણી :** અમુક કોઈ માસના મોંઘવારી ભથ્થાની ગણતરી તે માસના ખરેખર આકારેલ પગારના આધારે કરવામાં આવશે અને તે માસિક પગારના દર મુજબ ચૂકવવાની થતી રકમના આધારે તૂટક સમય માટે મોંઘવારી ભથ્થુ ગણી તે ચૂકવવાપાત્ર થશે.

૬૩. **જોઈનીંગ ટાઈમ દરમ્યાન મોંઘવારી ભથ્થાની પાત્રતા :** ગુજરાત મુલ્કી સેવા (હાજર થવાનો સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકૂફી, બરતરફ થતાં કે છૂટા કરતી વેળાએ ચૂકવણી) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૯ ના પેટા-નિયમ (૪૦) હેઠળ વ્યાખ્યા કર્યા પ્રમાણે હાજર થવાના સમય દરમ્યાન મોંઘવારી ભથ્થુ તે જ નિયમો હેઠળ મળવાપાત્ર હાજર થવાના સમયના પગાર પર આધારિત રહેશે, પરંતુ તે નિયમોના નિયમ-૧૦ ના પેટા-નિયમ (૨) હેઠળ આવતા કિસ્સાઓમાં, સરકારી કર્મચારીનો હાજર થવાનો સમય શરૂ થતાં પહેલાં તેને જે દરે મોંઘવારી ભથ્થું મળવાપાત્ર હતું તે દરે, મોંઘવારી ભથ્થું મળવાપાત્ર થશે.

૬૪. **ફરજમોકૂફી હેઠળ મોંઘવારી ભથ્થાની પાત્રતા :** ફરજમોકૂફી હેઠળના સરકારી કર્મચારીને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાની ગણતરીનો દર તેને ચૂકવવામાં આવતા નિર્વાહ ભથ્થાની રકમના આધારે નક્કી કરવાનો રહેશે.

**પરંતુ** ફરજમોકૂફી હેઠળ મૂકનાર અધિકારી મોંઘવારી ભથ્થાની રકમની ચૂકવણી અટકાવીને ફરજમોકૂફી હેઠળના સરકારી કર્મચારી પાસેથી સરકારી લેણાની બાકી પડતી રકમ સાથે તેનો વિનિયોગ કરી શકશે.

૬૫. **રાજ્યેતર સેવા દરમ્યાન મોંઘવારી ભથ્થાની પાત્રતા :** રાજ્યેતર સેવાના સરકારી કર્મચારીની નિમણૂક અંગેની બોલીઓ અને શરતોને અધીન રહી, રાજ્યેતર સેવામાં તેને મળતા પગારના આધારે સરકારી કર્મચારી મોંઘવારી ભથ્થુ આકારી શકશે.

## પ્રકરણ - ૯

## રદ કરવા બાબત અને અપવાદો

૬૬. **રદ કરવા બાબત અને અપવાદો :** (ગુજરાત સરકારે અપનાવેલા) મુંબઈ મુલ્કી સેવા નિયમો, ૧૯૫૯ ના જ્યાં સુધી પગાર આધારિત ભથ્થા સેવાની સામાન્ય શરતો સાથે અનુરૂપ જે કોઈપણ નિયમો સંબંધિત હોય તે નિયમો આથી રદ કરવામાં આવે છે.

**પરંતુ** આમ રદ થયેલા નિયમો હેઠળ કરવામાં આવેલ કોઈપણ કાર્ય અથવા કોઈ પગલું આ નિયમોની જોગવાઈના અમલને અસર થશે નહિ.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી**

**(સુધીર માંકડ)**
**સરકારના મુખ્ય સચિવ**

# પરિશિષ્ટ - ૧

[જૂઓ નિયમ-૭ અને ૮]

## *ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો, ૨૦૦૨ હેઠળ જેઓને સત્તા સોંપવામાં આવી છે તે અધિકારીઓ*

| ક્રમ | નિયમ ક્રમાંક | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ છે તે સત્તાધિકારી | વ્યાપ | નોંધ | વિવરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ૯(૨૩)(ચ) | ફરજ ઉપર હાજર થવા ફરજિયાત રોકાણના સમયને નિયમિત કરવા અંગેનો અધિકાર | વહીવટી વિભાગ | પંદર દિવસ સુધીનો | પંદર દિવસ સુધીનો | |
| ૨. | ૯(૩૪) | ખાતાના વડા તરીકે અધિકારીને જાહેર કરવા અંગે | વહીવટી વિભાગ | નીચેની શરતોના પાલનને અધીન પૂર્ણ સત્તા :-<br>૧. અધિકારી ઓળખી શકાય તેવી સંસ્થાના વડા હોવા જોઈએ.<br>૨. અધિકારીના પગાર ધોરણનો ન્યુનતમ પગાર સરકારના નાયબ સચિવના પગાર ધોરણના ન્યુનતમ પગાર કરતાં ઓછો ન હોવો જોઈએ.<br>૩. આ અધિકાર કેવળ વહીવટ ખાતાના સચિવ દ્વારા જ વાપરવામાં આવે. | | |
| ૩. | ૯(૫૨) | બે માસથી વધુ નહિ એટલા સમય માટે કાર્યકારી નિમણૂક કરવા અંગે | દરેક કચેરીના રાજપત્રિત વડા | તેમના નિયંત્રણ હેઠળના વર્ગ-૩ ની જગા ધારણ કરનાર સરકારી કર્મચારીઓ | ઉમેદવારોની માન્ય યાદી જો રાખવામાં આવી હોય તો તેમાંથી નિમણૂકો આપવી. આવી બધી નિમણૂકોની જાણ સત્વરે નિમણૂક અધિકારીને કરવી. | |

| ક્રમ | નિયમ ક્રમાંક | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ છે તે સત્તાધિકારી | વ્યાપ | નોંધ | વિવરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪. | ૯(૫૨) | બાર માસ કરતાં વધુ નહિ તેટલા સમય માટે કાર્યકારી નિમણૂકો કરવા અંગે | તમામ ખાતાના વડાઓ | તેમના નિયંત્રણ હેઠળની વર્ગ-૨ ની જગા ધારણ કરતા સરકારી કર્મચારીઓને | ૧. માન્ય કરેલ ભરતી નિયમોના આધારે નિમણૂકો કરવી.<br>૨. બઢતી અથવા બદલી સિવાયની નિમણૂકો જાહેરખબરના માધ્યમથી કરવી.<br>૩. નિમણૂકો અંગેનો અહેવાલ સત્વરે સરકારને મોકલી આપવો.<br>૪. સીધી ભરતીના ન્યૂનતમ પગાર ધોરણ ઉપર નિમણૂકો કરવી.<br>૫. સરકારી કર્મચારીઓની પસંદગી યાદી રાખવામાં આવી હોય તો તેમાંથી બઢતી ઉપરની નિમણૂકો કરવી. | |
| ૫. | ૯(૫૨) | બાર માસ કરતાં વધુ નહિ તેટલા સમય માટે કાર્યકારી નિમણૂક કરવા અંગે. | ૧. શિક્ષણ નિયામક<br>૨. ટેકનિકલ શિક્ષણ નિયામક<br>૩. આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ કમિશનર. | શિક્ષણ આપવા સંબંધે ફરજો બજાવતા તેમના નિયંત્રણ હેઠળના વર્ગ-૧ ની જગા ધરાવતા સરકારી કર્મચારીઓને. | ઉપરોક્ત મુદ્દા-૪ ના કિસ્સામાં દર્શાવેલ શરતોએ. | |
| ૬. | ૯(૫૨) | તાલીમ અંગે પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવેલ સરકારી કર્મચારીઓને સ્થાને કાર્યકારી નિમણૂક કરવા અંગે | રજા અંગે પડેલી ખાલી જગાઓમાં નિમણૂક કરવાનો અધિકાર ધરાવતા કોઈપણ અધિકારી | તેમના નિયંત્રણ હેઠળના તમામ કર્મચારીઓને | ઉપરોક્ત મુદ્દા-૪ ના કિસ્સામાં દર્શાવેલ શરતોએ | |

| ક્રમ | નિયમ ક્રમાંક | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ છે તે સત્તાધિકારી | વ્યાપ | નોંધ | વિવરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૭. | ૯(૬૦) | પેન્શન મંજૂર કરવાની સત્તા | (૧) સચિવાલયના વહીવટી ખાતાઓ | સંપૂર્ણ સત્તા | ખાતાના વડાની બાબતમાં | |
| | | | (૨) દરેક ખાતાના વડા | ઉપર મુજબ | ખાતાના વડા સિવાયના વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ જ અધિકારીઓની બાબતમાં | |
| | | | (૩) નિમણૂક અધિકારી | ઉપર મુજબ | વર્ગ-ત્રણ અને વર્ગ-ચાર ના તમામ જ સરકારી કર્મચારીઓની બાબતમાં | |
| ૮. | નિયમ-૧૩ હેઠળની નોંધ-૨ | મુખ્ય મથક સિવાયના અન્ય રહેણાકના સ્થળે મળવાપાત્ર સ્થાનિક વળતર ભથ્થાની પરવાનગી અંગેની સત્તા. | (૧) ખાતાના વડા<br>(૨) કચેરીના વડા | સંપૂર્ણ સત્તા | (૧) રાજપત્રિત સરકારી કર્મચારીઓ માટે.<br>(૨) બિનરાજપત્રિત સરકારી કર્મચારીઓ માટે. | |
| ૯. | નિયમ-૧૫ હેઠળની નોંધ-૨ | મુખ્ય મથક સિવાયના અન્ય રહેણાકના સ્થળે મળવાપાત્ર ઘરભાડા ભથ્થાની પરવાનગી અંગેની સત્તા. | (૧) ખાતાના વડા<br>(૨) કચેરીના વડા | સંપૂર્ણ સત્તા | (૧) રાજપત્રિત સરકારી કર્મચારીઓ માટે.<br>(૨) બિનરાજપત્રિત સરકારી કર્મચારીઓ માટે. | |

| ક્રમ | નિયમ ક્રમાંક | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ છે તે સત્તાધિકારી | વ્યાપ | નોંધ | વિવરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧૦. | ૪૮ | સરકારી કર્મચારીને માનદ્‌વેતન સ્વીકારવાની પરવાનગી આપવાની સત્તા. | ખાતાના વડા | સંપૂર્ણ સત્તા | સંપૂર્ણ સત્તા (સ્વયં ખાતાના વડા માટે વહીવટી ખાતાની પરવાનગીની આવશ્યકતા રહેશે) | |
| ૧૧. | ૫૪ | સરકારી કર્મચારીને ફી સ્વીકારવાની પરવાનગી આપવાની સત્તા. | ખાતાના વડા | સંપૂર્ણ સત્તા | સંપૂર્ણ સત્તા (સ્વયં ખાતાના વડા માટે વહીવટી ખાતાની પરવાનગીની આવશ્યકતા રહેશે) | |

# પરિશિષ્ટ - ૨

[જૂઓ નિયમ-૯ (૩૪)]

## *ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ ના વિવિધ નિયમ સમુચ્ચયોના હેતુ માટે ખાતાના વડા તરીકે ગણવામાં આવેલા અધિકારીઓની સૂચિ*

**૧.૦ કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ :**

૧.૧ સરકારના સચિવ

૧.૨ કૃષિ નિયામક

૧.૩ પશુપાલન નિયામક

૧.૪ ખાંડ નિયામક

૧.૫ નિયામક, સહકારી મંડળીઓ

૧.૬ અધ્યક્ષ, ગુજરાત રાજ્ય સહકારી ન્યાયપંચ

૧.૭ બાગાયત નિયામક

**૨.૦ શિક્ષણ વિભાગ :**

૨.૧ સરકારના (શિક્ષણ) સચિવ

૨.૨ સરકારના સચિવ (તાંત્રિક અને ઉચ્ચ શિક્ષણ)

૨.૪ ઉચ્ચતર શિક્ષણ કમિશનર

૨.૪ કમિશનર, મધ્યાહ્ન ભોજન અને શાળાઓ

૨.૫ નિયામક, પ્રાથમિક શિક્ષણ

૨.૬ નિયામક, તાંત્રિક શિક્ષણ

૨.૭ નિયામક, એન.સી.સી.

૨.૮ નિયામક, રાજ્ય પરિયોજના ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ

૨.૯ નિયામક, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

૨.૧૦ નિયામક, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ

૨.૧૧ અધ્યક્ષ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ

૨.૧૨ ગુજરાત પ્રાથમિક શિક્ષણ ન્યાયપંચ, અમદાવાદ

૨.૧૩ નિયામક, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન

૨.૧૪ અધ્યક્ષ, ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ

૨.૧૫ રાજ્ય પરિયોજના નિયામક

૨.૧૬ અધ્યક્ષ, ટેકનિકલ પરીક્ષા બોર્ડ

**૩.૦ ઊર્જા અને પેટ્રોકેમીકલ વિભાગ :**

૩.૧ સરકારના સચિવ

૩.૨ મુખ્ય વિદ્યુત ઈન્સ્પેકટર અને વિદ્યુતવેરા સમાહર્તા

૩.૩ સચિવ, ગુજરાત વિદ્યુત નિયમન આયોગ

૩.૪ પેટ્રોલિયમ નિયામક

**૪.૦ નાણાં વિભાગ :**

૪.૧ સરકારના સચિવ

૪.૨ નિયામક, હિસાબ અને તિજોરીઓ

૪.૩ કમિશનર, વેચાણવેરા

૪.૪ પ્રમુખ, ગુજરાત વેચાણવેરા ન્યાયપંચ

૪.૫ વીમા નિયામક

૪.૬ નિયામક, પેન્શન અને પ્રોવિડંટ ફંડ

**૫.૦ અન્ન , નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ :**

૫.૧ સરકારના સચિવ

૫.૨ નાગરિક પુરવઠા, નિયામક

૫.૩ અન્ન નિયામક

૫.૪ અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક

૫.૫ રજિસ્ટ્રાર, ગ્રાહક તકરાર નિવારણ આયોગ

૫.૬ નિયંત્રક, તોલ અને માપ વિજ્ઞાન

**૬.૦ વન અને પર્યાવરણ વિભાગ :**

૬.૧ સરકારના સચિવ

૬.૨ અગ્ર મુખ્ય વન સંરક્ષક

૬.૩ વન સંરક્ષક

**૭.૦ સામાન્ય વહીવટ વિભાગ :**

૭.૧ સરકારના સચિવ

૭.૨ રાજયપાલશ્રીના સચિવ

૭.૩ રાજયપાલશ્રીના ગૃહ નિયામક

૭.૪ તપાસ કમિશનર અને સભ્ય સચિવ, સતત તકેદારી સેલ

૭.૫ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક

૭.૬ મૂલ્યાંકન નિયામક

૭.૭ સચિવ, ગુજરાત જાહેર સેવા આયોગ

૭.૮ સચિવ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

૭.૯ મુખ્ય સંપાદક, ગુજરાત જિલ્લા સર્વ સંગ્રહ

૭.૧૦ ભાષા નિયામક

૭.૧૧ તાલીમ કમિશનર અને નિયામક, સરદાર પટેલ રાજય વહીવટી ભવન

૭.૧૨ નિવાસી આયુકત, નવી દિલ્હી

૭.૧૩ સચિવ, ગુજરાત મુલ્કી સેવા ન્યાયપંચ

૭.૧૪ રજિસ્ટ્રાર, માનનીય લોકાયુક્ત કચેરી

૭.૧૫ સચિવ, રાજય ચૂંટણી પંચ

**૮.૦ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ :**

૮.૧ સરકારના સચિવ

૮.૨ આરોગ્ય, તબીબી અને તબીબી શિક્ષણ કમિશનર

૮.૩ અધિક નિયામક (આરોગ્ય), આરોગ્ય, તબીબી અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી

૮.૪ અધિક નિયામક (તબીબી), આરોગ્ય, તબીબી અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી

૮.૫ અધિક નિયામક (તબીબી શિક્ષણ), આરોગ્ય, તબીબી અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી

૮.૬ તબીબી સેવા નિયામક (કામદાર રાજ્ય વીમા યોજના)

૮.૬ નિયામક, ભારતીય તબીબ પદ્ધતિ અને હોમિયોપેથી

૮.૭ કમિશનર, અન્ન અને ઔષધ નિયંત્રણ વહીવટી સંસ્થા તંત્ર

૮.૮ મધ્યસ્થ તબીબી ભંડાર સંસ્થાના ભંડારધારક નિયામક

**૯.૦ ગૃહ વિભાગ :**

૯.૧ સરકારના સચિવ

૯.૨ પોલીસ મહાનિયામક અને મહાનિરીક્ષક

૯.૩ મહાસેનાપતિ, હોમ ગાર્ડ્ઝ

૯.૪ અધિક પોલીસ મહાનિરીક્ષક, પોલીસ કોમ્પ્યુટર સેન્ટર

૯.૫ જેલોના ઈન્સ્પેક્ટર જનરલ

૯.૬ વાહન-વ્યવહાર નિયામક

૯.૭ સચિવ, ગુજરાત તકેદારી આયોગ

૯.૮ સૈનિક કલ્યાણ નિયામક

૯.૯ નાગરિક સંરક્ષણ નિયામક

૯.૧૦ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા

૯.૧૧ અધિક પોલીસ મહાનિયામક પબ્લીક પ્રોસીકયુશન

૯.૧૩ કમિશ્નર અને અધિક પોલીસ મહાનિયામક, નશાબંધી અને આબકારી જકાત

૯.૧૩ પોલીસ મહાનિયામક અને નિયામક, લાંચ રૂશ્વત વિરોધી ખાતુ

**૧૦.૦ ઉદ્યોગો અને ખાણકામ વિભાગ :**

૧૦.૧ સરકારના સચિવ

૧૦.૨ ઉદ્યોગ કમિશ્નર

૧૦.૩ કુટીર ઉદ્યોગ કમિશ્નર

૧૦.૩ ભૂસ્તર વિજ્ઞાન અને ખાણકામ કમિશ્નર

૧૦.૫ નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી

૧૦.૬ પ્રવાસન કમિશ્નર

૧૦.૭ ચૂકવણી કમિશ્નર

૧૦.૮ વ્યાપાર અને વાણિજ્ય કમિશ્નર

**૧૧.૦ માહિતી અને પ્રસારણ વિભાગ :**

૧૧.૧ સરકારના સચિવ

૧૧.૨ માહિતી નિયામક

૧૧.૩ મનોરજન કર કમિશ્નર

**૧૨.૦ નર્મદા અને જળ સંપત્તિ વિભાગ :**

૧૨.૧ સરકારના સચિવ

૧૨.૨ મુખ્ય ઈજનેરો

૧૨.૩ વર્તુળના અધિક્ષક ઈજનેરો

૧૨.૪ જળસંપત્તિ તપાસ વર્તુળના અધિક્ષક ઈજનેરો

૧૨.૫ ક્ષેત્ર વિકાસ કમિશ્નર

૧૨.૬ અધિક કલેક્ટરો (સિંચાઈ)

૧૨.૭ નિયામક, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા

૧૨.૮ હિસાબી મુખ્ય નિયંત્રક (નર્મદા યોજના)

**૧૩.૦ શ્રમ અને રોજગાર વિભાગ :**

૧૩.૧ સરકારના સચિવ

૧૩.૨ મજુર કમિશ્નર

૧૩.૩ ગ્રામ મજુર કમિશનર

૧૩.૪ રોજગાર અને તાલીમ નિયામક

૧૩.૫ રજિસ્ટ્રાર, ઔદ્યોગિક અદાલત અને વેતન બોર્ડ

૧૩.૬ રજિસ્ટ્રાર, મજુર અદાલત

**૧૪.૦ કાયદા વિભાગ :**

૧૪.૧ સરકારના સચિવ

૧૪.૨ એડવોકેટ જનરલ

૧૪.૩ ચેરીટી કમિશનર

૧૪.૪ મુખ્ય ન્યાયાધીશ, સ્મોલ કોઝ કોર્ટ

૧૪.૫ મુખ્ય ન્યાયાધીશ, સીવીલ કોર્ટ, અમદાવાદ

૧૪.૬ જિલ્લા અને સેશન્સ જજ

૧૪.૭ ઓફિશીયલ ટ્રસ્ટી અને એડમિનિસ્ટ્રેટર જનરલ

૧૪.૮ મુખ્ય ન્યાયાધીશ, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ.

૧૪.૯ રજીસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ

૧૪.૧૦ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના સભ્ય સચિવ

૧૪.૧૧ મુખ્ય ન્યાયાધીશ, ફેમીલી કોર્ટ

૧૪.૧૨ નિરીક્ષક અધિકારી (કોર્ટ ફીઝ) અને હોદ્દાની રૂએ મુખ્ય નિરીક્ષક (કોર્ટ ફીઝ)

૧૪.૧૩ રજિસ્ટ્રાર, ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદ ન્યાયપંચ

**૧૫.૦ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ્ય વિકાસ વિભાગ :**

૧૫.૧ સરકારના સચિવ

૧૫.૨ વિકાસ કમિશનર

૧૫.૩ ગ્રામ વિકાસ કમિશનર

૧૫.૪ સચિવ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

૧૫.૫ નિયામક, રાજય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થા

૧૫.૬ ગ્રામ વિકાસ કમિશનર

**૧૬. વૈધાનિક અને સંસદિય બાબતોનો વિભાગ :**

૧૬.૧ સરકારના સચિવ

**૧૭.૦ બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ :**

૧૭.૧ સરકારના સચિવ

૧૭.૨ મત્સ્યોદ્યોગ કમિશનર

**૧૮.૦ મહેસૂલ વિભાગ :**

૧૮.૧ સરકારના સચિવ

૧૮.૨ જિલ્લા કલેકટર

૧૮.૩ જમીન સુધારણા કમિશનર

૧૮.૪ પ્રમુખ, ગુજરાત મહેસૂલ ન્યાયપંચ

૧૮.૫ રાહત નિયામક

૧૮.૬ સચિવ (અપીલો)

૧૮.૭ સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક

૧૮.૮ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ

૧૮.૯ ઈન્સ્પેકટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન

**૧૯.૦ માર્ગ અને મકાન વિભાગ :**

૧૯.૧ સરકારના સચિવ

૧૯.૨ મુખ્ય ઈજનેર

૧૯.૩ મુખ્ય સ્થપતિ અને નગર નિયોજક

૧૯.૫ નિયામક, સ્ટ્રાફ ટ્રેનીંગ કોલેજ

૧૯.૬ નિવાસન નિયામક

૧૯.૭ ઉપવન અને બગીચા નિયામક

૧૯.૮ વર્તુળના અધીક્ષક ઈજનેરો

**૨૦.૦ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ :**

૨૦.૧ સરકારના સચિવ

૨૦.૨ નિયામક, સમાજ સુરક્ષા

૨૦.૩ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ

૨૦.૪ નિયામક, વિકસતીજાતિ કલ્યાણ

૨૦.૫ વિકલાંગ કમિશ્નર

**૨૧.૦ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ :**

૨૧.૧ સરકારના સચિવ

૨૧.૨ મુખ્ય નગર નિયોજક

૨૧.૩ નગરપાલિકા નિયામક

**૨૨.૦ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ :**

૨૨.૧ સરકારના સચિવ

૨૨.૨ કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

૨૨.૩ સંગ્રહાલય નિયામક

૨૨.૪ પુરાતત્વ નિયામક

૨૨.૫ અભિલેખાગાર નિયામક

૨૨.૬ ગ્રંથાલય નિયામક

૨૨.૭ નિયામક, ગુજરાત ખેલકુદ સત્તામંડળ

**૨૩.૦ મહિલા અને બાળ વિકાસ વિભાગ :**

૨૩.૧ સરકારના સચિવ

૨૩.૨ કમિશ્નર, મહિલા અને બાળ વિકાસ વિભાગ

**૨૪.૦ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ :**

૨૪.૧ સરકારના સચિવ

**૨૫.૦ ગુજરાત વિધાનસભા સચિવાલય :**

૨૫.૧ ગુજરાત વિધાનસભા સચિવાલયના સચિવ

# બિડાણ

## (નિયમ-૧૨ હેઠળની નોંધ-૧ જુઓ)

## અર્બન એગ્લોમરેશન (શહેરી જૂથ) (શ.જૂ.) નાં ઘટકો - જનગણના, ૧૯૯૧

[રજિસ્ટ્રાર જનરલ અને જનગણના કમિશનર તરફથી બહાર પાડવામાં આવેલા ''ભારતની જનગણના, ૧૯૯૧ - શ્રેણી-૧ ભારત ૧૯૯૨, પેપર-૧ આખરી વસ્તી ગણતરી કુલ સંખ્યા (ગ્રંથ-૧ અને ૨) તેની સાથેના કોષ્ટક-૩ માં દર્શાવ્યા પ્રમાણે''']

### ઉપયોગ કરેલ ટૂંકી સંજ્ઞાઓ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | જા.ઔ.વિ. | જાહેર કરેલ ઔદ્યોગિક વિસ્તાર | ૫. | ન.પં. | નગર પંચાયત |
| ૨. | ન.પા. | નગરપાલિકા | ૬. | બા.વૃ. | બાહ્ય વૃદ્ધિ |
| ૩. | મ.ન.પા. | મહાનગરપાલિકા | ૭. | ગ્રા.પં. | ગ્રામ પંચાયત |
| ૪. | બિ.ન.પા. | બિન-નગરપાલિકાનો વિસ્તાર | | | |

### ગુજરાત

**૧. અમદાવાદ (શ.જૂ.)**

૧. અમદાવાદ (મ.ન.પા. + બા.વૃ.)
- (૧) અમદાવાદ (મ.ન.પા.)
- (૨) અસારવા (બા.વૃ.)
- (૩) બાગેફિરદોશ (બા.વૃ.)
- (૪) બોડકદેવ (બા.વૃ.)
- (૫) ચેનપુર (બા.વૃ.)
- (૬) ગ્યાસપુર (ભાગ) (બા.વૃ.)
- (૭) હાથીજણ (બા.વૃ.)
- (૮) મક્તમપુર (બા.વૃ.)
- (૯) મૂઠિયા (બા.વૃ.)
- (૧૦) નરોડા (બા.વૃ.)
- (૧૧) નિકોલ (બા.વૃ.)
- (૧૨) ઓઢવ (બા.વૃ.)
- (૧૩) ઓકાફ (ભાગ) (બા.વૃ.)
- (૧૪) રખિયાલ (બા.વૃ.)
- (૧૫) રામોલ (ભાગ) (બા.વૃ.)
- (૧૬) શાહવાડી (બા.વૃ.)
- (૧૭) વસ્ત્રાલ (ભાગ) (બા.વૃ.)
- (૧૮) વટવા (બા.વૃ.)

૨. અમદાવાદ (કેન્ટોન્મેન્ટ)
૩. ચાંદલોડીયા (ગ્રા.પં.)
૫. ઘાટલોડીયા (ન.પં.)
૫. કાળી (ન.પં.)
૬. મકરબા (ગ્રા.પં.)
૭. મેમનગર (ગ્રા.પં.)
૮. રાણીપ (ન.પં.)
૯. સરખેજ (ગ્રા.પં.)
૧૦. થલતેજ (ગ્રા.પં.)
૧૧. વસ્ત્રાપુર (ગ્રા.પં.)
૧૨. વેજલપુર (ગ્રા.પં.)

**૨. અમરેલી (શ.જૂ.)**

૧. અમરેલી (ન.પા.)
૨. અમરેલી (બા.વૃ.)

**૩. આણંદ (શ.જૂ.)**

૧. આણંદ (ન.પા. + બા.વૃ.)
- (૧) આણંદ (ન.પા.)
- (૨) બાકરોલ (ભાગ) (બા.વૃ.)
- (૩) ગામડી (બા.વૃ.)
- (૪) જિટોડીયા (ભાગ) (બા.વૃ.)
- (૫) મોગરી (બા.વૃ.)

૨ કરમસદ (ન.પં.)
૩ વલ્લવિદ્યાનગર (ન.પં.)
૪. વિકૃલ ઉદ્યોગનગર જા.ઔ.વિ. (જા.ઔ.વિ.)

**૪ અંકલેશ્વર (શ.જૂ.)**

૧ અંકલેશ્વર
- (૧) અંકલેશ્વર (ન.પા.)
- (૨) અંકલેશ્વર (નવી વસાહત, દિવી, દેવા અને ભોરભાટા) (બા.વૃ.)

(૩) ગડખોલ (ભાગ) (બા.વૃ.)
(૪) પીરમણ (ભાગ) (બા.વૃ.)
૨ અંકલેશ્વર જા.ઔ.વિ. (જા.ઔ.વિ.)

**૫ ભરૂચ (શ.જૂ.)**
૧. ભરૂચ (ન.પા.)
૨. ભોલાવ (ભાગ) (બા.વૃ.)
૩. મક્તમપુર (ભાગ) (બા.વૃ.)
૪. નંદેલાવ (ભાગ) (બા.વૃ.)

**૬. ભાવનગર (શ.જૂ.)**
૧. ભાવનગર (મ.ન.પા.)
૨. રૂવા (ભાગ) (બા.વૃ.)
૩. તરસીમીયા (ભાગ) (બા.વૃ.)

**૭. ભૂજ (શ.જૂ.)**
૧. ભૂજ (ન.પા. + બા.વૃ.)
(૧) ભૂજ (ન.પા.)
(૨) ભૂજ (બા.વૃ.)
(૩) મીરજાપર (ભાગ) (બા.વૃ.)
૨. માધાપર (ગ્રા.પં.)

**૮. બીલીમોરા (શ.જૂ.)**
૧. બીલીમોરા (ન.પા.)
૨. બીલીમોરા (તલોધ બા.વૃ.)

**૯. બોડેલી (શ.જૂ.)**
૧. અલી-ખેરવા (બા.વૃ.)
૨. બોડેલી (ગ્રા.પં.)
૩. ધોકલીયા (બા.વૃ.)

**૧૦. ચીખલી (શ.જૂ.)**
૧. ચીખલી (ગ્રા.પં.)
૨. ખૂંધ (ભાગ) (બા.વૃ.)
૩. માજીગામ (ભાગ) (બા.વૃ.)
૪. સામરોલી (બા.વૃ.)
૫. થાલા (બા.વૃ.)

**૧૧. ડાકોર (શ.જૂ.)**
૧. ડાકોર (ન.પં.)
૨. રખીયાલ (ભાગ) (બા.વૃ.)

**૧૨. ધોળકા (શ.જૂ.)**
૧. ધોળકા (ન.પા.)
૨. ધોળકા ગ્રામ્ય (ભાગ) (બા.વૃ.)
૩. મફલીપુર (બા.વૃ.)

**૧૩. ધોરાજી (શ.જૂ.)**
૧. ધોરાજી (ન.પા.)
૨. ધોરાજી (બા.વૃ.)

**૧૪. દાહોદ (શ.જૂ.)**
૧. દાહોદ
(૧) દાહોદ (ન.પા.)
(૨) દાહોદ (બા.વૃ.)
(૩) ઉસરવાણ (ભાગ) (બા.વૃ.)
૨ ફ્રીલેન્ડગંજ (બિ.ન.પા.)

**૧૫ ગોધરા (શ.જૂ.)**
૧. ગોધરા (ન.પા.)
૨. જાફરાબાદ (ભાગ) (બા.વૃ.)
૩. વાવડી બુઝર્ગ (ભાગ) (બા.વૃ.)

**૧૬. ગોંડલ (શ.જૂ.)**
૧. ગોંડલ (ન.પા.)
૨. ગોંડલ (બા.વૃ.)

**૧૭. હાલોલ (શ.જૂ.)**
૧. દુણિયા (બા.વૃ.)
૨. હોલોલ (ન.પં.)
૩. કણજરી (ભાગ) (બા.વૃ.)
૪. પ્રતાપપુરા (ભાગ) (બા.વૃ.)

**૧૮. ઈડર (શ.જૂ.)**
૧. ઈડર (ન.પં.)
૨. જવાનપુરા (બા.વૃ.)

**૧૯. જામનગર (શ.જૂ.)**
૧. બેડી (ન.પં.)
૨. જામનગર (મ.ન.પા. + બા.વૃ.)
(૧) જામનગર (મ.ન.પા.)
(૨) જામનગર (બા.વૃ.)
(૩) પોર્ટ એરિયા (બા.વૃ.)
(૪) રેલ્વે કોલોની (બા.વૃ.)
(૫) વિભાપર (બા.વૃ.)
૩. નવાગામ ઘેડ (ગ્રા.પં.)

**૨૦. જેતપુર (શ.જૂ.)**
૧. જેતપુર (ન.પા.)
૨. જેતપુર (બા.વૃ.)
૩. નવાગઢ (બા.વૃ.)

**૨૧. જૂનાગઢ (શ.જૂ.)**
૧. જોષીપુરા (ગ્રા.પં.)

૨. જૂનાગઢ (ન.પા. + બા.વૃ.)
(૧) દોલતપરા (બા.વૃ.)
(૨) જૂનાગઢ (ન.પા.)
(૩) જૂનાગઢ (બા.વૃ.)
(૪) ખામધ્રોળ (ભાગ) (બા.વૃ.)
(૫) સાબલપુર (બા.વૃ.)
(૬) ટીંબાવાડી (બા.વૃ.)

**૨૨. કડી (શ.જૂ.)**
૧. કડી (ન.પા.)
૨. કડી (બા.વૃ.)
૩. કુંડલ (ભાગ) (બા.વૃ.)
૪. નાનીકડી (ભાગ) (બા.વૃ.)

**૨૩. કલોલ (શ.જૂ.) (મહેસાણા)**
૧. કલોલ (ન.પા.)
૨. સઈજ (ગ્રા.પં.)

**૨૪. કાલોલ (શ.જૂ.) (પંચમહાલ)**
૧. ડેરોલ સ્ટેશન (બા.વૃ.)
૨. કાલોલ (ન.પં.)

**૨૫. ખંભાત (શ.જૂ.)**
૧. કંસારી (બા.વૃ.)
૨. ખંભાત (ન.પા.)
૩. મેતપુર (બા.વૃ.)
૪. શકરપુર (બા.વૃ.)

**૨૬. કોસંબા (શ.જૂ.)**
૧. કોસંબા (ન.પં.)
૨. કુમવારડા (બા.વૃ.)
૩. તરસાડી (બા.વૃ.)

**૨૭. મહેસાણા (શ.જૂ.)**
૧. દેડીયાસણ (ભાગ) (બા.વૃ.)
૨. મહેસાણા (ન.પા.)
૩. મહેસાણા (બા.વૃ.)
૪. નાગલપુર (ભાગ) (બા.વૃ.)
૫. પાલવાસણા (ભાગ) (બા.વૃ.)

**૨૮. મહુવા (શ.જૂ.)**
૧. મહુવા (ન.પા.)
૨. મહુવા (બા.વૃ.)

**૨૯. માંગરોળ (શ.જૂ.)**
૧. માંગરોળ (ન.પા.)
૨. માંગરોળ (બા.વૃ.)

**૩૦. મોરબી (શ.જૂ.)**
૧. મોરબી (ન.પા. + બા.વૃ.)
(૧) અમરેલી (ભાગ) (બા.વૃ.)
(૨) ભડિયાદ (ભાગ) (બા.વૃ.)
(૩) માધાપર (બા.વૃ.)
૧૪.૯ રજીસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ

૧૪.૧૦ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના સભ્ય સચિવ

૧૪.૧૧ મુખ્ય ન્યાયાધીશ, ફેમીલી કોર્ટ

૧૪.૧૨ નિરીક્ષક અધિકારી (કોર્ટ ફીઝ) અને હોદ્દાની રૂએ મુખ્ય નિરીક્ષક (કોર્ટ ફીઝ)

૧૪.૧૩ રજિસ્ટ્રાર, ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદ ન્યાયપંચ

**૧૫.૦ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ્ય વિકાસ વિભાગ :**

૧૫.૧ સરકારના સચિવ

૧૫.૨ વિકાસ કમિશનર

૧૫.૩ ગ્રામ વિકાસ કમિશનર

૧૫.૪ સચિવ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

૧૫.૫ નિયામક, રાજય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થા

૧૫.૬ ગ્રામ વિકાસ કમિશનર

**૧૬. વૈધાનિક અને સંસદિય બાબતોનો વિભાગ :**

૧૬.૧ સરકારના સચિવ

**૧૭.૦ બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ :**

૧૭.૧ સરકારના સચિવ

૧૭.૨ મત્સ્યોદ્યોગ કમિશનર

**૧૮.૦ મહેસૂલ વિભાગ :**

૧૮.૧ સરકારના સચિવ

૧૮.૨ જિલ્લા કલેકટર

૧૮.૩ જમીન સુધારણા કમિશનર

૧૮.૪ પ્રમુખ, ગુજરાત મહેસૂલ ન્યાયપંચ

૧૮.૫ રાહત નિયામક

૧૮.૬ સચિવ (અપીલો)

૧૮.૭ સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક

૧૮.૮ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ

૧૮.૯ ઈન્સ્પેકટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન

**૧૯.૦ માર્ગ અને મકાન વિભાગ :**

૧૯.૧ સરકારના સચિવ

૧૯.૨ મુખ્ય ઈજનેર

૧૯.૩ મુખ્ય સ્થપતિ અને નગર નિયોજક

૧૯.૫ નિયામક, સ્ટ્રાફ ટ્રેનીંગ કોલેજ

૧૯.૬ નિવાસન નિયામક

૧૯.૭ ઉપવન અને બગીચા નિયામક

૧૯.૮ વર્તુળના અધીક્ષક ઈજનેરો

**૨૦.૦ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ :**

૨૦.૧ સરકારના સચિવ

૨૦.૨ નિયામક, સમાજ સુરક્ષા

૨૦.૩ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ

૨૦.૪ નિયામક, વિકસતીજાતિ કલ્યાણ

૨૦.૫ વિકલાંગ કમિશનર

**૨૧.૦ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ :**

૨૧.૧ સરકારના સચિવ

૨૧.૨ મુખ્ય નગર નિયોજક

૨૧.૩ નગરપાલિકા નિયામક

**૨૨.૦ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ :**

૨૨.૧ સરકારના સચિવ

૨૨.૨ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

૨૨.૩ સંગ્રહાલય નિયામક

૨૨.૪ પુરાતત્વ નિયામક

૨૨.૫ અભિલેખાગાર નિયામક

૨૨.૬ ગ્રંથાલય નિયામક

૨૨.૭ નિયામક, ગુજરાત ખેલકુદ સત્તામંડળ

**૨૩.૦ મહિલા અને બાળ વિકાસ વિભાગ :**

૨૩.૧ સરકારના સચિવ

૨૩.૨ કમિશનર, મહિલા અને બાળ વિકાસ વિભાગ

**૨૪.૦ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ :**

૨૪.૧ સરકારના સચિવ

**૨૫.૦ ગુજરાત વિધાનસભા સચિવાલય :**

૨૫.૧ ગુજરાત વિધાનસભા સચિવાલયના સચિવ

# કોષ્ટક

## (જૂઓ નિયમ-૧૦૦)

## *વર્ષ દિઠ રૂપિયાના પેન્શનનું રોકડમાં રૂપાંતર*

| ઉંમર (જુઓ આ કોષ્ટક હેઠળની નોંધ) | ખરીદીના વર્ષની સંખ્યા પ્રમાણેનું રોકડ રૂપાંતરનું મૂલ્ય | ઉંમર (જુઓ આ કોષ્ટક હેઠળની નોંધ) | ખરીદીના વર્ષની સંખ્યા પ્રમાણેનું રોકડ રૂપાંતરનું મૂલ્ય |
|---|---|---|---|
| ૧ | ૨ | ૧ | ૨ |
| ૨૯ | ૧૭.૯૩ | ૫૮ | ૧૦.૭૮ |
| ૩૦ | ૧૭.૭૮ | ૫૯ | ૧૦.૪૬ |
| ૩૧ | ૧૭.૬૨ | ૬૦ | ૧૦.૧૩ |
| ૩૨ | ૧૭.૪૬ | ૬૧ | ૯.૮૧ |
| ૩૩ | ૧૭.૨૯ | ૬૨ | ૯.૪૮ |
| ૩૪ | ૧૭.૧૧ | ૬૩ | ૯.૧૫ |
| ૩૫ | ૧૬.૯૨ | ૬૪ | ૮.૮૨ |
| ૩૬ | ૧૬.૭૨ | ૬૫ | ૮.૫૦ |
| ૩૭ | ૧૬.૫૨ | ૬૬ | ૮.૧૭ |
| ૩૮ | ૧૬.૩૧ | ૬૭ | ૭.૮૫ |
| ૩૯ | ૧૬.૦૯ | ૬૮ | ૭.૫૩ |
| ૪૦ | ૧૫.૮૭ | ૬૯ | ૭.૨૨ |
| ૪૧ | ૧૫.૬૪ | ૭૦ | ૬.૯૧ |
| ૪૨ | ૧૫.૪૦ | ૭૧ | ૬.૬૦ |
| ૪૩ | ૧૫.૧૫ | ૭૨ | ૬.૩૦ |
| ૪૪ | ૧૪.૯૦ | ૭૩ | ૬.૦૧ |
| ૪૫ | ૧૪.૬૧ | ૭૪ | ૫.૭૨ |
| ૪૬ | ૧૪.૩૭ | ૭૫ | ૫.૪૪ |
| ૪૭ | ૧૪.૧૦ | ૭૬ | ૫.૧૭ |
| ૪૮ | ૧૩.૮૨ | ૭૭ | ૪.૯૦ |
| ૪૯ | ૧૩.૫૪ | ૭૮ | ૪.૬૫ |
| ૫૦ | ૧૩.૨૫ | ૭૯ | ૪.૪૦ |
| ૫૧ | ૧૨.૯૫ | ૮૦ | ૪.૧૭ |
| ૫૨ | ૧૨.૬૬ | ૮૧ | ૩.૯૪ |
| ૫૩ | ૧૨.૩૫ | ૮૨ | ૩.૭૨ |
| ૫૪ | ૧૨.૦૫ | ૮૩ | ૩.૫૨ |
| ૫૫ | ૧૧.૭૩ | ૮૪ | ૩.૩૨ |
| ૫૬ | ૧૧.૪૨ | ૮૫ | ૩.૧૩ |
| ૫૭ | ૧૧.૧૦ | | |

# કોષ્ટક

## (જૂઓ નિયમ-૧૦૦)

## *વર્ષ દિઠ રૂપિયાના પેન્શનનું રોકડમાં રૂપાંતરનું મૂલ્ય (ચાલુ)*

**નોંધો :**

**નોંધ-૧ :** સરકારી કર્મચારીની વયના સંબંધમાં, ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમોના પ્રકરણ-૧૧ હેઠળ તબીબી તપાસ વગર મંજૂર કરેલ પેન્શનનું રોકડમાં રૂપાંતરનું મૂલ્ય નક્કી કરતી વખતે તેના જન્મદિવસના નજીકની વય હોવી જોઈશે.

**નોંધ-૨ :** સરકારી કર્મચારીની વયના સંબંધમાં, ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમના પ્રકરણ-૧૨ હેઠળ તબીબી તપાસ સાથેનું મંજૂર કરેલ પેન્શનનું રોકડમાં રૂપાંતરનું મૂલ્ય નક્કી કરતી વખતે તબીબી પ્રમાણપત્રની સહીની તારીખ નજીકની વય હોવી જોઈએ.

**નોંધ-૩ :** સરકારી કર્મચારીના સંબંધમાં વય, વર્ષના ભાર સાથે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો હેઠળ પેન્શનનું રોકડમાં રૂપાંતર મૂલ્ય નક્કી કરતી વખતે, તબીબી પ્રમાણપત્રમાં દર્શાવ્યા મુજબના ભારવાળા વર્ષની સંખ્યાથી વધારેલ તબીબી પ્રમાણપત્રની તારીખની નજીકની તારીખ હોવી જોઈશે.

# ગુજરાત મુલ્કી સેવા

## (પેન્શન)

# નિયમો, ૨૦૦૨

## ફોર્મ્સ

# ફોર્મ્સની અનુક્રમણિકા


| નંબર | વિગતો | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. | માન્ય યુદ્ધ સેવા અથવા લશ્કરી સેવાની ચકાસણીનો નમૂનો | ૧૦૭ |
| ૨. | પેન્શનપાત્ર નોકરીની ચકાસણીના પ્રમાણપત્રનો નમૂનો | ૧૦૯ |
| ૩. | સ્વૈચ્છિક નિવૃત્તિ સંબંધમાં પ્રમાણપત્રનો નમૂનો | ૧૧૦ |
| ૪. | જાહેર ક્ષેત્રના અન્ડરટેકિંગમાં કાયમી સમાવેશ કરવાના હુકમનો મુસદ્દો | ૧૧૧ |
| ૫. | વધુ સેવા માટે અયોગ્યતા બાબતના તબીબી પ્રમાણપત્રનો નમૂનો | ૧૧૪ |
| ૬. | વધુ સેવા માટે અંશતઃ અયોગ્યતા બાબતના તબીબી પ્રમાણપત્રનો નમૂનો | ૧૧૫ |
| ૭. | ઘા અને ઈજા પેન્શન માટે અરજીનો નમૂનો | ૧૧૬ |
| ૮. | ઘા અથવા ઈજા પેન્શનના સંબંધમાં તબીબી મંડળના પ્રમાણપત્રનો નમૂનો | ૧૧૭ |
| ૯. | મૃતક સરકારી કર્મચારીના કાયદેસરના સગીર વારસ(સો) ના વાલી તરીકે તેમના વતી મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની રકમનો દાવો કરનાર વ્યક્તિએ રજૂ કરવાના નુકસાન ભરપાઈ ખતનો નમૂનો | ૧૧૯ |
| ૧૦. | રદ કરેલ છે | ૧૨૦ |
| ૧૧. | રદ કરેલ છે | ૧૨૦ |
| ૧૨. | સગીર વતી કુટુંબ પેન્શનની રકમનો દાવો કરનાર વ્યક્તિએ કરી આપવાના થતા નુકસાન ભરપાઈ કરવાના ખતનો નમૂનો | ૧૨૧ |
| ૧૩. | કુટુંબની વિગતો | ૧૨૩ |
| ૧૪. | નોકરી અંગેનું પેન્શન મેળવતા પેન્શનરના અવસાન અંગેનો પ્રમાણપત્રનો નમૂનો | ૧૨૪ |
| ૧૫. | અરજદારની તબીબી તપાસ કર્યા વિના પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર કરવાની અરજીનો નમૂનો | ૧૨૫ |
| ૧૬. | તબીબી તપાસ કર્યા બાદ પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર કરવાની અરજીનો નમૂનો | ૧૨૭ |
| ૧૭. | રૂપાંતરિત પેન્શનના હિસ્સાનું પુનઃસ્થાપન કરવાની અરજીનો નમૂનો | ૧૩૦ |
| ૧૮. | તબીબી સત્તાધિકારીને લખવાના પત્રનો નમૂનો | ૧૩૧ |
| ૧૯. | તબીબી અધિકારી દ્વારા કરવામાં આવતી તબીબી તપાસનો નમૂનો | ૧૩૩ |
| ૨૦. | સને ..... દરમ્યાન નિવૃત્તિવય પેન્શન પર નિવૃત્ત થનાર સરકારી કર્મચારીઓનું રજિસ્ટર | ૧૩૬ |
| ૨૧. | નિવૃત્ત થતા સરકારી કર્મચારી પાસેથી તેની / તેણીની નિવૃત્તિના ચોવીસ માસ અગાઉ પેન્શન મંજૂરકર્તા અધિકારીએ મેળવવાની માહિતી | ૧૩૭ |
| ૨૨. | 'ના બનાવ પ્રમાણપત્ર' નો નમૂનો | ૧૩૯ |

| | | |
|---|---|---|
| ૨૩. | અવસાન પામેલ સરકારી કર્મચારીની મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અંગેનું ગ્રાહ્ય વારસ નિયુક્તિ પત્ર મોજૂદ હોય, ત્યારે તેના કુટુંબના સભ્ય કે સભ્યોને લખવાના પત્રનો નમૂનો | ૧૪૦ |
| ૨૪. | અવસાન પામેલ સરકારી કર્મચારીની મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અંગેનું ગ્રાહ્ય વારસ નિયુક્તિ પત્ર મોજૂદ ન હોય, ત્યારે તેના કુટુંબના સભ્ય કે સભ્યોને લખવાના પત્રનો નમૂનો | ૧૪૧ |
| ૨૫. | સરકારી કર્મચારીના અવસાન અંગે મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની મંજૂરી માટેની અરજીનો નમૂનો | ૧૪૨ |
| ૨૬. | કુટુંબ પેન્શન યોજના, ૧૯૭૨ હેઠળ કુટુંબ પેન્શનની મંજૂરી માટે મૃત સરકારી કર્મચારીની વિધવા / વિધુરે લખવાના પત્રનો નમૂનો | ૧૪૪ |
| ૨૭. | સેવા દરમ્યાન સરકારી કર્મચારીના અવસાન પ્રસંગે કુટુંબ પેન્શન યોજના, ૧૯૭૨ હેઠળ કુટુંબ પેન્શન માટેની અરજીનો નમૂનો | ૧૪૫ |
| ૨૮. | રદ કરેલ છે | ૧૪૯ |
| ૨૯. | રદ કરેલ છે | ૧૪૯ |
| ૩૦. | રદ કરેલ છે | ૧૪૯ |
| ૩૧. | નિવૃત્ત સરકારી કર્મચારી જે નિવૃત્તિ બાદ અવસાન પામેલ હોય, પરંતુ તેને મરણોપરાંત હયાત વિધવા / વિધુર ન હોય તેના બાળકોને કુટુંબ પેન્શન યોજના, ૧૯૭૨ હેઠળ કુટુંબ પેન્શન મંજૂર કરવાના પત્રનો નમૂનો | ૧૫૦ |
| ૩૨. | કુટુંબ પેન્શન, ૧૯૭૨ મેળવતા વિધવા / વિધુરના અવસાન અથવા પુનર્લગ્ન પ્રસંગે તેમના બાળક(કો) ને કુટુંબ પેન્શન યોજના, ૧૯૭૨ હેઠળ કુટુંબ પેન્શન મંજૂર કરવાના પત્રનો નમૂનો | ૧૫૨ |
| ૩૩. | પેન્શનરના અવસાન સમયે શેષ * ગ્રેજ્યુઈટીની મંજૂરી માટેની અરજીનો નમૂનો | ૧૫૪ |
| ૩૪. | નિવૃત્તિ બાદ બે વર્ષના સમયગાળામાં વાણિજ્ય વિષયક રોજગારી સ્વીકારવાની પરવાનગી માટેની અરજીનો નમૂનો | ૧૫૬ |

## *નમૂનો - ૧*

## *[જૂઓ નિયમ-૨૯ હેઠળનું સ્પષ્ટીકરણ-૪]*

## *માન્ય યુદ્ધ સેવા અથવા લશ્કરી સેવાની ચકાસણીનો નમૂનો*

ક્રમાંક ..... હોદ્દો ..... નામ ..... એકમ ..... તા..... થી ..... તરીકે ..... માં પુનઃભરતી કરાયેલાની લશ્કરી સેવાની ચકાસણીનું પ્રમાણપત્ર.

મુલ્કી પેન્શન પરત્વે ગણતરીમાં લેવાના હેતુ માટે યુદ્ધ / લશ્કરી સેવાની ચકાસણી માટે જરૂરી માહિતી અને સંબંધિત હુકમો નીચે પ્રમાણે છે :-

૧. સેના / નૌકાદળ / વાયુદળમાં ભરતીની તારીખે જન્મ તારીખ અથવા તેની જાણ ન હોય તો તેની નજીકની ઉંમર.

૨. સેના / નૌકાદળ / વાયુદળમાં ભરતીની તારીખ.

૩. છૂટા કર્યાની તારીખ

૪. અનામત સેવા હોય તો તેની સમયાવધિ.

૫. લશ્કરના નિયમો હેઠળ લશ્કરી સેવા પેન્શનપાત્ર હતી કે કેમ અને તે અંગે પેન્શન અર્જિત થવાની તારીખે અથવા તે પહેલાં નોકરીની સમાપ્તિ કરવામાં આવેલી છે કેમ ?

૬. સેવા ગ્રેજ્યુઈટીના હકદાર થયેલ કે કેમ અને જો થયેલ હોય તો કેટલી ?

૭. જો (સેવા મુલ્કી પેન્શન પરત્વે ગણવા પરવાનગી અપાયેલ હોય તો) ગ્રેજ્યુઈટી આકારવામાં આવેલ કે કેમ અને સંરક્ષણ સેવા અંદાજપત્ર ખાતે વસૂલાતપાત્ર હતી કે કેમ ?

૮. જો વ્યક્તિને નીચેનું અશક્તતા પેન્શન મળતું હોય તો -

(ક) પેન્શનપાત્ર નોકરી માટે તેને સામાન્ય સેવા પેન્શન પ્રાપ્ત થયેલ હતી ?

**અથવા**

(ખ) તેની અશક્તતા પેન્શનના અંશની સેવા માટે આપવામાં આવેલ પેન્શનના બદલામાં તેને કેવળ સેવા ગ્રેજ્યુઈટી મંજૂર કરેલી કે કેમ ? જો મળેલ હોય, તો સેવા ગ્રેજ્યુઈટીની રકમ કેટલી હતી તે.

૯. તેને કરવામાં આવેલ સમસ્ત ચૂકવણી ભારતીય મહેસૂલમાંથી કરવામાં આવેલી હતી કે કેમ ?

૧૦. ભારત બહારની તેની નોકરીના સમયગાળા માટે પેન્શનના ફાળાની વસૂલાત કરવામાં આવેલ કે કેમ અને તે ભારતીય મહેસૂલ ખાતે જમા કરવામાં આવેલ છે કે કેમ ? ..... થી ..... સુધી

૧૧. બિનપેન્શનપાત્ર સેવા, જો હોય તો ..... થી ..... સુધી

૧૨. સંતોષકારક લશ્કરી સેવા અંગેની ચૂકવણીનો સમયગાળો ..... થી ..... સુધી

૧૩. લશ્કરી સેવા ઉચ્ચતર હતી કે નિમ્નતર હતી કે કેમ

૧૪. યુદ્ધ સેવાનો સમયગાળો ..... થી ..... સુધી

૧૫. આગળની બાબતમાં દર્શાવેલ યુદ્ધ સેવાના સમયગાળા માટે તેમને ચૂકવવામાં આવેલ સેવા ગ્રેજ્યુઈટીની રકમ.

૧૬. યુદ્ધ સેવાના સમયગાળા માટે તેમને ચૂકવાયેલ યુદ્ધ ગ્રેજ્યુઈટીની રકમ.

૧૭. લશ્કરી સેવા દરમ્યાન (પરચૂરણ રજા સિવાય) ભોગવેલ રજાનો સમયગાળો અને તેનો પ્રકાર.

**સંબંધિત દફતર અધિકારીની સહી**

**સ્થળ :**

**તારીખ :**

**પ્રતિસહી**

**સ્થળ :**

**તારીખ :**

**સંરક્ષણ હિસાબોના નિયંત્રક / પગાર અને હિસાબી અધિકારી (ઓ.આર.)**

***નમૂનો - ૨***

***[જૂઓ નિયમ-૪૨ નો પેટા-નિયમ (૧)]***

***પેન્શનપાત્ર સેવાની ચકાસણીના પ્રમાણપત્રનો નમૂનો***

નંબર : .....

ગુજરાત સરકાર

ખાતુ / કચેરી .....

તારીખ .....

## આવેદન

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડના નિયામક સાથે પરામર્શ બાદ પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી / શ્રીમતિ / કુમારી ..... હોદ્દો ..... એ ..... તારીખે નીચે આપેલી વિગતો મુજબ ..... વર્ષ ..... માસ અને ..... દિવસની પેન્શનપાત્ર નોકરી પૂરી કરેલ છે. સેવાની ચકાસણી તેની સેવાના દસ્તાવેજોના આધારે તથા પેન્શનપાત્ર સેવાના પ્રવર્તમાન નિયમો મુજબ કરવામાં આવેલ છે. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૪૨ ના પેટા-નિયમ (૧) અને (૨) હેઠળ કરાયેલ ચકાસણી આખરી ગણાશે અને જે નિયમો અને હુકમોની શરતો હેઠળ પેન્શનપાત્ર સેવાની ચકાસણી કરી હોય તેમાં પાછળથી ફેરફાર કરવામાં આવેલ હોવાના કારણે આવશ્યક હોય તે સિવાય, તેને પુનઃ ઉખેળવામાં આવશે નહિ.

**પેન્શનપાત્ર સેવાની વિગતો**

| | **થી** | **સુધી** |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |

પ્રતિ,

શ્રી .....

નામ અને હોદ્દો

**કચેરી / ખાતાના વડાની સહી**

## *નમૂનો - ૩*

## *[જૂઓ નિયમ-૪૯ ના પેટા-નિયમ (૬) નો પરંતુક]*

## *સ્વૈચ્છિક નિવૃત્તિ સંબંધે પ્રમાણપત્ર*

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી / શ્રીમતિ / કુમારી ..... (નામ અને હોદ્દો) કે જેમને ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૪૯ હેઠળ નિવૃત્ત થવા પરવાનગી આપવામાં આવેલ છે તેમણે -

(ક) સંવર્ગની જગા(ઓ) કાર્યકારી ધોરણે ધરાવવાનું ચાલુ રાખેલ હતું.

(ખ) પાત્રતા સેવાના કલ્પિત સમયગાળામાં આવી જતાં સ્થગિત ઈજાફા સહિતના, ઈજાફાઓ આકારવાનું ચાલુ રાખેલ હોત.

**નિમણૂક આપનાર અધિકારી**

## *નમૂનો - ૪*

## *[જૂઓ નિયમ-૫૧ (૬)]*

## *જાહેર ક્ષેત્રના અન્ડરટેકિંગમાં કાયમી સમાવેશ કરવાના હુકમનો મુસદ્દો*

ક્રમાંક : .....

ગુજરાત સરકાર

ખાતુ .....

તારીખ .....

પ્રતિ,

(જે સંસ્થામાં સમાવેશ કરવામાં આવેલ હોય તેનું નામ)

વિષય : શ્રી / શ્રીમતિ/ કુમારી ..... (નામ અને હોદ્દો) ના ..... (સંસ્થાનું નામ) માં કાયમી સમાવેશ.

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષયના તા..... ના આપના પત્ર ક્રમાંક : ..... હવાલો ટાંકી મને શ્રી / શ્રીમતિ / કુમારી ..... (નામ અને હોદ્દો) ના ..... (સંસ્થાનું નામ) માં પોતાની સ્વેચ્છાએ / જાહેર હિતમાં (જે લાગુ ન પડતું હોય તે છેકી નાંખવું), ..... તારીખથી અને નીચે દર્શાવેલ મુખ્ય બોલીઓ અને શરતોએ અમલમાં આવે તેમ કાયમી સમાવેશ કરવાની સરકારની મંજૂરી આપને વિદિત કરવા મને સૂચના મળેલ છે :-

**(૧) અમલની તારીખ :**

કાયમી સમાવેશ તા..... (બપોર પહેલાં / બપોર પછી) અમલી બનશે.

**(૨) પેન્શન / ગ્રેજ્યુઈટી :**

તેના / તેણીના ..... (સંસ્થાનું નામ) માં કાયમી સમાવેશથી શ્રી / શ્રીમતિ / કુમારી ..... એ ગુજરાત સરકાર હેઠળ કરેલી સેવાથી તેના / તેણીના ..... (સંસ્થાનું નામ) માં સમાવેશ કરાયાની તારીખ સુધીની પાત્રતા સેવાની લંબાઈના આધારે, ઉપર જણાવેલ તારીખે અમલમાં આવે તેમ રાજ્ય સરકારના કર્મચારીઓને ઉપરોક્ત તારીખે લાગુ પડતા પ્રવર્તમાન નિયમો હેઠળ ફાળે આવતા પેન્શન અને મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી માટે તે / તેણી હકદાર ગણાશે.

**(૩) ભાગે આવતા નિવૃત્તિના લાભોની ગણતરી :**

ભાગે આવતા મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને પેન્શનની ગણતરી તેના / તેણીના સમાવેશની તારીખ સુધી વખતોવખત સુધારવામાં આવેલ ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૪૩ માં કર્યા પ્રમાણેના વ્યાખ્યાત પેન્શનપાત્ર પગારના આધારે કરવામાં આવશે.

**(૪) ભાગે આવતી નિવૃત્તિ લાભોની ચૂકવણીની તારીખ :**

ભાગે આવતા પેન્શન અને મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની ગણતરી કરી નિશ્ચિત કરેલ રકમની જાણકારી શ્રી / શ્રીમતિ / કુમારી ..... ને તેમજ ..... (સંસ્થા) ને આપી ..... (સંસ્થાનું નામ) માં કાયમી સમાવેશ કર્યાની તારીખથી કર્મચારીને ચૂકવી દેવામાં આવશે.

**(૫) રોકડ રૂપાંતરણ :**

જો શ્રી / શ્રીમતિ / કુમારી ..... ની ઈચ્છા હોય તો તેના / તેણીના પેન્શનના

હિસ્સાના રોકડ રૂપાંતરનું તેના / તેણીના ..... (સંસ્થાનું નામ) માં કાયમી સમાવિષ્ટ થયાની તારીખે રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો હેઠળ, નિયમન કરવામાં આવશે.

**(૬) કુલ ગ્રેજ્યુઈટીની મર્યાદા :**

જો શ્રી / શ્રીમતિ / કુમારી ..... એ સરકાર હેઠળ નોકરી ચાલુ રાખી અને નિવૃત્તિ વેળાએ ..... (સંસ્થા) માંથી નિવૃત્ત થાય તે તારીખ સુધી તેમણે / તેણીએ આકારેલ સમાન પગાર મળવાપાત્ર થાય તે રકમ કરતાં ગુજરાત સરકાર હેઠળ તેમજ ..... સંસ્થામાં કરેલ નોકરીની એકત્રિત કુલ મળવાપાત્ર રકમ વધુ થવી જોઈશે નહિ.

**(૭) ફકત એક જ સ્રોત દ્વારા મળવાપાત્ર કુટુંબ પેન્શન :**

(૧) જો ..... (સંસ્થા) માં કુટુંબ પેન્શનની યોજના ન હોય અથવા ..... સંસ્થામાં કુટુંબ પેન્શનમાં જોડાવા માટે તે અધિકારપાત્ર ન બને તો, તેમાં કાયમી સમાવિષ્ટ કરાયેલ શ્રી / શ્રીમતિ / કુમારી ..... નું કુટુંબ રાજ્ય સરકારના નિયમો હેઠળ મળવાપાત્ર કુટુંબ પેન્શનનું હકદાર થશે.

(૨) જો સ્વાયત્ત સંસ્થામાં કુટુંબ પેન્શનની ચૂકવણીની યોજના હશે તો, કાં તો રાજ્ય સરકાર દ્વારા અથવા તે સંસ્થા દ્વારા, એ બેમાંથી કેવળ એક જ સ્રોત દ્વારા કુટુંબ પેન્શન મળવાપાત્ર બનશે.

**(૮) સમાવિષ્ટ થયા બાદ ઉદાર બનાવાયેલ પેન્શન / ગ્રેજ્યુઈટીના નિયમોની અસર :**

..... (સંસ્થા) માં કાયમી સમાવેશ બાદ શ્રી / શ્રીમતિ / કુમારી ..... ને સરકારી કર્મચારીઓ માટે ગુજરાત સરકારે વધુ ઉદારતાથી નિશ્ચિત કરેલ પેન્શન / ગ્રેજ્યુઈટી નિયમોનો લાભ આપવામાં આવશે નહિ.

**(૯) સમાવેશ બાદ પગારની બાંધણી :**

વખતોવખત સુધારવામાં આવેલ આ નિયમોના નિયમ-૫૧ ના ભાગે પડતા નિવૃત્તિના લાભોની આકારણી માટે હકદાર બને તે તારીખથી શ્રી / શ્રીમતિ / કુમારી ..... ના પગારની બાંધણી પુનર્નિયુક્ત પેન્શનર તરીકે કરવામાં આવશે.

**(૧૦) રાજીનામાની અસર :**

જો શ્રી / શ્રીમતિ / કુમારી ....., ..... (સંસ્થા) માંથી રાજીનામું આપે, તો આ હુકમોના હેતુસર (તેનું / તેણીનું) રાજીનામું, સરકારની અગાઉની સેવાનો વારસા હક્કનો ક્રમ જપ્ત થતાં, સરકારી નોકરીમાંથી આપેલ ગણાશે અને તેથી તેની અગાઉની સરકાર હેઠળની નોકરી તેમજ આ હુકમો હેઠળના પેન્શન સહિત ગ્રેજ્યુઈટીના લાભો ગુમાવશે. સમાવિષ્ટ કરાયેલ સરકારી કર્મચારી પાસેથી આ મતલબની બાંયધરી બે નકલમાં મેળવવાની રહેશે (વહીવટી ખાતામાં) અને તેનો / તેણીનો કાયમ સમાવિષ્ટ કરવામાં આવેલ હોય તે સંસ્થામાં (લાગુ ન પડતું છેકી નાંખવું) રાખવામાં આવશે.

**(૧૧) રજા :**

શ્રી / શ્રીમતિ / કુમારી ..... ના ..... (સંસ્થા) માં તેના / તેણીના કાયમી સમાવેશથી તેના / તેણી ખાતે જમા નીકળતી સરેરાશ પગારની / પ્રાપ્ત રજાની સિલક આગળ ખેંચવા અંગેનું નિયમન નિયમ-૫૧ ના પેટા-નિયમ (૨) ના ખંડ (ઘ) ના જોગવાઈઓ અનુસાર કરવામાં આવશે. તદ્નુસાર આવો લાભ તેને ત્યારે મળે, જ્યારે તેનો કાયમી સમાવેશ જાહેર હિતમાં કરવામાં આવ્યો હોય. (લાગુ ન પડતું છેકી નાંખવું) આ કિસ્સામાં સમાવેશ જાહેર હિતમાં કરવામાં આવેલ હોઈ, તેના / તેણીના કાયમી સમાવેશની તારીખે અર્જિત કરેલ પ્રાપ્ત રજાની જાણ અલગ રીતે કરવી જોઈશે. આ કિસ્સામાં સમાવેશ જાહેર હિતમાં કરવામાં આવેલ ન હોઈ રજા આગળ ખેંચવાના લાભ માટે શ્રી / શ્રીમતિ / કુમારી ..... હકદાર રહેશે નહિ. (લાગુ ન પડતું છેકી નાંખવું)

**(૧૨) કાયમી સમાવેશ બાદના લાભો :**

શ્રી / શ્રીમતિ / કુમારી ..... એ ..... (સંસ્થા) માં કાયમી સમાવેશની તારીખથી કરેલી સેવાની મુદત માટે, સદરહુ સંસ્થાના કર્મચારીઓને તત્સમાન મળવાપાત્ર તમામ લાભોનો હકદાર બનશે અને તમામ બાબતોમાં તે સંસ્થાના નિયમોથી અનુશાસિત થયા કરશે.

**(૧૩) ભવિષ્યનિધિ :**

શ્રી / શ્રીમતિ / કુમારી ..... ની સંમતિથી તેના સામાન્ય ભવિષ્યનિધિના ફાળા ખાતે હિસાબમાં થયેલ જમા રકમ વ્યાજ સહિત તેના / તેણીના ..... (સંસ્થા) હેઠળના નવા ભવિષ્યનિધિના હિસાબમાં ફેરબદલ કરી આપવામાં આવશે. એક વખત સિલકની આમ ફેરબદલ થયા બાદ શ્રી / શ્રીમતિ / કુમારી ..... ગુજરાત સરકારના ભવિષ્યનિધિના નિયમોને નહિ, પરંતુ ..... (સંસ્થા) ના ભવિષ્યનિધિના નિયમો અધીન રહેશે.

**(૧૪) અર્થઘટન :**

આ હુકમમાં નિયત કરાયેલ શરતો તથા બોલીઓના અર્થઘટન અંગે શંકા અથવા મતભેદ ઉભો થાય તેવા કિસ્સામાં, સંબંધિત વહીવટી વિભાગ મારફતે નાણા વિભાગ સાથે પરામર્શ કરવામાં આવશે અને તે વિભાગનો નિર્ણય આખરી ગણાશે.

**આપનો વિશ્વાસુ,**

**મંજૂરી આપનાર સંબંધિત ખાતાના સક્ષમ સત્તાધિકારી**

**નકલ રવાના જરૂરી કાર્યવાહી સારૂ :**

૧. પેન્શન અને પ્રોવિડન્ટ ફંડના નિયામક, અમદાવાદ.
૨. પગાર અને હિસાબી અધિકારીઓ
૩. જિલ્લા તિજોરી અધિકારી
૪. સંબંધિત કર્મચારી
૫. સિલેક્ટ ફાઈલ
૬. (અન્ય કોઈ વધારાનો શેરો અહિં કરી શકાશે)

**મંજૂરી આપનાર સંબંધિત ખાતાના સક્ષમ સત્તાધિકારી**

## *નમૂનો - ૫*

## *[જૂઓ નિયમો - ૫૨, ૫૫, ૫૬ (૧) અને ૬૦]*

## *વધુ સેવા માટે અયોગ્યતા બાબતના તબીબી પ્રમાણપત્રનો નમૂનો*

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ..... ખાતાના ..... શ્રી / શ્રીમતિ / કુમારી ..... ને મેં / અમોએ કાળજીપૂર્વક તપાસેલ છે. તેની / તેણીની ઉંમર તેમના / તેણીના પોતાના નિવેદન ઉપરથી ..... વર્ષની અને દેખાવ ઉપરથી ..... વર્ષની છે. હું / અમો શ્રી / શ્રીમતિ / કુમારી ..... ને * ..... ના કારણસર કોઈપણ પ્રકારની ....., ..... આગળની વધારાની નોકરી માટે સંપૂર્ણપણે અને કાયમી ધોરણે અશક્ત ઠરાવું છું / છીએ.

**તબીબી સત્તાધિકારી**

* **અહિં બિમારી અથવા કારણ દર્શાવવું.**

***નમૂનો - ૬***

*[જૂઓ નિયમ-૫૬ (૨) અને ૬૦]*

***વધુ સેવા માટે અંશતઃ અયોગ્યતા બાબતના તબીબી પ્રમાણપત્રનો નમૂનો***

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ..... ખાતાના ..... શ્રી / શ્રીમતિ / કુમારી ..... ને મેં / અમોએ કાળજીપૂર્વક તપાસેલ છે. તેની / તેણીની ઉંમર તેમના / તેણીના પોતાના નિવેદન ઉપરથી ..... વર્ષની અને દેખાવ ઉપરથી ..... વર્ષની છે.

મારો / અમારો અભિપ્રાય એવો છે કે શ્રી / શ્રીમતિ / કુમારી ..... ..... માસના આરામ બાદ તેની / તેણીની હાલની બજાવવાની નોકરી કરતાં ઓછા પરિશ્રમની નોકરી માટે યોગ્ય છે.

**તબીબી સત્તાધિકારી**

## *નમૂનો - ૭*

## *[જૂઓ નિયમ-૬૯ (૨)]*

## *ઘા અથવા ઈજા પેન્શન માટે અરજીનો નમૂનો*

૧. અરજદારનું નામ અને કચેરીનું પૂરેપૂરૂં સરનામું

૨. પિતાનું નામ

૩. રહેઠાણનું પૂરેપૂરૂં સરનામું (ગામ, પોસ્ટ ઓફિસ, જિલ્લો અને રાજ્ય દર્શાવવાં)

૪. હાલનું અથવા છેલ્લી નોકરીની પૂરી વિગતો સહિત મહેકમનું સરનામું.

૫. નોકરીમાં દાખલ થયા તારીખ

૬. નોકરીની પૂરી વિગતો અને નોકરીની લંબાઈ, તૂટ સહિતની (પાત્રતા અને અપાત્ર નોકરી બંને)

૭. (તબીબી સત્તાધિકારીઓએ પ્રમાણિત કર્યા પ્રમાણેની) ઘા / બિમારીથી થયેલ અશક્તતાની ટકાવારી અને કયા સંજોગોમાં આવી અશક્તતા પરિણમેલ તે.

૮. (તબીબી સત્તાધિકારીઓએ પ્રમાણિત કર્યા મુજબની) ઈજા પહોંચ્યાના સમયે અથવા બિમારી લાગુ પડ્યાના સમયે પગાર.

૯. પેન્શનના દાવાની રકમ

૧૦. (તબીબી અધિકારીઓએ પ્રમાણિત કર્યા પ્રમાણેની) ઈજા / બિમારીની તારીખ

૧૧. ચૂકવણીની જગા

૧૨. જો હોય તો અન્ય સુસંગત માહિતી.

૧૩. અંગ્રેજી સન પ્રમાણે અરજદારની જન્મ તારીખ

૧૪. ઊંચાઈ

૧૫. ઓળખ ચિહ્નો

૧૬. અંગૂઠા અને આંગળીઓના નિશાન

અંગૂઠો ..... તર્જની ..... મધ્યમા .....

અનામિકા ..... ટચલી (કનિષ્ઠીકા) .....

**સ્થળ :** **તારીખ :**

**અરજદારે પેન્શન માટે**
**અરજી કર્યાની તારીખ**

**અરજદારની સહી**

**કચેરીના વડાની સહી**

*નમૂનો - ૮*

*[જૂઓ નિયમ-૭૦]*

***ઘા અથવા ઈજા પેન્શન સંબંધે તબીબી મંડળના પ્રમાણપત્રો નમૂનો***

**(કાર્યકાળ દરમ્યાન કે તે સિવાય થયેલ ઘા અથવા ઈજાના દરેક કિસ્સામાં ઉપયોગમાં લેવાનો નમૂનો)**

(આ અહેવાલ તૈયાર કરવા માટે નમૂનાના અંતેની સૂચનાઓ જૂઓ)

શ્રી ..... ને ..... સ્થળે (ઈજા થવાનું સ્થળ) તા..... (ઈજા વગેરેની) ના રોજ થયેલ ઘા અથવા ઈજાની વર્તમાન સ્થિતિની તપાસ કરી અહેવાલ મોકલવાના હેતુ માટે ..... ના આદેશ મુજબ રચવામાં આવેલ તબીબી મંડળની કાર્યવાહી.

(ક) જે સંજોગોમાં ઘા અથવા ઈજા થઈ હોય તે સંક્ષિપ્તમાં જણાવવા.

.....

.....

.....

.....

(ખ) સરકારી કર્મચારીની વર્તમાન સ્થિતિ કેવી છે ?

(ગ) સરકારી કર્મચારીની હાલની સ્થિતિ પૂર્ણતઃ ઘા અથવા ઈજાને કારણે છે ? જો તેમ ન હોય તો, તે જે અન્ય કારણોને આભારી છે, તે કારણો દર્શાવો.

નીચે દર્શાવેલ પ્રશ્નો અંગે તબીબી મંડળનો અભિપ્રાય નીચે મુજબ છે :-

| | *પ્રથમ ઘા અથવા ઈજા સંબંધે* | *ઉત્તર બીજા ઘા અથવા ઈજાના સંબંધમાં (જો તેમ હોય તો)* | *ત્રીજા ઘા અથવા ઈજાના સંબંધમાં (જો તેમ હોય તો)* |
|---|---|---|---|
| **ક. કાર્યકાળ દરમ્યાન થયેલ :** | | | |
| ૧. સરકારી કર્મચારીએ આંખ કે કોઈ અવયવ ગુમાવેલ છે, કે તેની આંખ કે અવયવનો કાયમી ઉપયોગ નષ્ટ થયેલ છે, કે તેના અવયવનું થયેલ નુકસાન કાયમી અથવા કાયમી થવા સંભવ છે? | | | |
| ૨. જો કિસ્સો કક્ષા-૧ માં ન આવતો હોય તો - | | | |
| (ક) થયેલ ઈજા પ્રથમ તબક્કે જ ઘણા ગંભીર પ્રકારની હતી? | | | |
| (ખ) તેની અસરો હાલમાં પણ ગંભીર છે ? | | | |
| ૩. જો કિસ્સો કક્ષા-૨ માં વર્ગીકૃત થતો હોય, તો ઈજાની અસરો કાયમી છે કે કાયમી થવાનો સંભવ છે ? | | | |

૪. ઉપરોક્ત કક્ષાઓ હેઠળ નહિ આવતી ઈજાઓનું નીચેની બોલીઓના ઉપયોગ દ્વારા કરવું :-

ગંભીર અથવા ઉપલક અને કાયમી અથવા યથાપ્રસંગ, કાયમી ન હોય તેવી.

**ખ. કાર્યકાળ દરમ્યાન નહિ થયેલ.**

૧. (ક) સરકારી કર્મચારીએ આંખ કે અવયવ ગુમાવેલ છે કે તેનો ઉપયોગ નષ્ટ થયેલ છે કે (ખ) ઈજા - અવયવ ગુમાવ્યા સમાન છે કે (ગ) તે કાયમી કે કાયમી થવાનો સંભવ છે ?

૨. જો ઈજા કક્ષા ૧ (ક) માં ન આવતી હોય તો (ક) તેની વર્તમાન અસરની દૃષ્ટિએ ઘણા જ ગંભીર પ્રકારની છે અને (ખ) તે કાયમી છે કે કાયમી થવાનો સંભવ છે ?

૩. ઈજા કક્ષા (૧) કે (૨) માં ન આવતી હોય, તો તે ગંભીર અને કાયમી પ્રકારની છે ?

૪. ઈજા (૧), (૨) અથવા (૩) કક્ષામાં આવતી ન હોય, તો નીચેની પરિભાષા પૈકી એકના ઉપયોગ હેઠળ તેનું વર્ગીકરણ કરવું :- ગંભીર પણ કાયમી ન હોય તેવી અથવા, યથાપ્રસંગ, ઉપલક અને કાયમી અગર કાયમી ન હોય તેવી.

સહીઓ .....

.....

સ્થળ : .....

તારીખ : .....

નોંધ : અહિં જરૂર જણાયે, ઉપરોક્ત વર્ગીકરણ, વિસ્તારપૂર્વક દર્શાવી શકાશે અથવા મૂળ ઈજા ઉપરાંતની વધારાની ઈજાઓની વિગતો દર્શાવી શકાશે.

## અહેવાલ તૈયાર કરનાર તબીબી મંડળે લક્ષમાં લેવાની સૂચનાઓ

૧. કાર્યકાળ દરમ્યાન થયેલ ઘા અથવા ઈજાનું વર્ગીકરણ ''એ'' હેઠળ અને કાર્યકાળ સિવાય અન્ય સમયે થયેલ ઘા અથવા ઈજાઓનો ''બી'' હેઠળ મંડળ દ્વારા તજવીજ કરવામાં આવશે.

૨. જો ઈજાઓ એક થી વધુ હોય, તો તેનો ક્રમાંક આપી અલગ અલગ વર્ણન કરવું અને સ્વયં કેવળ ''ગંભીર'' અથવા ''ઉપલક'' હોવા છતાં સાથોસાથ એકાદ ઈજા ''ઘણી જ પ્રબળ'' અથવા ''ઘણી જ ગંભીર'' સમાન પ્રતીત થતી હોય, તો તે હેતુ માટેના ખાનામાં, તેવો અભિપ્રાય વ્યક્ત કરી શકાશે.

૩. મંડળ સરકારી કર્મચારી વળતરનો હકદાર છે કે કેમ અથવા વળતરની રકમ બાબતે, ન તો તેણે તપાસેલ સરકારી કર્મચારીને કે તેમના અહેવાલમાં કોઈ અભિપ્રાય દર્શાવશે, ન તો ઘા અથવા ઈજાનું વર્ગીકરણ કઈ રીતે કરેલું છે તે અંગેની સરકારી કર્મચારીને માહિતી આપશે.

૪. અગાઉ અન્ય મંડળોએ જો કાર્યવાહી કરેલી હોય તો, તેમના અભિપ્રાય અંગે તે કાર્યવાહીએ તેમજ સરકારી કર્મચારીની તેવી તપાસ દરમ્યાન તેમની સમક્ષ અગાઉ રજૂ કરાયેલ સંબંધિત તમામ દસ્તાવેજો અચૂકપણે લક્ષમાં લેવા.

૫. ઠરાવેલા નમૂનામાં પ્રશ્નોના ઉત્તર આપતી વખતે, તબીબી મંડળ તે કિસ્સાના કેવળ તબીબી પાસાંઓથી જ સીમિત રહશે અને સરકારી કર્મચારીના બિનઆધારિત નિવેદનો અને ઉપલબ્ધ દસ્તાવેજી પુરાવાઓ વચ્ચેના ભેદનો કાળજીથી વિવેકપૂર્વક વિચાર કરશે.

## *નમૂનો - ૯*

## *[જૂઓ નિયમ-૮૩ (૪)]*

### *મૃતક સરકારી કર્મચારીના કાયદેસરના સગીર વારસ(સો) ના વાલી તરીકે તેમના વતી મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની રકમનો દાવો કરનાર વ્યક્તિએ રજૂ કરવાના નુકસાન ભરપાઈ ખતનો નમૂનો*

આ ખતથી સર્વને જાણ થાય કે હું ..... (કાયદેસરના સગીર વારસોના વાલી તરીકેના દાવેદારનું નામ) ..... નો રહેવાસી તથા દાવેદાર વતી હું / અમો ..... જામીનદાર(રો) ગુજરાતના રાજ્યપાલશ્રીને ચૂકવવા રૂ..... (અંકે રૂપીયા ..... ફક્ત) ની જવાબદારી લઉં છું / લઈએ છીએ અને એ અંગે ગુજરાતના રાજ્યપાલશ્રી અથવા તેમના ઉત્તરાધિકારીઓને અથવા મુખત્યારો સાથે દૃઢતાપૂર્વક બંધાઉ છું / બંધાઈ છીએ, જે ચૂકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે અંગે અમારામાંના દરેક વ્યક્તિગત તેમજ સંયુક્ત રીતે આથી અમો પોતે અમારા વારસો, એક્ઝીક્યુટરો, વહીવટકર્તા અને મુખત્યારો આ ખતથી દૃઢતાપૂર્વક બંધાઈએ છીએ.

સને ૨૦૦ ..... ના ..... માસે ..... તારીખે સહી કરી આપી.

તેથી શ્રી ..... તેમના અવસાન સમયે ..... ની નોકરીમાં હતા / અને ગુજરાત સરકાર (હવે પછી તેનો ઉલ્લેખ ''સરકાર'' તરીકે કરવામાં આવેલ છે) તરફથી પેન્શન મેળવતા હતા.

અને સદરહુ ....., સને ૨૦૦ ..... ના ..... માસે ..... તારીખે અવસાન પામેલા છે, તેથી મૃતકે સરકારની કરેલી નોકરી અંગે મૃતકના વારસદારોને મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની ચૂકવવાપાત્ર રકમ તરીકે રૂ..... (રૂપીયા ..... ફક્ત) થયેલ છે.

અને તેના અવસાન સમયે મૃતક તેમની પાછળ કાયદેસરના એક / કેટલાક વારસ તરીકે સગીર / સગીરોને (જેનો આમા હવે પછી ''સદરહુ કાયદેસર સગીર વારસ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મૂકતા ગયા છે.

અને શ્રી ..... (જેનો આમાં હવે પછી તેને ''દાવેદાર'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) મૃતકના સદરહુ કાયદેસર સગીર વારસના વાલી હોવાથી સદર કુલ રકમ રૂ..... પૈકી રૂ..... નો દાવો કરવા તેવા વાલી તરીકે હકદાર છું, પરંતુ મૃતકના સદરહુ કાયદેસરના સગીર વારસદારની મિલકત અને માલમતા અંગેનું વારસાઈ પ્રમાણપત્ર મેળવેલું નથી.

અને ..... (સંબંધિત અધિકારી) ને સંતોષ થયેલ છે કે દાવેદાર ઉપરોક્ત રકમના હકદાર છે અને મૃતકના સદરહુ કાયદેસરના સગીર વારસદારની મિલકત અને માલમતા અંગેનું વારસાઈ પ્રમાણપત્ર રજૂ કરવામાં દાવેદારને બિનજરૂરી વિલંબ અને મુશ્કેલીઓ ઉપસ્થિત થશે.

અને સરકાર દાવેદારને મૃતકના કાયદેસરના સગીર વારસ વતી સદર રકમની ચૂકવણી કરવા ઈચ્છે છે, પરંતુ સરકારના નિયમો અને હુકમો હેઠળ આવશ્યક છે કે દાવેદારે તેને આવી રકમની ચૂકવણી કરતાં પહેલાં, મૃતકના ઉક્ત કાયદેસરના સગીર વારસોને મળવાપાત્ર રકમની જવાબદારી સામે તેમણે પ્રથમ પોતાનું ખત એક / બે જામીનદારો પાસેથી નુકસાન ભરપાઈ ખત સાથે કરી આપવું જોઈશે.

હવે આ ખતની શરત એવી છે કે, દાવેદારને રકમની ચૂકવણી કરવામાં આવે તે બાદ અન્ય કોઈ વ્યક્તિ સદર રૂ..... ની રકમ માટે સરકાર સામે દાવો કરે તેવા પ્રસંગે સદરહુ રકમ રૂ..... ની રકમ વસૂલ આપવા દાવેદાર અથવા જામીનદાર(રો) એકત્રિત તથા અલગ અલગ વ્યક્તિગત રીતે સરકારમાં પરત જમા કરાવી દઈશું અને ઉક્ત રકમ તેના પર થતી વ્યાજ સહિત તેમજ કોઈ દાવાના પરિણામે કરવામાં આવેલ ખર્ચા તથા લાગતની નુકસાન ભરપાઈ કરી આપવાના સંબંધમાં તમામ જવાબદારીમાંથી સરકારને બચાવીશું અને તેમ થયા બાદ ઉપરોક્ત લેખિત ખત અથવા જવાબદારીઓ રદ થશે, અન્યથા આ ખત સંપૂર્ણતઃ અને વસ્તુતઃ અમલકર્તા રહેશે.

ઉપરોક્ત લેખિત ખત અને તે અંગેની શરતોના સાક્ષીઓ તરીકે હું / અમો ..... અને ..... (જામીનદાર(રો) ના નામ) એ આજે સને ..... ના ..... માસની ..... તારીખે આ નીચે સહીઓ કરી આપી છે.

ઉપરોક્ત નામધારી દાવેદાર શ્રી ..... એ નીચેનાઓની રૂબરૂમાં સહી કરી સુપરત કર્યું -

૧. .....

૨. .....

ઉપરોક્ત નામધારી સાક્ષીઓએ નીચેના સમક્ષ સહી કરી સુપરત કર્યું -

૧. .....

૨. .....

**નોંધ :** આ નુકસાન ભરપાઈ ખત ઉપર મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ સ્ટેમ્પ ડ્યુટી ભરવાપાત્ર છે.

*નમૂનો - ૧૦*

*રદ કરેલ છે*

*નમૂનો - ૧૧*

*રદ કરેલ છે*

## *નમૂનો - ૧૨*

## *[જૂઓ નિયમ-૯૨]*

## *સગીર વતી કુટુંબ પેન્શનની રકમનો દાવો કરનાર વ્યક્તિએ કરી આપવાના થતા નુકસાન ભરપાઈ ખતનો નમૂનો*

આ ખત સને ૨૦૦ ..... ના ..... માસની ..... તારીખે ગુજરાતના રાજ્યપાલશ્રી તથા ..... વાલીપણાના કાયદા હેઠળ નિયંત્રિત થતા અઢાર વર્ષની નીચેના સગીર ..... (સગીરનું નામ) તે શ્રી ..... ના દિકરા / દિકરીના વાસ્તવિક વાલી, જેમનો ઉલ્લેખ હવે પછી ''બંધનધારી'' તરીકે કરવામાં આવેલ છે, (જે શબ્દપ્રયોગનો અર્થ કે સંદર્ભથી વિસંગત થવાથી બાકાત થયેલ ન હોય તો) તેમાં એક પક્ષે તેના / તેણીના વારસ / વારસોનો, એક્ઝીક્યુટરો અને વહીવટકર્તાઓનો સમાવેશ થયાનું ગણાશે અને બીજા પક્ષે ગુજરાતના રાજ્યપાલશ્રી, જેનો ઉલ્લેખ હવે પછી ''સરકાર'' તરીકે કરવામાં આવેલ છે, (જે શબ્દપ્રયોગનો અર્થ કે સંદર્ભથી વિસંગત થવાથી બાકાત થયેલ ન હોય તો) તેમાં તેના ઉત્તરાધિકારીઓ અને મુખત્યારોનો સમાવેશ કરવામાં આવશે.

જેથી ..... (મૃતકનું નામ) તેના / તેણીના અવસાન સમયે ..... ગુજરાત સરકારના ..... ખાતામાં ..... તરીકે (મૃતકના અવસાન સમયે ધરાવેલ હોદ્દો દર્શાવવો) નોકરી કરતા હતા.

અને જેથી સદરહુ શ્રી ..... (મૃતકનું નામ) (હવે પછી ''મૃતક'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) વસીયત કરી / વસીયત કર્યા વિના અને ૨૦૦..... ના, ..... માસની ..... તારીખે તેમની / તેણીની પાછળ ..... અને ઉક્ત *** ..... અઢાર વર્ષથી ઓછી ઉંમરના સગીર + (જેનો હવે પછી ''સગીર'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ..... ++ ના કાયદા હેઠળ તેનું / તેણીનું નિયમન થતું હતું તેમના / તેણીના કેવળ વારસદારો છે.

અને જેથી બંધનકર્તા મૃતકના ..... અને વારસદારોના ..... @ વાલીપણાના કાયદા હેઠળ નિયંત્રિત થતા સગીરના વાસ્તવિક વાલી તરીકે સ્વેચ્છાએ +++ મિલકત અને માલમતાના તથા વ્યક્તિના હવાલા હેઠળ પોતાને મૂકેલા હોઈ.

અને જેથી મૃતકના સગીર દિકરા / દિકરીને સગીર તરીકે સંબંધિત નિયમો હેઠળ માસિક રૂ..... ના કુટુંબ પેન્શનની સને ૨૦૦..... ના ..... માસની ..... @@@ તારીખે શરૂ થતા સમયગાળાથી અને ૨૦૦..... ના ..... માસની ..... @@ તારીખ સુધી (અથવા પુનર્લગ્નની તારીખે ..... એ બંનેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી) મળવાપાત્ર બનશે.

અને જેથી ઉપરોક્ત સગીર વતી, સગીરને મળવાપાત્ર લેણાં થતાં કુટુંબ પેન્શનની પોતાને ચૂકવણી કરવા માટે, વાસ્તવિક વાલી તરીકે સરકારને વિનંતી કરતાં, બંધીધારક પાસેથી સરકારની તરફેણમાં હવે પછી દર્શાવેલી રીતે નુકસાન ભરપાઈ ખત લખાવી સરકાર તેમ કરવા સંમત થયેલ હોઈ.

હવે આ કરારનામાની સાક્ષીએ ઉક્ત સમજૂતી, મૃતકના સગીર દિકરા / દિકરી તરીકે મળવાપાત્ર કુટુંબ પેન્શનની રકમ સગીરના વાસ્તવિક વાલી તરીકે બંધીધારકની વિનંતીથી બંધીધારકને ચૂકવવા સરકારે વિચારણામાં લીધેલ હોઈ અને બંધીધારક સરકાર સાથે વચન બધ્ધતાથી દૃઢતાપૂર્વક એ પ્રમાણે બંધાયેલ હોઈ કે બંધનકર્તા આજ પછી ગમે ત્યારે સારી અને પૂરતી રીતે સરકારને નુકસાન ભરપાઈની ખાતરી આપશે અને આવી સરકાર સાથેની તે ખાતરી ટકાવી રાખી સરકારને નુકસાનમાંથી બચાવશે અને મૃતકના સગીર દિકરા / દિકરીના લેણાં અને મળવાપાત્ર થતા કુટુંબ પેન્શનની રકમ તેમના માટે અને વતી સગીરના વાસ્તવિક વાલી તરીકે વખતોવખત બંધીધારકને ચૂકવવામાં આવેલ રકમ પરત્વે તેમજ તે સંબંધે ગમે તે કોઈ અન્ય વ્યક્તિએ / વ્યક્તિ દ્વારા અને સગીર માટે કે તેના વતી કે તે સિવાય અન્ય રીતે કોઈપણ રીતે સરકાર સામે જે પગલાં, કાર્યવાહીઓ, દાવાઓ અને માગણીઓ કરી હોય અથવા કરવામાં આવે તે અંગે અથવા તેના પ્રતિકાર માટે થયેલ કિંમત ચાર્જ, ખર્ચ, નુકસાન સરકારે ભોગવેલ હોય કે ખર્ચ કરેલ હોય તે સંબંધે સરકારથી ચૂકવવાપાત્ર બનતું હોય તેને ભરપાઈ કરી આપવા બંધાશે અને ટકાવી રાખશે અને બંધીધારક

આથી દઢતાપૂર્વક બંધાય છે અને જાહેર કરે છે કે સરકારના અન્ય કોઈ હકો અને ઉપાયોના પૂર્વગ્રહ વિના તે અંગેના સરકારના લેણાં અને ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી બંધનકર્તા પાસેથી તે અંગેના પ્રવર્તમાન કાયદાની જોગવાઈ હેઠળ જમીન મહેસૂલના ચડત દેવા તરીકે વસૂલ કરવામાં આવશે.

અને તેની સાક્ષીરૂપે બંધનકર્તા આ અગાઉ પહેલાં દર્શાવેલ દિને અને વર્ષે ઉપરનું ખત લખી આપી તેની / તેણીની સહી આ નીચે કરી આપેલ છે.

ઉપરોક્ત બંધનકર્તા શ્રી / શ્રીમતિ ..... એ નીચેનાઓની સમક્ષ સહી કરીને સોંપ્યું.

(૧) .....

(૨) .....

**નોંધ :**

* અહિં સગીર બાળકોના વાસ્તવિક વાલીનું નામ તથા તેની / તેણીની વચ્ચે તેનું સગપણ દર્શાવવું.

** જે કાયદા હેઠળ સગીરનું નિયમન થતું હોય, તે અંગત કાયદાનો અહિં ઉલ્લેખ કરવો.

*** અહિં મૃતકના પુખ્ત ઉંમરના બાળકોના નામ આપવા.

\+ અહિં સગીર બાળકનું નામ દર્શાવવું.

\+\+ અહિં મૃતકનો ધર્મનું નામ દર્શાવવું.

\+\+\+ અહિં મૃતક સાથે વાસ્તવિક વાલીનું સગપણ દર્શાવવું.

@ જે કાયદા હેઠળ સગીરનું નિયમન થતું હોય તે અંગત કાયદાનો અહિં ઉલ્લેખ કરવો.

@@ જે તારીખે સગીરની ઉંમર અઢાર વર્ષની થતી હોય, તે તારીખ હોવી જોઈએ. જે કિસ્સામાં સગીરને અથવા તેની માલમિલકતને અથવા બંનેને ન્યાયાલય દ્વારા નિયુક્ત વાલી હેઠળ હવાલો સોંપ્યો હોય અથવા જેની માલમિલકતની દેખરેખ કોર્ટ ઓફ વોર્ડઝ દ્વારા સંભાળી લેવામાં આવેલ હોય તેની ઉંમર એકવીસ વર્ષની થતી હોય તે તારીખ હોવી જોઈએ.

@@@ આ હિસ્સો કેવળ સગીર દિકરીને લાગુ પડે છે.

## *નમૂનો - ૧૩*

## *[જૂઓ નિયમ-૮૯]*

## *કુટુંબની વિગતો*

સરકારી કર્મચારીનું નામ :

હોદ્દો :

જન્મ તારીખ :

નિમણૂકની તારીખ :

તા..... ના રોજ મારા કુટુંબના સભ્યોની વિગતો

| અન. ક્રમાંક | કુટુંબના સભ્યોના નામ | જન્મ તારીખ | સરકારી કર્મચારી સાથે સગપણ | કચેરીના વડાની સહી | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | | | | | |
| ૨. | | | | | |
| ૩. | | | | | |
| ૪. | | | | | |
| ૫. | | | | | |
| ૬. | | | | | |
| ૭. | | | | | |
| ૮. | | | | | |
| ૯. | | | | | |

કોઈપણ પ્રકારના વધારા અથવા ફેરફારથી કચેરી / ખાતાના વડાને માહિતગાર રાખી ઉપરોક્ત વિગતોને અદ્યતન રાખવા હું આથી સંમત થાઉં છું.

**સ્થળ :**

**તારીખ .....** **સરકારી કર્મચારીની સહી**

**નોંધ-૧** આ હેતુ માટે ''કુટુંબ'' એટલે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૮૯ ના પેટા-નિયમ (૨) ના ખંડ (ક) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું કુટુંબ.

**નોંધ-૨** ''પત્ની'' અને ''પતિ'' માં કાયદાની પરિભાષામાં વિભક્ત થયેલા અનુક્રમે ''પતિ'' અને ''પત્ની'' નો સમાવેશ થશે.

*નમૂનો - ૧૪*

*[જૂઓ નિયમ-૯૫ (૩)]*

***નોકરી અંગેનું પેન્શન મેળવતા પેન્શનરના અવસાનના કિસ્સામાં વળતર માટે અરજીનો નમૂનો***

પ્રેષક :

પ્રતિ,
તિજોરી અધિકારીશ્રી,

**વિષય : નોકરી અંગેનું પેન્શન મેળવતા પેન્શનરના અવસાનના કિસ્સામાં વળતર**

**પ્રિય શ્રીમાન,**

શ્રી ..... જેઓ ..... તિજોરી / પેટા-તિજોરીમાંથી / પેન્શન પેમેન્ટ ઓર્ડર નં..... તા..... થી બેન્કમાંથી નોકરી અંગેનું પેન્શન મેળવતા હતા તે તા..... ના રોજ અવસાન પામેલ છે.

તેમના અવસાનનું પ્રમાણપત્ર આ સાથે બીડેલ છે. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૯૫ (૧) હેઠળ વળતરની ચૂકવણી માટે પેન્શનરે મારા નામે વારસ નિયુક્તિ કરેલ હોઈ, ઉપરોક્ત વળતરની રકમની ચૂકવણી મને કરવામાં આવશે તો ઋણી થઈશ.

**તારીખ :**

**સ્થળ :** **વારસ નિયુક્ત અથવા વૈકલ્પિક વારસ નિયુક્તની સહી**

*નમૂનો - ૧૫*

*[જૂઓ નિયમો - ૯૭ (૨), ૯૮ અને ૧૦૬ થી ૧૧૦]*

*ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૯૭ (૨) માં ઉલ્લેખેલ અરજદારની તબીબી તપાસ કર્યા વિના પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર કરવાની અરજીનો નમૂનો (બે નકલોમાં રજૂ કરવી)*

*ભાગ - ૧*

પ્રતિ,

.....

.....

.....

(અહિં પેન્શન મંજૂર કરનાર સત્તાધિકારીનો હોદ્દો અને પૂરૂં સરનામું દર્શાવવું)

**વિષય : તબીબી તપાસ વિના પેન્શનનું રોકડમાં રૂપાંતર**

**શ્રીમાન,**

ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ની જોગવાઈઓ મુજબ હું નીચે દર્શાવેલ મારા પેન્શનના હિસ્સાનું મુડીકૃત રૂપાંતર કરાવવા ઈચ્છું છું. જરૂરી હકીકતો નીચે દર્શાવેલ છે :-

| | | | |
|---|---|---|---|
| | ૧. | નામ (મોટા અક્ષરોમાં) | : |
| | ૨. | પિતા / પતિનું નામ | : |
| | ૩. | નિવૃત્તિ વેળાએ હોદ્દો | : |
| | ૪. | નિમણૂકની જગાની કચેરી / ખાતુ | : |
| | ૫. | (અંગ્રેજી વર્ષ મુજબ) જન્મ તારીખ | : |
| | ૬. | (ક) નિવૃત્તિનો પ્રકાર | : |
| | | (ખ) નિવૃત્તિની તારીખ | : |
| | ૭. | પેન્શનનો વર્ગ | : |
| | ૮. | (જો આખરી પેન્શન મંજૂર થયેલ ન હોય તેવા કિસ્સામાં) મંજૂર કરવામાં આવેલ પેન્શનની રકમ | : |
| * | ૯. | પેન્શનના જે હિસ્સાનું મૂડીકૃત રૂપાંતરણ કરાવવાની દરખાસ્ત હોય તે | : |
| | ૧૦. | પેન્શન ચૂકવણી હુકમ થયેલ હોય, તો તેના નંબર અને તારીખ | : |
| * * | ૧૧. | પેન્શન ચૂકવનાર ચૂકવણી સત્તાધિકારી - | |
| | | (ક) તિજોરી / પેટા-તિજોરી (તિજોરી / પેટા-તિજોરીનું નામ અને પુરૂં સરનામું દર્શાવવું) | : |
| | | (ખ) (૧) રાષ્ટ્રીયકૃત બેન્કની શાખા, તેના પૂરા ટપાલના સરનામા સહિત. | |
| | | (૨) દર માસે જે ખાતામાં માસિક પેન્શન જમા થતું હોય તે ખાતાનો નંબર. | |

**સ્થળ :**

**તારીખ :**

**સહી :**

ટપાલનું સરનામું .....

.....

**નોંધ :** જે ચૂકવણી અધિકારી દ્વારા પેન્શન ચૂકવવામાં આવતું હોય, તેના દ્વારા પેન્શનના મૂડીકૃત રૂપાંતરિત મૂલ્યની ચૂકવણી કરવામાં આવશે. જે ચૂકવણી અધિકારી દ્વારા પેન્શન ચૂકવવામાં આવતું હોય, તે સિવાયના અન્ય ચૂકવણી અધિકારી પાસેથી પેન્શનના મૂડીકૃત રૂપાંતરણના મૂલ્યની આકારણી કરવાની અરજદારને છૂટ નથી.

* માસિક પેન્શનની રકમ રૂપિયામાં નહિ, પરંતુ પેન્શનના માસિક જે હિસ્સાનું રોકડમાં રૂપાંતર કરવાની ઈચ્છા હોય તે હિસ્સાનો (પેન્શનના મહત્તમ ચાલીસ ટકાથી મર્યાદિત) અરજદારે ઉલ્લેખ કરવો.

** લાગુ પડતું ન હોય તે છેકી નાંખવું.

## *ભાગ - ૨*
## *પહોંચ*

શ્રી / શ્રીમતિ ..... (નામ) (અગાઉનો હોદ્દો) પાસેથી તબીબી તપાસ કર્યા સિવાય પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર કરવાની અરજી નમૂના-૧૫ ના ભાગ-૧ માં મળી છે.

**સ્થળ :**

**તારીખ :** **સહી :**

**કચેરીના વડા :**

## *ભાગ - ૩*

૧. રવાના નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર તરફ, એ વિશેષ નોંધ સાથે કે -

(૧) અરજદારે ભાગ-૧ માં આપેલ માહિતીની ખરાઈ કરવામાં આવી છે અને તે ખરી છે;

(૨) તબીબી તપાસ વિના અરજદાર તેના પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર કરાવવા હકદાર છે;

(૩) લાગુ પડતા કોષ્ટકના સંદર્ભમાં નક્કી થયેલ પેન્શનનું રોકડમાં રૂપાંતર કરેલ મૂલ્ય હાલમાં રૂ..... થાય છે; **અને**

(૪) રોકડ રૂપાંતર બાદ શેષ પેન્શનની રકમ રૂ..... થશે.

૨. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૦૮ મુજબ આગળની કાર્યવાહી કરી પેન્શનના રોકડ રૂપાંતર મૂલ્યની ચૂકવણી અધિકૃત કરવા વિનંતી છે.

૩. નમૂના-૧૫ ના ભાગ-૧ મળ્યાની પહોંચ, ભાગ-૨ મુજબ અરજદારને તા..... ના રોજ અલગ રીતે મોકલાવેલ છે.

**સ્થળ :**

**તારીખ :** **સહી :**

**કચેરીના વડા :**

*નમૂનો - ૧૬*

*[જૂઓ નિયમો - ૯૭ (૨), ૧૦૬ (૨), ૧૦૭ (૨), ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૨૦ (૨) અને ૧૨૩ (૫)]*

***ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૯૭ (૨) માં ઉલ્લેખેલ અરજદારની તબીબી તપાસ કર્યા બાદ પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર કરવાની અરજીનો નમૂનો***

***(બે નકલોમાં રજૂ કરવી)***

*ભાગ - ૧*

પ્રતિ,

.....

.....

.....

(અહિં પેન્શન મંજૂર કરનાર સત્તાધિકારીનો હોદ્દો અને પૂરૂં સરનામું દર્શાવવું)

**વિષય : તબીબી તપાસ બાદ પેન્શનનું રોકડમાં રૂપાંતર**

**શ્રીમાન,**

હું ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ માં દર્શાવેલ જોગવાઈઓ હેઠળ મારા પેન્શનના હિસ્સાના રોકડ રૂપાંતરની ઈચ્છા ધરાવું છું. મારા ફોટોગ્રાફની પ્રમાણિત કરેલ એક નકલ અરજી ઉપર ચોટાડી છે અને તેની બીજી બિનપ્રમાણિત નકલ આ સાથે બીડું છું. આવશ્યક માહિતી નીચે મુજબની છે :-

| | | | |
|---|---|---|---|
| | ૧. | નામ (મોટા અક્ષરોમાં) | : |
| | ૨. | પિતા / પતિનું નામ | : |
| | ૩. | નિવૃત્તિ વેળાએ હોદ્દો | : |
| | ૪. | નિમણૂકની જગાની કચેરી / ખાતુ | : |
| | ૫. | (અંગ્રેજી વર્ષ મુજબ) જન્મ તારીખ | : |
| | ૬. | (ક) નિવૃત્તિનો પ્રકાર | : |
| | | (ખ) નિવૃત્તિની તારીખ | : |
| | ૭. | પેન્શનનો વર્ગ | : |
| | ૮. | (જો આખરી પેન્શન મંજૂર થયેલ ન હોય તેવા કિસ્સામાં) મંજૂર કરવામાં આવેલ પેન્શનની રકમ | : |
| * | ૯. | પેન્શનના જે હિસ્સાનું મૂડીકૃત રૂપાંતરણ કરાવવાની દરખાસ્ત હોય તે | : |
| | ૧૦. | પેન્શન ચૂકવણી હુકમ થયેલ હોય, તો તેના નંબર અને તારીખ | : |
| * * | ૧૧. | પેન્શન ચૂકવણી માટે ચૂકવણી અધિકારી - | |
| | | (ક) તિજોરી / પેટા-તિજોરી (તિજોરી / પેટા-તિજોરીનું નામ અને પુરૂં સરનામું દર્શાવવું) | : |
| | | (ખ) (૧) રાષ્ટ્રીયકૃત બેન્કની શાખા, તેના પૂરા ટપાલના સરનામા સહિત. | |
| | | (૨) દર માસે જે ખાતામાં માસિક પેન્શન જમા થતું હોય તે ખાતાનો નંબર. | |

૧૨. જે તારીખે રોકડ રૂપાંતર અમલમાં આવે તેમ ઈચ્છતા હોય તે તારીખ આશરે :

૧૩. જો પેન્શનનું રોકડમાં રૂપાંતર થઈ ચૂકેલ હોય તો તેની રકમ :

૧૪. તબીબી તપાસ કરાવવા ઈચ્છા છે તે પસંદગીનું સ્થળ :

**સ્થળ :**

**તારીખ :** **સહી :**

**Postal Address.....**

ટપાલનું સરનામું .....

.....

.....

**નોંધ :** જે ચૂકવણી અધિકારી દ્વારા પેન્શન ચૂકવવામાં આવતું હોય, તેના દ્વારા પેન્શનના મૂડીકૃત રૂપાંતરિત મૂલ્યની ચૂકવણી કરવામાં આવશે. જે ચૂકવણી અધિકારી દ્વારા પેન્શન ચૂકવવામાં આવતું હોય, તે સિવાયના અન્ય ચૂકવણી અધિકારી પાસેથી પેન્શનના મૂડીકૃત રૂપાંતરણના મૂલ્યની આકારણી કરવાની અરજદારને છૂટ નથી.

* માસિક પેન્શનની રકમ રૂપિયામાં નહિ, પરંતુ પેન્શનના માસિક જે હિસ્સાનું રોકડમાં રૂપાંતર કરવાની ઈચ્છા હોય તે હિસ્સાનો (પેન્શનના મહત્તમ ચાલીસ ટકાથી મર્યાદિત) અરજદારે ઉલ્લેખ કરવો.

** લાગુ પડતું ન હોય તે છેકી નાંખવું.

*ભાગ - ૨*

*પહોંચ*

શ્રી / શ્રીમતિ ..... (નામ) (પૂર્વનો હોદ્દો) પાસેથી તબીબી તપાસ બાદ પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર કરવાની અરજી નમૂના-૧૬ ના ભાગ-૧ માં મળી છે.

**સ્થળ :**

**તારીખ :** **સહી :**

**કચેરીના વડા :**

*ભાગ - ૩*

રવાના નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર તરફ, એ ટિપ્પણ સાથે કે અરજદારે નમૂના-૧૬ ના ભાગ-૧ માં આપેલ વિગતો ખરાઈ કરવામાં આવી છે અને તે ખરી છે, અને તબીબી તપાસ બાદ અરજદાર તેના પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર મેળવવા હકદાર છે.

૨. નમૂનાના ભાગ-૪ ની પૂર્તતા કરી જેમ બને તેમ જલદીથી આ કચેરીને પરત કરવા વિનંતી છે.

**સ્થળ :**

**તારીખ :** **સહી :**

**કચેરીના વડા :**

*ભાગ - ૪*

**(નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડના નિયામકે ભરવા માટે)**

૧. અરજદારનું નામ :

૨. અંગ્રેજી સન પ્રમાણે જન્મ તારીખ :

૩. નિવૃત્તિની તારીખ :

૪. આખરી પેન્શન અધિકૃત કરવામાં ન આવ્યું હોય તો કામચલાઉ પેન્શન સહિત પેન્શનની રકમ :

૫. પેન્શનનો વર્ગ (જૂઓ ગુજરાત મુલ્કી સેવા (પેન્શન), ૨૦૦૨ નું પ્રકરણ સાતમું) :

૬. પેન્શનનો જે હિસ્સો રૂપાંતરિત કરવાની ઈચ્છા હોય તે રકમ :

| | **ઉંમરના ધોરણે** | | |
|---|---|---|---|
| | **સામાન્ય ઉંમર** | **વધારી આપેલ ઉંમર** | |
| | | **૧ વર્ષ** | **૨ વર્ષ** |
| | **રૂ.** | **રૂ.** | **રૂ.** |

૭. (૧) તારીખ ..... ના રોજ અરજદારની આગામી જન્મ તારીખ આવતાં પહેલાં તેના પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર નિરપવાદ નક્કી થાય, તો ચૂકવવાપાત્ર થતી રકમ.

(૨) તારીખ ..... ના રોજ અરજદારની આગામી જન્મ તારીખ આવે તે બાદ તેના પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર નિરપવાદ નક્કી થાય, તો ચૂકવવાપાત્ર થતી રકમ.

૮. જે હિસાબમાં જે સદરે રોકડમાં રૂપાંતરની રકમ ઉધારવાની તે સદર

નાણા વિભાગ
માગણી ક્રમાંક : .....
પેન્શનમાં અન્ય નિવૃત્તિના લાભો બી પેન્શનના રોકડમાં રૂપાંતર

૯. જો બીડાણ હોય તો તેની સંખ્યા.

સ્થળ :

**તારીખ :**

**અધિકારીની સહી તથા હોદ્દો**

.....

**પ્રતિ સહી**

**કચેરીના વડા**

**પૂરૂં સરનામું .....**

.....

## *નમૂનો - ૧૭*

## *[જૂઓ નિયમ-૧૦૧ (૨)]*

## *રૂપાંતરિત પેન્શનના હિસ્સાનું પુનઃસ્થાપન કરવાની અરજી*

રવાના કરનાર :

સરનામું :

તારીખ :

પ્રતિ,

તિજોરી અધિકારીશ્રી / પેટા-તિજોરી અધિકારીશ્રી

**વિષય : પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર કરાવ્યા બાદ પંદર વર્ષે તેનું પુનઃસ્થાપન કરવા બાબત.**

**શ્રીમાન,**

ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૦૧ હેઠળ મારા પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર પુનઃસ્થાપિત કરી આપવા વિનંતી છે.

જરૂરી માહિતી નીચે મુજબ છે :-

(૧) નામ (મોટા અક્ષરે)

(૨) નિવૃત્તિની તારીખ :

(૩) જે તારીખથી ઘટાડેલ પેન્શન મેળવતા હોય તે તારીખ :

(૪) પેન્શન પેમેન્ટ ઓર્ડર નંબર અને તારીખ :

(૫) મંજૂર કરવામાં આવેલ મૂળ પેન્શનની રકમ :

(૬) રોકડ રૂપાંતર બાદ મળતી પેન્શનની રકમ :

(૭) પેન્શન અધિકૃત કરનાર અધિકારી :

(૮) તિજોરી / પેન્શન ચૂકવણી અધિકારીનું નામ :

**પેન્શનરની સહી**

**વિગતોની ખરાઈ કરી**

**તિજોરી અધિકારી / પેટા-તિજોરી અધિકારી /**
**પેન્શન ચૂકવણી અધિકારી**

## *નમૂનો - ૧૮*

## *[જૂઓ નિયમ-૧૧૫ (૩) અને (૪)]*

## *તબીબી સત્તાધિકારીને લખવાના પત્રનો નમૂનો*

ક્રમાંક : .....

ગુજરાત સરકાર

ખાતુ .....

તારીખ .....

પ્રતિ,

.....

.....

**વિષય : પેન્શનના રોકડમાં રૂપાંતર અંગે તબીબી તપાસ.**

**શ્રીમાન,**

શ્રી / શ્રીમતિ / કુમારી ..... (હોદ્દો) જેઓ તા..... ના રોજ ..... તરીકે નોકરીમાંથી નિવૃત્ત થયેલ છે તેમણે તેના / તેણીના પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર કરી ઊચક રકમની ચૂકવણી માટે અરજી કરી છે. આ સાથે નીચેના દસ્તાવેજો મોકલ્યા છે :-

(ક) નમૂના-૧૬ મુજબ મૂળ અરજી સાથે -

(૧) અરજદારના ફોટોગ્રાફની બિનપ્રમાણિત નકલ.

(૨) નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડે પૂર્ણ ભરીને મોકલેલ નમૂના-૧૬ ની અસલ અરજીનો ભાગ-૪.

(ખ) નમૂના-૧૯ ની નકલ તથા તેના ભાગ-૩ ની વધારાની એક નકલ સાથે.

(ગ) જો અશક્તતા પેન્શન મંજૂર કરવામાં આવ્યું હોય અથવા પૂર્વે તેના પેન્શનનો હિસ્સો રોકડમાં રૂપાંતરિત કરાવ્યો હોય અથવા તેની / તેણીની ખરેખર ઉંમરમાં વરસોનો કરી આપવામાં આવેલ વધારાનો સ્વીકાર નહિ કરી રોકડ રૂપાંતર મેળવવા ઈન્કાર કર્યો હોય અથવા તબીબી કારણસર પેન્શનના રોકડ રૂપાંતરનો ઈન્કાર કરવામાં આવ્યો હોય તેવા કિસ્સામાં અરજદારને કરેલ નિવેદન અથવા અહેવાલ.

૨. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૧૭ ની શરતો મુજબ શ્રી / શ્રીમતિ / કુમારી ..... ની તબીબી મંડળ / સિવિલ સર્જન / સિવિલ હૉસ્પીટલના સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા તબીબી તપાસ કરવાની હોઈ શ્રી / શ્રીમતિ / કુમારી ..... ની તપાસ માટે વ્યવસ્થા કરી શક્ય તેટલી વહેલી તેની / તેણીની આવતી જન્મ તારીખ ..... પહેલાં તપાસ કરવા વિનંતી છે.

૩. શ્રી / શ્રીમતિ / કુમારી ..... એ નમૂના-૧૬ માં તેણે / તેણીએ કરેલ અરજીમાં દર્શાવેલ પ્રાપ્ય એવા નજીકના સ્થળે ઉપરોક્ત ફકરા-૨ માં દર્શાવ્યા મુજબના તબીબી અધિકારી દ્વારા તબીબી તપાસ કરવા વ્યવસ્થા કરવા વિનંતી કરવામાં આવે છે. તે તબીબી અધિકારીનું ધ્યાન, ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૨૦ ની જોગવાઈઓ પરત્વે દોરવામાં આવે છે.

૪. શ્રી / શ્રીમતિ / કુમારી ..... એ કયા સ્થળે અને ક્યારે તબીબી તપાસ માટે યોગ્ય તબીબી અધિકારી સમક્ષ ઉપસ્થિત રહેવું તે માહિતી અંગેની તેમને / તેણીને અત્રેની ખાતા / કચેરીની જાણ હેઠળ મોકલી આપવા વિનંતી છે. આ પત્રની એક નકલ તેણીને / તેને મોકલવામાં આવે છે, જેથી તે / તેણી તમારા તરફથી સુનાવણી અંગેનો સૂચનાનો અમલ કરી શકે.

૫. આ પત્ર મળ્યાની પહોંચ મોકલી આપવા વિનંતી છે.

**આપનો વિશ્વાસુ,**

**કચેરીના વડા**

નકલ રવાના શ્રી / શ્રીમતિ / કુમારી ..... તરફ (અહિં પૂરૂં ટપાલનું સરનામું દર્શાવવું) એ નોંધ સાથે કે તબીબી અધિકારીએ પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર કરવાની ભલામણને અધીન રહીને તે / તેણી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડના નિયામકશ્રીના અહેવાલના આધારે, તેમના પેન્શનના હિસ્સાના રૂપાંતરના બદલે નીચે મુજબ ઊચક રકમની ચૂકવણી મેળવવા હકદાર થશે :-

| | **ઉંમરના ધોરણે** | | |
|---|---|---|---|
| | **સામાન્ય ઉંમર** | **વધારી આપેલ ઉંમર** | |
| | | **૧ વર્ષ** | **૨ વર્ષ** |
| | **રૂ. રૂ.** | **રૂ.** | |
| (૧) તારીખ ..... ના રોજ અરજદારની આગામી જન્મ તારીખ આવતાં પહેલાં તેના પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર સંપૂર્ણ નક્કી થયેલ હોય ત્યારે ચૂકવવાની થતી રકમ. | | | |
| (૨) તારીખ ..... ના રોજ અરજદારની આગામી જન્મ તારીખ આવે તે બાદ તેના પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર સંપૂર્ણ નક્કી થયેલ હોય તે રકમ. | | | |

નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડે જે આધારે વર્તમાન મૂલ્ય નક્કી કર્યું હોય તેના કોઠા ભવિષ્યમાં ગમે ત્યારે નોટિસ આપ્યા સિવાય કોઈપણ સમયે ફેરફારને અધીન રહીને, ચૂકવણી થતાં પહેલાં તે ધોરણો પાછળથી પરિવર્તનપાત્ર બનશે. ચૂકવણીપાત્ર રકમ, અરજદારની આગામી જન્મ તારીખ પછીની આવતી તારીખે નિરપવાદ થાય તે બાદની તારીખની નજીકની ઉંમર અનુરૂપ યોગ્ય રીતે નક્કી થશે અથવા તબીબી અધિકારી તે ઉંમરમાં વધારો કરવા સૂચના આપે તો, તે વધારેલ વર્ષ મુજબ ઉંમર આગામી ઉંમર ગણાશે.

શ્રી / શ્રીમતિ / કુમારી ..... એ ..... તરફથી સુનાવણી વખતે તબીબી તપાસ માટેનો રિપોર્ટ તબીબી અધિકારીને કરવો જોઈશે. તેણે / તેણીએ તેની / તેણીની સાથેના નમૂના-૧૯ સાથે તેમાંના ભાગ-૧ ની માહિતી, પોતાની સહી અને અંગૂઠા તથા આંગળીઓના નિશાન સિવાય પૂર્ણ ભરી સાથે લઈ જવી.

**સ્થળ :** **સહી :**

**તારીખ** **કચેરીના વડા**

નકલ રવાના નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ ..... (અહિં પૂરૂં સરનામું દર્શાવવું) તરફ તેમના પત્ર ક્રમાંક : ....., તા..... ના સંદર્ભમાં.

**સહી :**

**કચેરીના વડા**

## *નમૂનો - ૧૯*

## *[જૂઓ નિયમો - ૧૧૫, ૧૨૦ થી ૧૨૩ અને ૧૨૫]*

## *તબીબી અધિકારી દ્વારા કરવામાં આવતી તબીબી તપાસનો નમૂનો*

### *ભાગ - ૧*

(અરજદારે ..... (અહિં તબીબી અધિકારીનું નામ દર્શાવવું) દ્વારા પોતાની તબીબી તપાસ પહેલાં આ નિવેદન પૂરેપૂરૂં ભરી લેવું અને તેની સાથે સંલગ્ન એકરારનામામાં તે અધિકારી સમક્ષ સહી કરવી)

૧. અરજદારનું નામ (મોટા અક્ષરોમાં) :

૨. અંગ્રેજી સન પ્રમાણે જન્મ તારીખ :

૩. જન્મ સ્થળ :

૪. માતા-પિતા, ભાઈઓ, બહેનો અંગે માહિતી -

| હયાત હોય તો, પિતાની ઉંમર અને આરોગ્યની સ્થિતિ | અવસાન સમયે પિતાની ઉંમર અને અવસાનનું કારણ | હયાત ભાઈઓની સંખ્યા ઉંમર અને તેમના આરોગ્યની સ્થિતિ | અવસાન પામેલા ભાઈઓની સંખ્યા, અવસાન સમયે ઉંમર અને અવસાનનું કારણ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |

| હયાત હોય તો, માતાની ઉંમર અને આરોગ્યની સ્થિતિ | અવસાન સમયે માતાની ઉંમર અને અવસાનનું કારણ | હયાત બહેનોની સંખ્યા, ઉંમર અને તેમના આરોગ્યની સ્થિતિ | અવસાન પામેલા બહેનોની સંખ્યા, અવસાન સમયે ઉંમર અને અવસાનનું કારણ |
|---|---|---|---|
| (૫) | (૬) | (૭) | (૮) |

૫. નીચેના કારણસર કદી પણ તબીબી તપાસ કરાવેલ હતી ?

(ક) જીવન વીમા માટે, **અથવા / અને**

(ખ) કોઈ સરકારી તબીબી અધિકારી / તબીબી મંડળ દ્વારા કરાવેલ હતી ?

૬. અશક્તતા પેન્શનની મંજૂરી માટે કદી વિચારણા થયેલી કે મંજૂરી મળેલી ? જો હા, તો તેનો આધાર દર્શાવવો.

૭. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન તમારી તબીબી કારણસર કદી રજા મંજૂર થયેલ છે ? જો હા, તો રજાના સમયગાળા તથા બિમારીનો પ્રકાર દર્શાવવા.

૮. તમને કદી નીચેની બિમારીઓ થયેલી ? -

(ક) શીતળા, આંતરિયો અથવા બીજા કોઈ પ્રકારનો તાવ, ગ્રંથીઓ સૂઝી કે વધી જવી કે તેમાંથી પરૂ પડવું, ગળફામાં લોહી પડવું, દમ, ફેફસાંનો સોજો, પ્લુરસી, શ્રવણ અંગેની બિમારી, મૂર્છાના હુમલા, સંધીવા, એપેન્ડીસાઈટીસ, અપસ્માર, મગજની અસ્થિરતા કે જ્ઞાનતંતુની અન્ય બિમારી, કાનમાંથી અથવા તેમાં રોગથી કાનમાંથી ઝરતો પદાર્થ કે પ્રવાહી, વિસર્પ, ગોનોરીયા, **અથવા**

(ખ) અન્ય કોઈ બિમારીથી કે ઈજાથી પથારી વશ થવું પડેલ ? **અથવા**

(ગ) કોઈ શસ્ત્રક્રિયા કરાવેલી, **અથવા**

(ઘ) ચાલુ નોકરી દરમ્યાન કોઈ બિમારી, ઘા કે ઈજા થયેલી, **અથવા**.

(ચ) પેશાબમાં આલ્બ્યુમીન કે શર્કરાનું પ્રમાણ જણાયેલી ?

૯. હાલની આરોગ્યની સ્થિતિ :

(ક) સારણગાંઠ છે ?

(ખ) નસો સૂઝી જવાનો કે ગંઠાઈ જવાનો કે અર્શનો રોગ છે ?

(ગ) બંને કાનની શ્રવણ શક્તિ સારી છે ?

(ઘ) બંને આંખોની દૃષ્ટિ સારી છે (ચશ્મા સાથે અથવા ચશ્મા વિના) ?

(ચ) તમને કોઈ જન્મજાત કે ત્યારબાદ કોઈ દોષયુક્ત શારીરિક બાંધો, ખોડ કે વિકલાંગતા ઉદ્‌ભવેલ છે ?

(છ) છેલ્લા ત્રણ વર્ષમાં વિશિષ્ટ રીતે વજનમાં ઘટાડો કે વધારો થયો છે ?

(જ) છેલ્લા ત્રણ માસ દરમ્યાન કોઈ તબીબની સારવાર હેઠળ હતા કે કેમ અને એવી કઈ બિમારી માટે સારવાર લીધેલી ?

## *અરજદારનું નિવેદન*

મારી ઉત્તમ માન્યતા મુજબ ઉપરના તમામ ઉત્તરો સત્ય અને ખરા હોવાનું હું જાહેર કરૂં છું.

મને એ હકીકતની પૂરેપૂરી જાણકારી છે કે ખોટું નિવેદન કરવાથી અથવા સંબંધિત હકીકતો છૂપાવી રાખવાથી, માંગેલા પેન્શનનો રોકડમાં રૂપાંતરનો લાભ ગુમાવવાનું અને મારા પેન્શનને ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૨૪ હેઠળ અટકાવવાનું અથવા પાછું ખેંચી લેવાનું જોખમ હું વહોરી લઈશ.

અરજદારની સહી અથવા નિરક્ષર અરજદારના કિસ્સામાં અંગૂઠાનું નિશાન

..... ની રૂબરૂમાં સહી કરી

તબીબી અધિકારીની સહી તથા હોદ્દો

### *ભાગ - ૨*

### **(તપાસ કરનાર તબીબી અધિકારીએ ભરવા માટે)**

૧. દેખીતી ઉંમર

૨. ઊંચાઈ

૩. વજન

૪. ઘા ની નિશાની અથવા અરજદારના ઓળખ ચિહ્નોનું વર્ણન આપવું

૫. નાડીના ધબકારા -

(ક) બેસીને

(ખ) ઊભા રહીને

નાડીનો પ્રકાર

૬. લોહીનું દબાણ -

(ક) સિસ્ટોલિક

(ખ) ડાયસ્ટોલિક

૭. મુખ્ય અવયવોમાં કોઈ બિમારીની સાબિતી છે ?

(ક) હૃદય

(ખ) ફેફસાં

(ગ) યકૃત

(ઘ) બરોળ

(ચ) મૂત્રપિંડ

૮. તપાસો -

(૧) પેશાબની (સ્ફેસીફિક ગ્રેવિટી દર્શાવવી)

(૨) લોહીની

(૩) છાતીનો એક્સ-રે

(૪) ઈલેક્ટ્રો કાર્ડિઓગ્રામ

૯. અરજદારને સારણગાંઠ છે ? જો હોય, તો તે ઓછી થઈ શકે તેવી હોય તો તેનો પ્રકાર દર્શાવવો.

૧૦. અન્ય વધારાના તારણ.

*ભાગ - ૩*

મેં / અમોએ શ્રી / શ્રીમતિ / કુમારી ..... ને કાળજીપૂર્વક તપાસેલ છે અને હું / અમો એવા અભિપ્રાય પર આવેલ છીએ કે તેના / તેણીના શારીરિક આરોગ્યની સ્થિતિ સારી છે અને જીંદગીના સરેરાશ આયુષ્યની શક્યતા છે.

**અથવા**

તેની / તેણીની શારીરિક આરોગ્યની સ્થિતિ સારી નથી અને પેન્શનના રોકડમાં રૂપાંતર માટે યોગ્ય વ્યક્તિ નથી.

**અથવા**

તે / તેણી ..... બિમારીથી પીડાવા છતાં તેના પેન્શનના રોકડમાં રૂપાંતરના હેતુ માટે તેની / તેણીની યોગ્ય વ્યક્તિ તરીકે જણાયેલ છે, પરંતુ તેની / તેણીની આગામી જન્મ તારીખ તેની / તેણીની ખરી ઉંમર કરતાં ..... વર્ષની (આંકડામાં દર્શાવવા) વધુ ગણવી.

**સ્થળ :**

**તારીખ**

**તબીબી તપાસ કરનાર સત્તાધિકારીનો હોદ્દો અને સહી**

***નમૂનો - ૨૦***

***[જૂઓ નિયમ-૧૨૬ (૧)]***

***સન ..... દરમ્યાન નિવૃત્તિવય પેન્શન પર નિવૃત્ત થનાર સરકારી કર્મચારીઓનું રજિસ્ટર***

| ક્રમાંક | સરકારી કર્મચારીનું નામ (અટક પહેલી લખવી) | હોદ્દો | જન્મ તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

| નિવૃત્તિની તારીખ | નિવૃત્તિનો પ્રકાર | અવસાન અથવા નિવૃત્તિ વેળાએ જ્યાં નોકરી કરતા હતા તે કચેરી |
|---|---|---|
| ૫ | ૬ | ૭ |

| પેન્શન પેપરની તૈયારીની પ્રારંભિક કાર્યવાહી શરૂ કર્યાની તારીખ | નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ તરફ પેન્શન પેપરો મોકલ્યાના પત્રના નંબર અને તારીખ | પેન્શન પેમેન્ટ ઓર્ડરની મંજૂરીના નંબર અને તારીખ | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૮ | ૯ | ૧૦ | ૧૧ |

## *નમૂનો - ૨૧*

*[જૂઓ નિયમો - ૧૩૬, ૧૩૭ અને ૧૩૮]*

### *નિવૃત્ત થતા સરકારી કર્મચારી પાસેથી તેની / તેણીની નિવૃત્તિના ચોવીસ માસ અગાઉ પેન્શન મંજૂરકર્તા અધિકારીએ મેળવવાની વિગતો*

૧. સરકારી કર્મચારીનું નામ :

૨. (ક) જન્મ તારીખ આંકડામાં :

(ખ) જન્મ તારીખ શબ્દોમાં :

૩. નોકરીમાં દાખલ થયા તારીખ :

૪. નિવૃત્તિની તારીખ :

૫. નિવૃત્તિનો પ્રકાર :

૬. રાજપત્રિત સરકારી કર્મચારી દ્વારા યોગ્ય રીતે શાખ કરાવેલ સહીના ત્રણ નમૂના (અલગ કાપલી ઉપર આપવા) :

૭. ** પતિ / પત્નીના પાસપોર્ટ કદના સંયુક્ત ફોટા + ની ત્રણ નકલો (કચેરીના વડા દ્વારા શાખ કરાયેલ)

૮. રાજપત્રિત અધિકારીએ યોગ્ય રીતે શાખ કરેલી ઊંચાઈ અને @ અંગત ઓળખ નિશાનની બે કાપલીઓ.

૯. હાલનું સરનામું પીનકોડ સાથે :

૧૦. પીનકોડ સાથે નિવૃત્તિબાદનું સરનામું :

૧૧. જે તિજોરી / પેટા-તિજોરીમાંથી પેન્શન આકારવાનું હોય તેનું નામ :

૧૨. @@ નમૂના-૧૩ માં કુટુંબની વિગતો :

૧૩. ગ્રેજ્યુઈટી, મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની રકમ ખરેખર મળતાં પહેલાં અવસાન થાય તેવા પ્રસંગે તે રકમ મેળવવા માં વારસ નિયુક્તિ કરેલી છે / કરી નથી.

તેમ છતાં તાજું વારસ નિયુક્તિ પત્ર આ સાથે બીડું છું.

**સ્થળ :** **સહી :**

**તારીખ** **હોદ્દો / કચેરી / ખાતુ**

* વ્યક્તિ પોતાની સહી કરવા પૂરતી શિક્ષિત ન હોય, તો તેના ડાબા હાથના અંગૂઠા અને આંગળીઓના નિશાનની ત્રણ કાપલીઓ યોગ્ય રીતે શાખ કરાવીને આપવી. પરંતુ, શારીરિક અશક્તતાને કારણે સરકારી કર્મચારી ડાબા હાથના અંગૂઠા અને આંગળીઓના નિશાન આપવા અશક્તિમાન હોય, તો તેના જમણા હાથના અંગૂઠા અને આંગળીઓના નિશાન આપી શકશે. જો સરકારી કર્મચારીએ બંને હાથ ગુમાવી દીધા હોય તો પગના અંગૂઠાના નિશાન આપી શકશે. નિશાન રાજપત્રિત કર્મચારી દ્વારા શાખ કરાયેલ હોવા જોઈએ.

** જો સરકારી કર્મચારીનું ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના પ્રકરણ-૯ થી નિયમન થતું હોય અને પોતે અપરિણિત, વિધુર કે વિધવા હોય, તો તેણે ફક્ત પોતાના જ પાસપોર્ટ કદના ફોટાની ત્રણ નકલો આપવાની આવશ્યકતા રહેશે.

\+ જ્યારે પોતાના / પોતાની પતિ કે પત્નીના સંયુક્ત ફોટા રજૂ કરવાનું સરકારી કર્મચારી માટે અશક્ય હોય ત્યારે તે / તેણી અલગ અલગ ફોટા મોકલી શકશે. ફોટાઓ કચેરીના વડાએ શાખ કરેલ હોવા જોઈએ.

@ શક્ય હોય તો બે થી ઓછા ન હોય તેટલા તરત નજરે પડે તેવા સ્પષ્ટ નિશાનો દર્શાવવા.

\# પાછળથી કરવામાં આવતા સરનામાંના ફેરફારથી કચેરીના વડાને માહિતગાર રાખવા.

@@ ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ નું પ્રકરણ-૧૦ લાગુ પડતું હોય તેવા ફક્ત એ જ સરકારી કર્મચારીને આ લાગુ પડશે.

| રૂ. ૪,૧૦૦ અને તેથી વધારે પરંતુ રૂ. ૬,૫૦૦ થી ઓછા | ૭.૬૦ | ૪.૬૦ |
| રૂ. ૪,૧૦૦ થી ઓછા | ૬.૦૦ | ૪.૦૦ |

**નોંધ-૧ :** કોલમ નંબર (૨) માં દર્શાવેલ ભથ્થાંના ઊંચા દરો કેવળ એ-૧/એ/બી-૧ વર્ગના શહેરોની હદમાં એક જગાએથી બીજી જગાએ પરિવહન કરવામાં આવેલ ઘરવખરી માટે મળવાપાત્ર થશે.

**નોંધ-૨ :** માસિક રૂ. ૩૩૫૦ અને તેથી વધુ પગાર મેળવતા કર્મચારીઓ તેમની તુરતની ઊંચી રૂ. ૪૧૦૦ અને તેથી વધુ પરંતુ રૂ. ૬૫૦૦ થી ઓછા પગારની પગાર શ્રેણી માટે નિયત કરવામાં આવેલા ભથ્થાંના દરો માટે હકદાર થશે. ફક્ત કોલમ નંબર (૨) માં દર્શાવેલ ભથ્થાંના ઉચ્ચતર દરો કેવળ એ-૧/એ/બી-૧ વર્ગના શહેરોની હદમાં એક જગાએથી બીજી જગાએ પરિવહન કરવામાં આવેલ ઘરવખરી માટે મળવાપાત્ર થશે.

૯૬. **જૂના સ્થળ સિવાયના અન્ય સ્થળેથી ઘરવખરી ફેરવવા બાબત :** જૂના સ્થળ સિવાયના ભારતના અન્ય નવા સ્થળેથી (દા.ત. રસ્તામાં આવતા સ્થળેથી કરેલી ખરીદી અથવા અગાઉની બદલી સમયે છોડેલ હોય તે સ્થળેથી) અથવા તેની જૂની જગાના સ્થળેથી નવી જગા સિવાયના સ્થળે લઈ જવા માટે, ઘરવખરીના પરિવહન સહિતનો ખરેખર કુલ ખર્ચ, સરકારી કર્મચારી ટ્રેન દ્વારા તેના જૂના સ્થળેથી નવા સ્થળે સીધેસીધો ઘરવખરીનો મહત્તમ અધિકૃત મળવાપાત્ર કિલોગ્રામ જથ્થો પરિવહન કરી ગયા હોત અને જે રકમ મળવાપાત્ર થાત તે રકમથી વધુ થવો જોઈએ નહિ.

૯૭. **''ઝડપી વહન સેવા'' દ્વારા ઘરવખરી લઈ જવા બાબત :** આ નિયમ હેઠળ મળવાપાત્ર નિયત મહત્તમ જથ્થાની મર્યાદામાં રહીને બદલી પ્રસંગે ''ઝડપી પરિવહન સેવા'' દ્વારા ઘરવખરીના પરિવહન માટે કરવામાં આવેલ ખર્ચ ખરેખર કરેલ હોય અને માગણી કરનાર તેના મુસાફરી ભથ્થાંના બિલમાં એવી મતલબનું પ્રમાણપત્ર નોંધે કે તેણે ''ઝડપી પરિવહન સેવા'' દ્વારા ઘરવખરીનું પરિવહન કર્યું હતું અને તે નિર્ધારિત સમયે તેના લક્ષ્ય સ્થાને પહોંચી ગયેલ છે તો ''ઝડપી પરિવહન સેવા'' ના દરે પરિવહન ખર્ચ માન્ય રાખી શકાય.

૯૮. **ઘરવખરીનો સામાન પેસેન્જર ટ્રેન દ્વારા લઈ જવા બાબત :** સરકારી કર્મચારી ઘરવખરીનો સામાન ગુડઝ ટ્રેઈન દ્વારા લઈ જવાને બદલે પેસેન્જર ટ્રેન દ્વારા લઈ જાય ત્યારે ઘરવખરીના સામાનનો અધિકૃત મળવાપાત્ર મહત્તમ કિલોગ્રામ જથ્થો ગુડઝ ટ્રેન દ્વારા લઈ જતાં જે રકમ મળવાપાત્ર થઈ હોત તે રકમની મર્યાદામાં ખરેખર તે ખર્ચની રકમ આકારી શકશે.

૯૯. **ઘરવખરીના સામાનના પરિવહનનું ખર્ચ :** ઘરવખરીના સામાનના પરિવહનના ખર્ચની માગણી કરતા સરકારી કર્મચારીએ તેના આધારમાં પ્રમાણપત્ર આપવું જોઈએ કે તેણે ખરેખર કરેલ ખર્ચ માંગણી કરવામાં આવેલ ખર્ચ કરતાં ઓછો ન હતો. પ્રમાણપત્રમાં તેણે ખરેખર રેલવે, રસ્તા માર્ગે વગેરેથી અલગ અલગ લઈ જવાયેલ ઘરવખરીની વિગતો તેણે જણાવવી અને નિયંત્રણ અધિકારીએ આ વિગતોની ચકાસણી કરી જાતે ખાતરી કરશે કે માગણી વાજબી છે.

૧૦૦. **બદલી પર જતા સરકારી કર્મચારીનું વાહન લઈ જવા બાબત :** (૧) તેની કાર્યક્ષમતા માટે વાહનની માલિકી લાભદાયક હોય તેવી નવી જગા ઉપર હાજર જતા સરકારી કર્મચારી નિયમ-૧૦૨ મુજબ માલિકના જોખમે વાહન લઈ જવાનો ખર્ચ આકારી શકશે.

**સ્પષ્ટીકરણ :** કાર્યક્ષમતાના દૃષ્ટિબિંદુથી વાહનની માલિકી હિતાવહ છે તેવી જગાઓ નીચે પ્રમાણે છે :-

(૧) તાલુકા કે તે કરતા વધારે ક્ષેત્રફળમાં ફરજ માટે પ્રવાસ કરવાની આવશ્યક્તા રહેતી હોય તેવો વિસ્તાર, **અથવા**

(૨) જગા સાથે વાહન ભથ્થું અથવા કાયમી મુસાફરી ભથ્થું સંકળાયેલ હોય, **અને**

(૩) જગાના ધારક સરકારી કર્મચારીએ પોતાની ફરજોની બજવણીમાં વાહન વાપરવાનું સરકારને જાહેર હિતમાં જણાતું હોય તેવી અન્ય કોઈ જગા.

**નોંધ :** કાર્યક્ષમતાની દૃષ્ટિએ વાહનની માલિકી હિતાવહ હોય તેવી જગા ધરાવતા સરકારી કર્મચારીની બીજી એવી જગા ઉપર બદલી થાય જ્યાં આવી માલિકી હિતાવહ ન હોય અને ત્યારબાદ ચાર માસથી વધુ નહિ એટલા સમયમાં કાર્યક્ષમતાની દૃષ્ટિએ વાહનની માલિકી હિતાવહ હોય તેવી જગા ઉપર ફરી બદલી થાય અને જો તેના પ્રથમ મથકેથી છેલ્લા મથક સુધી આ પેટા-નિયમની શરતો પરિપૂર્ણ થતી હોય તો, તે વાહનના પરિવહનનો ખર્ચ આકારી શકશે, પરંતુ તેણે પ્રમાણપત્ર આપવું જોઈશે કે તે પ્રથમ મથકે હતો ત્યારથી વાહનની માલિકી ધરાવે છે.

(૨) સરકારી કર્મચારીના પોતાના વાહનના પરિવહન ખર્ચની માગણી એ મતલબના પ્રમાણપત્ર પર આધારિત હોવી જોઈએ કે તેણે આકારેલ ખર્ચ કરતાં ખરેખર કરેલ ખર્ચ ઓછો ન હતો. પરિવહન કરવામાં આવેલ વાહનની વિગતોને પ્રમાણપત્ર દર્શાવતું હોવું જોઈએ.

(૩) બદલી પ્રસંગે સરકારના ખર્ચે વાહનના પરિવહન કરવા માટેનું ધોરણ નીચે મુજબ રહેશે :-

| **પગાર શ્રેણી** | **ધોરણ** |
|---|---|
| રૂ. ૬૫૦૦ અને તેથી વધુ | એક મોટરકાર અથવા એક મોટર સાયકલ / સ્કુટર |
| રૂ. ૬૫૦૦ થી ઓછા | એક મોટર સાયકલ / સ્કુટર / મોપેડ અથવા એક બાઈસીકલ |

૧૦૧. **શોફર અથવા ક્લીનરનો પ્રવાસ :** જે સ્ટેશનથી જે સ્ટેશન સુધી રેલવે દ્વારા મોટરકાર ખરેખર લઈ જવામાં આવે ત્યારે તે સ્થળો વચ્ચેનું ટૂંકામાં ટૂંકા અંતરનું બીજા વર્ગનું રેલવે ભાડું. કર્મચારી પોતાના શોફર અથવા ક્લીનર માટે અધિકારી આકારી શકશે, પરંતુ સંબંધિત અધિકારીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે કે શોફર કે ક્લીનરને

ખરેખર શોફર કે ક્લીનર તરીકે નોકરીમાં રાખવામાં આવ્યો હતો અને નહિ કે તેમના ઘરગથ્થુ નોકર તરીકે; અને જે રેલવે રસ્તે તેની મોટરકારનો પરિવહન ખર્ચ આકારેલ છે, તે રેલવે રસ્તે તેણે રેલવે દ્વારા મુસાફરી કરેલ હતી. જે રેલવે ટ્રેન દ્વારા મોટરકારનું પરિવહન કરવામાં આવ્યું હોય તે જ ટ્રેનમાં શોફર કે ક્લીનરે મુસાફરી કરવાનું આવશ્યક નથી.

**૧૦૨. રેલવે દ્વારા વાહનના પરિવહનના ખર્ચની ભરપાઈ :** (૧) સરકારી ખર્ચે રેલવે દ્વારા પોતાની મોટરકાર કે મોટર સાયકલ લઈ જવા અધિકૃત સરકારી કર્મચારીઓ પોતાના વિકલ્પે તે પેસેન્જર ટ્રેન દ્વારા અથવા ગુડઝ ટ્રેઈન દ્વારા રેલવેના જોખમે લઈ જઈ શકે છે. પ્રથમ વિકલ્પના કિસ્સામાં રેલવે નૂરનો થયેલ ખર્ચ તે આકારી શકશે, જ્યારે પાછળના કિસ્સામાં એટલે કે જ્યારે વાહન ગુડઝ ટ્રેઈન દ્વારા લઈ જવામાં આવે ત્યારે રેલવેના નૂર ઉપરાંત તે વાહનને પેક કરવાના ખર્ચ ઉપરાંત પેક કરેલ વાહનને પ્રસ્થાન અને આગમનના સ્ટેશનોના ગુડઝ શેડ સુધી લઈ જવા લાવવાનો ખર્ચ સરકારી કર્મચારી એ શરતે આકારી શકશે કે આવું વાહન પેસેન્જર ટ્રેન દ્વારા લઈ જતાં ચૂકવવાપાત્ર થતાં નૂર કરતાં કુલ ખર્ચ વધશે નહિ.

(૨) જે મથકેથી સરકારી કર્મચારીની બદલી કરવામાં આવી હોય તે મથક સિવાયના અન્ય મથકે રાખેલ હોય તેવું વાહન જ્યાં રાખવામાં આવેલ હોય તે મથકેથી તેની જે સ્થળે બદલી કરવામાં આવી હોય તે મથકે લઈ જવાનો ખર્ચ આકારી શકશે, પરંતુ આ રીતે મળવાપાત્ર રકમ જો તે વાહન જૂના મથકેથી નવા મથક સુધી સીધું જ લઈ જવામાં આવ્યું હોત તો જે રકમ મળવાપાત્ર થાત તે રકમ કરતાં વધવી જોઈએ નહિ અને વધુમાં અધિકારીની બદલી કરવામાં આવી હોય તે પહેલાં અથવા પછી વાજબી મુદ્દતની અંદર વાહનનું નવા મથકે ખરેખર પરિવહન કરવામાં આવ્યું હોય.

**૧૦૩. વાહનને પોતે જ હંકારી કે ટ્રકમાં લાદીને તેનું પરિવહન કરવા બાબત :** (૧) સરકારી કર્મચારીને જ્યારે પોતાની મોટરકાર કે મોટર સાયકલનો સરકારી ખર્ચે પરિવહન કરવાનો અધિકાર હોય અને તેનું પરિવહન રેલવે દ્વારા સંકળાયેલ સ્થળો વચ્ચેના રસ્તે હંકારીને કે ટ્રકમાં લાદીને કરે તો વાહનને પેસેન્જર ટ્રેન દ્વારા પરિવહન કરતાં જે ખર્ચ ચૂકવવાપાત્ર થાત તે રકમની મર્યાદામાં તે અંગેનો ખર્ચ આકારવા તે હકદાર થશે.

(૨) સરકારી કર્મચારીને પોતાની કાર કે મોટર સાયકલનો સરકારી ખર્ચે પરિવહન કરવાનો અધિકાર હોય અને જો તેનું પરિવહન રેલવે દ્વારા નહિ સંકળાયેલા સ્થળો વચ્ચે રસ્તા દ્વારા પોતે હંકારીને કે ટ્રકમાં લાદીને કરે તો તે નિયમ-૧૦૪ માં નિયત કરાયેલ દરોથી પરિવહન ખર્ચ આકારવા હકદાર થશે.

**નોંધ :** હંકારીને પરિવહન કરવામાં આવેલા વાહનમાં સરકારી કર્મચારી મુસાફરી ન કરે તો તે પોતાને માટે અલગ રેલવે / હવાઈ ભાડાનો હકદાર બનશે અથવા તેને પોતાને માટે અલગ રોડ માઈલેજ મળી શકશે. આમ છતાં, સરકારી કર્મચારી પોતાની મોટરકાર દ્વારા પ્રવાસ કરે ત્યારે તેને અલગ રેલવે / હવાઈ ભાડુ કે રોડ માઈલેજ ભથ્થું મળશે નહિ. હંકારીને પરિવહન કરાયેલા વાહનનો ઉપયોગ કર્યા સિવાય અન્યથા પ્રવાસ કરનાર તેના પરિવારના સભ્યોને પ્રમાણસર માઈલેજ ભથ્થું મળવાપાત્ર છે.

**૧૦૪. રસ્તા માર્ગે વાહનના પરિવહન માટેના દરો :** બદલી અંગે સરકારી કર્મચારી પોતે અને તેના પરિવારના સભ્યો જો તેની સાથે મુસાફરી કરે અને તેમને માટે મુસાફરી ભથ્થું આકારવામાં આવ્યું હોય અને આવા પરિવહન કરવામાં આવેલા વાહન દ્વારા મુસાફરી કરેલી ન હોય અને વધુમાં વાહનને પેસેન્જર ટ્રેન દ્વારા પરિવહન કરતાં થતા ચૂકવવાપાત્ર પરિવહન ખર્ચ કરતાં આવા કુલ ભથ્થાંની રકમ વધે નહિ તે શરતોએ, રસ્તા માર્ગે વાહનના પરિવહન માટે નીચેના દરોએ ભથ્થું મળવાપાત્ર થશે :-

| | |
|---|---|
| પેટ્રોલ સંચાલિત મોટરકાર | પ્રતિ કીલોમીટરે ૪૦૦ પૈસા |
| ડીઝલ સંચાલિત મોટરકાર, જીપ, સ્ટેશન વેગન | પ્રતિ કીલોમીટરે ૨૦૦ પૈસા |
| (દ્વિચક્રી વાહન) મોટર સાયકલ / સ્કુટર | પ્રતિ કીલોમીટરે ૧૦૦ પૈસા |

**૧૦૫. બદલી અંગે સરકારી કર્મચારીને મળતું વધારાનું ભાડુ :** નવી નિમણૂકના સ્થળે સરકારી રહેઠાણના આવાસ ઉપલબ્ધતાના અભાવે સરકારી કર્મચારીએ તેના પરિવારને મૂળ નિમણૂકના સ્થળે રાખીને જવું પડે, તો સામાન્ય બદલી મુસાફરી ભથ્થાંના હક ઉપરાંત તેને તેના મૂળ નિમણૂકની સ્થળે જવા તથા આવવા એમ બંને મુસાફરી માટે અધિકૃત વર્ગનું વધારાનું ભાડું મળવાપાત્ર થશે.

**નોંધ-૧ :** સરકારી રહેઠાણના આવાસની સવલત પ્રાપ્ય હોય પરંતુ અધિકારી તેને નીચલા દરજ્જાને લાયક હોવાના કારણે અથવા અન્ય કારણના આધારે તેનો અસ્વીકાર કરે ત્યારે તેને સરકારી રહેઠાણના આવાસની સવલત આપવામાં આવેલ છે પરંતુ તેણે તેનો ઈન્કાર કર્યો હોઈ, આ નિયમ હેઠળ, તે વધારાના ભાડા માટે હકદાર થશે નહિ.

**નોંધ-૨ :** આવાસની ખરેખર ફાળવણી થતાં પહેલાં સરકારી કર્મચારી પરિવાર લઈ આવે અને તે માટે બદલી મુસાફરી ભથ્થું આકારે તો આ નિયમ હેઠળ તે વધારાના ભાડા માટે હકદાર નથી.

## પ્રકરણ-૯

## અન્ય મુસાફરીઓ

**૧૦૬. નિવૃત્તિ સમયે મળવાપાત્ર મુસાફરી ભથ્થાં :** નિવૃત્ત થતા સરકારી કર્મચારીને નીચે મુજબ મુસાફરી ભથ્થાંના હકદાર થશે :-

(૧) વયનિવૃત્તિ પેન્શન (સ્વૈચ્છિક નિવૃત્તિ સહિતના) કે અશક્તતા અથવા રહેમિયત પેન્શન પર નિવૃત્ત થતા કાયમી સરકારી કર્મચારીને પોતાની ફરજના છેલ્લા સ્થળેથી તેના અને તેના પરિવારના સભ્યોના વતનના શહેર સુધીના પ્રવાસ માટે નીચે મુજબ મુસાફરી ભથ્થાં તેમજ તે સ્થળો વચ્ચે તેની ઘરવખરીનો સામાન લઈ જવાના ખર્ચના હકદાર થશે :-

(૧) તે જે તારીખે છેલ્લા ફરજ પર હતા તે તારીખે હકદાર હોય તે રેલવે અથવા સ્ટીમર / હવાઈ માર્ગે અધિકૃત વર્ગ દ્વારા પોતાના તથા પોતાના પરિવારના સભ્યો માટે થતા ખરેખર ભાડાં માટે.

(૨) માર્ગ દ્વારા મુસાફરી માટે પોતાના અને કુટુંબના એક સભ્ય માટે એક જ માઈલેજ ભથ્થું, જો તેના કુટુંબના બે સભ્યો મુસાફરી કરે ત્યારે બે માઈલેજ ભથ્થાં અને જો બે કરતાં વધુ સભ્યો મુસાફરી કરે તો ત્રણ માઈલેજ ભથ્થાં, તેમને નિયમ-૫૨ હેઠળ છેલ્લી ફરજની તારીખે સરકારી કર્મચારીને લાગુ પડતા દરે.

(૩) નિયમો-૯૩ થી ૯૬ હેઠળ મળવાપાત્ર ધોરણના આધારે ઘરવખરીનો સામાન લઈ જવાનો ખરેખર ખર્ચ.

(૪) સરકારી કર્મચારી નિવૃત્તિ બાદ તેમના છેલ્લી ફરજના સ્થળેથી અન્ય સ્થળે કે જે ત્યાંથી વીસ કિ.મી. કે તેથી વધુ દૂર આવેલ હોય તે સ્થળે સ્થાયી થાય ત્યારે તેમના છેલ્લા માસિક મૂળ પગારના અડધા જેટલી રકમનું સમાન સંયોજીત (કોમ્પોઝીટ) બદલી ભથ્થું. જો સરકારી કર્મચારી નિવૃત્તિ વેળાએ વીસ કિ.મી. કરતાં ઓછા અંતરની અંદર સ્થાયી થાય ત્યારે તેના છેલ્લા માસિક મૂળ પગારના ૧/૪ જેટલી રકમ સમાન સંયોજીત બદલી ભથ્થાં તરીકે તેને ચૂકવી શકાશે, પરંતુ એ શરતે કે તેણે રહેઠાણ ત્યાં ખરેખર બદલ્યું હોય.

(૫) તેની છેલ્લી નોકરીના ફરજના સ્થળે વાહનની માલિકી જાહેર હિતમાં આવશ્યક હતી તેવી જરૂરિયાત ઉપર આગ્રહ રાખવા વિના સરકારી કર્મચારીને તેની નિવૃત્તિ વેળાએ તેના વાહનના પરિવહનનો ખર્ચ તેને નિયમ-૧૦૦ (૩) હેઠળ નિયત કરાયેલ દરે મજરે આપવામાં આવશે.

**નોંધ :** અંશતઃ મુસાફરી પ્રવાસના એક પ્રકારે અને અંશતઃ બીજા પ્રકારે કરેલ હોય ત્યારે અનુક્રમે સંબંધિત ખંડ (૧) અને (૨) હેઠળ લાગુ પડતા મળવાપાત્ર મુસાફરી ભથ્થું મળવાપાત્ર છે.

(૨) રજા પ્રવાસના છૂટછાટના હેતુ માટે જાહેર કરેલ પોતાના વતન નજીકમાંથી નજીકના ટૂંકામાં ટૂંકા સ્થળ સુધી સરકારી કર્મચારીને તેની ફરજ પરના છેલ્લા સ્થળેથી પેટા-નિયમ (૧) હેઠળ મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે. જો વતનનું સ્થળ સરકારી કર્મચારીએ જાહેર કરેલ ન હોય તો તેની સેવાપોથીમાં અથવા તેની નોકરીના અન્ય રેકર્ડમાં નોંધાયેલ સ્થળને તેના વતન તરીકે ગણવામાં આવશે.

(૩) સરકારી કર્મચારી પોતાના વતન સિવાયના અન્ય કોઈ સ્થળે સ્થાયી થવા માગતા હોય તો તેને આવા અન્ય સ્થળ સુધીનું મુસાફરી ભથ્થું પેટા-નિયમ (૧) મુજબ ચૂકવી શકાશે, પરંતુ એ શરતે કે તે પોતાના વતનમાં ગયા હોત અને તેને જે રકમ મળવાપાત્ર થઈ હોત તેટલી રકમ અથવા અન્ય સ્થળ તેમનું વતન હોત અને જે રકમ ચૂકવવાપાત્ર થાત તે રકમ, આ બંનેમાંથી જે ઓછી હોય તે રકમ, તેને મજરે મળવાપાત્ર થશે.

(૪) રાજીનામું આપી નોકરી છોડી જતા અથવા નોકરીમાંથી બરતરફ કે દૂર કરવામાં આવેલા સરકારી કર્મચારીને આ નિયમ હેઠળ મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે નહિ.

(૫) વર્કચાર્જડ મહેકમના કર્મચારીઓ સહિતના, વયનિવૃત્તિની વયે અથવા અશક્તતાને કારણે નિવૃત્ત થતા હોય અથવા કોઈપણ વૈકલ્પિક નોકરી આપ્યા વિના નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા હોય તેવા હંગામી સરકારી કર્મચારીઓને, જો તેઓએ તેમની નિવૃત્તિ / અશક્તતા વખતે સરકાર હેઠળ દસ વર્ષથી ઓછી નહિ એટલી કુલ નોકરી કરી હોય તો, તેઓને આ નિયમ હેઠળ મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે.

(૬) નીચેના સરકારી કર્મચારીઓને આ નિયમ હેઠળ મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે નહિ -

(ક) જેઓ પૂર્ણ સમયની નોકરીમાં ન હોય,

(ખ) જેઓને આકસ્મિક ખર્ચ (કન્ટીજન્સી) માંથી ચૂકવણી કરવામાં આવતી હોય, **અને**

(ગ) જેઓને કોન્ટ્રાક્ટના ધોરણે કામે રાખેલ હોય.

(૭) નિવૃત્તિની તારીખથી છ મહિનાની અંદર કોઈ અધિકારીને રાજ્ય સરકાર હેઠળ પુનર્નિયુક્ત કરવામાં આવેલ હોય ત્યારે તેમની પુનર્નિયુક્તિની મુદત પૂરી થયા બાદ છ માસની અંદર આ નિયમના પેટા-નિયમ (૧) હેઠળ મુસાફરી ભથ્થાં માટે પરવાનગી આપી શકાશે.

**૧૦૭. નિવૃત્તિ સમયે મુસાફરી ભથ્થાંની આકારણીનો વિકલ્પ :** (૧) નિવૃત્ત સરકારી કર્મચારીને નિવૃત્તિ મુસાફરી ભથ્થાંની માગણીના બદલામાં નીચેના વિકલ્પો રહેશે :-

(૧) કર્મચારીએ તેની નિવૃત્તિની તારીખ બાદ છ માસની અંદર ખરેખર મુસાફરી કરી હોય અને અંગત ઘરવખરી ખરેખર ખસેડેલ હોય તો તે અંગેનું મુસાફરી ભથ્થાં બિલ આકારવાનો.

**અથવા**

(૨) મુસાફરી ભથ્થાંના અવેજમાં આ નિયમ હેઠળ મળવાપાત્ર નીચે મુજબ ઉચ્ચક રકમનું મુસાફરી ભથ્થું આકારવાનો :-

(ક) પોતાના તથા પરિવારના સભ્ય માટે મુસાફરી કરવાને હક હોય તે વર્ગના રેલવે / વિમાનના ભાડાની રકમ.

(ખ) નિયમ-૯૨ હેઠળના ધોરણે મળવાપાત્ર સંયોજીત બદલી ભથ્થું.

(ગ) જાણે નિયમ-૯૩ હેઠળ નિયત કરાયેલ મહત્તમ વજનનો ઘરવખરીનો સામાન ગુડઝ ટ્રેન દ્વારા વતનના સ્થળે ખસેડ્યો હોય તેટલો પરિવહન ખર્ચ.

(૨) સરકારી કર્મચારી જ્યારે પેટા-નિયમ (૧) હેઠળ ઉચ્ચક મુસાફરી ભથ્થાંની રકમ આકારવાનો વિકલ્પ સ્વીકારે જ્યારે તે રકમની માગણી મૂકતી વખતે તેણે કરેલ મુસાફરી વગેરે બાબતનું પ્રમાણપત્ર રજૂ કરવાની આવશ્યક્તા રહેશે નહિ. આવી ઉચ્ચક મુસાફરી ભથ્થાંની રકમ તેને તેની નોકરીના છેલ્લા કામકાજના દિવસે ચૂકવવામાં આવશે.

(૩) પેટા-નિયમ (૧) હેઠળ ઉચ્ચક મુસાફરી ભથ્થાંની આકારણીના કિસ્સામાં, સરકારી કર્મચારીએ નિયંત્રણ અધિકારીને તે ઉચ્ચક રકમની આકારણીની તારીખથી છ માસમાં એ મતલબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે કે તેણે / તેણીએ ખરેખર મુસાફરી કરેલ છે અને ઉચ્ચક મુસાફરી ભથ્થાંના બિલમાં દર્શાવેલ માગણી મુજબ ઘરવખરીનો સામાન ખસેડ્યો છે.

**૧૦૮. નિવૃત્તિ વેળાએ વતનના સ્થળે જવાની મુસાફરી અંગેના મુસાફરી ભથ્થાં બિલો આકારવાની પદ્ધતિ :** નિવૃત્તિ વેળાએ નિયમ-૧૦૬ હેઠળ વતનના સ્થળે જવાની મુસાફરી અંગેના બિલોની આકારણી અને ચૂકવણી માટેની જોગવાઈઓ નીચે મુજબની રહેશે :-

(૧) આ નિયમ હેઠળ મળવાપાત્ર મુસાફરી ભથ્થાંની માગણીઓ બદલી મુસાફરી ભથ્થાંની માગણી મુજબના મુસાફરી ભથ્થાં બિલ મુજબના નમૂનામાં આકારવાની રહેશે તેમજ નિવૃત્તિ પહેલાં જે સરકારી કર્મચારીઓ પોતે જ પોતાના નિયંત્રણ અધિકારીઓ હોય તેઓની માગણી પર તરતના ઉપરી વહીવટી અધિકારીની સામી સહી લેવી પડશે.

(૨) નિયમ-૧૦૬ હેઠળ મળવાપાત્ર પ્રવાસ ભથ્થાંની ચૂકવણી કરતાં પહેલાં અથવા નિયમ-૧૦૭ હેઠળ ઉચ્ચક મુસાફરી ભથ્થાંની રકમની ચૂકવણી કર્યા બાદ પ્રતિહસ્તાક્ષર કરનાર અધિકારીને શક્ય તેટલો સંતોષ થવો જોઈએ કે માગણી રજૂ કરનાર અને તેના પરિવારના સભ્યોએ તેના વતન અથવા જે અન્ય સ્થળે સ્થાયી થવા ગયા હોય તે સ્થળની મુસાફરી ખરેખર કરી છે. દા.ત. તેમના અંગત માલસામાનની, વાહન વગેરેની હેરફેર સંબંધિત રેલવેના મૂળ વાઉચર રજૂ કરાવવાં.

(૩) છેલ્લા પગારનું પ્રમાણપત્ર આપ્યા પછી પણ નિયમ-૧૦૬ હેઠળના મુસાફરી ભથ્થાંની ચૂકવણી અંગેની માગણીઓ તિજોરી અધિકારી અથવા પગાર અને હિસાબી અધિકારી કરી શકશે.

**૧૦૯. ફરજના છેલ્લા સ્થળે જ નિવૃત્તિ બાદ સ્થાયી થવા માટેનું મુસાફરી ભથ્થું :** નિવૃત્તિ સમયે સરકારી કર્મચારી તેમના છેલ્લા ફરજના સ્થળે જ કાયમી ધોરણે સ્થાયી થવા ઈચ્છે તો અને નિવૃત્તિને કારણે તેમને રહેઠાણનું સ્થળ બદલવાનું આવશ્યક હોય તો નીચે દર્શાવેલ મર્યાદામાં મુસાફરી ભથ્થાં માટે હકદાર બનશે :-

(૧) જૂના રહેઠાણના સ્થળેથી નવા રહેઠાણના સ્થળ વચ્ચે રસ્તાની મુસાફરી માટે પોતાના માટે એક રોડ માઈલેજ ભથ્થું તથા તેના પરિવારના દરેક સભ્ય માટે નિયમ-૫૨ હેઠળના ધોરણે મળવાપાત્ર એક વધારાનું રોડ માઈલેજ ભથ્થું.

(૨) નિયમો-૯૩ થી ૯૫ હેઠળ મળવાપાત્ર સંયોજીત મુસાફરી ભથ્થાંની રકમ સિવાયની રકમથી વધુ ન હોય તેટલા ઘરવખરીના સરસામાનના હેરફેર અંગેનો ખરેખર થયેલ ખર્ચ.

(૩) જ્યારે પોતાના વાહનમાં પોતે તથા પરિવારના સભ્યોએ મુસાફરી કરી હોય અને પેટા-નિયમ (૧) મુજબનું ભથ્થું મળવાપાત્ર ન હોય, ત્યારે નિયમ-૧૦૪ હેઠળ વાહનની હેરફેર માટેનું ભથ્થું મળવાપાત્ર થશે. જો તેઓ અન્યથા મુસાફરી કરે તો તે મળવાપાત્ર થશે.

**નોંધ-૧ :** અન્ય કોઈ મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે નહિ.

**નોંધ-૨ :** મુસાફરી ભથ્થાંની પાત્રતા નિયમ-૧૦૬ હેઠળ નિયત કરવામાં આવેલી અન્ય શરતોને અધીન રહેશે.

**નોંધ-૩ :** ''ફરજનું છેલ્લું સ્થળ'' એ શબ્દનો અર્થ, નગરપાલિકા અથવા મહાનગરપાલિકાના વિસ્તારમાં આવતા એ બધા ગ્રામ્ય સમૂહો સહિતના ક્ષેત્રો અને સ્થળો જ્યાં સરકારી કર્મચારીને તેની નિવૃત્તિની તરત પહેલાંની નોકરીની જગા તેમ થશે.

**૧૧૦. નોકરીમાં હોય તે દરમ્યાન અવસાન પામેલા સરકારી કર્મચારીના પરિવારના સભ્યોએ કરેલો પ્રવાસ :** (૧) નોકરી દરમ્યાન અવસાન પામેલા સરકારી કર્મચારીના પરિવારના સભ્યો જો તેના અવસાન પછી છ માસ સુધીમાં પ્રવાસ પૂરો કરે તો નીચેનાં ભથ્થાં મેળવી શકશે :-

(૧) અવસાન પામેલ કર્મચારી રેલવે, રસ્તા માર્ગે અથવા નદી માર્ગના પ્રવાસ માટે તેની ફરજના છેલ્લા સ્થળે જે વર્ગની સગવડ માટે પોતે તથા પરિવારના દરેક સભ્ય હકદાર હતા તે વર્ગથી રેલવે માર્ગે, રસ્તા માર્ગે અથવા નદીના માર્ગે કરેલ મુસાફરી માટેનું ખરેખર ભાડું.

(૨) નિયમો-૯૩ થી ૯૬ હેઠળના મળવાપાત્ર ધોરણે અંગત ઘરવખરીનો સામાન પરિવહન કરવાનું થયેલ ખરેખર ખર્ચ.

(૩) સરકારી કર્મચારીને છેલ્લે ફરજની તારીખે લાગુ પડતા દરેથી નિયમ-૫૨ હેઠળ રસ્તા માર્ગે માલિકીના / ઉછીના કે ભાડે લીધેલા વાહન દ્વારા કરવામાં આવેલ મુસાફરી માટે, પરિવારના એક સભ્ય માટે એક માઈલેજ ભથ્થું, પરિવારના બે સભ્યોના પ્રવાસ માટે વધારાનું બીજું એક મુસાફરી ભથ્થું તથા પરિવારના બે થી વધુ સભ્યોના પ્રવાસ માટે ત્રીજું એક માઈલેજ ભથ્થું.

(૪) કર્મચારીના અવસાન પહેલાં તેની ફરજ પરના આકારેલ છેલ્લા પગારના આધારે નિયમ-૯૨ માં દર્શાવેલ ધોરણ હેઠળ સંયોજીત બદલી ભથ્થું.

**નોંધ :** અંશતઃ પ્રવાસ એક પ્રકારે અને અંશતઃ અન્ય પ્રકારે કરેલ હોય ત્યારે અનુક્રમે સંબંધિત ખંડ (૧) અને (૩) હેઠળ લાગુ પડતું મુસાફરી ભથ્થું મળવાપાત્ર બનશે.

(૨) સરકારી કર્મચારીએ રજા પ્રવાસ અંગેની છૂટછાટના હેતુ માટે વતનના સ્થળ તરીકે જે જાહેર કરેલ હોય તે તેના ફરજના સ્થળેથી વતનના સ્થળે જવાના ટૂંકામાં ટૂંકા માર્ગનું મુસાફરી ભથ્થું તેને પેટા-નિયમ (૧) હેઠળ મળવાપાત્ર થશે. વતનનું સ્થળ આ રીતે જાહેર કરેલ ન હોઈ તેની નોંધ કરવામાં આવી ન હોય, તો તેની સેવાપોથીમાં કે અન્ય સેવા રેકર્ડમાં નોંધવામાં આવેલ સ્થળને વતનના સ્થળ તરીકે ગણવામાં આવશે.

(૩) સરકારી કર્મચારીના અવસાન સમયે તેના પરિવારનો સભ્ય સરકારી કર્મચારીના છેલ્લા મુખ્ય મથક સિવાયના અન્ય મથકે હોય અથવા મુખ્ય મથકે હોય પણ પેટા-નિયમ (૨) માં દર્શાવેલ સ્થળ સિવાયના અન્ય સ્થળે જાય, ત્યારે આવા સભ્યને રેલવે, રસ્તા માર્ગે કે સ્ટીમરથી કરેલ પ્રવાસના ખરેખર અંતર માટેનું ખરેખર ભાડું તેમજ સરકારી કર્મચારીના અવસાન સમયે જે સ્થળે હોય તે સ્થળેથી તેણે ખરેખર પ્રવાસ કર્યો હોય તે સ્થળ સુધીનો અંગત ઘરવખરીનો સામાન લઈ જવાનો ખર્ચ આકારી શકશે, પરંતુ જો આવા સભ્યે સરકારી કર્મચારીના મુખ્ય મથકેથી પેટા-નિયમ (૨) મુજબના રહેઠાણના સામાન્ય સ્થળ સુધી મુસાફરી કરી હોત અને ઠરાવેલી મર્યાદામાં જે કુલ માઈલેજ ભથ્થું અને અંગત ઘરવખરીનો સામાન લઈ જવાનો ખર્ચ મળવાપાત્ર થયો હોત, તેના કરતા માગવામાં આવેલો કુલ ખર્ચ વધવો જોઈએ નહિ.

(૪) આ નિયમની પૂર્વવર્તી જોગવાઈઓ નીચેના કિસ્સામાં લાગુ પડશે નહિ -

(ક) કરારથી કામે રાખેલા અને સરકારની પૂર્ણકાલીન નોકરીમાં ન હોય તેવા સરકારી કર્મચારીઓને.

(ખ) આકસ્મિક ખર્ચમાંથી જેમનો પગાર ચૂકવાતો હોય તેવા સરકારી કર્મચારીઓને.

(ગ) પુનર્નિયુક્ત નિવૃત્ત સરકારી કર્મચારીઓને.

(ઘ) ત્રણ વર્ષની સતત નોકરી બજાવી ન હોય તેવા હંગામી સરકારી કર્મચારીઓને.

(૫) (ક) અવસાન પામેલા સરકારી કર્મચારીના પરિવારને મુસાફરી ભથ્થાંની રકમ નીચે દર્શાવેલ અગ્રતાક્રમમાં ચૂકવવામાં આવશે :-

(૧) અવસાન પામેલ સરકારી કર્મચારી જો પુરૂષ અધિકારી હોય તો પાછળ રહેલ હયાત વિધવાને અથવા જો એક કરતાં વધારે વિધવા હોય (સગીર ન હોય તેવી) તો તેમાંથી જયેષ્ઠ વિધવાને અથવા અવસાન પામેલ સરકારી કર્મચારી જો મહિલા અધિકારી હોય, તો તેના પતિને.

(૨) અવસાન પામેલ સરકારી કર્મચારીના જયેષ્ઠ હયાત (આશ્રિત) બાળકને, જો તેણે પુખ્ત વય પ્રાપ્ત કરી હોય તો.

(૩) કચેરીના વડા અધિકારીના મતે સગીર (રો) વતી ચૂકવણી મેળવવા માટે યોગ્ય વ્યક્તિને, પરંતુ જો તે બે જામીનદારોની યોગ્ય સહી સાથે અન્ય આગામી દાવા સામે સરકારને ખત લખી આપે તેને અધીન રહીને, પરંતુ જ્યારે આ ચૂકવણી કાયદેસરના વાલીને કરવામાં આવી હોય તો આવું ખત જતું કરી શકાશે.

(ખ) અવસાન પામેલ સરકારી કર્મચારીએ છેલ્લે જે અધિકારી નીચે નોકરી કરી હોય તે કચેરીના વડા, મુસાફરી ભથ્થાં બિલથી રકમ આકારી શકશે.

**૧૧૧. રજા ઉપર જતાં કે રજા ઉપરથી પાછા ફરતાં કરેલ પ્રવાસ :** (૧) આ નિયમોમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, રજા દરમ્યાન અથવા રજા ઉપર જતાં કે રજા ઉપરથી પાછા ફરતાં કરવામાં આવેલા પ્રવાસ માટે સરકારી કર્મચારી કોઈ મુસાફરી ભથ્થું મેળવવા હકદાર થશે નહિ.

(૨) સરકાર ખાસ કારણોસર કોઈપણ સરકારી કર્મચારીને નિયમ-૧૧૫ માં દર્શાવેલ પ્રકારના પ્રવાસ માટે ફેરણી (ટૂર) પરના પ્રવાસ તરીકે મુસાફરી ભથ્થું આકારવા પરવાનગી આપી શકશે.

**નોંધ :** અન્યથા મળવાપાત્ર થતું હોય તેવું રજા ઉપર ગયેલા સરકારી કર્મચારીના મુસાફરી ભથ્થાંનું નિયમન તે રજા ઉપર જતા પહેલાં તે જે જગા ધરાવતા હોય તે જગાના પગાર તથા કક્ષા મુજબ કરવામાં આવશે.

(૩) મુલ્કી સેવામાં રહેલા લશ્કરી અધિકારી તબીબી પ્રમાણપત્રના આધારે રજા પર ઉતરે અથવા રજા પરથી પાછા ફરે ત્યારે ખાતાના વોરન્ટ અધિકારી હોવાના કારણે તેને લશ્કરી સેવામાં જે સવલતો મળી હોત તે જ સવલતો માટે હકદાર છે.

**૧૧૨. રજા અથવા ફરજમોકૂફી દરમ્યાન પ્રવાસ :** (૧) કોઈ સરકારી કર્મચારી રજા દરમ્યાન યોગ્ય અધિકાર હેઠળ અને જાહેર હિતમાં પ્રવાસ કરે ત્યારે તે ફેરણી (ટૂર) પરના પ્રવાસ તરીકે મુસાફરી ભથ્થું આકારી શકશે. પરંતુ જો તે પ્રવાસ ગુજરાત રાજ્યની હદની બહાર વિસ્તરાયેલ હોય તો તેવા પ્રવાસ માટે સરકારની પૂર્વમંજૂરી આવશ્યક બનશે.

(૨) ફરજમોકૂફી હેઠળ હોય તેવા સરકારી કર્મચારીએ સ્પષ્ટપણે વિનંતી કરી હોય તે સિવાય તેમના મુખ્ય મથક સિવાયના અન્ય મથકે તેમની તપાસ ચાલતી હોય, ત્યારે તે કર્મચારીએ ફરજમોકૂફી હેઠળના સમય દરમ્યાન તપાસ અધિકારી સમક્ષ હાજરી આપવા માટે કરેલા પ્રવાસ માટે ફેરણી પરના પ્રવાસ અંગેનું મુસાફરી ભથ્થાંના હકદાર થશે.

**નોંધ :** આવા સરકારી કર્મચારીને મુસાફરી ભથ્થું અન્યથા મળવાપાત્ર થતું હોય તો તેનું નિયમન, તે ફરજમોકૂફી પહેલાં જે જગા ધરાવતા હોય તે જગાના પગાર અને કક્ષા મુજબ કરવામાં આવશે.

**૧૧૩. રજા પરના સરકારી કર્મચારીને ફરજ પર ફરજિયાત પરત બોલાવવામાં આવે ત્યારે મળવાપાત્ર મુસાફરી ભથ્થું :** (૧) રજા પૂરી થતાં પહેલાં સરકારી કર્મચારીને ફરજિયાત તેની ફરજ પર પરત બોલાવવામાં આવે અને તે કારણે ટૂંકાવેલ રજા એક માસથી ઓછી થતી ન હોય, ત્યારે તેને જે સ્થળે પાછા ફરવાનો હુકમ મળે તે સ્થળેથી જે સ્થળે તેને પાછો બોલાવવામાં આવ્યો હોય ત્યાં સુધીનું પ્રવાસ માટેનું માઈલેજ ભથ્થું આકારવા તે હકદાર થાય છે. ટૂંકાવેલી રજાનો સમયગાળો એક માસ કરતાં ઓછો હોય તો માઈલેજ ભથ્થું આપવું કે નહિ તેનો નિર્ણય સરકારી કર્મચારીને પરત બોલાવનાર અધિકારી કરશે.

(૨) જો ઉપરના સંજોગોમાં તેની બદલી કરવામાં આવે તો નિયમ-૮૫ હેઠળ તેને અને તેના પરિવારને જે મુસાફરી ભથ્થું મળવાપાત્ર થતું હોય તેને બદલે પેટા-નિયમ (૧) માં ઠરાવેલા સ્થળેથી નવા સ્થળ સુધીનું માઈલેજ ભથ્થું આકારવાનો તેને વિકલ્પ રહેશે.

**૧૧૪. બિનસરકારી સંસ્થાઓની બેઠકોમાં હાજરી આપવા માટે પ્રવાસ :** સરકારી કર્મચારી જ્યારે પોતાની સત્તાવાર હેસિયતથી, બોર્ડ, નિગમ, મહાનગરપાલિકા કે એવી અન્ય બિન-સરકારી સંસ્થાઓની બેઠક કે સમારંભમાં હાજરી આપવા પ્રવાસ કરે ત્યારે તેવી હાજરી માટે મુસાફરી ભથ્થાંનું નિયમન નીચે પ્રમાણે કરવામાં આવશે :-

સરકારી કર્મચારી કાં તો સંબંધિત બિન-સરકારી સંસ્થા પાસે મુસાફરી ભથ્થાંની માગણી મૂકશે, **અને**

(૧) તે સંસ્થા પાસેથી મેળવેલ પ્રવાસ ભથ્થું પોતાની પાસે રાખી લેશે અને તેવા કિસ્સામાં સરકાર પાસેથી મુસાફરી ભથ્થાંની માગણી કરશે નહિ; **અથવા**

(૨) નિયમ હેઠળ મળવાપાત્ર મુસાફરી ભથ્થું સરકાર પાસેથી મેળવી બિનસરકારી સંબંધિત સંસ્થા પાસેથી મેળવેલ મુસાફરી ભથ્થાંની રકમ અંદાજપત્રના સંબંધિત સદર હેઠળ સરકારમાં જમા કરાવશે.

**૧૧૫. રજા/ફરજમોકૂફી દરમ્યાન દસ્તાવેજો વગેરેની તપાસણી માટે કરેલ પ્રવાસ :** રાજ્યેતર સેવામાં હોય તે સહિતના ફરજ પર, રજા પર કે ફરજમોકૂફી હેઠળ હોય તેવા સરકારી કર્મચારી મૂકાયેલ તહોમત અંગે તેની વિરૂદ્ધ બચાવનામું તૈયાર કરવા માટે સંબંધિત દફતરોના અવલોકન માટે તેના મુખ્ય મથક સિવાયના અન્ય સ્થળે જવા પ્રવાસ કરે ત્યારે નીચેની શરતોએ તે પ્રવાસ ભથ્થાંના હકદાર થશે :-

(૧) સરકારી રેકર્ડનું અવલોકન સુસંગત અને આવશ્યક હોવાનું તપાસ અધિકારી પ્રમાણપત્ર આપે ત્યારે તેના બચાવના નિવેદનની તૈયાર માટે.

(૨) સક્ષમ સત્તાધિકારી પ્રમાણપત્ર આપે કે મૂળ રેકર્ડો સરકારી કર્મચારીના મુખ્ય મથકે મોકલી શકાય કે તેની નકલો બનાવી મોકલી શકાય તેમ ન હતા.

(૩) સરકારી કર્મચારીની સ્પષ્ટતાપૂર્વકની વિનંતીના આધારે તપાસના મુખ્ય મથક સિવાયના અન્ય સ્થળે રાખવામાં આવી હોય અને સરકારી કર્મચારી જે ખાતાના વડાના વહીવટી નિયંત્રણ હેઠળ હોય તેણે મુસાફરી અંગે સંમતિ આપી હોય, તો શરત (૨) હેઠળ કોઈ પ્રમાણપત્ર આપવામાં આવશે નહિ.

**પરંતુ,** વધુમાં સરકારી કર્મચારી ત્રણ દિવસ કરતાં વધુ પ્રવાસ માટે કે બહારના સ્થળે રોકાણ માટે દૈનિક ભથ્થાંના હકદાર થશે નહિ.

**નોંધ :** સરકારી કર્મચારીએ ફરજમોકૂફી દરમ્યાન પ્રવાસ કર્યો હોય અને પાછળથી તેને નોકરીમાં પુનઃસ્થાપિત કરવામાં આવે, ત્યારે જવા તથા આવવા માટે મુસાફરીમાં ગાળેલ સમયને તથા તેને જે સ્થળે સરકારી રેકર્ડ ઉપલબ્ધ કરવામાં આવ્યાં હોય તે સ્થળ ઉપરના ન્યૂનતમ સમયના રોકાણને સક્ષમ સત્તાધિકારીએ ફરજમોકૂફીના નિયમન માટે કરેલા હુકમો હેઠળ ફરજ તરીકે, રજા તરીકે અથવા અન્યથા ગણવાના રહેશે.

**૧૧૬. સરકારી ફરજો બજાવતી વખતે ધ્યાનમાં આવેલ વિગતોનો પુરાવો આપવા માટેનો પ્રવાસ :** જેમાં સરકાર પક્ષકાર હોય તેવા ફોજદારી કિસ્સામાં કે કોર્ટ માર્શલ સમક્ષ કે દીવાની કિસ્સામાં અથવા ખાતાકીય તપાસ માટે યોગ્ય રીતે રચાયેલ સત્તામંડળ બોલાવે, ત્યારે સરકારી કર્મચારીને નીચેની જોગવાઈઓ લાગુ પડશે :-

(૧) અદાલતે કે જે અન્ય કોઈ સત્તાધિકારીએ બોલાવેલ હોય તેણે આપેલા હાજરીનું પ્રમાણપત્ર બિલ સાથે સામેલ રાખી તે ફરજ પરના પ્રવાસ તરીકે તે મુસાફરી ભથ્થું આકારી શકશે.

(૨) જ્યારે તે આવું મુસાફરી ભથ્થું આકારે ત્યારે અદાલત કે સત્તાધિકારી પાસેથી કોઈ ચૂકવણી સ્વીકારશે નહિ. અદાલતે પ્રવાસ અને સાક્ષીના નિર્વાહ ભથ્થાં માટે ચૂકવેલી કોઈપણ ફી સરકારમાં જમા કરાવી દેવી પડશે.

(૩) જે અદાલતમાં સાક્ષી આપવામાં આવી હોય તે અદાલત તેના મુખ્ય મથકેથી આઠ કિ.મી.માં આવેલ હોય અને તેથી તે અંગે પ્રવાસ મુસાફરી ભથ્થું મળવાપાત્ર ન હોય તો અને જો તેને કાયમી મુસાફરી ભથ્થું ન મળતું હોય તો તે અદાલતે ચૂકવેલ ખરેખર પ્રવાસ અંગેનો ખર્ચ સ્વીકારી શકે છે.

**પરંતુ** જે બાબત અંગે તેણે પુરાવો આપવાનો હોય તે હકીકતો તેની સરકારી ફરજો બજાવતી વખતે તેની જાણમાં આવેલ હોવી જોઈએ.

**નોંધ-૧ :** રજા પર કે ફરજમોકૂફી હેઠળ હોય ત્યારે પુરાવો આપવા માટે બોલાવેલા સરકારી કર્મચારીને ફરજ પર હોય તેમ જાણી જ્યાંથી તેને બોલાવવામાં આવ્યો હોય તે સ્થળેથી અને તે સ્થળ સુધીના પ્રવાસ માટે આ નિયમ હેઠળ મુસાફરી ભથ્થાં માટે હકદાર થશે.

**નોંધ-૨ :** આ નિયમમાં વર્ણવેલા હોય તે સિવાયના સંજોગોમાં અથવા તેમની અંગત હેસિયતથી અન્ય કોઈપણ હેતુ માટે જેવા કે જ્યુરર કે એસેસર તરીકે ફરજો બજાવવા માટે બોલાવવામાં આવેલા સરકારી કર્મચારી, તેમના સરકારી કર્મચારી તરીકેના હોદ્દાને કારણે અદાલતના નિયમો હેઠળ મળવાપાત્ર હોય તે સિવાયની બીજી કોઈ રકમ મેળવવા હકદાર નથી. જો અદાલત તેને નિર્વાહ ભથ્થાં કે વળતર ભથ્થાં તરીકે મુસાફરીના ખર્ચ સિવાયની કોઈપણ રકમ ચૂકવે તો ગેરહાજરીના દિવસ કે દિવસો માટેનો પૂરો પગાર આકારતાં અગાઉ તે રકમ તેણે સરકારમાં જમા કરાવવી પડશે.

**નોંધ-૩ :** તેમના સંબંધિત ખાતાના વડાની પરવાનગીથી જ્યુરર કે એસેસર તરીકે અદાલતમાં હાજર રહેવામાં સરકારી કર્મચારીએ ગાળેલી મુદ્દત ખાસ પરચૂરણ રજા તરીકે ગણવી પડશે, જે પરચૂરણ રજાના ખાતે ઉધારાશે નહિ, પરંતુ આવા સરકારી કર્મચારીઓએ રજા દરમ્યાન આપેલી આવી હાજરી માટે કોઈપણ વધારાની રજા તેઓને આપવામાં આવશે નહિ અથવા તેમની રજામાં આવી હાજરીથી અંતરાય આવેલો ગણાશે નહિ.

**૧૧૭. નિવૃત્ત સરકારી કર્મચારીને ખાતાકીય તપાસમાં હાજર રહેવા માટેનું પ્રવાસ ભથ્થું :** (૧) નિવૃત્ત સરકારી કર્મચારીને (તેણે રજા પ્રવાસની છૂટછાટના હેતુએ જાહેર કરવામાં આવેલા) તેના વતનના સ્થળેથી તપાસના સ્થળે જવા તથા ત્યાંથી પરત આવવા માટેના ટૂંકામાં ટૂંકા રસ્તા દ્વારા કરવામાં આવેલા નીચેના પ્રવાસો માટેનું પ્રવાસ ભથ્થું મળી શકશે :-

(૧) પોતાની વિરૂદ્ધની ખાતાકીય તપાસમાં હાજર રહેવા.

(૨) અન્ય સરકારી કર્મચારી વિરૂદ્ધની ખાતાકીય તપાસમાં બચાવના મદદનીશ તરીકે કાર્ય કરવા માટે.

(૩) કોઈ સરકારી કર્મચારી વિરૂદ્ધની ખાતાકીય તપાસમાં પુરાવો આપવા જવા માટે.

(૪) પોતાની વિરૂદ્ધની ખાતાકીય કાર્યવાહીમાં બચાવનામું તૈયાર કરવા સરકારી દફતરોના અવલોકન માટે.

(૫) પોતાની કે અન્ય કોઈ સરકારી કર્મચારી વિરૂદ્ધની ખાતાકીય કાર્યવાહી સંબંધે અદાલતોમાં હાજરી આપવા માટે.

વિકલ્પે, જો સરકારી કર્મચારીએ નિવૃત્તિ બાદ પોતાના વતનના સ્થળથી અન્ય સ્થળે પોતાનું રહેઠાણ રાખ્યું હોય તો તેવા કિસ્સાઓમાં તેઓ રહેઠાણના સ્થળેથી ખાતાકીય તપાસના સ્થળ સુધી જવાનું તથા ત્યાંથી પાછા ફરવાનું મુસાફરી ભથ્થું આકારી શકશે. રહેઠાણનું સ્થળ એટલે જ્યાંથી તેઓએ નિવૃત્તિ બાદ મળતું પ્રવાસ ભથ્થું મેળવ્યું હોય અથવા એવું સ્થળ (બેન્ક / તિજોરી) જ્યાંથી તેઓ પેન્શન મેળવતા હોય. આમ છતાં નિવૃત્ત સરકારી કર્મચારીને તેના ''વતનના સ્થળ'' થી અલગ સ્થળે અથવા રહેઠાણના સ્થળે સમન્સ મળ્યો હોય તો તે સ્થળેથી તપાસના સ્થળ સુધીની મુસાફરી માટે અને ''વતનના સ્થળ'' / રહેઠાણના સ્થળેથી તપાસના સ્થળ સુધીની મુસાફરી માટે એ બંને મુસાફરીઓ પૈકી ટૂંકામાં ટૂંકી મુસાફરીના મુસાફરી ભથ્થાંથી મર્યાદિત મુસાફરી ભથ્થાં માટે હકદાર ગણાશે.

(૨) નિવૃત્ત સરકારી કર્મચારી સંબંધિત સત્તાધિકારીને આવી હાજરીની આવશ્યક વિગતો પૂરી પાડે ત્યારે પોતાની વિરૂદ્ધની ખાતાકીય તપાસ અંગે પ્રવાસ કરેલ હોય તો જે કચેરીએથી તે નિવૃત્ત થયેલ હોય તે કચેરીએથી મુસાફરી ભથ્થાંનું બિલ આકારી શકશે, અન્યથા જે સરકારી કર્મચારી વિરૂદ્ધ ખાતાકીય કાર્યવાહી ચાલતી હોય તેની સંબંધિત કચેરીએથી કે જે અદાલતમાં કેસ ચાલતો હોય તે સંબંધિત અદાલતેથી મુસાફરી ભથ્થાંનું બિલ આકારી શકશે.

**નોંધ :** નિવૃત્તિની તુરત પૂર્વે સરકારી કર્મચારી જે પગાર મેળવતા હતા તે પગારના આધારે પાત્રતા અનુસાર મુસાફરી ભથ્થાંનું નિયમન કરવામાં આવશે.

**૧૧૮. પરીક્ષામાં હાજરી આપવા અંગેનો પ્રવાસ :** (૧) ખાતાકીય પરીક્ષા અથવા ભાષાની પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેના સ્થળે સરકારી કર્મચારીએ કરેલા પ્રવાસ માટેનું મુસાફરી ભથ્થું તેમજ કરેલા રોકાણો અંગેનું દૈનિક ભથ્થું નીચેની શરતોએ મળવાપાત્ર થશે :-

(૧) આ નિયમ હેઠળ કોઈ ચોક્કસ પરીક્ષા માટે મુસાફરી ભથ્થું બે કરતાં વધુ વખત આકારવું નહિ; **અને**

(૨) ખાતાના વડાના અભિપ્રાયે તે ઉમેદવારે -

(૧) ફરજિયાત પરીક્ષા માટે તૈયાર થવા માટેની તેની ફરજમાં ઘોર ઉપેક્ષા કરી હોય, **અથવા**

(૨) ફરજિયાત ન હોય તેવી પરીક્ષામાં નિપુણતાનું યોગ્ય ધોરણ ધરાવતો ન હોય,

- તો ખાતાના વડા આ નિયમ હેઠળ મુસાફરી ભથ્થું નામંજૂર કરી શકે છે.

(૩) પરીક્ષા લેવામાં આવી ન હોય ત્યારે જો સરકારી કર્મચારીને પરીક્ષા રદ થવા બાબતે ખબર આપવામાં આવી ન હોય અથવા તેવી ખબર, તે મુસાફરી શરૂ કરે તે અગાઉ તેને પહોંચી ન હોય, તો સરકારી કર્મચારીએ પરીક્ષાના સ્થળે જવા માટે કરેલ મુસાફરી માટે તે મુસાફરી ભથ્થું આકારી શકશે.

(૪) જે ઉમેદવારો નાપાસ થયા હોય અને મુસાફરી ભથ્થું મેળવવા માંગતા હોય તે પરીક્ષાનું સંચાલન કરતા અધિકારી પાસેથી તેની ચૂકવણી માટે પ્રમાણપત્ર રજૂ કરવાનું આવશ્યક બનશે.

(૫) કાયમી મુસાફરી ભથ્થું મેળવતા સરકારી કર્મચારી સંબંધે તેમણે આ નિયમ હેઠળ જેટલા દિવસ માટે દૈનિક ભથ્થું આકારવામાં આવેલ હોય તેના પ્રમાણમાં કાયમી મુસાફરી ભથ્થાંમાં ઘટાડો કરવો પડશે.

(૨) અન્યથા હકને પાત્ર હોય તો રજા ઉપર ગયેલા સરકારી કર્મચારીએ પરીક્ષામાં હાજરી આપવા માટે કરવામાં આવેલી મુસાફરી માટે તે જે જગાએ છેલ્લા ફરજ પર હતા તે સ્થળેથી અથવા પોતે જે સ્થળે રહેતા હોય તે સ્થળેથી કરેલ મુસાફરી માટે કરેલ ખર્ચ; આ બેમાંથી જે ઓછો ખર્ચ તેને મળવાપાત્ર થતો હોય તેટલું મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું પેટા-નિયમ (૧) મુજબ તે આકારી શકશે.

**૧૧૯. પ્રકીર્ણ પ્રવાસો :** સરકારી કર્મચારીએ કરેલી નીચેની મુસાફરીઓને ફરજ પર પ્રવાસ તરીકે ગણાવાપાત્ર છે :-

(૧) જાહેરાત આપવામાં આવી હોય તેવી જગા સાથે સંબંધ ન ધરાવતી જગા માટે ગુજરાત જાહેર સેવા આયોગ અથવા સરકાર અથવા ખાતાના કે કચેરીના વડાએ કે તેમની વિનંતીથી / મુલાકાત માટે બોલાવવામાં આવેલા સરકારી કર્મચારીઓને ફેરણી પરના પ્રવાસ ભથ્થાં તરીકે મુસાફરી ભથ્થું આકારવા છૂટ આપી શકાશે પણ આવા કિસ્સાઓમાં પ્રવાસમાં થતા રોકાણ અંગે દૈનિક ભથ્થું આપી શકાશે નહિ.

(૨) પોતાની સરકારી હેસિયતથી ફરિયાદ નોંધાવવા અથવા ગુના અંગેની માહિતી આપવા અંગે પોલીસ સ્ટેશને જતા સરકારી કર્મચારીને, પરંતુ પોલીસ અધિકારીએ પોતાની સમક્ષ પુરાવો આપવા બોલાવેલ સરકારી કર્મચારીને કોઈ મુસાફરી ભથ્થું મળવાપાત્ર નથી.

(૩) પોતાની સત્તાવાર ફરજ દરમ્યાન કરેલ કાર્યોના પરિણામે તેની વિરૂદ્ધ કરવામાં આવેલ દીવાની કે ફોજદારી કેસમાં સક્ષમ સત્તાધિકારીએ સરકારી ખર્ચે બચાવ કરવા નિર્ણય લીધો હોય તેવા કિસ્સામાં તહોમતનો જવાબ આપવાના હેતુ માટે સરકારી કર્મચારીએ કરેલા પ્રવાસ અંગેની મુસાફરી માટે.

(૪) પોતાની રજાની અરજીના સમર્થનમાં રજિસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટિશનરે તેને કાઢી આપેલા તબીબી પ્રમાણપત્ર ઉપર સરકારી તબીબી અધિકારીના પ્રતિહસ્તાક્ષર લેવા કોઈ સરકારી કર્મચારીને ફરજ પાડવામાં આવે અને સરકારના તબીબી અધિકારી તે કર્મચારીને રૂબરૂ મળવાનું આવશ્યક જણાવે તો તે અંગે અન્ય સ્થળે મુસાફરી કરવા માટે ફરજ પડે તો તેવી મુસાફરી માટે.

**નોંધ-૧ :** સરકારી કર્મચારીને તેની સમક્ષ હાજર થવાની આવશ્યકતા હતી એ મતલબનું સરકારી તબીબી અધિકારીનું પ્રમાણપત્ર મુસાફરી ભથ્થાંની માગણી સાથે સામેલ રાખવું.

**નોંધ-૨ :** સામાન્ય રીતે સૌથી નજીકના સરકારી તબીબી અધિકારી પાસેથી પ્રતિહસ્તાક્ષર મેળવવા જોઈએ.

**નોંધ-૩ :** રજા લંબાવવાની અરજીના સમર્થનમાં તબીબી પ્રમાણપત્ર મેળવવા કે તબીબી પ્રમાણપત્ર ઉપર પ્રતિહસ્તાક્ષર મેળવવા કરવામાં આવતા પ્રવાસ માટે મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે નહિ.

(૫) તબીબી પ્રમાણપત્રને આધારે મંજૂર કરેલી રજા ભોગવ્યા પછી ફરજ પર હાજર થવા માટે યોગ્ય જાહેર કરતા પ્રમાણપત્ર ઉપર તબીબી બોર્ડ કે અધિકારીના પ્રતિહસ્તાક્ષર મેળવવાની આવશ્યકતા કચેરીના વડાના હુકમ હેઠળ સરકારી કર્મચારીને જણાવવામાં આવે ત્યારે.

(૬) જે સરકારી કર્મચારીને જાહેર સેવાના હિતમાં અશક્તતા પેન્શન માટે અરજી કરવા તેની નિમણૂક કરનાર અધિકારીએ ફરમાવ્યું હોય ત્યારે તબીબી બોર્ડ અથવા તબીબી અધિકારી સમક્ષ તેવા કર્મચારીએ હાજર થવા માટે પ્રવાસ કરવો પડે ત્યારે.

**નોંધ :** મુસાફરી ભથ્થાંના બિલના સમર્થનમાં એ મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઈએ કે તેને જાહેર સેવાના હિતમાં અશક્તતા પેન્શન માટે અરજી કરવા ફરમાવવામાં આવ્યું હતુ, અને પોતે સ્વેચ્છાએ નિવૃત્ત થવા માગણી કરી ન હતી.

(૭) નોકરી કરવા અશક્ત ઠરાવવાની ભલામણ કરતા જે તબીબી અધિકારીના કે સ્થાયી તબીબી મંડળના અહેવાલ વિરૂદ્ધ તબીબી અપીલ મંડળને સરકારી કર્મચારીની અપીલ મોકલવામાં આવી હોય, તે મંડળનો ચૂકાદો કર્મચારીની તેની તરફેણમાં આવે તો મંડળ સમક્ષ હાજર થવા માટે કરેલા પ્રવાસ માટે.

**સૂચના-૧ :** તબીબી સલાહ જરૂરી હોય તેવા સરકારી કર્મચારીને જોખમમાં મૂક્યા સિવાય નિયંત્રણ અધિકારીની પૂર્વમંજૂરી મેળવી શકાતી હોય તો પેટા-નિયમો (૪), (૫) અને (૬) માં દર્શાવાયેલ પ્રવાસો આવી પરવાનગી વિના કરવા નહિ આ વિશેષાધિકારનો ગેરલાભ ઉઠાવવામાં આવતો નથી તેની નિયંત્રણ અધિકારીઓએ કાળજી રાખવી જોઈએ. અશક્ત સરકારી કર્મચારીની તેના મથકેથી ગેરહાજરી લંબાવવામાં આવી હોય તો તેને તબીબી પ્રમાણપત્રના આધારે રજા લેવા જણાવવું.

**સૂચના-૨ :** પેટા-નિયમો (૪) થી (૭) માં જોગવાઈઓ કરી હોય તે સિવાય તબીબી મંડળ કે અધિકારી સમક્ષ હાજર થવા માટે કરવામાં આવેલ પ્રવાસ માટે કોઈ મુસાફરી ભથ્થું મળવાપાત્ર નથી.

**સૂચના-૩ :** પેટા-નિયમો (૪) થી (૭) હેઠળ પ્રવાસ પરની મુસાફરી તરીકે મુસાફરી ભથ્થાંની ગણતરી કરવી પડશે, પરંતુ પ્રવાસો દરમ્યાન રોકાણ માટે દૈનિક ભથ્થું આકારી શકાશે નહિ.

## પ્રકરણ-૧૦

## મુસાફરી ભથ્થાં બિલો માટે ઉપાડ તથા નિયંત્રણ અધિકારીઓ

**૧૨૦. મુસાફરી ભથ્થાં બિલો ઉપર પ્રતિહસ્તાક્ષર :** કાયમી મુસાફરી ભથ્થાંના બિલ સિવાયના મુસાફરી ભથ્થાંના કોઈપણ બિલ ઉપર તે રજૂ કરનાર સરકારી કર્મચારીના નિયંત્રણ અધિકારીની સહી કે પ્રતિહસ્તાક્ષર ન હોય ત્યાં સુધી તેની ચૂકવણી થઈ શકશે નહિ.

**સૂચના :** મુસાફરી ભથ્થાંના બિલમાં ''પ્રવાસનો હેતુ'' એ શીર્ષક હેઠળના કોલમમાં ''તપાસણી'', ''દફ્તરોનું નિરીક્ષણ'', ''સ્થાનિક તપાસ'' વગેરે જાહેર હિતમાં પ્રવાસ કરવાની આવશ્યક્તા ઊભી થઈ હોય તેવી સરકારી ફરજોનો પ્રકાર સંક્ષિપ્તમાં પણ સ્પષ્ટતાપૂર્વક જણાવવામાં આવે તે નિયંત્રણ અધિકારીએ જોવું.

**૧૨૧. નિયંત્રણ અધિકારીઓ :** પોતાના તેમજ તેમના હાથ નીચેના મહેકમના મુસાફરી ભથ્થાં બિલો અંગે વર્ગ-૧ ના દરેક અધિકારીઓ નિયંત્રણ અધિકારી ગણાશે.

**૧૨૨. નિયંત્રણ અધિકારીની ફરજો અને અધિકાર :** મુસાફરી ભથ્થાંના બિલ પર પ્રતિહસ્તાક્ષર કરનાર નિયંત્રણ અધિકારીની ફરજો અને સત્તા નીચે મુજબ રહેશે :-

(૧) જે પ્રવાસ અને રોકાણ માટે મુસાફરી ભથ્થું માગ્યું હોય તેની આવશ્યક્તા, પુનરાવર્તન અને રોકાણના ગાળાની ચકાસણી કરવી અને જો તેમને જણાય કે પ્રવાસ બિનજરૂરી હતો કે અનુચિત રીતે લંબાવેલો હતો કે રોકાણનો ગાળો વધુ પડતી મુદ્દતનો હતો તો કોઈપણ પ્રવાસ કે રોકાણ માટે માગેલ પૂરેપૂરા મુસાફરી ભથ્થાંને કે તેના ભાગને નામંજૂર કરવું.

(૨) મુસાફરી ભથ્થાંના બિલમાં દર્શાવેલ અંતરની કાળજીપૂર્વક ચકાસણી કરવી.

(૩) આ નિયમોની રૂએ અંગત ઘરવખરીનો સામાન વગેરે પરિવહન કરવાના ખરેખર ખર્ચ માટે માગણી કરવામાં આવી હોય ત્યારે ધોરણ મુજબ આવા અંગત ઘરવખરીના સામાન વગેરેનું પરિવહન વાજબી હતું તેની પોતે ખાતરી કરવી અને તેમના મતે આ શરતનું પાલન ન થતું હોય તેવી માંગણી નામંજૂર કરવી.

(૪) તેના માર્ગદર્શન માટે સક્ષમ સત્તાધિકારી જે કોઈ ગૌણ નિયમો ઘડે કે આદેશો આપે તેનું પાલન કરવું.

(૫) બિનરાજપત્રિત સરકારી કર્મચારીઓએ જેમના સૂચન હેઠળ પ્રવાસ કર્યો હોય તે રાજપત્રિત અધિકારીએ તેવા કરવામાં આવેલા પ્રવાસની વિગતોને પ્રમાણિત કરી છે તેની ખાતરી કરવી.

**૧૨૩. મુસાફરી ભથ્થાં માટે બિલોના ઉપાડ અધિકારીની જવાબદારી :** જેમણે આવા બિલોની સ્થળપ્રતો રાખવાની હોય છે તેવા બિલ ઉપાડનાર દરેક અધિકારીની એ જવાબદારી થશે કે એક જ પ્રવાસ માટે બે વખત મુસાફરી ભથ્થાંની માગણી રજૂ કરવામાં આવેલ નથી અને તે અંગે પોતે ખાતરી કરવી.

**૧૨૪. ખોટા મુસાફરી ભથ્થાં બિલની આકારણી માટે શિસ્તની કાર્યવાહી :** સરકારી કર્મચારીએ ખોટું મુસાફરી ભથ્થાંનું બિલ આકારેલ છે તે સાબીત થાય તો, ખોટા મુસાફરી ભથ્થાંની રકમને ધ્યાનમાં લીધા વગર ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ હેઠળ નોકરીમાંથી દૂર કરવાની સામાન્યતઃ શિક્ષા કરવી જોઈએ સિવાય કે તેના કરતાં હવળી ઓછી શિક્ષા કરવા માટે કોઈ સબળ કારણો હોય.

**૧૨૫. મુસાફરી ભથ્થાં બિલ અંગેનું રજિસ્ટર :** પ્રતિહસ્તાક્ષર કરનાર દરેક નિયંત્રણ અધિકારીએ પ્રતિહસ્તાક્ષર કરેલા બિલોનું રજિસ્ટર રાખવું જોઈએ અને પોતે જાતે જ ખાતરી કરવી જોઈએ કે તે જ પ્રવાસ માટે પોતે અગાઉની માગણીને મંજૂરી આપી નથી. દરેક સરકારી કર્મચારીની બિલો માટે અલગ પાનાવાળા આવા રજિસ્ટરમાં દરેક બિલ અંગે નીચેની માહિતી હોવી જોઈએ :-

૧. સરકારી કર્મચારીનું નામ અને તેનો હોદ્દો

૨. માગણીનો મહિનો.

૩. પ્રવાસની તારીખો.

## પ્રકરણ-૧૧

## રદ કરવા બાબત અને અપવાદો

**૧૨૬. રદ કરવા બાબત અને અપવાદો :** (ગુજરાત સરકારે અપનાવેલા) મુંબઈ મુલ્કી સેવા નિયમો, ૧૯૫૯ ના જ્યાં સુધી મુસાફરી ભથ્થાને અનુરૂપ જે કોઈપણ નિયમો સંબંધિત હોય તે નિયમો આથી રદ કરવામાં આવે છે.

**પરંતુ** આમ રદ થયેલા નિયમો હેઠળ કરવામાં આવેલ કોઈપણ કાર્ય અથવા કોઈ પગલું આ નિયમોની જોગવાઈના અમલને અસર થશે નહિ.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી**

**(સુધીર માંકડ)**
**સરકારના મુખ્ય સચિવ**

# પરિશિષ્ટ - ૧

[જૂઓ નિયમ-૭ અને ૮]

## *ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ હેઠળ જેઓને સત્તા સોંપવામાં આવી છે તે અધિકારીઓ*

| ક્રમ | નિયમ ક્રમાંક | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ છે તે સત્તાધિકારી | વ્યાપ | નોંધ | વિવરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ૯(૨૩)(ચ) | ફરજ ઉપર હાજર થવા ફરજિયાત રોકાણના સમયને નિયમિત કરવા અંગેનો અધિકાર | વહીવટી વિભાગ | પંદર દિવસ સુધીનો | પંદર દિવસ સુધીનો | |
| ૨. | ૯(૩૪) | ખાતાના વડા તરીકે અધિકારીને જાહેર કરવા અંગે | વહીવટી વિભાગ | નીચેની શરતોના પાલનને અધીન પૂર્ણ સત્તા :-<br>૧. અધિકારી ઓળખી શકાય તેવી સંસ્થાના વડા હોવા જોઈએ.<br>૨. અધિકારીના પગાર ધોરણનો ન્યુનતમ પગાર સરકારના નાયબ સચિવના પગાર ધોરણના ન્યુનતમ પગાર કરતાં ઓછો ન હોવો જોઈએ.<br>૩. આ અધિકાર કેવળ વહીવટ ખાતાના સચિવ દ્વારા જ વાપરવામાં આવે. | | |
| ૩. | ૯(૫૨) | બે માસથી વધુ નહિ એટલા સમય માટે કાર્યકારી નિમણૂક કરવા અંગે | દરેક કચેરીના રાજપત્રિત વડા | તેમના નિયંત્રણ હેઠળના વર્ગ-૩ ની જગા ધારણ કરનાર સરકારી કર્મચારીઓ | ઉમેદવારોની માન્ય યાદી જો રાખવામાં આવી હોય તો તેમાંથી નિમણૂકો આપવી. આવી બધી નિમણૂકોની જાણ સત્વરે નિમણૂક અધિકારીને કરવી. | |

| ક્રમ | નિયમ ક્રમાંક | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ છે તે સત્તાધિકારી | વ્યાપ | નોંધ | વિવરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪. | ૯(૫૨) | બાર માસ કરતાં વધુ નહિ તેટલા સમય માટે કાર્યકારી નિમણૂકો કરવા અંગે | તમામ ખાતાના વડાઓ | તેમના નિયંત્રણ હેઠળની વર્ગ-૨ ની જગા ધારણ કરતા સરકારી કર્મચારીઓને | ૧. માન્ય કરેલ ભરતી નિયમોના આધારે નિમણૂકો કરવી.<br>૨. બઢતી અથવા બદલી સિવાયની નિમણૂકો જાહેરખબરના માધ્યમથી કરવી.<br>૩. નિમણૂકો અંગેનો અહેવાલ સત્વરે સરકારને મોકલી આપવો.<br>૪. સીધી ભરતીના ન્યૂનતમ પગાર ધોરણ ઉપર નિમણૂકો કરવી.<br>૫. સરકારી કર્મચારીઓની પસંદગી યાદી રાખવામાં આવી હોય તો તેમાંથી બઢતી ઉપરની નિમણૂકો કરવી. | |
| ૫. | ૯(૫૨) | બાર માસ કરતાં વધુ નહિ તેટલા સમય માટે કાર્યકારી નિમણૂક કરવા અંગે. | ૧. શિક્ષણ નિયામક<br>૨. ટેકનિકલ શિક્ષણ નિયામક<br>૩. આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ કમિશ્નર. | શિક્ષણ આપવા સંબંધે ફરજો બજાવતા તેમના નિયંત્રણ હેઠળના વર્ગ-૧ ની જગા ધરાવતા સરકારી કર્મચારીઓને. | ઉપરોક્ત મુદ્દા-૪ ના કિસ્સામાં દર્શાવેલ શરતોએ. | |
| ૬. | ૯(૫૨) | તાલીમ અંગે પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવેલ સરકારી કર્મચારીઓને સ્થાને કાર્યકારી નિમણૂક કરવા અંગે | રજા અંગે પડેલી ખાલી જગાઓમાં નિમણૂક કરવાનો અધિકાર ધરાવતા કોઈપણ અધિકારી | તેમના નિયંત્રણ હેઠળના તમામ કર્મચારીઓને | ઉપરોક્ત મુદ્દા-૪ ના કિસ્સામાં દર્શાવેલ શરતોએ | |

| ક્રમ | નિયમ ક્રમાંક | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ છે તે સત્તાધિકારી | વ્યાપ | નોંધ | વિવરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૭. | ૯(૬૦) | પેન્શન મંજૂર કરવાની સત્તા | (૧) સચિવાલયના વહીવટી ખાતાઓ | સંપૂર્ણ સત્તા | ખાતાના વડાની બાબતમાં | |
| | | | (૨) દરેક ખાતાના વડા | ઉપર મુજબ | ખાતાના વડા સિવાયના વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ જ અધિકારીઓની બાબતમાં | |
| | | | (૩) નિમણૂક અધિકારી | ઉપર મુજબ | વર્ગ-ત્રણ અને વર્ગ-ચાર ના તમામ જ સરકારી કર્મચારીઓની બાબતમાં | |
| ૮. | ૨૩ | કાયમી મુસાફરી ભથ્થું સંકળાયેલ હોય તેવી એક કરતાં વધુ જગાઓનો હવાલો સંભાળતા એક કર્મચારીને કાયમી મુસાફરી ભથ્થાંની મંજૂરી | વધારાનો હવાલો સંભાળવાની મંજૂરી આપતા સત્તાધિકારી | સંપૂર્ણ સત્તા | | |
| ૯. | ૪૬ | સૌથી ટૂંકા માર્ગ સિવાયના માર્ગે કરવામાં આવેલી મુસાફરી માટે માઈલેજ ભથ્થાંની મંજૂરી | નિયંત્રણ અધિકારી | સંપૂર્ણ સત્તા | | |
| ૧૦. | ૮૦ | સરકારી કર્મચારીની બદલી થતાં પહેલાં કે ત્યારપછી છ માસના સમયગાળા પછી તેના કુટુંબના સભ્યે કરેલ પ્રવાસ અંગેના દાવાનો સ્વીકાર કરવા બાબત. | (૧) ખાતાના વડા | સંપૂર્ણ સત્તા | | |
| | | | (૨) નિયંત્રણ અધિકારી | સંપૂર્ણ સત્તા | | |

| ક્રમ | નિયમ ક્રમાંક | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ છે તે સત્તાધિકારી | વ્યાપ | નોંધ | વિવરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧૧. | ૧૧૫ | રજા પરના / ફરજમોકૂફી પરના સરકારી કર્મચારીએ દફતરોના અવલોકન વગેરે માટે કરેલા પ્રવાસ અંગેની મુસાફરી ભથ્થાંના હકની મંજૂરી. | સરકારી કર્મચારીના સંબંધિત નિમણૂક અધિકારી | સંપૂર્ણ સત્તા | | |

# પરિશિષ્ટ - ૨

## [જૂઓ નિયમ-૯ (૩૪)]

## *ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ ના વિવિધ નિયમ સમુચ્ચયોના હેતુ માટે ખાતાના વડા તરીકે ગણવામાં આવેલા અધિકારીઓની સૂચિ*

**૧.૦ કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ :**

૧.૧ સરકારના સચિવ

૧.૨ કૃષિ નિયામક

૧.૩ પશુપાલન નિયામક

૧.૪ ખાંડ નિયામક

૧.૫ નિયામક, સહકારી મંડળીઓ

૧.૬ અધ્યક્ષ, ગુજરાત રાજ્ય સહકારી ન્યાયપંચ

૧.૭ બાગાયત નિયામક

**૨.૦ શિક્ષણ વિભાગ :**

૨.૧ સરકારના (શિક્ષણ) સચિવ

૨.૨ સરકારના સચિવ (તાંત્રિક અને ઉચ્ચ શિક્ષણ)

૨.૪ ઉચ્ચતર શિક્ષણ કમિશ્નર

૨.૪ કમિશ્નર, મધ્યાહ્ન ભોજન અને શાળાઓ

૨.૫ નિયામક, પ્રાથમિક શિક્ષણ

૨.૬ નિયામક, તાંત્રિક શિક્ષણ

૨.૭ નિયામક, એન.સી.સી.

૨.૮ નિયામક, રાજ્ય પરિયોજના ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ

૨.૯ નિયામક, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

૨.૧૦ નિયામક, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ

૨.૧૧ અધ્યક્ષ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ

૨.૧૨ ગુજરાત પ્રાથમિક શિક્ષણ ન્યાયપંચ, અમદાવાદ

૨.૧૩ નિયામક, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન

૨.૧૪ અધ્યક્ષ, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ

૨.૧૫ રાજ્ય પરિયોજના નિયામક

૨.૧૬ અધ્યક્ષ, ટેકનિકલ પરીક્ષા બોર્ડ

**૩.૦ ઊર્જા અને પેટ્રોકેમીકલ વિભાગ :**

૩.૧ સરકારના સચિવ

૩.૨ મુખ્ય વિદ્યુત ઈન્સ્પેકટર અને વિદ્યુતવેરા સમાહર્તા

૩.૩ સચિવ, ગુજરાત વિદ્યુત નિયમન આયોગ

૩.૪ પેટ્રોલિયમ નિયામક

**૪.૦ નાણાં વિભાગ :**

૪.૧ સરકારના સચિવ

૪.૨ નિયામક, હિસાબ અને તિજોરીઓ

૪.૩ કમિશ્નર, વેચાણવેરા

૪.૪ પ્રમુખ, ગુજરાત વેચાણવેરા ન્યાયપંચ

૪.૫ વીમા નિયામક

૪.૬ નિયામક, પેન્શન અને પ્રોવિડંટ ફંડ

**૫.૦ અન્ન , નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ :**

૫.૧ સરકારના સચિવ

૫.૨ નાગરિક પુરવઠા, નિયામક

૫.૩ અન્ન નિયામક

૫.૪ અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક

૫.૫ રજિસ્ટ્રાર, ગ્રાહક તકરાર નિવારણ આયોગ

૫.૬ નિયંત્રક, તોલ અને માપ વિજ્ઞાન

**૬.૦ વન અને પર્યાવરણ વિભાગ :**

૬.૧ સરકારના સચિવ

૬.૨ અગ્ર મુખ્ય વન સંરક્ષક

૬.૩ વન સંરક્ષક

**૭.૦ સામાન્ય વહીવટ વિભાગ :**

૭.૧ સરકારના સચિવ

૭.૨ રાજયપાલશ્રીના સચિવ

૭.૩ રાજયપાલશ્રીના ગૃહ નિયામક

૭.૪ તપાસ કમિશનર અને સભ્ય સચિવ, સતત તકેદારી સેલ

૭.૫ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક

૭.૬ મૂલ્યાંકન નિયામક

૭.૭ સચિવ, ગુજરાત જાહેર સેવા આયોગ

૭.૮ સચિવ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

૭.૯ મુખ્ય સંપાદક, ગુજરાત જિલ્લા સર્વ સંગ્રહ

૭.૧૦ ભાષા નિયામક

૭.૧૧ તાલીમ કમિશનર અને નિયામક, સરદાર પટેલ રાજય વહીવટી ભવન

૭.૧૨ નિવાસી આયુકત, નવી દિલ્હી

૭.૧૩ સચિવ, ગુજરાત મુલ્કી સેવા ન્યાયપંચ

૭.૧૪ રજિસ્ટ્રાર, માનનીય લોકાયુક્ત કચેરી

૭.૧૫ સચિવ, રાજય ચૂંટણી પંચ

**૮.૦ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ :**

૮.૧ સરકારના સચિવ

૮.૨ આરોગ્ય, તબીબી અને તબીબી શિક્ષણ કમિશનર

૮.૩ અધિક નિયામક (આરોગ્ય), આરોગ્ય, તબીબી અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી

૮.૪ અધિક નિયામક (તબીબી), આરોગ્ય, તબીબી અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી

૮.૫ અધિક નિયામક (તબીબી શિક્ષણ), આરોગ્ય, તબીબી અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી

૮.૬ તબીબી સેવા નિયામક (કામદાર રાજય વીમા યોજના)

૮.૬ નિયામક, ભારતીય તબીબ પદ્ધતિ અને હોમિયોપેથી

૮.૭ કમિશનર, અન્ન અને ઔષધ નિયંત્રણ વહીવટી સંસ્થા તંત્ર

૮.૮ મધ્યસ્થ તબીબી ભંડાર સંસ્થાના ભંડારધારક નિયામક

**૯.૦ ગૃહ વિભાગ :**

૯.૧ સરકારના સચિવ

૯.૨ પોલીસ મહાનિયામક અને મહાનિરીક્ષક

૯.૩ મહાસેનાપતિ, હોમ ગાર્ડ્ઝ

૯.૪ અધિક પોલીસ મહાનિરીક્ષક, પોલીસ કોમ્પ્યુટર સેન્ટર

૯.૫ જેલોના ઈન્સ્પેક્ટર જનરલ

૯.૬ વાહન-વ્યવહાર નિયામક

૯.૭ સચિવ, ગુજરાત તકેદારી આયોગ

૯.૮ સૈનિક કલ્યાણ નિયામક

૯.૯ નાગરિક સંરક્ષણ નિયામક

૯.૧૦ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા

૯.૧૧ અધિક પોલીસ મહાનિયામક પબ્લીક પ્રોસીકયુશન

૯.૧૩ કમિશનર અને અધિક પોલીસ મહાનિયામક, નશાબંધી અને આબકારી જકાત

૯.૧૩ પોલીસ મહાનિયામક અને નિયામક, લાંચ રૂશ્વત વિરોધી ખાતુ

**૧૦.૦ ઉદ્યોગો અને ખાણકામ વિભાગ :**

૧૦.૧ સરકારના સચિવ

૧૦.૨ ઉદ્યોગ કમિશ્નર

૧૦.૩ કુટીર ઉદ્યોગ કમિશ્નર

૧૦.૩ ભૂસ્તર વિજ્ઞાન અને ખાણકામ કમિશ્નર

૧૦.૫ નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી

૧૦.૬ પ્રવાસન કમિશ્નર

૧૦.૭ ચૂકવણી કમિશ્નર

૧૦.૮ વ્યાપાર અને વાણિજ્ય કમિશ્નર

**૧૧.૦ માહિતી અને પ્રસારણ વિભાગ :**

૧૧.૧ સરકારના સચિવ

૧૧.૨ માહિતી નિયામક

૧૧.૩ મનોરજન કર કમિશ્નર

**૧૨.૦ નર્મદા અને જળ સંપત્તિ વિભાગ :**

૧૨.૧ સરકારના સચિવ

૧૨.૨ મુખ્ય ઈજનેરો

૧૨.૩ વર્તુળના અધિક્ષક ઈજનેરો

૧૨.૪ જળસંપત્તિ તપાસ વર્તુળના અધિક્ષક ઈજનેરો

૧૨.૫ ક્ષેત્ર વિકાસ કમિશ્નર

૧૨.૬ અધિક કલેક્ટરો (સિંચાઈ)

૧૨.૭ નિયામક, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા

૧૨.૮ હિસાબી મુખ્ય નિયંત્રક (નર્મદા યોજના)

**૧૩.૦ શ્રમ અને રોજગાર વિભાગ :**

૧૩.૧ સરકારના સચિવ

૧૩.૨ મજુર કમિશ્નર

૧૩.૩ ગ્રામ મજુર કમિશ્નર

૧૩.૪ રોજગાર અને તાલીમ નિયામક

૧૩.૫ રજિસ્ટ્રાર, ઔદ્યોગિક અદાલત અને વેતન બોર્ડ

૧૩.૬ રજિસ્ટ્રાર, મજુર અદાલત

**૧૪.૦ કાયદા વિભાગ :**

૧૪.૧ સરકારના સચિવ

૧૪.૨ એડવોકેટ જનરલ

૧૪.૩ ચેરીટી કમિશ્નર

૧૪.૪ મુખ્ય ન્યાયાધીશ, સ્મોલ કોઝ કોર્ટ

૧૪.૫ મુખ્ય ન્યાયાધીશ, સીવીલ કોર્ટ, અમદાવાદ

૧૪.૬ જિલ્લા અને સેશન્સ જજ

૧૪.૭ ઓફિશીયલ ટ્રસ્ટી અને એડમિનિસ્ટ્રેટર જનરલ

૧૪.૮ મુખ્ય ન્યાયાધીશ, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ.

૧૪.૯ રજીસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ

૧૪.૧૦ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના સભ્ય સચિવ

૧૪.૧૧ મુખ્ય ન્યાયાધીશ, ફેમીલી કોર્ટ

૧૪.૧૨ નિરીક્ષક અધિકારી (કોર્ટ ફીઝ) અને હોદ્દાની રૂએ મુખ્ય નિરીક્ષક (કોર્ટ ફીઝ)

૧૪.૧૩ રજિસ્ટ્રાર, ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદ ન્યાયપંચ

**૧૫.૦ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ્ય વિકાસ વિભાગ :**

૧૫.૧ સરકારના સચિવ

૧૫.૨ વિકાસ કમિશ્નર

૧૫.૩ ગ્રામ વિકાસ કમિશ્નર

૧૫.૪ સચિવ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

૧૫.૫ નિયામક, રાજય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થા

૧૫.૬ ગ્રામ વિકાસ કમિશ્નર

**૧૬. વૈધાનિક અને સંસદિય બાબતોનો વિભાગ :**

૧૬.૧ સરકારના સચિવ

**૧૭.૦ બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ :**

૧૭.૧ સરકારના સચિવ

૧૭.૨ મત્સ્યોદ્યોગ કમિશ્નર

**૧૮.૦ મહેસૂલ વિભાગ :**

૧૮.૧ સરકારના સચિવ

૧૮.૨ જિલ્લા કલેકટર

૧૮.૩ જમીન સુધારણા કમિશ્નર

૧૮.૪ પ્રમુખ, ગુજરાત મહેસૂલ ન્યાયપંચ

૧૮.૫ રાહત નિયામક

૧૮.૬ સચિવ (અપીલો)

૧૮.૭ સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક

૧૮.૮ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ

૧૮.૯ ઈન્સ્પેકટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન

**૧૯.૦ માર્ગ અને મકાન વિભાગ :**

૧૯.૧ સરકારના સચિવ

૧૯.૨ મુખ્ય ઈજનેર

૧૯.૩ મુખ્ય સ્થપતિ અને નગર નિયોજક

૧૯.૫ નિયામક, સ્ટ્રાફ ટ્રેનીંગ કોલેજ

૧૯.૬ નિવાસન નિયામક

૧૯.૭ ઉપવન અને બગીચા નિયામક

૧૯.૮ વર્તુળના અધીક્ષક ઈજનેરો

**૨૦.૦ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ :**

૨૦.૧ સરકારના સચિવ

૨૦.૨ નિયામક, સમાજ સુરક્ષા

૨૦.૩ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ

૨૦.૪ નિયામક, વિકસતીજાતિ કલ્યાણ

૨૦.૫ વિકલાંગ કમિશનર

**૨૧.૦ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ :**

૨૧.૧ સરકારના સચિવ

૨૧.૨ મુખ્ય નગર નિયોજક

૨૧.૩ નગરપાલિકા નિયામક

**૨૨.૦ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ :**

૨૨.૧ સરકારના સચિવ

૨૨.૨ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

૨૨.૩ સંગ્રહાલય નિયામક

૨૨.૪ પુરાતત્વ નિયામક

૨૨.૫ અભિલેખાગાર નિયામક

૨૨.૬ ગ્રંથાલય નિયામક

૨૨.૭ નિયામક, ગુજરાત ખેલકુદ સત્તામંડળ

**૨૩.૦ મહિલા અને બાળ વિકાસ વિભાગ :**

૨૩.૧ સરકારના સચિવ

૨૩.૨ કમિશનર, મહિલા અને બાળ વિકાસ વિભાગ

**૨૪.૦ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ :**

૨૪.૧ સરકારના સચિવ

**૨૫.૦ ગુજરાત વિધાનસભા સચિવાલય :**

૨૫.૧ ગુજરાત વિધાનસભા સચિવાલયના સચિવ

# જોડાણ

## (નિયમ-૬૮ હેઠળની નોંધ)

## અર્બન એગ્લોમરેશન (શહેરી જૂથ) (શ.જૂ.) નાં ઘટકો - જનગણના, ૧૯૯૧

[રજીસ્ટ્રાર જનરલ અને જનગણના કમિશનર તરફથી બહાર પાડવામાં આવેલા તેની સાથેના પરિશિષ્ટો સાથે વંચાણમાં લેતાં ''ભારતની જનગણના ૧૯૯૧ - શ્રેણી-૧ ભારત ૧૯૯૨, પેપર-૧ આખરી વસ્તી ગણતરી કુલ સંખ્યા (ગ્રંથ-૧ અને ૨) ના કોષ્ટક-૩ માં દર્શાવ્યા પ્રમાણે'']

ઉપયોગ કરેલ સંજ્ઞાઓ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | જા.ઔ.વિ. | જાહેર કરેલ ઔદ્યોગિક વિસ્તાર | ૫. | ન.પં. | નગર પંચાયત |
| ૨. | ન.પા. | નગરપાલિકા | ૬. | બા.વૃ. | બાહ્ય વૃદ્ધિ |
| ૩. | મ.ન.પા. | મહાનગરપાલિકા | ૭. | ગ્રા.પં. | ગ્રામ પંચાયત |
| ૪. | બિ.ન.પા. | બિન-નગરપાલિકા વિસ્તાર | | | |

ગુજરાત

**૧. અમદાવાદ (શ.જૂ.)**

૧. અમદાવાદ (મ.ન.પા. + બા.વૃ.)
- (૧) અમદાવાદ (મ.ન.પા.)
- (૨) અસારવા (બા.વૃ.)
- (૩) બાગેફિરદોશ (બા.વૃ.)
- (૪) બોડકદેવ (બા.વૃ.)
- (૫) ચેનપુર (બા.વૃ.)
- (૬) ગ્યાસપુર (ભાગ) (બા.વૃ.)
- (૭) હાથીજણ (બા.વૃ.)
- (૮) મક્તમપુર (બા.વૃ.)
- (૯) મૂઠિયા (બા.વૃ.)
- (૧૦) નરોડા (બા.વૃ.)
- (૧૧) નિકોલ (બા.વૃ.)
- (૧૨) ઓઢવ (બા.વૃ.)
- (૧૩) ઓકાફ (ભાગ) (બા.વૃ.)
- (૧૪) રખિયાલ (બા.વૃ.)
- (૧૫) રામોલ (ભાગ) (બા.વૃ.)
- (૧૬) શાહવાડી (બા.વૃ.)
- (૧૭) વસ્ત્રાલ (ભાગ) (બા.વૃ.)
- (૧૮) વટવા (બા.વૃ.)

૨. અમદાવાદ (કેન્ટોન્મેન્ટ)
૩. ચાંદલોડીયા (ગ્રા.પં.)
૫. ઘાટલોડીયા (ન.પં.)
૫. કાળી (ન.પં.)
૬. મકરબા (ગ્રા.પં.)
૭. મેમનગર (ગ્રા.પં.)
૮. રાણીપ (ન.પં.)
૯. સરખેજ (ગ્રા.પં.)
૧૦. થલતેજ (ગ્રા.પં.)
૧૧. વસ્ત્રાપુર (ગ્રા.પં.)
૧૨. વેજલપુર (ગ્રા.પં.)

**૨. સુરત (શ.જૂ.)**

૧. આમરોલી (ગ્રા.પં.)
૨. સુરત (મ.ન.પા. + બા.વૃ.)
- (૧) મોટા વરાછા (બા.વૃ.)
- (૨) સુરત (મ.ન.પા.)

**૩. વડોદરા (શ.જૂ.)**

૧. બાજવા (ગ્રા.પં.)
૨. છાણી (ન.પં.)
૩. જવાહરનગર ગુજરાત રીફાઈનરી (બિ.ન.પા.)
૪. કરાચીયા (ગ્રા.પં.)
૫. પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્ષ જા.ઔ.વિ. (જા.ઔ.વિ.)
૬. તરસાલી (ગ્રા.પં.)
૭. વડોદરા (મ.ન.પા. + બા.વૃ.)
- (૧) બાપોડ (બા.વૃ.)
- (૨) હરણી (બા.વૃ.)
- (૩) કપુરાઈ (ભાગ) (બા.વૃ.)
- (૪) કારોડીયા (બા.વૃ.)
- (૫) સમા (બા.વૃ.)
- (૬) સયાજીપુરા (બા.વૃ.)
- (૭) ઉંડેરા (બા.વૃ.)
- (૮) વડોદરા (મ.ન.પા.)

---

# ગુજરાત મુક્કી સેવા નિયમો, ૨૦૦૨

## સંપૂર્ણ અનુક્રમણિકા

# [ ૧ ]

## ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | **પ્રકરણ - ૧** | |
| | **સામાન્ય** | |
| ૧. | ટૂંકી સંજ્ઞા અને આરંભ : | ૧ |
| ૨. | વ્યાપ્તિ : | ૧ |
| ૩. | અર્થઘટનની સત્તા : | ૧ |
| ૪. | છૂટછાટની સત્તા : | ૧ |
| ૫. | કરારની શરતોની કાયદેસરતા : | ૧ |
| ૬. | પગાર, ભથ્થાં અને રજાની માગણીઓનું નિયમન : | ૧ |
| ૭. | સત્તા વાપરવા બાબત અને તેની સોંપણી બાબત : | ૨ |
| ૮. | છૂટછાટના કારણો ઓડિટ અધિકારીને દર્શાવવા બાબત : | ૨ |
| | **પ્રકરણ - ૨** | |
| | **વ્યાખ્યા** | |
| ૯. | વ્યાખ્યા : | ૩ |
| | **પ્રકરણ - ૩** | |
| | **નોકરીની સામાન્ય શરતો** | |
| ૧૦. | પેન્શનપાત્ર નોકરી માટેની ભરતી અંગે વયમર્યાદા : | ૧૫ |
| ૧૧. | નોકરીમાં કાયમી નિયુક્તિ અથવા નોકરીમાં ચાલુ રાખવા બાબતે શારીરિક યોગ્યતાના તબીબી પ્રમાણપત્ર અંગેની પૂર્વશરત : | ૧૫ |
| ૧૨. | તબીબી પ્રમાણપત્ર ઉપર કોણ સહી કરશે : | ૧૬ |
| ૧૩ | તબીબી મંડળ : | ૧૬ |
| ૧૪. | ખોડ ધરાવતા સરકારી કર્મચારીની બીજી કચેરીમાં બદલી : | ૧૭ |
| ૧૫. | હંગામી નોકરીના છ માસની અંદર તબીબી પ્રમાણપત્રની રજૂઆત : | ૧૭ |
| ૧૬. | સેવાપોથીમાં તબીબી તપાસની નોંધ : | ૧૮ |
| ૧૭. | અશક્તતા પેન્શન મેળવતા પેન્શનરે પુનર્નિયુક્તિ પહેલાં તબીબી સમિતિનું પ્રમાણપત્ર રજૂ કરવાનું ફરજિયાત : | ૧૮ |
| ૧૮. | નિવૃત્તિ બાદ તુરત પુનર્નિયુક્તિ : | ૧૮ |
| ૧૯. | ખોડખાંપણ અંગે છૂટછાટની કોણ અને ક્યારે મંજૂરી આપી શકે : | ૧૮ |
| ૨૦. | ધારણાધિકારની પ્રાપ્તિ અને અંત : | ૧૮ |
| ૨૧. | એક જ સમયે સરકારી કર્મચારી દ્વારા જગાઓ પર ધારણાધિકાર ધરાવવા અંગેના નિયંત્રણો : | ૧૮ |
| ૨૨. | ધારણાધિકાર જળવાઈ રહેવો : | ૧૮ |
| ૨૩. | ધારણાધિકારની મોકૂફી : | ૧૯ |
| ૨૪. | પૂર્વલક્ષી ધારણાધિકાર મોકૂફી અને પરિણામી બઢતી : | ૨૦ |
| ૨૫. | ધારણાધિકાર કે મોકૂફ રાખેલ ધારણાધિકારની સમાપ્તિ ક્યારે ન કરી શકાય : | ૨૦ |
| ૨૬. | બીજી જગા પર ધારણાધિકારની તબદીલી : | ૨૦ |
| ૨૭. | ઓછો પગાર ધરાવતી જગાએ બદલી પરવાનગી પાત્ર : | ૨૧ |
**સૂચના :** મહિના અને દિવસોમાં દર્શાવવામાં આવતા સમયની ગણતરી નીચે મુજબ કરવામાં આવશે :-

(ક) તા. ૨૫મી જાન્યુઆરીના રોજ અને તે તારીખથી ૩ માસ, ૨૦ દિવસની ગણતરી માટે નીચેની રીત અપનાવવાની રહેશે :-

| | **વર્ષ** | **માસ** | **દિવસ** |
|---|---|---|---|
| ૨૫મી જાન્યુઆરી થી ૩૧મી જાન્યુઆરી | ૦ | ૦ | ૦૭ |
| ફેબ્રુઆરી થી એપ્રિલ | ૦ | ૩ | ૦૦ |
| ૧લી મે થી ૧૩મી મે | ૦ | ૦ | ૧૩ |
| **કુલ** | **૦** | **૩** | **૨૦** |

(ખ) તા. ૩૦મી જાન્યુઆરીથી શરૂ થતી અને ૨ જી માર્ચ પૂરી થતા સમયની ગણતરી નીચે દર્શાવ્યા મુજબ કુલ ૧ માસ અને ૪ દિવસ થશે :-

| | **વર્ષ** | **માસ** | **દિવસ** |
|---|---|---|---|
| ૩૦મી જાન્યુઆરી થી ૩૧મી જાન્યુઆરી | ૦ | ૦ | ૨ |
| ફેબ્રુઆરી | ૦ | ૧ | ૦ |
| ૧લી માર્ચ થી ૨ જી માર્ચ | ૦ | ૦ | ૨ |
| **કુલ** | **૦** | **૧** | **૪** |

(૫૧) **''બિનસરકારી સભ્ય''** એટલે સરકારી કર્મચારી સિવાયની વ્યક્તિ કે જેને તપાસ પંચમાં કે બોર્ડ અથવા નિગમ કે સમિતિની બેઠક કે પરિષદમાં માનદ્ દરજ્જાની રૂએ જાહેર સેવાની ફરજો અદા કરવાની આવશ્યકતા છે.

(૫૨) **''અવેજી કામગીરી''** એટલે જે જગા ઉપર અન્ય વ્યક્તિનો ધારણાધિકાર હોય તેવી જગા પર સરકારી કર્મચારીએ બજાવેલ ફરજ જો કોઈ ખાલી જગા પર અન્ય સરકારી કર્મચારી ધારણાધિકાર ધરાવતો ન

હોય, તેવી જગા ઉપર. સક્ષમ સત્તાધિકારીને યોગ્ય લાગે, તો સરકારી કર્મચારીને અવેજી કામગીરી બજાવવા નિમણૂક કરી શકશે.

(૫૩) **''પગાર''** એટલે ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો, ૧૯૯૮ હેઠળ ઠરાવવામાં આવેલ સુધારેલા પગાર ધોરણનો મૂળ પગાર અને તેમાં સ્થગિત ઈજાફાનો સમાવેશ થાય છે.

(૫૪) **''કાયમી મુસાફરી ભથ્થું''** એટલે પોતાની ફરજને કારણે જેને વ્યાપક પ્રવાસ કરવાની આવશ્યક્તા હોય તેવા સરકારી કર્મચારીને આપવામાં આવતું કાયમી માસિક મુસાફરી ભથ્થું. સરકારી કર્મચારીના ફરજના ક્ષેત્રની અંદરના પ્રવાસ માટે અન્ય સ્વરૂપના તમામ મુસાફરી ભથ્થાંના અવેજમાં આવું ભથ્થું આપવામાં આવે છે અને સરકારી કર્મચારી તેના મુખ્ય મથકે ગેરહાજર હોય કે ન હોય તો પણ આખા વર્ષ દરમ્યાન આ ભથ્થું આકારવાનું હોય છે.

(૫૫) **''પેન્શન''** એટલે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૪૪ દ્વારા નિર્દિષ્ટ વળતર પેન્શન સહિતનું કોઈપણ સેવાના પ્રકારનું પેન્શન અને ગ્રેજ્યુઈટી. પરંતુ ઉચ્ચ જીવન ખર્ચને લીધે પેન્શનરને વળતર તરીકે સરકાર દ્વારા આપવામાં આવતા વધારાના હંગામી વધારાનો કે મોંઘવારી રાહતનો તેમાં સમાવેશ થતો નથી.

(૫૬) **''પેન્શનપાત્ર પગાર''** એટલે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૪૩ ની જોગવાઈઓ હેઠળ સરકારી કર્મચારીએ છેલ્લા દસ માસની નોકરી દરમ્યાન મેળવેલો સરેરાશ પગાર.

(૫૭) **''પેન્શનર''** એટલે નિવૃત્ત સરકારી કર્મચારી કે જેને પેન્શન મંજૂર કરવામાં આવ્યું હોય.

(૫૮) **''પેન્શન ચૂકવણી કચેરી''** એટલે પેન્શનરોને ચૂકવણી કરવા માટે, જાહેર કરવામાં આવેલ કચેરી અને તેમાં તિજોરી અને પેટા-તિજોરીઓનો સમાવેશ થાય છે.

(૫૯) **''પેન્શન ચૂકવણી હુકમ''** એટલે નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ દ્વારા, સરકારે અધિકૃત કરેલ નમૂનામાં પેન્શનની ચૂકવણી મંજૂર કરવા માટેનો આદેશ.

(૬૦) **''પેન્શન મંજૂર કરનાર અધિકારી''** એટલે જેમને પેન્શન મંજૂર કરવાની સત્તા સુપરત કરવામાં આવી હોય તેવા સરકારના સક્ષમ સત્તાધિકારી.

(૬૧) **''કાયમી જગા''** એટલે પગારનો નિશ્ચિત દર ધરાવતી મંજૂર કરવામાં આવેલી અમર્યાદિત સમયની જગા.

(૬૨) **''પગાર અને હિસાબી અધિકારી''** એટલે અમદાવાદ અને ગાંધીનગરમાં ઉપસ્થિત થતાં રાજ્યના લેવડ-દેવડના વ્યવહારો માટે પગાર અને હિસાબો સંભાળવાની કામગીરી જેમને સોંપવામાં આવી છે તે અધિકારી.

(૬૩) **''અંગત પગાર''** એટલે -

(ક) મુદ્દતી જગા સિવાયની કોઈ કાયમી જગાના સંબંધમાં, પગાર સુધારવાને કારણે અથવા શિસ્ત ભંગના પગલાં સિવાયના અન્ય કારણે કાયમી પગારમાં થતા કોઈ ઘટાડાને લીધે સરકારી કર્મચારીને કાયમી પગારમાં થતા નુકસાનમાંથી બચાવવા; **અથવા**

(ખ) અપવાદરૂપ સંજોગોમાં અન્ય અંગત કારણોસર.

- સરકારી કર્મચારીને આપવામાં આવતો વધારાનો પગાર.

(૬૪) કોઈ જગાનો **''સંભાવી પગાર''** જ્યારે કોઈ એક સરકારી કર્મચારીના સંબંધે દર્શાવવામાં આવે, ત્યારે તેનો અર્થ એ થાય કે તે સરકારી કર્મચારીએ જો કોઈ જગા ધારણ કરેલ હોત અને તે જગાની ફરજો બજાવવા બદલ તેને જે પગાર મળવાપાત્ર થાત તે પગાર; પરંતુ કાર્ય અને જવાબદારીઓ બજાવવાના

અવેજમાં તે જગા સાથે ખાસ પગાર મંજૂર કરવામાં આવેલ હોય તેવા કાર્ય અને જવાબદારીઓને તે કર્મચારી નિભાવતો ન હોય તો તેવા કિસ્સામાં સંભાવી પગારમાં ખાસ પગારનો સમાવેશ થશે નહિ અન્યથા નહિ.

(૬૫) **''અજમાયશી (પ્રોબેશનર)''** એટલે ખાતાના સંવર્ગમાં કાયમી કે હંગામી ખાલી જગામાં અથવા ખાલી જગા સામે અજમાયશી ધોરણે નીમવામાં આવેલા સરકારી કર્મચારી.

**નોંધ-૧ :** વ્યક્તિની નિમણૂક સાથે અજમાયશની કોઈ નિશ્ચિત શરતો સંકળાયેલ ન હોય; તો સંવર્ગની કાયમી જગા પર પાકી નિમણૂક મેળવતી વ્યક્તિ, અજમાયશી (પ્રોબેશનર) ગણાય નહિ.

**નોંધ-૨ :** કર્મચારી (કાયમી જગા પર પાકી નિમણૂક ધરાવતા સરકારી કર્મચારી સિવાયના) ને જ્યારે હંગામી જગા પર બઢતીથી નિમણૂક આપવામાં આવે, ત્યારે દરેક હેતુ માટે તે હંગામી સરકારી કર્મચારી ગણાશે.

**નોંધ-૩ :** અન્યથા નિયત કરતા નિયમો સિવાય અજમાયશી કર્મચારીના દરજ્જાને કાયમી દરજ્જાના લક્ષણોવાળો ગણવો.

(૬૮) **''ભારતનો કે રાજ્યનો જાહેર હિસાબ''** એટલે ભારત સરકારે કે રાજ્ય સરકારે પેટા-નિયમ (૧૪) માં નિર્દિષ્ટ કરેલા હોય તે સિવાયના મેળવેલા અથવા તેમના વતી મેળવવામાં આવેલાં અન્ય તમામ જાહેર નાણાં.

(૬૭) **''જાહેર વાહન''** એટલે ઉતારૂઓની હેરફેર માટે અમુક નિયત સમયાંતરે નહિ તો પણ નિયમિતપૂર્વક નિયમીત માર્ગે ચાલતી રેલવે, સ્ટીમર, વિમાન અથવા અન્ય વાહનો, જે ઉતારૂઓની ઈચ્છા મુજબ નિયત માર્ગથી બીજા માર્ગે ફંડાતા નથી.

(૬૮) **''પેન્શનપાત્ર નોકરી''** એટલે ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ હેઠળ પેન્શન અને ગ્રેજ્યુઈટીના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવતી ફરજ ઉપર કે અન્યથા બજાવેલ સેવા.

(૬૯) **''રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર''** એટલે ગુજરાત મેડિકલ કાઉન્સિલ એક્ટ, ૧૯૬૭ અથવા ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ, ૧૯૬૩ હેઠળ નોંધવામાં આવેલા અથવા ગુજરાત હોમિયોપેથીક એક્ટ, ૧૯૬૩ (ગુજરાત ૩૬/૧૯૬૩) મુજબ રાખવામાં આવતા નોંધપત્રકમાં નોંધવામાં આવેલા અથવા તેવા બીજા પ્રવર્તમાન કાયદા હેઠળ ગુજરાત રાજ્યના અથવા તે અંગેના વિવિધ રાજ્ય સરકારોના વિવિધ કાયદાઓ હેઠળ નોંધવામાં આવેલ તબીબી વ્યવસાયિકો (પ્રેક્ટીશનરો).

(૭૦) **''ભાડું''** એટલે સરકારી કર્મચારી અથવા સરકારની નોકરીમાં ન હોય તેવી વ્યક્તિ, તેને ફાળવવામાં આવેલ અથવા ભાડાપટ્ટે આપેલ રહેણાકની સવલતના કબજા અને ભોગવટા માટે, માસિક દરે સરકારને ચૂકવવામાં આવતું વળતર.

(૭૧) **''રહેણાકની સવલત''** એટલે સરકારની માલિકીનું મકાન, બંગલો, ક્વાટર અથવા ફલેટ જે રહેણાકના હેતુ માટે ફાળવવામાં આવે છે. આમાં સરકારે તે હેતુથી ભાડેથી લીધેલ અધિગ્રહણ (રેક્વીઝીટ) અથવા ભાડાપટ્ટે લીધેલ મકાન, બંગલો, ક્વાર્ટર અથવા ફલેટનો સમાવેશ થાય છે.

**નોંધ :** અધિગ્રહણ (રેક્વીઝીટ) કરેલ એટલે રેક્વીઝીશન અને એક્વીઝીશન ઓફ ઈમુવેબલ પ્રોપર્ટી એક્ટ, ૧૯૫૨ હેઠળ અધિગ્રહણ (રેક્વીઝીટ) કરેલ.

(૭૨) **''સીલેક્શન ગ્રેડ''** એટલે સરકારના વિશિષ્ટ હુકમ દ્વારા પસંદગી પગાર ધોરણ તરીકે મંજૂર કરવામાં આવેલ પગાર ધોરણ.

(૭૩) **''સેવાપોથી''** એટલે સેવાપોથી અને તેમાં કોઈ સર્વિસ રોલ હોય તો તેનો સમાવેશ થાય છે.

(૭૪) **''ખાસ પગાર''** એટલે નીચેના સંજોગો અનુલક્ષીને કોઈ જગાના કે કોઈ સરકારી કર્મચારીના મળતરોમાં પગારના સ્વરૂપે આપવામાં આવતો વધારો :-

(ક) ફરજના સવિશેષ પરિશ્રમના પ્રકારને,

(ખ) કામમાં કે જવાબદારીમાં થતાં ખાસ વધારાને.

(૭૫) **''ફરજનું ક્ષેત્ર''** એટલે જે વિસ્તાર પૂરતી સરકારી કર્મચારીની ફરજો મર્યાદિત હોય તે વિસ્તાર.

(૭૬) **''પ્રમાણભૂત ભાડું (સ્ટાન્ડર્ડ રેન્ટ)''** એટલે ગુજરાત મુલ્કી સેવા (સરકારી રહેણાકના મકાનમાં વસવાટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૮ અને તેમાં વખતોવખત કરવામાં આવેલ સુધારામાં દર્શાવવામાં આવેલ જુદા જુદા પ્રકારના રહેણાકના આવાસો માટે નિશ્ચિત કરવામાં આવેલ પ્રમાણભૂત ભાડા (સ્ટાન્ડર્ડ રેન્ટ) નો માસિક દર.

(૭૭) **''નિર્વાહ ભથ્થું''** એટલે જેને પગાર કે રજાનો પગાર મળતો ન હોય તેવા સરકારી કર્મચારીને આપવામાં આવતું ભથ્થું.

(૭૮) **''કાયમી પગાર''** એટલે પોતે કોઈ જગામાં કાયમી રીતે નિમાયો હોવાથી અથવા સંવર્ગમાં પોતાની કાયમી સ્થિતિની રૂએ જે માટે સરકારી કર્મચારી હકદાર થાય તેવા ખાસ પગાર અને અંગત પગાર સિવાયનો પગાર.

(૭૯) **''અધીક્ષક ઈજનેર''** એટલે માર્ગ અને મકાન ખાતાના જે અધિકારીને તે પ્રમાણેની નિમણૂક આપવામાં આવેલ હોય અને જેમને સરકાર દ્વારા સંબંધિત નિયમો હેઠળ સત્તા સુપરત કરવામાં આવી હોય.

(૮૦) **''ઉપલી કક્ષાની સેવા''** એટલે ચોથા વર્ગની સેવા ન હોય તેવી કોઈપણ પ્રકારની સેવા.

(૮૧) **''કોઠો (ટેબલ)''** એટલે આ નિયમો સાથે જોડેલ કોઠો (ટેબલ).

(૮૨) **''હંગામી જગા''** એટલે પગારનો નિશ્ચિત દર ધરાવતી મર્યાદિત સમય માટે મંજૂર કરવામાં આવેલી જગા.

**નોંધ :** હંગામી જગામાં કાયમી નિમણૂકો અમુક મર્યાદિત કિસ્સાઓમાં જ કરવી જોઈએ, દા.ત. જ્યારે બધા જ પ્રયોજન અને હેતુઓ માટે જગાઓ કાયમી જેવી (ક્વોસી પરમેનન્ટ) હોય અથવા ત્રણ વર્ષ કરતાં ઓછી નહિ એવી મુદ્દત માટે મંજૂર કરવામાં આવી હોય, અથવા ત્રણ વર્ષની મુદ્દતની અંદર એ જગાઓને બંધ કરવામાં નહિ આવે એમ માનવાને કારણ હોય, ત્યારે હંગામી જગામાં કાયમી નિમણૂકો કરવામાં આવશે. બીજા તમામ કિસ્સાઓમાં હંગામી જગાઓમાં અવેજી ધોરણે જ નિમણૂકો કરવી.

(૮૩) **''હંગામી બદલી''** એટલે અન્ય મથકે ફરજ ઉપર બદલી જેનો સમયગાળો ૧૨૦ દિવસ કરતાં વધુ દર્શાવાયેલ ન હોય. આ નિયમના હેતુ માટે પ્રતિનિયુક્તિનો તેમાં સમાવેશ થાય છે. જ્યારે આવી હંગામી બદલીનો સમયગાળો બધુ મળીને ચાર માસ ઉપરાંત લંબાવવામાં આવે ત્યારે સમયના લંબાણ અંગેના હુકમની તારીખ સુધી જે તે કર્મચારીનો વળતર ભથ્થાંનો હક, ચાર માસની મર્યાદાને અધીનને રહી અકબંધ રહેશે.

(૮૪) **''મુદ્દતી જગા''** એટલે એવી કાયમી જગા કે જે વ્યક્તિગત સરકારી કર્મચારી પુનઃનિમણૂક વિના મર્યાદિત સમય કરતાં વધુ મુદ્દત માટે ધારણ કરી શકે નહિ.

**નોંધ :** નીચેની જગાઓ સરકારે મુદ્દતી જગાઓ તરીકે જાહેર કરેલ છે :-

| | | મુદ્દતનો સમય (વર્ષ) |
|---|---|---|
| (૧) | ગુજરાત સર્વીસ ઓફ એન્જીનીયર્સ (વર્ગ-૧) ની સેવાના મુખ્ય ઈજનેર | ૫ |
| (૨) | સમાજ કલ્યાણના મદદનીશ ડીરેક્ટરોની ત્રણ જગાઓ | ૩ |
| (૩) | જાહેર બાંધકામ ખાતામાં ઉપસચિવ અને નાયબ સચિવની બધી ટેક્નીકલ જગાઓ | ૫ |
| (૪) | કાયદા વિભાગની નિમ્નદર્શિત જગાઓ : | |
| | (૧) નાયબ સચિવ (ત્રણ જગાઓ) | ૩ |
| | (૨) સોલીસીટર અને હોદ્દાની રૂએ સરકારના નાયબ સચિવ (એક જગા) | ૩ |
| | (૩) ખાસ અધિકારી અને હોદ્દાની રૂએ સરકારના ઉપસચિવ (એક જગા) | ૩ |
| (૫) | સચિવાલય વિભાગમાં ઓગણીસ (૧૯) નાયબ સચિવની સંવર્ગ જગાઓ, જેમાં કાયદા વિભાગના નાયબ સચિવોની જગાઓનો તેમજ જાહેર બાંધકામ વિભાગના ટેકનિકલ જગાઓનો સમાવેશ થતો નથી. | ૫ |
| (૬) | સચિવાલય સંવર્ગની કુલ કાયમી અને હંગામી જગાઓ પૈકી આઠ ઉપસચિવની જગાઓ, જેમાં કાયદા વિભાગના કાયદા ક્ષેત્રના ઉપસચિવો તથા જાહેર બાંધકામ વિભાગની ટેકનિકલ જગાઓનો સમાવેશ થતો નથી. | ૫ |

**પરંતુ** જ્યારે કોઈ ઉપસચિવ કે નાયબ સચિવની આવી મુદ્દતી જગા, સચિવાલયના કોઈ અધિકારી ધારણ કરે ત્યાં સુધી તેવી જગાની મુદ્દતી જગા તરીકે ઓળખાતી બંધ થશે.

(૮૫) **"પગાર ધોરણ"** એટલે આ નિયમોમાં નિશ્ચિત કરવામાં આવેલ કોઈ શરતોને અધીન રહીને મુદ્દતી ઈજાફા દ્વારા ન્યૂનત્તમથી અધિકત્તમ સુધી વધતો પગાર.

**નોંધ-૧ :** ન્યૂનતમ પગાર, અધિકતમ પગાર તથા ઈજાફાનો સમયગાળો અને ઈજાફાનો દર જો એકસરખા હોય તો તેવાં પગાર ધોરણો, સમાન પગાર ધોરણો કહેવાશે.

**નોંધ-૨ :** જો બે સમાન પગાર ધોરણો હોય, અને તે જગાઓ કોઈ સંવર્ગમાં કે સંવર્ગના વર્ગમાં આવતી હોય અને આવા સંવર્ગ કે વર્ગ લગભગ તે જ પ્રકારની ફરજો અથવા તેટલી જવાબદારીવાળી જગાઓ ભરવા માટે, કોઈ સેવામાં અથવા મહેકમમાં અથવા મહેકમોના જૂથમાં ઊભી કરવામાં આવી હોય, તો તે એક પગાર ધોરણની તે જ પગાર ધોરણ ઉપરની બીજી જગા સાથે સમાન પગાર ધોરણની છે એમ કહી શકાય. જેથી અમુક જગાના પદધારીનો પગાર તે પોતે તે જગા ધરાવે છે તે હકીકતના આધારે નહિ પણ તેની સંવર્ગમાં અથવા વર્ગમાં તેની સ્થિતિની રૂએ નક્કી થાય છે.

(૮૬) **"બદલી"** એટલે સરકારી કર્મચારી પોતે જ્યાં કામ કરતો હોય એ મુખ્ય મથકના સ્થળેથી એવા અન્ય સ્થળે નીચેના કારણોસર પ્રયાણ :-

(ક) કોઈ નવી જગાની ફરજો સંભાળવા; **અથવા**

(ખ) તેના મુખ્ય મથકના ફેરફારના પરિણામે.

(૮૭) **''મુસાફરીનો સમય''** એટલે મુખ્ય મથકેથી પ્રવાસના નિર્ધારિત સ્થળે પહોંચવા માટેનો અથવા કોઈ એક સ્થળેથી અન્ય સ્થળે પ્રવાસના સામાન્ય સાધનો દ્વારા પહોંચવા માટે ગાળેલો ખરેખર સમય.

(૮૮) **''મુસાફરી ભથ્થું''** એટલે જાહેર સેવાના હિતમાં પોતાની ફરજને કારણે જેને પ્રવાસ કરવો પડતો હોય તે અંગેના ખર્ચને પહોંચી વળવા માટે સરકારી કર્મચારીને આપવામાં આવતું ભથ્થું. આમાં વાહનની જાળવણી માટેના ભથ્થાંનો પણ સમાવેશ થાય છે.

(૮૯) **''તિજોરી''** એટલે જિલ્લાના મુખ્ય મથકે સ્થાપવામાં આવેલ તિજોરી અને તેમાં પેટા-તિજોરી અથવા પગાર અને હિસાબી કચેરીનો સમાવેશ થાય છે.

## પ્રકરણ - ૩

## સામાન્ય શરતો

૧૦. **રજાનો હક :** (૧) રજા એ સરકારી કર્મચારીને ફરજ ઉપરથી ગેરહાજર રહેવા સક્ષમ સત્તાધિકારીની વિવેકબુદ્ધિ હેઠળ આપવામાં આવેલી પરવાનગી છે.

(૨) રજાની માગણી હક તરીકે કરી શકાશે નહિ.

(૩) જાહેર સેવા માટે અનિવાર્યપણે આવશ્યક જણાય, તો સક્ષમ સત્તાધિકારી કોઈપણ પ્રકારની રજા નકારી શકે છે અથવા રદ કરી શકે છે. પરંતુ સરકારી કર્મચારીની પોતાની લેખિત વિનંતી સિવાય, લેણી અને માગેલી રજાનો પ્રકાર ફેરવવાની સત્તા ધરાવતા અધિકારીને છૂટ નથી.

૧૧. **રજાની અરજીની મંજૂરી માટે વિચારણા :** રજાની અરજીઓ વધુ સંખ્યામાં હોય અને તમામ અરજીઓ જાહેર હિતમાં મંજૂર કરી શકાય તેમ ન હોય, ત્યારે રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીએ અરજીઓનો નિર્ણય કરતાં નીચેના મુદ્દાઓ વિચારણામાં લેવા પડશે :-

(ક) તત્સમયે ફાજલ કરી શકાય તેવા સરકારી કર્મચારી,

(ખ) જુદા જુદા અરજદારોની લેણી રજાની સિલક,

(ગ) રજા ઉપરથી છેલ્લે હાજર થયા પછી દરેક અરજદારે બજાવેલ ફરજનો સમયગાળો અને તેનો પ્રકાર,

(ઘ) આવા અરજદારને છેલ્લે રજા પરથી ફરજિયાત ફરજ પર પાછા બોલાવવામાં આવ્યા હતા કે કેમ, **અને**

(ચ) જાહેર હિતમાં આવા અરજદારની રજા નકારવામાં આવી હતી કે કેમ.

૧૨. **રજાની મંજૂરીથી સંવર્ગનું સંખ્યાબળ અનુચિત પ્રમાણમાં ઘટવું ન જોઈએ :** ફરજ માટે ઉપલબ્ધ કર્મચારી વર્ગ કે ખાતાના કર્મચારીઓનું સંખ્યાબળ લઘુત્તમ આવશ્યક સંખ્યા કરતાં ઘટી જાય તેટલી હદ સુધી રજા મંજૂર કરી શકાશે નહિ.

૧૩. **સામાન્યતઃ એ જ મથકના અથવા જિલ્લાના બીજા સરકારી કર્મચારી મારફતે રજા પર ગયેલા સરકારી કર્મચારીની ફરજોની બજવણી :** ૧૨૦ દિવસથી વધુ ન હોય તેટલી મુદત માટેની રજા પરના સરકારી કર્મચારીની ફરજો, એ જ મથક અથવા જિલ્લાના અન્ય સરકારી કર્મચારી બજાવવી જોઈશે. માત્ર અપવાદરૂપ કિસ્સાઓમાં જ કોઈ કર્મચારી ૧૨૦ દિવસથી વધુ નહિ તેવી રજા પર ગયા હોય તેની અવેજીમાં ફરજ બજાવવા તાત્કાલિક કોઈ કર્મચારી ઉપલબ્ધ ન હોય, ત્યારે અન્ય મથક અથવા જિલ્લામાંથી સરકારી કર્મચારીની બદલી કરવાની છૂટ આપી શકાય. અખિલ ભારતીય સેવાના સભ્યોએ ધરાવેલ જગાઓની બાબતમાં તે સેવાના સભ્ય સ્થળ પર તાત્કાલિક ઉપલબ્ધ ન હોય ત્યારે તેની ખાલી જગાનો હવાલો રાજ્ય સેવાના અધિકારીને સોંપવામાં આવશે.

૧૪. **રજાના એક પ્રકારનું બીજા પ્રકારમાં રૂપાંતર :** (૧) મંજૂર કરવામાં આવેલી રજાને પાછલી તારીખથી અમલમાં આવે તેવી જે તે સમયે લેણી અને મળવાપાત્ર હોય તેવી અન્ય પ્રકારની રજામાં ફેરવવાની સરકારી કર્મચારીની વિનંતી રજા મંજૂર કરનાર સત્તાધિકારી માન્ય રાખી શકે, પરંતુ સરકારી કર્મચારી હક તરીકે આવી રજાના રૂપાંતરની માગણી કરી શકે નહિ.

(૨) એક પ્રકારની રજાનું બીજા પ્રકારની રજામાં રૂપાંતર, સરકારી કર્મચારીની મંજૂર થયેલ આખરી રજાના આધારે મળવાપાત્ર રજાના પગારની સામે સરભર કરવાની શરતે કરવાનું રહેશે. તેને ચૂકવેલ કોઈપણ વધારાની રકમ વસૂલ કરવામાં આવશે અથવા લેણી થતી કોઈપણ બાકી રકમ ચૂકવવામાં આવશે.

**નોંધ :** તબીબી પ્રમાણપત્રના આધારે અથવા અન્યથા મંજૂર કરવામાં આવેલ અસાધારણ રજાનું નિયમ-૫૯ ની જોગવાઈઓને અધીન રહીને પશ્ચાદવર્તી અસરથી બિનજમા રજામાં રૂપાંતર કરી શકાશે.

૧૫. **જુદા જુદા પ્રકારની રજાઓનું સંયોજન :** આ નિયમોમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય આ નિયમો હેઠળ મળતી કોઈ પણ પ્રકારની રજાઓ અન્ય કોઈ પ્રકારની રજાઓના સંયોજન સાથે અથવા અનુસંધાનમાં મંજૂર કરી શકાય.

**સ્પષ્ટીકરણ :** પ્રાસંગિક રજાને આ નિયમો હેઠળ રજા તરીકે માન્યતા પ્રાપ્ત ન હોઈ આ નિયમ હેઠળ અન્ય પ્રકારની મળવાપાત્ર રજાઓ સાથે તે સંયોજિત કરી શકાશે નહિ.

૧૬. **સળંગ રજાની મહત્તમ મુદત :** અપવાદરૂપ સંજોગોમાં સરકાર અન્યથા નિર્ણય લે તે સિવાયના કિસ્સાઓમાં, કોઈપણ સરકારી કર્મચારીને સળંગ પાંચ વર્ષથી વધુ મુદત માટે કોઈપણ પ્રકારની રજા મંજૂર કરવામાં આવશે નહિ.

૧૭. **ફરી રજા લેવાના આશયથી રજાના અંતે ઔપચારિક રીતે ફરજ પર હાજર થવાની પરવાનગીનો નિષેધ :** થોડા દિવસમાં ફરીથી રજા લેવાના આશયથી રજાના અંતે ઔપચારિક રીતે ફરજ પર હાજર થવાની પરવાનગી આપી શકાશે નહિ. આ નિયમની જાણીબૂઝી કે ઈરાદાપૂર્વક ઉલ્લંઘનની પરવાનગી આપી શકાય નહિ એ સિદ્ધાંતના આધારે આ નિયમની જરૂરિયાતનો અમલ કરવામાં આવશે, પરંતુ આ શરતોનું પાલન થતું હોય ત્યાં સુધી રજા મંજૂર કે નામંજૂર કરવાનું, રજા મંજૂર કરવાની સત્તા ધરાવતા સક્ષમ સત્તાધિકારીની વિવેકબુદ્ધિ ઉપર અવલંબે છે.

૧૮. **અન્ય સરકારની સેવામાં હંગામી બદલી વખતે અથવા રાજ્યેતર સેવા દરમ્યાન નિયમોનો અમલ :** (૧) જેમને આ નિયમો લાગુ પડતા હોય તેવા કર્મચારીઓ મધ્યસ્થ સરકાર કે અન્ય કોઈ રાજ્ય સરકારમાં કે ભારતમાં રાજ્યેતર સેવામાં હંગામી બદલી પર હોય, ત્યારે પણ તેઓ આ નિયમોથી નિયંત્રિત થતા રહેશે.

(૨) ભારતમાં રાજ્યેતર સેવામાં ફરજ બજાવતા સરકારી કર્મચારીએ તેની ૧૨૦ દિવસથી વધુ નહિ તેટલી મુદત માટેની રજાની અરજી તેના નિયોજકને આપવાની રહેશે.

જો રજાની મુદત ૧૨૦ દિવસ કરતાં વધુ હોય તો કર્મચારીએ રજાની અરજી, તેની મંજૂરી માટે રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીને પોતાના નિયોજકની મારફતે કરવાની રહેશે.

(૩) ભારતમાં રાજ્યેતર સેવામાં ફરજ બજાવતા કર્મચારીની ૧૨૦ દિવસથી વધુ નહિ એટલા સમય માટેની રજા, જો લેણી અને મળવાપાત્ર હોય તો, તેના નિયોજક, સંબંધિત ખાતાના વડા અધિકારી / પગાર અને હિસાબી અધિકારીની જાણ હેઠળ મંજૂર કરી શકશે. તેના કરતાં વધુ સમયગાળાની રજા, કર્મચારીની બદલી મંજૂર કરનાર સત્તાધિકારી મંજૂર કરી શકશે.

૧૯. **રાજ્યેતર સેવા દરમ્યાન પ્રતિનિયુક્તિ કે રાજ્યેતર સેવાની સમાપ્તિ વેળાએ રજા પગારની ચૂકવણી અને તેની ભરપાઈ (રીઈમ્બર્સમેન્ટ)ની પાત્રતા :** રાજ્યેતર સેવાના નિયોજકે પ્રતિનિયુક્તિ પરના અથવા રાજ્યેતર સેવા તરીકે ફરજ બજાવતા કર્મચારીની રજાનો હિસાબ રાખવાનો રહેશે. આવા કર્મચારીની રજાનો હિસાબ રાખનાર સંબંધિત ખાતાના વડા અધિકારી / પગાર અને હિસાબી અધિકારી, રાજ્યેતર નિયોજકને કર્મચારીની રજાના હિસાબનો જરૂરી ઉતારો મોકલી આપશે. રાજ્યેતર સેવાના નિયોજક, ખાતાના વડા અધિકારી / પગાર અને હિસાબી અધિકારી આવા ઉતારાના આધારે કર્મચારીની રજાની પાત્રતાનો નિર્ણય કરશે. તેઓ કર્મચારીની પ્રતિનિયુક્તિ કે રાજ્યેતર સેવા સમાપ્ત થાય ત્યાં સુધી સંબંધિત કર્મચારીને રજાના પગારની ચૂકવણી કરશે અને આવી ચૂકવણીની રકમ ભરપાઈ કરવા માટે અર્ધવાર્ષિક માગણી સંબંધિત વહીવટી વિભાગ / ખાતાના વડા અધિકારીને કરશે.

૨૦. **રજા દરમ્યાન નોકરી કે રોજગારીનો સ્વીકાર :** (૧) જે સરકારી કર્મચારીને પ્રાસંગિક સાહિત્યિક કાર્ય કે પરીક્ષક તરીકેની અથવા એવી સેવા માટે મંજૂરી આપવામાં આવી હોય તે સિવાયના સરકારી કર્મચારી, સક્ષમ સત્તાધિકારીની પૂર્વમંજૂરી સિવાય, રજા દરમ્યાન અન્યત્ર કોઈ બીજી નોકરી કે રોજગાર કરી શકશે નહિ.

(૨) (ક) રજા દરમ્યાન સરકાર કે ખાનગી નિયોજક હેઠળ નોકરી કરવા જેને પરવાનગી આપવામાં આવેલ હોય તેવા સરકારી કર્મચારીની રજાનો પગાર સરકાર હુકમથી નિર્દિષ્ટ કરે તેવી શરતોને અધીન રહેશે.

(ખ) તબીબી કારણસર રજા પર ગયેલ સરકારી કર્મચારીને આવી રજા દરમ્યાન અન્યત્ર કોઈ નોકરી કે રોજગાર કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(ગ) રજાના પગાર સહિતની કે પગાર વગરની રજા પર ગયેલા સરકારી કર્મચારીને, જ્યારે આ નિયમ હેઠળ બીજી સરકારી કચેરી કે ખાતામાં નોકરી માટે છૂટ આપવામાં આવે, ત્યારે આ નિયમના પેટા-નિયમ (૧) માં ઉલ્લેખેલ કાર્યો સિવાયના કાર્ય અથવા સેવામાં નવી નિમણૂક ધારણ કરતાં વેંત જ રજાનો બધો પગાર આપોઆપ બંધ થઈ જશે.

(૩) સરકારી કર્મચારીની તેના મૂળ ખાતાની અગર તો કચેરીમાં હોય તે સિવાયની અન્ય જગામાં પુનઃનિમણૂકના કિસ્સામાં ગુજરાત મુલ્કી સેવા (સામાન્ય સેવાની શરતો) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૨૭ ની જોગવાઈઓ લાગુ પડશે નહિ અને આવી પુનઃનિમણૂકનું નિયમન સરકાર અને સરકારી કર્મચારી વચ્ચે થયેલ કરારની બોલીઓ અને શરતો પ્રમાણે થશે.

૨૧. **એક વર્ષની સળંગ નોકરી કરેલ હોય તેવી પ્રથમ નિમણૂક છોડી દીધા બાદ છ દિવસમાં ફરી નિમાયેલ હંગામી સરકારી કર્મચારીની રજા આગળ ખેંચવા બાબત :** ઓછામાં ઓછી એક વર્ષની સળંગ નોકરીવાળી હંગામી સરકારી જગાએથી સરકારી કર્મચારી નોકરીનો હવાલો છોડી, બીજી નિમણૂકની જગાનો હવાલો સંભાળે તે દરમ્યાનનો સમયગાળો છ દિવસથી વધતો ન હોય તો, જૂની જગાએ તેની ચડેલી બધા પ્રકારની રજા, તેની નવી નિમણૂકની જગાના રજાના હિસાબમાં જમા કરવામાં આવશે.

૨૨. **નોકરીમાંથી છૂટા કરવાથી કે રાજીનામાથી રજાની સિલકનો અંત :** (૧) નિયમ-૬૩ અને આ નિયમમાં જોગવાઈઓ કરી હોય તે સિવાય, જે કર્મચારીને સરકારી નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા હોય અથવા દૂર કરવામાં આવ્યા હોય અથવા જેમણે રાજીનામું આપ્યું હોય તેવા સરકારી કર્મચારીના ખાતે જમા થયેલ રજાના હકનો, બરતરફીની દૂર કરવાની અથવા યથાપ્રસંગ, રાજીનામાની તારીખથી અંત આવે છે.

(૨) મહેકમમાં ઘટાડાને કારણે એક કચેરીમાંથી છૂટા કરી પુનઃ નોકરીમાં લેવામાં આવેલા હોય તેવા હંગામી સરકારી કર્મચારીની રજાને એ શરતે આગળ ખેંચવામાં આવશે કે તેની નોકરીમાં તૂટ ન હોય, અથવા ૩૦ દિવસ કરતાં વધારે ન હોય તેવી તૂટને પગાર સહિતની કે બિનપગારી રજા અથવા હાજર થવાના સમય તરીકે પરિવર્તિન કરવામાં આવેલ હોય.

(૩) નોકરીમાંથી બરતરફ અથવા દૂર કરાયેલ હોય પરંતુ તેણે કરેલ અપીલ / રીવીઝનના પરિણામે તેને નોકરીમાં પુનઃસ્થાપિત કરવામાં આવેલ હોય તેવા સરકારી કર્મચારીની બરતરફી અથવા યથાપ્રસંગ, નોકરીમાંથી દૂર કરવાના હુકમ પહેલાંની નોકરી માટે રજાને પાત્ર ગણાશે.

૨૩. **વળતર અથવા અશક્તતા પેન્શન પર નિવૃત્ત થયેલ સરકારી કર્મચારીને ફરી નોકરીમાં લેવામાં આવે તે પૂર્વેની નોકરી રજાના હેતુ માટે ગણવા બાબત :** વળતર અથવા અશક્તતા પેન્શન અથવા ગ્રેજ્યુઈટી મેળવીને, સરકારી નોકરી છોડવાની ફરજ પડી હોય તેવા સરકારી કર્મચારીની ફેરનિમણૂક થાય અને જો તેની ગ્રેજ્યુઈટીની રકમની વસૂલાત કરવામાં આવતાં અથવા તેનું પેન્શન સંપૂર્ણપણે સ્થગિત કરવામાં આવતાં તેની આખરી નિવૃત્તિ વખતે તેની અગાઉની સેવાઓ પેન્શનપાત્ર થાય ત્યારે, ફેરનિમણૂક મંજૂર કરનાર સત્તાધિકારીની વિવેકબુદ્ધિ હેઠળ અને તે સત્તાધિકારી નક્કી કરે તે મર્યાદામાં, તેની અગાઉની નોકરીની રજાના હેતુ માટે ગણતરી થઈ શકશે.

## પ્રકરણ - ૪ -

## રજાની મંજૂરી અને રજા પરથી પરત ફરવા બાબત

૨૪. **રજા માટેની અરજી :** રજા માટે કે રજાની મુદત લંબાવી આપવા માટે રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીને નમૂના-૧ માં અરજી કરવી જોઈશે.

૨૫. **રજાનો હિસાબ :** જે સત્તાધિકારી સરકારી કર્મચારીની નોકરીના રેકર્ડ રાખતા હોય તેમણે આવા દરેક સરકારી કર્મચારીની રજાનો હિસાબ **નમૂના-૨** માં રાખવો.

૨૬. **રજાના હકની ચકાસણી :** (૧) (ક) રજાનો હિસાબ રાખનાર સત્તાધિકારી પાસેથી સરકારી કર્મચારીની રજાની પાત્રતાનો અહેવાલ મેળવ્યા સિવાય તે કર્મચારીને કોઈ રજા મંજૂર થઈ શકશે નહિ.

(ખ) રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીએ સરકારી કર્મચારીની પ્રાપ્ત રજા અથવા અર્ધપગારી રજા મંજૂર કરતા હુકમમાં કર્મચારીના ખાતે બાકી જમા રહેલ રજાની સિલક દર્શાવવી પડશે.

(૨) (ક) જ્યારે કર્મચારીની રજા પાત્રતાનો અહેવાલ મેળવવાને લીધે રજા મંજૂર કરવામાં અનુચિત વિલંબ થશે એમ માનવાને કારણ હોય, ત્યારે સક્ષમ સત્તાધિકારી, ઉપલબ્ધ હોય તેવી હકીકતના આધારે સરકારી કર્મચારીની મળવાપાત્ર રજાની ગણતરી કરી, ૬૦ દિવસથી વધુ નહિ એટલી મુદતની કામચલાઉ રજા મંજૂર કરી શકશે.

(ખ) આ પેટા-નિયમ હેઠળ મંજૂર કરવામાં આવેલ રજા, રજાના હિસાબ રાખનાર સત્તાધિકારીની ખરાઈને અધીન રહેશે અને જરૂર પડે તો તે રજાની મુદત માટેની સુધારેલી મંજૂરી બહાર પાડશે.

૨૭. **રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી :** નિયમ-૩૯ માં જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય નવ માસથી વધુ સમયની અસાધારણ રજા તેમજ આ નિયમો હેઠળ મળવાપાત્ર અશક્તતા ખાસ રજા સિવાયની કોઈપણ રજા, સરકારી કર્મચારીની ખાલી જગા ભરવા અંગે જે અધિકારીની ફરજ હોય તે અથવા બીજા કોઈ સક્ષમ સત્તાધિકારી, સરકારી કર્મચારીને મંજૂર કરી શકશે.

૨૮. **પગાર અને હિસાબ અધિકારી દ્વારા રજાની પાત્રતા પ્રમાણિત કર્યા બાદ જ ખાતાના વડાને રજાની અંતિમ મંજૂરી :** પગાર અને હિસાબ અધિકારી પાસેથી રજાની પાત્રતાનો પ્રમાણિત અહેવાલ આવ્યા બાદ જ ખાતાના વડાની રજા મંજૂર થઈ શકશે. તાત્કાલિક પ્રસંગે ખાતાના વડાને, સક્ષમ સત્તાધિકારી, રજા પર ઉતરવાના પરવાનગી એ શરતને અધીન આપી શકશે કે પગાર અને હિસાબ અધિકારી પાસેથી રજાની પાત્રતાનો અહેવાલ આવ્યા બાદ રજાને આખરી મંજૂરી આપવામાં આવશે.

૨૯. **રજા ઉપર હોય અથવા હેરફેર (ટ્રાન્ઝીટ) દરમ્યાન એક ખાતા / કચેરીમાંથી બીજે બદલી કરવામાં આવેલ સરકારી કર્મચારીની રજાની મંજૂરી અને રજાના પગારની ચૂકવણી :** અગાઉથી રજા ઉપર હોય તે દરમ્યાન અથવા એક ખાતા / કચેરીમાંથી અન્ય ખાતા / કચેરીમાં બદલી થતાં હાજર થવાનો સમય ભોગવતા હોય તે સમયગાળા દરમ્યાન કર્મચારીની રજા મંજૂર કરવાની રજા લંબાવી આપવાની અને એ રજાના પગારની ચૂકવણી કરવાની જવાબદારી કર્મચારીની જે ખાતા / કચેરીમાંથી બદલી થઈ હોય તે ખાતા / કચેરી ઉપર રહેશે.

૩૦. **અમુક સંજોગોમાં રજાની નામંજૂરી :** જેને સક્ષમ શિક્ષા સત્તાધિકારીએ નોકરીમાંથી બરતરફ કરવાની, દૂર કરવાની કે ફરજિયાત નિવૃત્ત કરવાની શિક્ષા કરવાનો નિર્ણય કર્યો હોય તેવા કર્મચારીની રજા મંજૂર કરવામાં આવશે નહિ.

૩૧. **ટૂંકા સમયાંતરે તબીબી પ્રમાણપત્ર આધારિત વારંવાર રજાની મંજૂરી :** ટૂંકા સમયાંતરે વારંવાર તબીબી પ્રમાણપત્રના આધારે સરકારી કર્મચારી રજા માટે અરજી કરે, ત્યારે તેને સંપૂર્ણતઃ સાજા થવા માટે આવશ્યક એવી રજાના સંદર્ભે તેની ગેરહાજરીની મુદતની વિચારણા કરવા તબીબી મંડળ અથવા સરકારી તબીબી અધિકારીનું ધ્યાન દોરવું.

૩૨. **તબીબી મંડળની રચના :** (૧) આ નિયમો હેઠળના કાર્યો પાર પાડવાના હેતુ માટે રાજ્ય સરકાર વખતોવખત અમદાવાદ, જામનગર, વડોદરા અને સુરતમાં એક તબીબી મંડળની રચના કરશે.

(૨) આવુ મંડળ ત્રણ રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરોનું બનેલું હશે, જેમાંના એક સંબંધિત સિવિલ હૉસ્પીટલના સિવિલ સર્જન અથવા તેવી જગા અસ્તિત્વમાં ન હોય તો ચિકિત્સા પદ્ધતિના વરિષ્ઠ પ્રાધ્યાપક (સીનિયર પ્રોફેસર ઓફ મેડીસીન) રહેશે અને તેઓ મંડળના અધ્યક્ષ પણ રહેશે.

૩૩. **તબીબી મંડળ સમક્ષ સરકારી કર્મચારીની ઉપસ્થિતિ :** ગુજરાતમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીએ નિયમ-૩૨ હેઠળ રચાયેલ કોઈપણ તબીબી મંડળ સમક્ષ, સક્ષમ સત્તાધિકારીના વિવેકાધિકાર હેઠળ, ઉપસ્થિત થવાનું રહેશે.

૩૪. **તબીબી મંડળની બેઠક બોલાવવી :** કોઈ સરકારી કર્મચારીની તબીબી તપાસ તબીબી મંડળ દ્વારા કરાવવાની જરૂર છે એવા સક્ષમ સત્તાધિકારી દ્વારા જાણ થયે, તબીબી મંડળના અધ્યક્ષે સદરહુ મંડળની બેઠક બોલાવવાની વ્યવસ્થા કરવી પડશે.

૩૫. **સરકારી કર્મચારીને માંદગીના કારણોસર રજાની મંજૂરી :** સિવિલ સર્જન દ્વારા અથવા ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮ ના નિયમ-૨ ના પેટા-નિયમ (૩) માં વ્યાખ્યાપિત કરેલ અધિકૃત તબીબી ચિકિત્સક દ્વારા અથવા આર.એમ.પી. દ્વારા આપવામાં આવેલ નમૂના-૩ માં તબીબી પ્રમાણપત્રની રજૂઆતના આધારે સરકારી કર્મચારીની માંદગી સબબને કારણે રજા મંજૂર કરી શકાશે.

૩૬. **ચોથા વર્ગના સરકારી કર્મચારીઓને માંદગીના કારણોસર રજાની મંજૂરી :** ચોથા વર્ગના સરકારી કર્મચારીઓએ માંદગીના કારણોસરની રજા માટે કે રજાનો સમય વધારી આપવાની મંજૂરી માટેની અરજીના સમર્થનમાં, રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી, તેને યોગ્ય લાગે તેવું તબીબી પ્રમાણપત્ર સ્વીકારી શકશે.

૩૭. **તબીબી પ્રમાણપત્ર કાઢી આપવાનું નિયમન કરતી શરતો :** (૧) સરકારી કર્મચારી કદાપી પોતાની ફરજ પર પાછા ફરવા યોગ્ય થાય એવી કોઈપણ વાજબી સંભાવના ન હોય, તેવા કોઈપણ કિસ્સામાં તબીબી અધિકારી રજા આપવાની ભલામણ કરશે નહિ અને આવા પ્રસંગે સરકારી કર્મચારી સરકારી નોકરી માટે સદંતર અયોગ્ય છે એવો અભિપ્રાય તેમણે તબીબી પ્રમાણપત્રમાં નોંધવો જોઈશે.

(૨) રજા મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી પોતાના વિવેકાધિકારથી સરકારી તબીબી અધિકારી જે સિવિલ સર્જનના દરજ્જા કરતાં નીચલા દરજ્જાના ન હોય તેમને વિનંતી કરીને શક્ય એટલી વહેલામાં વહેલી તારીખે બીજા તબીબી અભિપ્રાય માટે કર્મચારીની તબીબી તપાસ કરાવવાનો પ્રબંધ કરી શકશે અને અરજદારે રજૂ કરેલું મૂળ તબીબી પ્રમાણપત્ર ફરીથી તપાસ કરનાર તબીબી અધિકારીને મોકલવાનું રહેશે.

(૩) પેટા-નિયમ (૨) માં ઉલ્લેખેલ સરકારી તબીબી અધિકારી માંદગીની વિગતો અને ભલામણ કરેલ જરૂરી રજાની આવશ્યક્તા બંને માટે પોતાનો અભિપ્રાય આપશે અને તે માટે તે અરજદારને કાં તો પોતાની સમક્ષ અથવા પોતે નામનિયુક્ત કરેલ તબીબી અધિકારી સમક્ષ હાજર થવા ફરમાવી શકશે.

(૪) જેને તબીબી પ્રમાણપત્રના આધારે રજા મંજૂર કરવામાં આવી હોય તેવા કોઈપણ સરકારી કર્મચારી, નમૂના-૪ માં યોગ્યતાનું તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યા પછી જ ફરજ ઉપર હાજર થઈ શકશે. રજા મંજૂર કરનાર સત્તાધિકારી તેમના વિવેકબુદ્ધિ હેઠળ કોઈપણ કર્મચારી કે જેને માંદગીના કારણોસર તબીબી પ્રમાણપત્ર વગર ખરેખર રજા મંજૂર કરવામાં આવેલ હોય તેની પાસેથી પણ આવું પ્રમાણપત્ર માગી શકે છે.

***નોંધ :*** *સંબંધિત રાજ્યના સરકારી કર્મચારીઓ (તમામ પોલીસ કર્મચારીઓ સહિત) ની મફત તબીબી*

*તપાસ માટે મૈસુર અને મહારાષ્ટ્રની સરકારો સાથે નીચેની બોલીઓ અને શરતોએ પારસ્પરિક વ્યવસ્થા અસ્તિત્વમાં છે :-*

*(૧) આ ગોઠવણ રજા મંજૂર કરવા અથવા રજાનો સમય વધારવા, રજા પૂરી થયેથી ફરજ પર હાજર થવાની યોગ્યતા અને સરકારી નોકરી માટે અશક્ત જાહેર કરવાના હેતુઓ માટે કરવામાં આવી છે.*

*(૨) તબીબી મંડળ અથવા યથાપ્રસંગ, તબીબી અધિકારી તબીબી તપાસ પહેલાં, સક્ષમ સત્તાધિકારીએ આપેલ તબીબી તપાસ માટેનું માગણીપત્ર (રીક્વીઝીશન) રજૂ કરવાનો આગ્રહ રાખશે.*

*(૩) રાજ્ય સરકારના પેન્શનરોને તેમના પેન્શનના રોકડમાં રૂપાંતર માટે તેમજ ઉમેદવારોની સરકારી નોકરીમાં તેમની પ્રથમ નિમણૂક વખતે તબીબી તપાસ માટે અને શારીરિક યોગ્યતા બાબતના તબીબી પ્રમાણપત્ર આપવાના હેતુઓ માટે પેન્શનરે / ઉમેદવારોએ તે અંગે ઠરાવેલ ફી ચૂકવવી પડશે. કારણકે આવા હેતુઓ માટે તબીબી તપાસ નિઃશુલ્ક હોઈ શકે નહિ.*

*(૪) જે કચેરીમાં અરજદાર નોકરી કરતો હોય તે કચેરીના વડા અધિકારીની જાણ બહાર તબીબી પ્રમાણપત્ર સામી સહી માટે રજૂ કરી શકાશે નહિ.*

૩૮. **તબીબી પ્રમાણપત્રથી રજાનો હક્ક પ્રસ્થાપિત થતો નથી :** આ નિયમો હેઠળ તબીબી પ્રમાણપત્ર મળવાથી સંબંધિત કર્મચારીને રજા પર ઉતરી જવાનો હક મળી જતો નથી. રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી તરફ તબીબી પ્રમાણપત્ર મોકલવું જોઈશે અને તેમના હુકમની રાહ જોવી જોઈશે.

૩૯. **રજા પરથી ફરજ પર પાછા ફરવાની સંભાવના ન હોય તેવા સરકારી કર્મચારીને રજા :** (૧) તબીબી મંડળના અહેવાલમાં જણાવવામાં આવ્યું હોય કે કોઈપણ સરકારી કર્મચારીની ફરજ પર પુનઃ હાજર થવા યોગ્ય થવા માટેની કોઈપણ વાજબી શક્યતા નથી ત્યારે તેવા સરકારી કર્મચારીની રજા નકારવી જ જોઈએ તેવું આવશ્યક નથી. રજા લેણી હોય તો રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી નીચેની શરતોને અધિન રહીને, રજા મંજૂર કરી શકશે :-

(ક) સરકારી કર્મચારી ફરજ બજાવવા, ફરીથી ક્યારેય યોગ્ય થશે જ નહી તેવું તબીબી મંડળ ચોક્કસપણે કહી શકે તેમ ન હોય, ત્યારે એકંદરે બાર માસથી વધુ નહિ તેટલી રજા મંજૂર કરી શકાશે; અને તબીબી મંડળ સાથે વધુ પૂછાણ અર્થે મોકલ્યા સિવાય આવી રજાની મુદ્દત લંબાવી શકાશે નહિ.

(ખ) સરકારી કર્મચારી ફરીથી નોકરી કરવા માટે સંપૂર્ણતઃ અને કાયમી રીતે અશક્ત છે તેમ તબીબી મંડળ દ્વારા જાહેર કરવામાં આવ્યું હોય ત્યારે રજા કે રજા વધારો મંજૂર કરવાનો નિર્ણય તબીબી મંડળનો અહેવાલ મળ્યા બાદ કરી શકાશે; પરંતુ આવી રજાઓ તેના ખાતે લેણી હોવી જોઈએ અને રજાના હિસાબમાં ઉધારવામાં આવે તે મુદત તબીબી અહેવાલની તારીખથી છ માસ કરતાં વધુ ન હોવો જોઈએ.

(૨) જે સરકારી કર્મચારીને તબીબી સત્તાધિકારીએ વધુ નોકરી માટે સંપૂર્ણતઃ અને કાયમી રીતે અશક્ત જાહેર કર્યો હોય તો -

(ક) તે કર્મચારી જો ફરજ પર હોય, તો તબીબી સત્તાધિકારીનો અહેવાલ પ્રાપ્ત થતા જ, વિના વિલંબે તુરત જ તેની ફરજો ઉપરથી છૂટા કર્યા તારીખથી નોકરી માટે અશક્ત ઠરાવવો જોઈએ. આમ છતાં પેટા-નિયમ (૧) હેઠળ તેની રજા મંજૂર થયેલ હોય, તો આવી રજા પૂરી થયે તે કર્મચારીને નોકરી માટે અશક્ત ઠરાવવો પડશે.

(ખ) તે કર્મચારી અગાઉથી રજા ઉપર હોય, તો પેટા-નિયમ (૧) હેઠળ મંજૂર કરવામાં રજા પૂરી થયેથી અથવા રજાની વધારેલ મુદત, જો હોય તો તે પૂરી થયેથી તેને નોકરી માટે અશક્ત ઠરાવવો પડશે.

૪૦. **રજાનો પ્રારંભ અને સમાપ્તિ :** નિયમ-૪૧ માં જોગવાઈ કરી હોય તે સિવાય, સામાન્યતઃ જે દિવસે હવાલો તબદીલ કરવામાં આવે તે દિવસથી રજા શરૂ થશે અને જે દિવસે હવાલો સંભાળી લેવામાં આવે તે દિવસના આગળના દિવસે રજા પૂરી થશે.

૪૧. **રજાના દિવસોનું જાહેર રજા સાથે સંયોજન :** (૧) કોઈ સરકારી કર્મચારીની રજા જે દિવસથી શરૂ થતી હોય તેની તુરત પહેલાંના દિવસે અથવા તેની રજા પૂરી થયા પછીના દિવસે એક કે સળંગ જાહેર રજાઓની હાર આવતી હોય, તો આવી જાહેર રજા કે રજાઓની શરૂઆતના આગળના દિવસના અંતે તેનું મથક છોડવાની અથવા આવી જાહેર રજા કે રજાઓ પછીના દિવસે મથકે પાછા ફરવાની પરવાનગી આપી શકાશે :-

**સિવાય કે -**

(ક) તેના કાર્યભાર સંભાળવામાં કે સોંપવામાં કાયમી પેશગી સિવાયની રોકડ રકમ અથવા જામીનગીરીઓનો સોંપવાનો કે સંભાળવાનો સમાવેશ થતો હોય;

***અપવાદ :*** *રોકડ સિલક સિવાયનાં કોઈપણ નાણાં કે જામીનગીરીઓ જેઓએ સાચવવાની ન હોય તેવા વન અધિકારીઓને આ પરંતુકની જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવે છે.*

(ખ) વહેલા પ્રયાણથી તેમની ફરજો બજાવવા માટે બીજા મથકેથી કોઈ સરકારી કર્મચારીની તદનુરુપ વહેલી બદલીની સમસ્યા પેદા થાય તેમ થવું ન જોઈએ. આ બાબતમાં ગેરહાજર સરકારી કર્મચારીની જગા સંભાળે તેવી અવેજી વ્યક્તિને જ લક્ષમાં લેવી અને સરકારી કર્મચારીની રજા અંગેની ગેરહાજરીને લીધે કરવી પડે તે વ્યવસ્થાની શૃંખલામાં આવતા તમામ સરકારી કર્મચારીઓને નહિ; **અને**

(ગ) તેની ગેરહાજરી દરમ્યાન તેની ફરજ બજાવતા સરકારી કર્મચારીની બીજા સ્થળે બદલીમાં અથવા તે જગા ઉપર હંગામી ધોરણે નિયુક્ત કરેલ વ્યક્તિને સરકારી નોકરીમાંથી છૂટા કરવામાં અનુરૂપ વિલંબ કરવો પડે, એટલો મોડો વિલંબ નોકરીએ પાછા ફરતાં થવો જોઈએ નહિ.

(૨) રજા ઉપર જતા સરકારી કર્મચારી તેના હવાલે રહેતાં નાણાં માટે જવાબદાર રહે તે શરતે કોઈ અમુક કિસ્સામાં ખાતાના વડા પેટા-નિયમ (૧) ના પરંતુકના ખંડ (ક) ની જોગવાઈના પાલનમાંથી મુક્તિ આપી શકશે.

(૩) સિવાય કે, રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી કોઈ કિસ્સામાં અન્યથા ફરમાવે નહિ, તો -

(ક) જાહેર રજાઓ, રજાની આગળ જોડવામાં આવે તો, રજા અને પગાર તથા ભથ્થાની અનુગામી પુનઃવ્યવસ્થા જાહેર રજાઓ પછીના પ્રથમ દિવસથી અમલી બનશે; **અને**

(ખ) જાહેર રજાઓ, રજાની પાછળ જોડવામાં આવે, તો તે જાહેર રજાઓ રજાની પાછળ જોડી ન હોત તેમ ગણીને જે દિવસે રજા પૂરી થાત તે દિવસથી પૂરી થયેલી ગણાશે અને પગાર અને ભથ્થાની અનુગામી પુનઃવ્યવસ્થા સદરહુ દિવસથી અમલમાં આવશે.

***નોંધ-૧ :*** *રવિવાર અગર જાહેર રજાના પૂર્ણ દિવસ માટે ફરજ બજાવવાના બદલામાં સરકારી કર્મચારીને મળતી વળતર રજા, ઉપરોક્ત હેતુ માટે જાહેર રજા ગણી શકાશે.*

***નોંધ-૨ :*** *અડધી પ્રાસંગિક રજા ભોગવી સરકારી કર્મચારી જ્યારે બીજે દિવસે રજા ઉપર જાય ત્યારે તે અડધા દિવસની પ્રાસંગિક રજાને રજાની આગળ જોડવા માટે પરવાનગી આપવામાં આવશે.*

૪૨. **રજા પૂરી થતાં પહેલાં ફરજ પર પરત બોલાવવા :** (૧) સરકારી કર્મચારીની રજા પૂરી થતાં પહેલાં ફરજ પર બોલાવવાના તમામ આદેશમાં જણાવવું જોઈશે કે કર્મચારીનું ફરજ પર પરત ફરવું ફરજિયાત છે કે મરજિયાત.

(૨) જો રજા પરથી પરત ફરવાનું મરજિયાત હોય, તો સરકારી કર્મચારી કોઈપણ સવલત મેળવવા હકદાર નથી.

(૩) જો રજા પરથી પરત ફરવાનું ફરજિયાત હોય, તો સરકારી કર્મચારીને નીચેના હક પ્રાપ્ત કરશે :-

(ક) ભારતમાં રજા ભોગવતા સરકારી કર્મચારીને રજા પરથી ફરજ ઉપર પરત બોલાવવામાં આવે તો જે મથકે તેને પાછા ફરવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે મથકે જવા માટે તે જે તારીખે નીકળે તે તારીખથી તે ફરજ ઉપર ગણાશે -

(૧) આ સંબંધે મુસાફરી માટે નિયમો હેઠળ મળતું મુસાફરી ભથ્થું; **અને**

(૨) જો તેમને ફરજ પરત બોલાવવામાં ન આવ્યા હોત અને જે દરે રજાનો પગાર તે મેળવત તે જ દરથી તે જગા પર જોડાય નહિ ત્યાં સુધીની મુદત માટેના રજા પગાર.

(ખ) ભારત બહાર રજા ભોગવતા હોય અને ત્યાંથી ફરજ પર બોલાવેલ હોય તો -

(૧) રજાની ગણતરી કરવાના હેતુ માટે ભારત આવવા માટે ગાળેલ જળ પ્રવાસનો સમય ફરજ તરીકે ગણવા માટે, **અને**

(૨) તે

(ક) જો તેને ફરજ પર પાછા બોલાવવામાં આવ્યા ન હોત તો જે દરે રજાનો પગાર તે મેળવતા હોત તે જ દરે ભારત આવવાના જળ પ્રવાસ દરમ્યાન તથા ભારત પહોંચ્યાની તારીખથી પોતાની જગાએ જોડાવાની તારીખ સુધીનો રજાનો પગાર;

(ખ) ભારત પરત આવવા માટે નિઃશુલ્ક મુસાફરી;

(ગ) તેને ફરજ ઉપર પરત બોલાવવામાં આવતાં, ભારત આવવા માટે ઉપડવાની તારીખ સુધીમાં પોતાની રજાની અડધી મુદત અથવા ત્રણ માસ એ બંનેમાંથી ઓછી હોય તે મુદત તેણે પૂરી વિતાવી ન હોય તો; ભારતમાંથી બહાર જવાના તેના પેસેજનો ખર્ચ પરત મેળવશે.

***નોંધ :*** *ભારત બહાર રજા ભોગવતા સરકારી કર્મચારીને રજા પરથી ફરજ પર પરત બોલાવવા માટેના હુકમો તેને ભારતના હાઈકમિશ્નર દ્વારા સત્તાવાર રીતે પહોંચાડવા પડશે, અને ફરજ પર પાછા ફરવાનું ફરજિયાત છે કે મરજિયાત છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ તે હુકમમાં કરવો જોઈએ.*

૪૩. **રજા પરથી પરત આવવું :** (૧) રજા મંજૂર કરનાર સત્તાધિકારીએ તેને તેમ કરવાની પરવાનગી આપી ન હોય, તો રજા પરના સરકારી કર્મચારી તેની મંજૂર થયેલ રજાની મુદત પૂરી થતાં પહેલાં ફરજ પર પાછા ફરી શકશે નહિ.

(૨) (ક) તબીબી કારણસર જેને રજા મંજૂર કરવામાં આવી હોય તેવા સરકારી કર્મચારી નમૂના-૪ માં સ્વસ્થતા / યોગ્યતાનું તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યા વિના ફરજ પર પાછા ફરી શકશે નહિ.

(ખ) ખંડ (ક) હેઠળનું પ્રમાણપત્ર એ તબીબી અધિકારી પાસેથી મેળવવું પડશે કે જેમના પ્રમાણપત્રથી નિયમ-૩૫ હેઠળ રજા મંજૂર કરવામાં આવેલ હોય.

(ગ) રજા પર ઉતરેલ બિનરાજપત્રિત સરકારી કર્મચારીના કિસ્સામાં, રજા પરથી પરત ફર્યેથી તે જે અધિકારી હેઠળ ફરજ પર જોડાશે તે અધિકારી પોતાના વિવેકાનુસાર કોઈપણ રજિસ્ટર્ડ તબીબી વ્યવસાયી / પ્રેક્ટિશનરની સહીવાળું પ્રમાણપત્ર સ્વીકારી શકશે.

(૩) (ક) તે મતલબના ખાસ હુકમો કાઢ્યા ન હોય, તો રજા પરથી પાછા ફરતાં સરકારી કર્મચારી રજા પર જતાં પહેલાં જે જગા ધરાવતા હતા તે જગા રાબેતા મુજબ ફરીથી સંભાળી લેવા હકદાર રહેશે નહિ.

(ખ) આવા સરકારી કર્મચારીએ પોતે ફરજ પર પાછા ફર્યાની જાણ રજા મંજૂર કરનાર સત્તાધિકારીને અથવા જો રજા મંજૂરીના આદેશમાં જો કોઈ સત્તાધિકારીનો નિર્દેશ કરેલ હોય તો અધિકારીને કરવી અને હુકમની રાહ જોવી.

***નોંધ-૧ :*** *ક્ષય રોગથી પીડાતા સરકારી કર્મચારીને, તેને માટે હળવા પ્રકારના કાર્ય માટે ભલામણ કરતા સ્વસ્થતાના પ્રમાણપત્રના આધારે ફરજ પર હાજર થવા પરવાનગી આપી શકાય.*

***નોંધ-૨ :*** *છૂટા થનારા સરકારી કર્મચારી હવાલો સોંપવા ઉચિત સમયે મુખ્ય મથકે રહે એવી વ્યવસ્થા કરી સક્ષમ સત્તાધિકારીએ નિશ્ચિત કરશે કે રજા પરથી જેમના પાછા ફરવાની ધારણા હોય તે સરકારી કર્મચારી માટે તે જોગવાઈ કરી શકે.*

**૪૪. રજા પૂરી થયા પછીની ગેરહાજરી :** (૧) સરકારી કર્મચારીની રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીએ રજા વધારી આપી ન હોય, તો રજા પૂરી થયા પછી ગેરહાજર રહેનાર કોઈ સરકારી કર્મચારી આવી ગેરહાજરીની મુદ્દત માટેના કોઈપણ રજાના પગાર માટે હકદાર નથી અને તે મુદ્દત અર્ધપગારની રજા હોય તે રીતે તેના રજાના હિસાબમાં ઉધારવામાં આવશે; પરંતુ જો એટલી રજા સિલકમાં ન હોય તો તેવી સિલક ઉપરાંતની રજાને અસાધારણ રજા તરીકે ગણવામાં આવશે.

(૨) રજા પૂરી થયેથી ફરજ પરની જાણીબૂઝીને ગેરહાજર રહેનાર સરકારી કર્મચારીની ગેરહાજરી શિસ્તવિષયક પગલાંને પાત્ર ઠરશે.

**૪૫. રજા પૂરી થવાના અને રજા પરથી ફરજ પર હાજર થવાના સમય વચ્ચેનો સમયગાળો અતિક્રમણ (ઓવરસ્ટેયલ) ગણવા બાબત :** જે દિવસે રજા પૂરી થાય અને જે દિવસે સરકારી કર્મચારી ફરજ પર હાજર થાય તે બંને વચ્ચેના સંપૂર્ણ સમયગાળાની (રવિવાર અને જાહેર રજા સહિત) ગેરહાજરીને રજાનું અતિક્રમણ (ઓવરસ્ટેયલ) ગણવામાં આવશે.

## પ્રકરણ - ૫

## રજાની મંજૂરી અને રજા પરથી પરત ફરવા બાબત

૪૬. **વેકેશન ખાતાઓ સિવાયના અન્ય ખાતાના કર્મચારી માટે પ્રાપ્ત રજા :** (૧) (ક) વેકેશન ખાતા સિવાયના અન્ય ખાતામાં કામ કરતા સરકારી કર્મચારીને તેની નોકરીના પ્રત્યેક અર્ધવાર્ષિક ગાળા માટે ૧૫ દિવસના દરે પ્રાપ્ત રજા મળવાપાત્ર છે. આ દરેક વર્ષની પહેલી જાન્યુઆરી અને પહેલી જુલાઈના રોજ, કર્મચારીના રજાના હિસાબમાં આગોતરી જમા કરવામાં આવશે.

(ખ) અગાઉના અર્ધવાર્ષિક ગાળા દરમ્યાન કર્મચારીએ જો અસાધારણ રજા ભોગવી હશે તો તે ભોગવેલ રજાના દિવસોના કેવળ ૧/૧૦ પરંતુ અધિકત્તમ ૧૫ દિવસને અધીન રહીને, પેટા-નિયમ (ક) હેઠળ જમા કરવામાં આવનાર રજાના દિવસોમાંથી બાદ કરવામાં આવશે.

(ગ) દરેક અર્ધવર્ષના અંતે સરકારી કર્મચારીના હિસાબમાં જમા પ્રાપ્ત રજા આગામી અર્ધવર્ષનો હિસાબમાં એવી શરતે આગળ ખેંચવામાં આવશે કે આવી પ્રાપ્ત રજા અને આગામી અર્ધવાર્ષિક ગાળાની જમા કરવાની થતી રજા એમ બંને મળીને સિલક રજા ત્રણસો દિવસથી વધે નહિ.

(૨) અર્ધવાર્ષિક ગાળા દરમ્યાન જેમની નિમણૂક કરવામાં આવી હોય તેવા સરકારી કર્મચારીના કિસ્સામાં, નોકરીના પૂરા થયેલ પ્રત્યેક અંગ્રેજી મહિનાના ૨.૧/૨ દિવસોના દરે રજાના હિસાબમાં પ્રાપ્ત રજા જમા કરવામાં આવશે.

(૩) અર્ધવર્ષના અંતે સરકારી કર્મચારીના ખાતે જમા પ્રાપ્ત રજા, બીજા અર્ધવર્ષના સમયગાળામાં નીચેની શરતોએ આગળ ખેંચી શકાશે :-

(૧) ૧લી જાન્યુઆરી અથવા ૧લી જુલાઈના રોજ સરકારી કર્મચારીના હિસાબમાં ૨૮૫ દિવસ કે ઓછી પ્રાપ્ત રજાની સિલક હોય તો બીજા અર્ધવર્ષ અંગે પંદર દિવસની પ્રાપ્ત રજા અને જો તે ગાળામાં તે નિવૃત્તિ થવાનો હોય કે નોકરીમાંથી છૂટો થવાનો હોય તેવા કિસ્સામાં પ્રમાણસર મળવાપાત્ર પ્રાપ્ત રજા, રજાના હિસાબમાં આગોતરી જમા કરવામાં આવશે.

(૨) ૧લી જાન્યુઆરી અથવા ૧લી જુલાઈના રોજ સરકારી કર્મચારીના રજાના હિસાબમાં ૨૮૫ દિવસથી વધુ પરંતુ ૩૦૦ દિવસ કે તે કરતાં ઓછી પ્રાપ્ત રજા જમા હોય તેવા કિસ્સામાં પંદર દિવસની જમા કરવાની પ્રાપ્ત રજા અલગ રાખવામાં આવશે. જો કર્મચારી ત્યારપછીના અર્ધવર્ષમાં પ્રાપ્ત રજા ભોગવે તો તે રજા આ અલગ રાખવામાં આવેલ પંદર દિવસની પ્રાપ્ત રજા સામે ઉધારવી અને બાકી પ્રાપ્ત રજાની સિલક અર્ધવર્ષના અંતે, ૩૦૦ દિવસની મર્યાદામાં, રજાના હિસાબમાં જમા કરવામાં આવશે. આમ છતાં જો અર્ધવર્ષમાં ભોગવવામાં આવેલી આવી પ્રાપ્ત રજા પંદર દિવસ કરતાં વધુ હોય, તો તે પંદર દિવસ કરતાં વધારાની પ્રાપ્ત રજા, રજાના હિસાબમાં ઉધારવી.

(૪) જે અર્ધવર્ષમાં સરકારી કર્મચારી નિવૃત્ત થવાનો હોય કે રાજીનામું આપી છૂટો થવાનો હોય તે અર્ધવર્ષ માટે નિવૃત્ત થવાની કે રાજીનામાની તારીખ સુધી તે અર્ધવર્ષના પૂરા થયેલા પ્રત્યેક અંગ્રેજી મહિના માટે ફક્ત ૨.૧/૨ દિવસોના દરે પ્રાપ્ત રજા જમા કરવામાં આવશે. જો કર્મચારીએ ભોગવેલ રજા ઉપરોક્ત રીતે પ્રાપ્ત થતી પ્રાપ્ત રજા કરતાં વધારે હોય તો વધારે આકારેલ રજા પગારનો મેળ બેસાડવામાં આવશે.

(૫) રજાના ખાતામાં બધી જ જમા રકમ પૂર્ણ દિવસોના સ્વરૂપમાં જમા કરવાની રહેશે અને તે માટે અપૂર્ણ રજાને નજીકના પૂર્ણ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે.

(૬) કોઈ સરકારી કર્મચારીને નોકરીમાંથી દૂર કરવામાં આવે કે બરતરફ કરવામાં આવે અથવા નોકરીમાં હોય તે દરમ્યાન અવસાન પામે ત્યારે નોકરીના જે અર્ધવર્ષ દરમ્યાન તેને દૂર કરવામાં કે બરતરફ કરવામાં આવેલ

હોય કે અવસાન પામેલ હોય તે અર્ધવર્ષના દરેક અંગ્રેજી મહિના દીઠ અઢી દિવસોના દરે તે કર્મચારીની પ્રાપ્ત રજા જમા કરવા દેવામાં આવશે. જે કિસ્સામાં તેણે ભોગવેલ પ્રાપ્ત રજાના દિવસોની સંખ્યા ઉપરોક્ત પ્રાપ્ત રજા કરતાં વધી જાય, તો તે કિસ્સામાં વધારાની રજાનો પગાર વસૂલ કરવામાં આવશે.

(૭) રાજ્યેતર સેવામાં ગાળેલ સમય માટે રજા પગારનો ફાળો ચૂકવાયેલ હોય અથવા તે અંગેની વસૂલાતની માંડવાળ કરવામાં આવી હોય, ત્યારે આ નિયમના હેતુ માટે તે સમયને ફરજ તરીકે ગણવામાં આવશે.

(૮) પેટા-નિયમો (૪), (૯) અને (૧૦) ની જોગવાઈઓને અધીન રહીને, એકીસાથે વધુમાં વધુ એકસોવીસ દિવસની પ્રાપ્ત રજા મંજૂર કરી શકાશે.

(૯) સામાન્યતઃ એક અંગ્રેજી વર્ષ દરમ્યાન ત્રણથી વધુ પ્રસંગોએ સરકારી કર્મચારીને પ્રાપ્ત રજા મંજૂર કરવામાં આવશે નહિ અને આવા દરેક પ્રસંગે મંજૂર કરવામાં આવતી પ્રાપ્ત રજાનો ગાળો, રજાની આગળ કે પાછળ જોડવાની પરવાનગી આપવામાં આવતાં જાહેર રજાના દિવસો સહિત, સાત દિવસથી ઓછો ન હોવો જોઈએ. જો કોઈ ચોક્કસ કિસ્સામાં, પૂરા સાત દિવસની રજા મળવાપાત્ર ન હોય, તો રજા મંજૂર કરનાર સત્તાધિકારી તેની વિવેકબુદ્ધિ હેઠળ સાતથી ઓછા દિવસની રજા મંજૂર કરી શકશે.

(૧૦) પૂરેપૂરી રજા અથવા તેનો કોઈ હિસ્સો ભારત બાંગ્લાદેશ, ભૂતાન, બર્મા, શ્રીલંકા, નેપાલ અને પાકિસ્તાન બહાર ગાળેલ હોય ત્યારે વર્ગ-૧ અને વર્ગ-૨ ના સરકારી કર્મચારીઓને એકસોવીસ દિવસ કરતાં વધુ પરંતુ એકસોએંશી દિવસ કરતાં વધુ નહિ તેટલી રજા મંજૂર કરી શકાશે.

**પરંતુ** આ પેટા-નિયમ હેઠળ એકસોવીસ દિવસ ઉપરની રજા આ પેટા-નિયમ હેઠળ મંજૂર કરવામાં આવેલ હોય, ત્યારે આવી પ્રાપ્ત રજાનો જે ગાળો ભારતમાં ગાળેલ હશે તે રજાનો એકંદર ગાળો ઉપરોક્ત મર્યાદાથી વધી જવો જોઈએ નહિ.

૪૭. **રજા પ્રવાસ રાહત સમયે પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર :** (૧) રજા પ્રવાસ રાહત ભોગવતા સરકારી કર્મચારીને દસ દિવસની પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરવાની પરવાનગી નીચેની શરતોએ આપી શકાશે :-

(ક) નોકરીના સમગ્ર સમય દરમ્યાન આવી રજાનું રોકડમાં રૂપાંતર એકંદરે સાઠ દિવસ કરતાં વધવું ન જોઈએ;

(ખ) ઓછામાં ઓછી તેટલા જ સમયની પ્રાપ્ત રજા પણ કર્મચારી સાથોસાથ ભોગવે.

(ગ) આવી રીતે ભોગવવામાં આવેલી પ્રાપ્ત રજા તથા રૂપાંતરિત રજા, રજાના હિસાબમાં ઉધારવામાં આવ્યા પછી, પ્રાપ્ત રજાની સિલકમાં ઓછામાં ઓછી ત્રીસ દિવસની રજા સિલકમાં રહેવી જોઈએ;

(ઘ) નિવૃત્તિવય પેન્શનના સમયે સામાન્ય રીતે લેણી પ્રાપ્ત રોકડમાં રૂપાંતરિત કરવાની રજાની સિલકમાંથી, તેણે સમગ્ર નોકરી દરમ્યાન રોકડમાં રૂપાંતરિત કરેલ પ્રાપ્ત રજાનો સમયગાળો બાદ કરવામાં આવશે; **અને**

(ચ) નિયમ-૬૪ અને ૬૫ હેઠળ સરકારી કર્મચારીએ મળવાપાત્ર પ્રાપ્ત રજાનું રોકડમાં કરેલ કુલ રૂપાંતર યથાપ્રસંગ, ત્રણસો દિવસ અથવા એકસોપચાસ દિવસની મહત્તમ મર્યાદા, કરતાં વધવું જોઈએ નહિ.

(૨) રજા મંજૂર કરતા સક્ષમ સત્તાધિકારી પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરવા મંજૂરી આપી શકશે.

૪૮. **વેકેશન ખાતું :** પરિશિષ્ટ-૩ માં દર્શાવેલ અપવાદો અને મર્યાદાને અધીન રહીને, જે ખાતા કે ખાતાઓના વિભાગમાં વેકેશન આપવામાં આવે છે અને વેકેશન દરમ્યાન તેમાં કામ કરતા સરકારી કર્મચારીઓને ફરજ પરથી ગેરહાજર રહેવા માટે પરવાનગી આપવામાં આવે છે તે ખાતું કે ખાતાનો વિભાગ એટલે વેકેશન ખાતું.

૪૯. **બે નિમણૂકો ધરાવતા સરકારી કર્મચારી :** એક નિમણૂક વેકેશન ખાતામાં અને બીજી તે સિવાયના ખાતામાં એમ બે નિમણૂકો ધારણ કરતા સરકારી કર્મચારી વેકેશન ખાતામાં નોકરી કરતા ગણાશે નહિ.

૫૦. **વેકેશન ખાતામાં કામ કરતી વ્યક્તિઓને પ્રાપ્ત રજા :** (૧) જે વર્ષે પૂરૂં વેકેશન ભોગવ્યું હોય તે વર્ષે બજાવેલી ફરજ સંબંધે વેકેશન ખાતાના સરકારી કર્મચારી કોઈ પ્રાપ્ત રજાના હકદાર થશે નહિ.

(૨) (ક) જે કોઈ વર્ષે સરકારી કર્મચારીએ વેકેશનનો ભાગ ભોગવેલ હોય, તો પૂરા વેકેશન સાથેના તેના નહિ ભોગવેલ દિવસોના સાથેના ત્રીસ દિવસની પ્રાપ્ત રજાના પ્રમાણથી થતી પ્રાપ્ત રજાનો હક તેને મળવાપાત્ર થશે.

**પરંતુ** કાયમી નોકરીમાં ન હોય તેવા સરકારી કર્મચારીને તેની પહેલાં વર્ષની નોકરી દરમ્યાન આવી રજા મળવાપાત્ર ગણાશે નહિ.

(ખ) સરકારી કર્મચારી કોઈ વર્ષે વેકેશન ભોગવે નહિ, તો તે, નિયમ-૪૬ પ્રમાણે તે વર્ષ માટે મળવાપાત્ર પ્રાપ્ત રજાને હકદાર થશે.

***સ્પષ્ટીકરણ :*** *આ નિયમના હેતુઓ માટે, ''વર્ષ'' શબ્દનો અર્થ કેલેન્ડરનું અંગ્રેજી વર્ષ નહિ, પણ વેકેશન ખાતામાં ખરેખર ફરજના બાર મહિના એમ કરવો.*

***નોંધ :*** *વેકેશન ભોગવવાને હકદાર સરકારી કર્મચારીને ખાતાના વડા અધિકારીના સામાન્ય કે ખાસ આદેશ દ્વારા વેકેશન કે તેના ભાગ દરમ્યાન મુખ્ય મથકે ફરજ પર હાજર રહેવાનું ફરમાવવામાં આવ્યું હોય તે સિવાય, તેણે વેકેશન કે વેકેશનનો ભાગ ભોગવ્યો છે તેમ ગણાશે, પરંતુ જો આવા આદેશથી પંદર દિવસ કરતા વધુ સમય માટે તેને વેકેશનનો સમય ભોગવતો અટકાવવામાં આવ્યો હોય, તો તેણે વેકેશનનો કોઈ ભાગ ભોગવ્યો નથી તેમ ગણવામાં આવશે.*

(૩) વેકેશન ખાતામાં નોકરી કરતા સરકારી કર્મચારી પૂરા વર્ષની ફરજ બજાવ્યા પહેલાં રજા ઉપર જાય, ત્યારે રજા પર જતાં પહેલાંની બજાવેલ ખરેખરી ફરજના સમયગાળામાં આવતા વેકેશનના સંદર્ભે તેને મળવાપાત્ર પ્રાપ્ત રજાની ગણતરી નહિ કરતાં, અગાઉના પૂરા એક વર્ષની ફરજ જે તારીખે પૂરી કરેલ હોય તે તારીખથી શરૂ થતા વર્ષમાં આવતા વેકેશનના સંદર્ભે કરવામાં આવશે.

૫૧. **અનુગામી અને પશ્ચાદગામી જાહેર રજાઓને વેકેશન સાથે જોડવા બાબત :** (૧) આ નિયમો હેઠળની કોઈપણ પ્રકારની રજાના અનુસંધાનમાં કે સંયોજનમાં વેકેશન લઈ શકાશે.

**પરંતુ** પૂરા વેકેશનના સમયગાળા સાથે જોડવામાં આવેલ પ્રાપ્ત રજા સાથેનો કુલ સમયગાળો, સરકારી કર્મચારીને નિયમ-૪૬ હેઠળ એકીસાથે મળવાપાત્ર પ્રાપ્ત રજાના સમયગાળા કરતાં વધુ થવો જોઈએ નહિ, પછી ભલે પ્રાપ્ત રજા અન્ય રજાના અનુસંધાનમાં કે સંયોજનમાં લીધી હોય કે ન લીધી હોય.

(૨) નિયમ-૪૧ ના હેતુ માટે વેકેશન એ ''રજા'' છે, પરંતુ એમાં મર્યાદા એટલી છે કે અવેજી વ્યક્તિ વેકેશનના અંતે કાર્યભાર સંભાળે તો જ વેકેશનને રજાની આગળ જોડી શકાય અને રજાના અંતે તેની અવેજી વ્યક્તિને તે વેકેશનના કોઈ ભાગ દરમ્યાન ગેરહાજર કર્મચારીની જગાએ ફરજ પર ન હોય એ રીતે બદલી થઈ હોય, તો ગેરહાજર રહેનાર વ્યક્તિ રજા સાથે વેકેશન જોડી શકશે. વેકેશન રજાની આગળ કે તેની પાછળ જોડી શકાશે પણ આગળ-પાછળ બંને રીતે જોડી શકાશે નહિ, રજાના બે ગાળાની વચ્ચે વેકેશન રાખી શકાશે નહિ.

૫૨. **વેકેશન ખાતાના સરકારી કર્મચારીઓને પોતાના ખર્ચે રજા પરથી પરત બોલાવવા પાત્ર :** જેને રજાની આગળ અથવા પાછળ વેકેશન જોડવા માટેની પરવાનગી સહિત રજા મંજૂર કરવામાં આવી હોય તેવા વેકેશન ખાતામાં નોકરી કરતા સરકારી કર્મચારી સિવાયના કર્મચારીને જો વેકેશન દરમ્યાન તેની ફરજના સ્થળેથી બહાર જાય તો તેને પોતાના ખર્ચે નોકરીના સ્થળે પરત બોલાવવા પાત્ર બનશે.

**૫૩. વેકેશન નહિ ભોગવ્યાનું ઓડિટને આપવાનું પ્રમાણપત્ર :** નીચે દર્શાવેલ સામાન્ય વર્ગો પૈકી કોઈપણ વર્ગ હેઠળ આવતા હોય તે સિવાયના સરકારી કર્મચારીની ફરજ બનશે કે પોતે વેકેશન કે તેનો ભાગ ભોગવ્યો નથી એવું પ્રમાણપત્ર પોતાના ખાતાના વડા અધિકારીના આદેશની નકલ સાથે ઓડિટ અધિકારીને પહોંચાડે.

***નોંધ :*** *નીચેના સરકારી કર્મચારીઓએ સરકારના સામાન્ય આદેશો હેઠળ પૂરા વેકેશન દરમ્યાન ફરજો બજાવવાની હોય છે :-*

*(૧) તાલીમ હેઠળના ન્યાયિક અધિકારીઓ;*

*(૨) જિલ્લા ન્યાયાલયના હેડક્લાર્ક, શિરસ્તેદાર અથવા નાઝર.*

**૫૪. સરકારી કર્મચારીએ વેકેશનનો હિસ્સો ભોગવવા પર નિષેધ :** પોતાની બદલીને કારણે જે કોઈ સરકારી કર્મચારીને વેકેશનનો અમુક ભાગ ભોગવતા અટકાવવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં, તેની બદલીને કારણે વેકેશનની જે મુદત તે ભોગવી શક્યો ન હોય તે મુદતમાં હાજર થવાનો મળવાપાત્ર પૂરો સમય (જોઈનીંગ ટાઈમ) નહિ, પરંતુ એક મથકથી બીજા મથક સુધીની મુસાફરીમાં ગાળેલ ખરેખર સમય ઉમેરવો.

**૫૫. વેકેશન ખાતામાંથી નોન-વેકેશન ખાતામાં બદલી થતાં નોકરીના ગાળાની સમાપ્તિ :** (૧) સરકારી કર્મચારીની બદલી વેકેશન ખાતામાંથી બિન-વેકેશન ખાતામાં થયેલ હોય, ત્યારે તેની વેકેશન ખાતાની નોકરી તેણે છેલ્લે ભોગવેલ વેકેશનના અંતની તારીખથી પૂરી થયેલ ગણવામાં આવશે.

(૨) સરકારી કર્મચારીની બદલી નોન-વેકેશન ખાતામાંથી વેકેશન ખાતામાં થઈ હોય, ત્યારે તેની વેકેશન ખાતાની નોકરીની મુદત વેકેશન ખાતામાં તેના જોડાયાની તારીખથી શરૂ થઈ ગણાશે.

**નોંધ :** વેકેશનની મુદત દરમ્યાન બિન-વેકેશનના ખાતામાં બદલાયેલ સરકારી કર્મચારીની બાબતમાં, આ નિયમના પેટા-નિયમ (૧) માં આવતા ''તેણે છેલ્લે ભોગવેલ વેકેશન'' એ શબ્દોનો અર્થ પૂર્ણતઃ અથવા અંશતઃ ભોગવેલ છેલ્લું વેકેશન એમ કરવો.

**૫૬. પૂર્વસૂચના વિના વેકેશન ખાતાના સરકારી કર્મચારી રાજીનામું આપે તો તે પગારનો હકદાર નહિ :** (૧) નિયમિત વેકેશન આપવામાં આવતું હોય તેવા ખાતામાં નોકરી કરતા ફક્ત અવેજી નિમણૂક ધરાવતા સરકારી કર્મચારી, વેકેશન સમાપ્ત થયા પછી કામકાજ માટે તેની કચેરી ફરીથી જે દિવસે ખૂલે તે દિવસથી અગાઉથી કોઈ નોટિસ આપ્યા વિના પોતાની નિમણૂકનું રાજીનામું આપે તો વેકેશનની મુદત માટેના કોઈ પગાર માટે તે હકદાર થશે નહિ. તેવી રીતે, નિયમિત વેકેશન આપવામાં આવતું હોય તેવા ખાતામાં નોકરી કરતા સરકારી કર્મચારી અસાધારણ રજા પરથી વેકેશન શરૂ થવાના ફક્ત એક કે બે જ દિવસ અગાઉ તેની નિમણૂક પર જોડાય અને જો વેકેશન પછી તેની કચેરી ફરીથી ઉઘડવાના દિવસે ફરજ પર પાછા ફર્યા સિવાય ફરીથી તે અસાધારણ રજા પર ઉતરે તો વેકેશનની મુદત માટેના પગાર માટે તે હકદાર થશે નહિ.

(૨) મૂળભૂત રીતે ખાલી જગા સામે ઊભી કરવામાં આવેલી હંગામી જગામાં અવેજી તરીકે કામ કરતા કે તે જગા ધરાવતા સરકારી માધ્યમિક શાળાના શિક્ષકની અથવા સરકારી કૉલેજના મદદનીશ વ્યાખ્યાતાને વેકેશનની તરત જ પહેલાં નોકરીમાંથી છૂટા કરી નાંખવામાં આવ્યા હોય અને જો તેણે જે તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન આઠ માસ કરતાં ઓછા નહિ તેટલા સમયની નોકરી કરેલ હોય, તો તેવા કર્મચારીને વેકેશનની મુદત માટે પગારની મંજૂરી આપી શકાશે.

**૫૭. અર્ધપગારી રજા :** (૧) (ક) પ્રત્યેક અર્ધવર્ષની નોકરી માટે સરકારી કર્મચારીને દસ દિવસની અર્ધપગારી રજા મળવાપાત્ર થશે અને તે દરેક કેલેન્ડરના અંગ્રેજી વર્ષની ૧લી જાન્યુઆરી અને ૧લી જુલાઈએ સરકારી કર્મચારીના અર્ધપગારી રજાના હિસાબમાં આગોતરી જમા કરવામાં આવશે.

(ખ) વર્ષના અર્ધવાર્ષિક ગાળા દરમ્યાન નિમણૂક કરવામાં આવી હોય તેવા સરકારી કર્મચારીના કિસ્સામાં નોકરીના પ્રત્યેક પૂરા થયેલ અંગ્રેજી મહિનાના માટે ૫/૩ દિવસના દરે તે સરકારી

કર્મચારીના રજાના હિસાબમાં અર્ધપગારી રજા જમા કરવામાં આવશે. દરેક અર્ધવર્ષના અંતે કર્મચારીના હિસાબમાં જમા થયેલ અર્ધપગારી રજા અનુગામી અર્ધવર્ષમાં આગળ ખેંચવામાં આવશે.

(ગ) રજાના ખાતામાં બધી જ જમા રજા પૂર્ણ દિવસોના સ્વરૂપમાં જમા કરવાની રહેશે અને તે માટે અપૂર્ણ રજાને નજીકના પૂર્ણ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે.

(૨) (ક) જે અર્ધવર્ષમાં સરકારી કર્મચારી નોકરીમાંથી નિવૃત્ત થવાનો હોય કે રાજીનામું આપી છૂટો થવાનો હોય તે અર્ધવર્ષ માટે નિવૃત્ત થવાની કે રાજીનામાની તારીખ સુધી પૂરા થયેલ પ્રત્યેક પૂરા અંગ્રેજી મહિના માટે ફક્ત ૫/૩ દિવસના દરે અર્ધપગારી રજા જમા કરવામાં આવશે. જો કર્મચારીએ ભોગવેલ રજા તેના ખાતે જમા રજા કરતાં વધારે હોય તો, વધારે આકારેલ રજા પગારનો મેળ બેસાડવાનો રહેશે.

(ખ) જ્યારે સરકારી કર્મચારીને નોકરીમાંથી દૂર કરવામાં આવે કે બરતરફ કરવામાં આવે અથવા નોકરીમાં હોય તે દરમ્યાન અવસાન પામે ત્યારે નોકરીના જે અર્ધવર્ષ દરમ્યાન તેને દૂર કે બરતરફ કરવામાં આવેલ હોય કે તે અવસાન પામેલ હોય તે અર્ધવર્ષના દરેક પૂરા અંગ્રેજી મહિના દીઠ ૫/૩ દિવસના દરે અર્ધપગારી રજા જમા કરવામાં આવશે. જે કિસ્સામાં તેણે ભોગવેલ રજાના દિવસોની સંખ્યા ઉપરોક્ત રજા કરતાં વધી જાય, તો વધુ ચૂકવેલ રજાના પગારની વસૂલાત કરવામાં આવશે.

**૫૮. રૂપાંતરિત રજા :** (૧) સિવિલ સર્જન અથવા ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮ ના નિયમ-૨ ના પેટા-નિયમ (૩) માં વ્યાખ્યા કરેલ અધિકૃત તબીબી ચિકિત્સક અથવા રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરે નમૂના-૩ માં આપેલ તબીબી પ્રમાણપત્રના આધારે, નીચેની શરતોને અધીન રહીને, સરકારી કર્મચારીને મળવાપાત્ર અર્ધપગારી રજાની સિલકથી અડધી કરતાં વધે નહિ તેવી રીતે રૂપાંતરિત રજા મંજૂર કરી શકાશે :-

(ક) સરકારી કર્મચારીની રજા પૂરી થયે તેના ફરજ પર હાજર થવાના વાજબી કારણો છે એમ રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીને ખાતરી થાય ત્યારે;

(ખ) જ્યારે રૂપાંતરિત રજા મંજૂર કરવામાં આવે ત્યારે તે રજા કરતાં બમણી રજા તેની લેણી અર્ધપગારી રજાના હિસાબમાં ઉધારવી જોઈશે;

(ગ) રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીએ સરકારી કર્મચારી પાસેથી એ મતલબની બાંયધરી લેવી જોઈશે કે જો તેઓ નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લેશે તો રૂપાંતરિત રજાના આકારેલ પગાર અને તેને મળવાપાત્ર અર્ધપગારની રજાના પગારનો તફાવત તે પરત જમા કરાવશે.

(૨) રજા મંજૂર કરનાર સત્તાધિકારી પ્રમાણિત કરે કે કોઈ પૂર્ણતઃ સમયના કે અંશતઃ સમયના માન્ય અભ્યાસક્રમ માટે વાપરેલ રજા જાહેર હિતમાં છે, તો કર્મચારીની સમગ્ર નોકરીના સમયગાળા દરમ્યાન તેને ૯૦ દિવસ સુધીની રૂપાંતરિત રજા, તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યા વિના મંજૂર કરી શકાશે.

(૩) રૂપાંતરિત રજા મંજૂર કરવામાં આવી હોય તેવા સરકારી કર્મચારીને સ્વૈચ્છિક રીતે ફરજ ઉપર હાજર થયા વિના નિવૃત્ત થવાની પરવાનગી આપવામાં આવે, ત્યારે રૂપાંતરિત રજાને અર્ધપગારી રજા તરીકે ગણવામાં આવશે અને રૂપાંતરિત રજાના પગાર અને અર્ધપગારી રજાના પગાર વચ્ચેનો તફાવત વસૂલ લેવામાં આવશે.

**પરંતુ** સરકારી કર્મચારીની નાદુરસ્ત તબિયતને લીધે વધુ નોકરી કરવાની અશક્તતાને કારણે નિવૃત્તિ આપવામાં આવેલ હોય અથવા તેનું અવસાન થયેલ હોય, ત્યારે આવી વસૂલાત કરી શકાશે નહિ.

**નોંધ :** પ્રાપ્ત રજા મળવાપાત્ર હોય તો પણ સરકારી કર્મચારીની વિનંતીથી તેને રૂપાંતરિત રજા મંજૂર કરી શકાશે.

(૪) સરકારી કર્મચારીની બાબતમાં તબીબી પ્રમાણપત્ર આપવાનો જે સક્ષમ હોય તેવા તબીબી અધિકારીનું તબીબી પ્રમાણપત્ર આ નિયમોને જોડેલ નમૂના-૫ માં રજૂ કરે તો, પોતાના ઉપર આધારિત તેના કુટુંબની કોઈ વ્યક્તિની માંદગી સંબંધે કર્મચારીને રૂપાંતરિત રજા મંજૂર કરી શકાશે.

(૫) આગળ અને પાછળ જોડવા દેવામાં આવેલ જાહેર રજાના દિવસો સહિત મંજૂર કરેલ લઘુત્તમ રૂપાંતરિત રજાની મુદત દરેક પ્રસંગે સાત દિવસ કરતાં ઓછી હોવી ન જોઈએ. કોઈ કિસ્સામાં સાત દિવસની સંપૂર્ણ મુદતની રજા મળવાપાત્ર ન હોય અને સાત દિવસ કરતાં ઓછા સમયની આવશ્યકતા તબીબી અધિકારીએ પ્રમાણિત કરેલ હોય, તો રજા મંજૂર કરનાર સત્તાધિકારી પોતાના સ્વવિવેકાનુસાર તેનાથી ઓછા સમય માટેની રજા પણ મંજૂર કરી શકશે.

૫૯. **બિનજમા રજા :** (૧) નીચેની શરતોને અધીન રહીને, કાયમી નોકરીમાંના સરકારી કર્મચારીને બિનજમા રજા મંજૂર કરી શકાશે :-

(ક) સરકારી કર્મચારીની રજા પૂરી થયેથી તેના ફરજ પર હાજર થવાના વાજબી કારણો છે એમ રજા મંજૂર કરનાર સત્તાધિકારીને ખાતરી થાય ત્યારે.

(ખ) હવે પછીના અર્ધપગારી રજાના અપેક્ષિત ઉપાર્જનના પ્રમાણથી બિનજમા રજા મર્યાદિત રહેશે.

(ગ) બિનજમા રજાની મર્યાદા સમગ્ર નોકરી દરમ્યાન અધિકતમ ત્રણસો સાઠ દિવસની રહેશે, જેમાંથી એકીસમયે ૯૦ દિવસથી વધુ નહિ એટલી અને તબીબી પ્રમાણપત્રના આધાર સિવાયની બધી મળીને ૧૮૦ દિવસ બિનજમા રજા મંજૂર કરી શકાય.

(ઘ) સરકારી કર્મચારી આગામી સમયાવધિમાં જે અર્ધપગારી રજા પ્રાપ્ત કરશે તેની સામે તે રજાના હિસાબમાં બિનજમા રજાને ઉધારવામાં આવશે.

(ચ) રજા મંજૂર કરતા સક્ષમ સત્તાધિકારી, સરકારી કર્મચારી પાસેથી બાંયધરી મેળવશે કે ફરજ પર પાછા ફર્યા વિના નોકરીમાંથી રાજીનામું આપે કે સ્વૈચ્છિક નિવૃત્તિ લે તેવા પ્રસંગે તેને ચૂકવવામાં આવેલ રજાનો પગાર તે પરત કરશે.

(૨) (ક) બિનજમા રજા મંજૂર કરવામાં આવેલ હોય તેવા સરકારી કર્મચારી ફરજ પર પરત આવ્યા વિના નોકરીમાંથી રાજીનામું આપે કે તેની વિનંતીથી તેને સ્વૈચ્છિક નિવૃત્તિ માટે મંજૂરી આપવામાં આવે ત્યારે બિનજમા રજા રદ કરવામાં આવશે અને આવી રજાની શરૂઆતની તારીખથી તેનું રાજીનામું અથવા નિવૃત્તિ અમલમાં આવશે તેમજ રજાનો પગાર વસૂલ લેવામાં આવશે.

(ખ) બિનજમા રજા ભોગવ્યા બાદ જ્યારે સરકારી કર્મચારી ફરજ પર હાજર થાય અને આવી બિનજમા રજા પ્રાપ્ત કર્યા પહેલાં રાજીનામું આપે અથવા નોકરીમાંથી નિવૃત્ત થાય ત્યારે મંજૂર કરેલ બિનજમા રજા જેટલી આગામી રજા પ્રાપ્ત ન કરે તેટલા પ્રમાણમાં તેની રજાનો પગાર પરત આપવા તે જવાબદાર રહેશે.

(ગ) જો નિવૃત્તિ સ્વૈચ્છિક હોય તો વસૂલાત કરવી જ પડશે. નાદુરસ્ત તબિયતના કારણે વધુ નોકરી કરવાની અશક્તતાના અનિવાર્ય કારણોસર સરકારી કર્મચારીએ નિવત્તિ લીધી હોય, ત્યારે તેને નિવૃત્તિ થવાની પરવાનગી આપનાર સક્ષમ સત્તાધિકારી, દરેક કિસ્સાની ગુણદોષ હેઠળ રજાના પગારની પૂર્ણતઃ કે અંશતઃ વસૂલાત માફ કરી શકશે.

(૩) ક્ષય, રક્તપિત્ત, કેન્સર અથવા માનસિક રોગથી પીડાતા હોય તેવા અને પાંચ વર્ષની નોકરી પૂરી કરી હોય તેવા હંગામી સરકારી કર્મચારી સક્ષમ તબીબી સત્તાધિકારીના તબીબી પ્રમાણપત્રના આધારે બિનજમા રજા મંજૂર કરવા વિનંતી કરે, તો તે રજા પેટા-નિયમ (૧) અને (૨) ની જોગવાઈઓ અધીન રહીને મંજૂર કરી શકાશે.

૬૦. **અસાધારણ રજા :** (૧) નીચેના ખાસ સંજોગોમાં સરકારી કર્મચારીને તેની સમગ્ર નોકરી દરમ્યાન એકંદરે છત્રીસ મહિના કરતાં વધુ નહિ એટલી અસાધારણ રજા મંજૂર કરી શકાશે :-

(ક) જ્યારે કોઈ બીજા પ્રકારની રજા મળવાપાત્ર ન હોય;

(ખ) બીજા પ્રકારની રજા મળવાપાત્ર હોય છતાં જ્યારે સરકારી કર્મચારી અસાધારણ રજા મંજૂર કરવા લેખિતમાં અરજી કરે;

(ગ) કેન્દ્રિયકૃત ભરતી યોજના હેઠળ કોઈ ખાતા / કચેરીમાં અગાઉથી ફાળવવામાં આવેલ ઉમેદવારની જગા રદ થવાને કારણે બીજા કોઈ ખાતા / કચેરીમાં પુનઃ ફાળવવામાં આવવાના કારણે કોઈ કર્મચારીની નોકરીમાં તૂટ આવતી હોય અને તેને મળવાપાત્ર લેણી પ્રાપ્ત રજા તે ભોગવી ચૂકેલ હોય તો તેવા કર્મચારીને.

(૨) અપવાદરૂપ સંજોગોમાં સરકાર અન્યથા નિશ્ચિત કરે તે સિવાય, કોઈપણ કાયમી કે હંગામી સરકારી કર્મચારીને નીચેની મર્યાદાથી વધુ મુદતની સળંગ અસાધારણ રજા મંજૂર કરી શકાશે નહિ :-

(ક) નવ માસ; ફરજમોકૂફીનો સમયાવધિ જે અસાધારણ રજામાં ફેરવવામાં આવી હોય તે સિવાયના કિસ્સામાં.

(ખ) બાર માસ; જે કિસ્સામાં સરકારી કર્મચારીએ એક વર્ષની સળંગ નોકરી પૂરી કરી હોય અને તે કેન્સરની બિમારીની સારવાર અંગે તેવા રોગ માટેની માન્ય સંસ્થામાં, અગર સિવિલ સર્જન પાસે અથવા તેવા રોગના વિશેષજ્ઞ પાસે સારવાર હેઠળ હોય.

(ગ) પંદર માસ; જે કિસ્સામાં સરકારી કર્મચારીએ એક વર્ષની સળંગ નોકરી પૂરી કરી હોય અને નીચે દર્શાવેલ સારવાર હેઠળ હોય -

(૧) કોઈ માન્ય આરોગ્યગૃહ (સેનેટોરીઅમ) માં ફેફસાના ક્ષય રોગ માટે કે ક્ષયમૂલક પ્લુરસી માટે;

(૨) લાયકાત ધરાવતા ક્ષય રોગના વિશેષજ્ઞ અથવા સિવિલ સર્જન દ્વારા શરીરના બીજા કોઈ પણ ભાગના ક્ષય માટે;

**નોંધ :** સંબંધિત રાજ્ય વહીવટી તબીબી અધિકારી દ્વારા માન્ય ક્ષય રોગ નિષ્ણાત પાસે ફેફસાના ક્ષયનો કે ક્ષયમૂલક પ્લુરસીથી પીડાતા હોય અને તે માટે પોતાને ઘેર રહી સારવાર કરાવતા હોય અને એ મતલબનું તેવા નિષ્ણાતે સહી કરેલ પ્રમાણપત્ર રજૂ કરે કે કર્મચારી તેમની સારવાર હેઠળ છે અને ભલામણ કરેલ રજાને અંતે તે સાજા થઈ જાય તેવા વાજબી તકો રહેલી છે, તો તેવા સરકારી કર્મચારી પણ પંદર માસ સુધીની અસાધારણ રજાની સવલત મેળવવાને પાત્ર ઠરશે.

(૩) બે અસાધારણ રજા ગાળાઓ વચ્ચે આવેલ વેકેશન કે અન્ય કોઈ પ્રકારની રજાને એક સળંગ અસાધારણ રજાના ગાળા તરીકે ગણવામાં આવશે.

(૪) રજા વિનાની ગેરહાજરીના સમયગાળાનું રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી પશ્ચાતવર્તી અસરથી અસાધારણ રજામાં પરિવર્તન કરી શકશે.

૬૧. **અજમાયશી કે એપ્રન્ટીસને મળતી રજા :** (૧) (ક) અજમાયશીને અજમાયશી ધોરણે નહિ પણ તે કાયમી ધોરણે જગા ધારણ કરે છે તેમ ગણી તે આ નિયમો હેઠળ રજાના હકદાર થશે.

(ખ) જો કોઈ કારણોસર કોઈ અજમાયશીની નોકરી સમાપ્ત કરવાની દરખાસ્ત હોય, તો તેને મંજૂર કરવામાં આવતી રજા -

(૧) અગાઉ મંજૂરી થયેલી અથવા વધારાવામાં આવેલ તેની અજમાયશી મુદ્દત જે તારીખે પૂરી થાય તે તારીખથી વધવી જોઈએ નહિ, **અથવા**

(૨) નિમણૂક કરવાની સત્તા ધરાવતા સક્ષમ સત્તાધિકારીના હુકમોથી તેની સેવા વહેલી સમાપ્ત કરવામાં આવે તો તેની આગળની તારીખથી વધવી જોઈએ નહિ.

(૨) એપ્રન્ટીસને નીચે મુજબ રજા મળવાપાત્ર છે -

(ક) તેની એપ્રન્ટીસશીપના કોઈપણ વર્ષની મુદ્દત દરમ્યાન ત્રીસ દિવસથી વધુ નહિ એટલી મુદ્દતની તબીબી કારણસર અર્ધપગારી રજા.

(ખ) નિયમ-૬૦ હેઠળ અસાધારણ રજા.

**નોંધ :** કોઈપણ સરકારી કર્મચારીની કોઈપણ ખાતા હેઠળ એપ્રન્ટીસ તરીકેની તેની નિમણૂક થાય તે તારીખથી એપ્રન્ટીસશીપની મુદ્દત પૂરી થયા તારીખ સુધીની તેની જમા રજા, એપ્રન્ટીસશીપની મુદ્દત પૂરી થયેથી કોઈપણ જગા પર જ્યાં તેની નિમણૂક થાય ત્યાં તેને ખાતે આગળ ખેંચવા દેવામાં આવશે.

૬૨. **નિવૃત્તિ બાદ પુનર્નિયુક્તોને મળતી રજા :** નિવૃત્તિ બાદ નોકરીમાં પુનર્નિયુક્તિ પામેલ વ્યક્તિના કિસ્સામાં તે સરકારી નોકરીમાં પ્રથમ વખત દાખલ થાય છે તેમ ગણી, તેની પુનર્નિયુક્તિની તારીખથી આ નિયમોની જોગવાઈઓ તેને લાગુ પડશે.

૬૩. **ફરજિયાત નિવૃત્તિ કે નોકરી છોડી દેવાની તારીખ પછીની રજા :** (૧) હવે પછી જોગવાઈ કરી હોય તે સિવાયના કિસ્સામાં, સરકારી કર્મચારીને નીચે દર્શાવ્યાથી વધુ રજા મંજૂર કરવામાં આવશે નહિ :-

(ક) તેના ફરજિયાત નિવૃત્ત થવાની તારીખ, **અથવા**

(ખ) નોકરીની અંતિમ સમાપ્તિની તારીખ, **અથવા**

(ગ) નોકરીમાંથી તેના રાજીનામાની તારીખ.

(૨) સરકારી કર્મચારીની નોકરી તેની ફરજિયાત નિવૃત્તિની તારીખ પછી જાહેર હિતમાં લંબાવવામાં આવી હોય, ત્યારે તેને અધિકતમ ત્રણસો દિવસની મર્યાદામાં પ્રાપ્ત રજા મંજૂર કરી શકાશે.

૬૪. **નોકરી સમાપ્ત થવાના સમયે રજા સંબંધી રજા પગારનું રોકડમાં રૂપાંતર :** (૧) સરકારી કર્મચારીને તેને ખાતે ત્રણસો દિવસની મર્યાદામાં જમા પ્રાપ્ત રજાનો પગાર, નીચેના પ્રસંગોએ રજા મંજૂર કરનાર સત્તાધિકારી પોતાની મેળે મંજૂર કરી શકશે :-

(ક) નિવૃત્તિવયે પહોંચતા તેની નિવૃત્તિ સમયે;

(ખ) જાહેર હિતમાં નિવૃત્તિવય બાદ સરકારી કર્મચારીની નોકરી વધુ મુદ્દત માટે લંબાવવામાં આવી હોય ત્યારે તેની નોકરીની આવી વધારવામાં આવેલી નિવૃત્તિવયની મુદ્દત પૂરી થતાં;

(ગ) નિવૃત્તિ પછીની પુનઃ નિયુક્તિની સમાપ્તિ થઈ હોય તેવા કિસ્સામાં;

(ઘ) ચાલુ નોકરીમાં સરકારી કર્મચારીનું અવસાન થયું હોય તેવા કિસ્સામાં, મૃતકના કુટુંબને;

(ચ) સરકારી કર્મચારીની બદલી કોઈ ઔદ્યોગિક સંસ્થામાં થઈ હોય તેવા કિસ્સામાં;

(છ) રાજ્ય સરકારના જાહેર ઉપક્રમમાં અથવા જેની માલિકી કે નિયંત્રણ સંપૂર્ણપણે અથવા મોટા ભાગે કેન્દ્ર અથવા રાજ્ય સરકાર પાસે હોય તેવી સ્વાયત્ત સંસ્થામાં, સરકારી કર્મચારીનો સમાવેશ થતાં;

**નોંધ :** ફરજમોકૂફી દરમ્યાન ફરજિયાત નિવૃત્તિવયે પહોંચતાં સરકારી કર્મચારી નોકરીમાંથી નિવૃત્ત થાય અને તેને પુનઃસ્થાપન કરવાની સત્તા ધરાવતા સત્તાધિકારીના મતે તે સરકારી કર્મચારી સંપૂર્ણ રીતે

દોષમુક્ત હોય અને તેની ફરજમોકૂફી સંપૂર્ણતઃ અન્યાયી હોય, તો આ નિયમ હેઠળ નિવૃત્તિવયની તારીખે તેના ખાતે જે પ્રાપ્ત રજા સિલકમાં હોય તેટલા પ્રમાણમાં પગાર રોકડમાં ચૂકવી શકાશે.

(૨) સરકારી કર્મચારીની નોકરીની સમાપ્તિ સમયે, પ્રવર્તમાન દરથી ત્રીસ દિવસનો મહિનો ગણી તેના આધારે, રજાના પગાર ઉપર મળવાપાત્ર મોંઘવારી ભથ્થા, નોન-પ્રેક્ટીસીંગ ભથ્થુ અને સ્થાનિક વળતર ભથ્થાનો સમાવેશ ઉપરોક્ત પેટા-નિયમ (૧) હેઠળ ચૂકવવાપાત્ર રજાના પગારની રોકડ રકમની ચૂકવણીમાં થશે અને તે ઊચક રકમની એકસાથે ચુકવણી કરવામાં આવશે.

(૩) આ નિયમ હેઠળ રજાના પગારની રોકડ રકમની ગણતરી કરતી વખતે ઘરભાડા ભથ્થાનો સમાવેશ કરવામાં આવશે નહિ.

(૪) આ રીતે ગણતરી કરેલ રજાના પગારની રોકડ રકમમાંથી પેન્શન અને પેન્શન સમકક્ષ નિવૃત્તિના બીજા લાભો અંગે કોઈ કપાત કરવામાં આવશે નહિ.

(૫) રજાના પગારની રોકડમાં ચૂકવણી ગમે તે મહિનામાં મંજૂર કરવામાં આવે છતાં, આ નિયમના હેતુ માટે, દરેક મહિનો ત્રીસ દિવસનો ગણવાનો રહેશે.

(૬) રજા પગારની આકારણી : આ નિયમો હેઠળ રજાના પગારની રોકડ ચૂકવણી રૂપિયામાં કરવામાં આવશે.

**૬૫. રજાનું રોકડમાં રૂપાંતર :** (૧) સરકારી કર્મચારીની નોકરીની શરતો અને બોલીઓ મુજબ જ્યારે તે નિવૃત્ત થાય અથવા સરકારને નોટિસ આપી નિવૃત્ત થાય અથવા સરકાર તેને નોટિસ આપી અથવા તેવી નોટીસની અવેજીમાં પગાર અને ભથ્થાંની ચૂકવણી કરીને તેને નિવૃત્ત કરે, ત્યારે રજા મંજૂર કરનાર સત્તાધિકારી પોતાના મેળે તેની રજાના હિસાબમાં જે પ્રાપ્ત રજા સિલકમાં હોય તે તથા સંપૂર્ણ અર્ધરજાના પગાર તુલ્ય રોકડ રકમ ચૂકવશે, અને સરકારી કર્મચારીના રાબેતા મુજબના વયનિવૃત્તિના કિસ્સામાં જે તારીખે નિવૃત્ત થવાનો હોય અને જે તારીખે તે ખરેખર નિવૃત્ત થાય તે બંને તારીખો વચ્ચેનો ગાળો તેની અર્ધપગારી રજા આ સિલક કરતાં વધારે હોય; તો પણ અધિકતમ ત્રણસો દિવસની મર્યાદામાં તે તમામ રજાના પગારની રોકડ રકમ મંજૂર કરી શકાશે. આ રોકડ રકમમાં પ્રાપ્ત રજા માટે તેને મળવાપાત્ર રજાના પગાર જેટલી અને અર્ધાપગારની રજા માટે મળવાપાત્ર રજાનો પગાર તથા સરકારી કર્મચારી નોકરીમાંથી નિવૃત્ત થાય કે તેને નિવૃત્ત કરવામાં આવે એ તારીખે અમલમાં હોય તે દરે તે રજાના પગાર ઉપર પ્રથમ ત્રણસો દિવસના મોંઘવારી ભથ્થા તથા નોન-પ્રેક્ટીસીંગ ભથ્થુ આવશે. આ રીતે ગણતરી કરેલી ઊચક રકમની એકસાથે ચૂકવણી કરવામાં આવશે. કોઈ ઘરભાડા ભથ્થું કે સ્થાનિક વળતર ભથ્થુ ચૂકવવાપાત્ર થશે નહિ. જે અંગે રોકડ રકમ ચૂકવવા યોગ્ય થતી હોય તો તેવા પેન્શન અને નિવૃત્તિના અન્ય પેન્શન સમકક્ષ, લાભોની પેન્શનમાં હંગામી વધારા અર્ધાપગારી રજાના રજા પગારમાંથી બાદ કરવા પડશે.

**પરંતુ** જો આવા અર્ધપગારી રજાના હિસ્સામાંની રજા પગારની રકમ પેન્શન અને પેન્શનને લગતા લાભોની સમકક્ષ રકમ કરતાં ઓછી થાય તો અર્ધપગારી રજા મંજૂર કરી શકાશે નહિ.

**વળી,** જો સરકારી કર્મચારીને નોટિસના બદલે પગાર અને ભથ્થાની ચૂકવણી કરી સરકારે નિવૃત્ત કરેલ હોય અને તેવા પગાર અને ભથ્થાની ચૂકવણીના સંબંધિત સમય દરમ્યાન જો તેણે રજા માટે અરજી કરી હોય અને તેને તે રજા મંજૂર કરવામાં આવી હોય, તો જે સમયગાળા માટે નોટિસની અવેજીમાં પગાર અને ભથ્થાં ચૂકવવામાં આવેલ હોય તે સિવાયના સમયગાળા માટે જ ફક્ત રજાનો પગાર મંજૂર કરી શકાશે.

(૨) (૧) જ્યારે સરકારી કર્મચારીની નોકરી નોટિસ દ્વારા અગર તેની અવેજીમાં પગાર અને ભથ્થાંની ચૂકવણી કરીને કે અન્યથા નિમણૂકની શરતો અને બોલીઓ હેઠળ સમાપ્ત કરવામાં આવી હોય ત્યારે, રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી પોતાની મેળે કર્મચારીની નોકરીની સમાપ્તિની તારીખે તેના હિસાબમાંની પ્રાપ્ત રજા સિલકમાં હશે તે સંબંધે તેની સમકક્ષ રોકડ રકમ, અધિકતમ ત્રણસો દિવસની મર્યાદાને અધીન રહીને, મંજૂર કરી શકશે.

(૨) જ્યારે સરકારી કર્મચારી રાજીનામું આપી દે કે નોકરી છોડી દે ત્યારે તેને રજા મંજૂર કરનાર અધિકારી પોતાની મેળે કર્મચારીની નોકરીની સમાપ્તિની તારીખે તેના હિસાબમાં જે પ્રાપ્ત રજા સિલકમાં હશે તે રજાથી અડધા હિસ્સાની સમકક્ષ રોકડ રકમ, અધિકતમ ૧૫૦ દિવસની મર્યાદાને અધીન રહીને, મંજૂર કરી શકશે.

(૩) ઉપરોક્ત પેટા-નિયમ (૧) અને (૨) હેઠળ આવતા કિસ્સાઓમાં રોકડ સમકક્ષ રકમ પ્રાપ્ત રજા માટે મળવાપાત્ર રજા પગાર વત્તા જ્યારે સરકારી કર્મચારી નોકરીમાંથી જે તારીખે છૂટા થઈ જાય તે સમયે અમલમાં હોય તે દરે તે રજા પગાર ઉપર મોંઘવારી ભથ્થા તથા નોન-પ્રેક્ટીસીંગ ભથ્થા જેટલી થશે. એવી રીતે ગણતરી કરેલ ઊચક રકમની એકસાથે ચુકવણી કરવામાં આવશે. સ્થાનિક વળતર ભથ્થું અને ઘરભાડા ભથ્થું ચૂકવવાપાત્ર નથી.

(૩) અશક્તતા પેન્શન પર નિવૃત્ત થતા સરકારી કર્મચારીને રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી, તે કર્મચારીની અશક્તિની નિવૃત્તિની તારીખે તેના રજાના હિસાબમાં અર્ધપગારી રજા સિલકમાં હોય તે સમયગાળા માટે રજાનો પગાર મંજૂર કરી શકશે, પરંતુ રોકડમાં રૂપાંતર કરવામાં આવતી અર્ધપગારી આવી રજા તેના રાબેતા મુજબના નિવૃત્તિવયે નિવૃત્તિની તારીખ સુધી મર્યાદિત કરવામાં આવશે. ત્યારબાદ નિયમ-૬૪ હેઠળ મળવાપાત્ર પ્રાપ્ત રજાના રોકડમાં રૂપાંતર કરવાના લાભો પણ તેને મળવાપાત્ર બનશે.

(૪) વેકેશન ખાતામાં કામ કરી ચૂકેલા સરકારી કર્મચારી પણ નિયમો-૬૪ અને ૬૫ ની જોગવાઈ હેઠળ તેના ખાતે જમા પ્રાપ્ત રજાનો ત્રણસો દિવસના મર્યાદામાં રોકડમાં રૂપાંતરના હકદાર થશે. તેના ખાતેના રજાના હિસાબમાં ત્રણસો દિવસ કરતાં રજા ઓછી હશે, તો વેકેશન સમય માટે ઉપાર્જીત કરેલ અર્ધપગારી રજાથી અડધી પરંતુ એકસો પચાસ દિવસની મર્યાદામાં ઉમેરીને સરવાળો ત્રણસો દિવસનો થાય તેમ કરવામાં આવશે.

(૫) પુનર્નિયુક્ત સરકારી કર્મચારીને પુનર્નિયુક્તિ પરથી છૂટા કરવામાં આવે, ત્યારે તેને પણ પેટા-નિયમ (૧) હેઠળ પુનર્નિયુક્તિ પહેલાં મેળવેલ પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર તેમજ પુનર્નિયુક્તિ બાદ પ્રાપ્ત કરેલી રજાનું રોકડમાં રૂપાંતર, કુલ થઈને ત્રણસો દિવસ કરતાં વધે નહીં તે શરતે. તેના ખાતે જમા વણવપરાયેલ પ્રાપ્ત રજાની સિલકનો રોકડમાં રૂપાંતરના લાભ હકને પાત્ર થશે.

૬૬. **રજાના પગારના રોકડ રકમની ચૂકવણી માટેની કાર્યરીતિઃ** નહિ ભોગવેલ પ્રાપ્ત રજાના રજા પગાર સમકક્ષ રોકડ રૂપાંતરની રકમની નિવૃત્ત સરકારી કર્મચારીને ચૂકવણીમાં વિલંબ થાય નહિ તે માટે નીચેની પદ્ધતિ અખત્યાર કરવાની રહેશે :-

(૧) રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી, પ્રાપ્ત રજાના સિલકની ખાતરી કરીને આ નિયમો હેઠળ પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરવાના હુકમો સ્વયં કરશે. નિવૃત્તિની તારીખે રોકડનું ચૂકવણું થાય તે બાબત પણ તે સુનિશ્ચિત કરશે.

(૨) જે તે સરકારી કર્મચારી પાસેથી અરજી મળેથી, અર્ધપગારી રજા મંજુર કરનાર સક્ષમ સત્તાધિકારી તેના ખાતે રજા સિલકમાં હોવાની ખાતરી કરીને, આ નિયમો હેઠળ સદરહુ રજાનું રોકડમાં રૂપાંતર મંજૂર કરશે.

(૩) ''કોઈ રકમ લેણી નથી'' એ બાબતનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય કે નહિ તે બાબતને ધ્યાનમાં લીધા વિના સરકારી કર્મચારીને નહિ ભોગવેલ તેના ખાતે જમા પ્રાપ્ત રજાના સમકક્ષ રોકડ રકમની ચૂકવણી કરવામાં આવશે.

૬૭. **રજા પગાર :** (૧) સરકારી કર્મચારી પ્રાપ્ત રજા ઉપર જતાં તરત પહેલાં જે પગાર આકારેલ હોય તેની બરાબર રજા પગારનો તે હકદાર થશે.

(૨) સરકારી કર્મચારી અર્ધપગારી રજા ઉપર કે બિનજમા રજા પર જાય, ત્યારે તે ઉપરોક્ત પેટા-નિયમ (૧) માં નિયત રકમ કરતાં અડધી રકમના રજા પગાર તરીકે હકદાર થશે.

(૩) રૂપાંતરિત રજા પર જતા સરકારી કર્મચારી, ઉપરોક્ત પેટા-નિયમ (૧) મુજબ રજાનો પગાર હકદાર થશે.

(૪) અસાધારણ રજા પર જતા સરકારી કર્મચારી કોઈપણ રજા પગારના હકદાર નથી.

૬૮. **રજાના પગારની પેશગી :** રાજ્યેતર સેવામાંના કર્મચારી સહિત કોઈપણ સરકારી કર્મચારી જ્યારે ત્રીસ દિવસ કરતાં ઓછી સમયની નહિ એવી રજા ઉપર જતા હોય તેને મળવાપાત્ર એક માસ સુધીના રજા પગાર અને ભથ્થાની આવક વેરા, પ્રોવિડન્ટ ફંડ, ઘરભાડા પેશગીઓની વસૂલાત વગેરે અંગેની કપાતો કર્યા પછીના રજાના પગારને પેશગી તરીકે પરવાનગી આપી શકાશે.

## પ્રકરણ - ૬

## અભ્યાસ રજા સિવાયની અન્ય ખાસ રજાઓના પ્રકાર

૬૯. **પ્રસૂતિ રજા :** (૧) પ્રસૂતિની રજા પર જાય તે તારીખે બે થી વધુ જીવિત બાળકો ન હોય તેવી કાયમી નોકરીમાં હોય તેવા મહિલા કર્મચારીને, રજા પર ઉતર્યા તારીખથી એકસો પાંત્રીસ દિવસના સમયગાળાની પ્રસૂતિની રજા, આ નિયમોની જોગવાઈઓને અધીન રહીને હેઠળ સક્ષમ સત્તાધિકારી મંજૂર કરી શકશે. આવી રજા તેણીના રજાના હિસાબમાં ઉધારવામાં આવશે નહિ.

(૨) કાયમી નોકરીમાં ન હોય પરંતુ જેણે ઓછામાં ઓછા એક વર્ષની સળંગ નોકરી કરી હોય તેવા મહિલા સરકારી કર્મચારી પણ આ નિયમોની જોગવાઈને અધીન રહીને પેટા-નિયમ (૧) માં નિર્દિષ્ટ પ્રસૂતિની રજા માટે પાત્ર થશે.

(૩) પ્રસૂતિની રજા દરમ્યાનના રજાના પગારનું નિયમન નીચે મુજબ કરવામાં આવશે :-

(૧) કાયમી અગર જેણે બે કે તેથી વધુ વર્ષ સળંગ નોકરી કરી હોય તેવી મહિલા સરકારી કર્મચારીના કિસ્સામાં તેને મળવાપાત્ર રજાનો પગાર, તેને રજા પર જતાં તરત પહેલાં તુરત જે પગાર મળતો હોય તેની બરાબર રહેશે.

(૨) જે મહિલા સરકારી કર્મચારીએ સળંગ એક વર્ષ કરતાં વધુ પણ બે વર્ષથી ઓછી નોકરી કરી હોય તેવા કિસ્સામાં, તેને મળવાપાત્ર રજા પગાર, તેને રજા પર જતાં તરત પહેલાં જે પગાર મળતો હોય તેનાથી અડધા પગાર બરાબરનો રહેશે.

(૪) રાજ્યેતર સેવા દરમ્યાન મહિલા સરકારી કર્મચારીએ ભોગવેલ પ્રસૂતિની રજાના સમયનો રજા પગાર તેના રાજ્યેતર નિયોજકે ભોગવવાનો રહેશે.

(૫) કામપૂરતા મહેકમ ઉપરના મહિલા સરકારી કર્મચારીઓને જેઓને પ્રસૂતિની રજાની અરજીની તારીખે બે થી વધુ બાળકો ન હોય તેમને રજા ઉપર ગયા તારીખથી ત્રણ માસ સુધીની અથવા પ્રસૂતિની તારીખથી છ અઠવાડિયા સુધીની, એ બેમાંથી જે વહેલા હોય તેટલી પ્રસૂતિ રજા, પ્રસૂતિ થવાની તારીખ પહેલાંના તુરત જ બાર મહિનામાં આકારેલ પગારના માસિક સરેરાશ આધારિત રજા પગાર ખાતાના વડા મંજૂર કરી શકશે. પ્રસૂતિ રજાના હકદાર થવા માટે પ્રસૂતિ રજાની અરજીની તારીખે તેણીએ (કોઈપણ અધિકૃત રજાના સમય સહિત) ઓછામાં ઓછા તેત્રીસ માસની સળંગ નોકરી કરેલ હોવી જોઈએ અને તેની સેવાઓની જરૂર પડશે તો તેણી / તેણીની રજાના અંત પછી ઓછામાં ઓછા છ માસ માટે ફરજ પર પાછા ફરશે તેવી બાંયધરી, ઓછામાં ઓછા એક જામીન સાથે તેણીએ રજૂ કરવી પડશે.

(૬) પ્રસૂતિ રજા સાથે અન્ય પ્રકારની રજા સંયોજિત કરી શકાશે પરંતુ આવી અગાઉના અનુસંધાનમાં કરવામાં આવેલી અરજી સાથે પ્રસૂતિની સંભવિત તારીખ અંગેનો તબીબી અભિપ્રાય અવશ્ય સામેલ હોય અને પ્રસૂતિ થાય કે તરત જ તબીબી પ્રમાણપત્રના સમર્થન સાથે પ્રસૂતિની તારીખ જણાવવાની સરકારી કર્મચારી બાંયધરી આપે તો જ પ્રસૂતિ રજા મંજૂર કરી શકાય. ચોથા વર્ગના સરકારી કર્મચારીઓની બાબતમાં, ધોરણસરના તબીબી પ્રમાણપત્રનો આગ્રહ રાખવાથી મુશ્કેલી ઊભી થવાની શક્યતા જણાય, તો રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી, પોતાને પૂરતું જણાય તેવું પ્રમાણપત્ર સ્વીકારી શકશે.

(૭) જો તેણી ઈચ્છે, તો પ્રસૂતિની રજા સાથે રૂપાંતરિત રજા સહિત બીજા કોઈપણ પ્રકારની લેણી રજા જોડવાની મહિલા કર્મચારીને પરવાનગી આપવામાં આવશે અને પ્રસૂતિની રજાના અનુસંધાનમાં અધિકતમ સાઠ દિવસ સુધીની રજા, તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યા સિવાય મંજૂર કરી શકાશે.

૭૦. **પિતૃત્વ રજા :** બે કરતાં ઓછા હયાત બાળકો ધરાવતા (એપ્રન્ટીસ સહિતના) પુરૂષ સરકારી કર્મચારીને તેની પત્નીની પ્રસૂતિ દરમિયાન પંદર દિવસની પિતૃત્વ રજા મંજૂર કરી શકાશે. રજાની અગાઉના ફરજ પરના દિવસે

લીધેલ પગારના દરે આ રજાનો રજા પગાર ચૂકવવામાં આવશે. પિતૃત્વ રજા રજાના હિસાબમાં ઉધારવામાં આવશે નહિ અને (પ્રસૂતિ રજાના કિસ્સાની માફક) તે અન્ય પ્રકારની રજા સાથે જોડી શકાશે. સામાન્ય રીતે આ રજા કોઈ સંજોગોમાં નકારવામાં આવશે નહીં.

૭૧. **કસુવાવડ કે ગર્ભપાતના કિસ્સામાં રજા :** મહિલા સરકારી કર્મચારીને કસુવાવડ અને એમ.ટી.પી. એક્ટ, ૧૯૭૧ દ્વારા પ્રોત્સાહિત ગર્ભપાત સહિતના ગર્ભપાત માટેની અરજીની તારીખે બે કે વધુ જીવંત બાળકો ન હોય તો તેને પણ નિયમ-૬૯ હેઠળ નીચેની શરતોએ રજા મળવાપાત્ર છે :-

(૧) મહિલા સરકારી કર્મચારીને ગમે તેટલા જીવિત બાળકો હોય છતાં તેને સમગ્ર નોકરીના સમયગાળા દરમ્યાન કસુવાવડ અથવા ગર્ભપાતના કિસ્સામાં પીસ્તાલીસ દિવસ કરતાં વધુ નહિ તેટલી પ્રસૂતિ રજાના હકદાર થશે.

(૨) બે અથવા વધુ જીવિત બાળકો ધરાવતી મહિલા સરકારી કર્મચારીને ગર્ભપાત (એમટીપી) ના કિસ્સામાં પ્રસૂતિ રજા મળી શકશે નહીં.

(૩) મહિલા સરકારી કર્મચારીને એક જ બાળક હોય અથવા બાળક ન હોય અને અરજીના સમર્થનમાં તબીબી પ્રમાણપત્ર સામેલ કર્યું હોય તો તેને ગર્ભપાત (એમ.ટી.પી.) ના કિસ્સામાં માટે સાત કામકાજના દિવસો કરતાં વધુ નહીં તેટલી પ્રસૂતિ રજા મંજૂર કરી શકાશે.

(૪) ગર્ભપાત (એમટીપી) ના કિસ્સામાં, પ્રસૂતિ રજા પાંચ વર્ષમાં ફક્ત એકવાર મંજૂર કરી શકાશે.

(૫) મહિલા કર્મચારીના રજાના હિસાબમાં આ રજા ઉધારવામાં આવશે નહીં.

૭૨. **ઈરાદાપૂર્વક કરેલ ઈજા માટે ખાસ અશક્તતા રજા :** (૧) ઈરાદાપૂર્વક કરવામાં આવેલ ઈજાથી કે હોદ્દાની રૂએ અથવા તેના સત્તાવાર હોદ્દાની ફરજો યોગ્ય રીતે બજાવવાના પરિણામે અકસ્માતે થયેલ ઈજાથી અશક્ત બની ગયેલ (કાયમી કે હંગામી) સરકારી કર્મચારીને, રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી, ખાસ અશક્તતાની રજા મંજૂર કરી શકશે.

(૨) જે કારણે આવી અશક્તતા ઉપસ્થિત થઈ હોય તે બનાવના ત્રણ માસમાં અશક્તતા પ્રગટ થઈ ન હોય અને અશક્ત થયેલ વ્યક્તિએ તે અશક્તતાને ધ્યાનમાં લાવવામાં યોગ્ય તત્પરતા દર્શાવી ન હોય, તો આવી રજા મંજૂર કરી શકાશે નહિ.

**પરંતુ** જે બનાવના કારણે તેના ત્રણ માસ કરતાં વધુ સમય પછી જો અશક્તતા વ્યક્ત થઈ હોય તેવા કિસ્સામાં, રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીને અશક્તતાનું કારણ સંતોષકારક લાગે તો તે રજા મંજૂર કરવા પરવાનગી આપી શકે છે.

(૩) આવી મંજૂર કરેલ રજાની મુદ્દત તબીબી મંડળે પ્રમાણિત કરી હોય તે મુજબની રહેશે અને કોઈપણ સંજોગોમાં તે ચોવીસ માસ કરતાં વધવી જોઈશે નહિ.

(૪) ખાસ અશક્તતા રજા અન્ય પ્રકારની રજા સાથે જોડી શકાશે.

(૫) ત્યારપછીના સમયે તેવા જ સંજોગોમાં અશક્તતામાં વધારો હોય અથવા પછીની તારીખે સમાન સંજોગોમાં પુનઃઅશક્તતા આવી પડી હોય, તો આવી રજા એક કરતાં વધારે વખત મંજૂર કરી શકાશે, પરંતુ કોઈ એક અશક્તતાને પરિણામે આવી રજા ચોવીસ માસથી વધુ સમય માટે મંજૂર કરવી નહિ.

(૬) પેન્શનપાત્ર સેવાની ગણતરી માટે ખાસ અશક્તતા રજા ફરજ તરીકે ગણવામાં આવશે અને પેટા-નિયમ (૭) ના ખંડ (ખ) ના પરંતુક હેઠળ મંજૂર કરેલી રજાના હિસાબમાં ઉધારવામાં આવશે નહિ.

(૭) આવી રજા દરમ્યાન રજાનો પગાર -

(ક) પેટા-નિયમ (૫) હેઠળ આપવામાં આવેલી આવી રજાની મુદ્દત સહિત, આવી રજાના કોઈ મુદ્દતના પ્રથમ એકસો વીસ દિવસ માટે પ્રાપ્ત રજા પરના મળવાપાત્ર રજા પગાર જેટલો, **અને**

(ખ) આવી કોઈ રજાની શેષ મુદ્દત માટે, અર્ધપગારી રજાના મળવાપાત્ર રજા પગાર જેટલો.

**પરંતુ** સરકારી કર્મચારીને તેના વિકલ્પે બીજા એકસો વીસ દિવસ કરતાં વધુ નહિ તેટલી મુદ્દત માટે ખંડ (ક) પ્રમાણે રજાનો પગાર મેળવી શકશે અને તેવા કિસ્સામાં આ રજાનો ગાળો તેના અર્ધપગારી રજા ખાતે ઉધારવામાં આવશે.

(૮) સન ૧૯૨૩ નો કામદારોને વળતર આપવા બાબતના અધિનિયમ (સને ૧૯૨૩ નો ૮ મો) જેને લાગુ પડતો હોય તેવી વ્યક્તિની બાબતમાં આ નિયમ હેઠળ ચૂકવવાપાત્ર રજા પગારની રકમ સદરહુ અધિનિયમની કલમ-૪ ની પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) હેઠળ ચૂકવવાપાત્ર વળતરની રકમ જેટલો ઘટાડો કરવામાં આવશે.

(૯) (ક) આ નિયમની જોગવાઈઓ નીચેના કિસ્સામાં લાગુ પડશે -

(૧) લશ્કરી દળ સાથેની ફરજના પરિણામે અશક્ત થયેલા મુલ્કી સરકારી કર્મચારીને વધુ લશ્કરી સેવા માટે અયોગ્ય ગણી છૂટો કરવામાં આવ્યા હોય પણ વધુ મુલ્કી સેવા માટે સંપૂર્ણતઃ અને કાયમ માટે અશક્ત ન હોય તો તેને, **અને**

(૨) જેને આમ છૂટા કરવામાં આવ્યા ન હોય અને લશ્કરી દળની તેની સેવાને કારણે સીધી રીતે અશક્ત થયા હોવાનું તબીબી બોર્ડે પ્રમાણિત કર્યું હોય તો તેવા મુલ્કી કર્મચારીને.

(ખ) પરંતુ બેમાંથી કોઈપણ કિસ્સામાં, તે અશક્તતાને લીધે લશ્કરી નિયમો હેઠળ આવી વ્યક્તિને આપવામાં આવેલી રજાની કોઈ મુદ્દત, મળવાપાત્ર મુદ્દતની ગણતરીના હેતુ માટે આ નિયમ મુજબ આપવામાં આવેલી રજા તરીકે ગણાશે.

૭૩. **અકસ્માતથી થયેલ ઈજા માટે ખાસ અશક્તતા રજા :** (૧) પોતાની સરકારી ફરજો યોગ્ય રીતે બજાવતા અથવા તેના પરિણામે કે તેના સરકારી હોદ્દાના રૂએ અકસ્માતથી થયેલી ઈજાથી અથવા તે ધરાવતો હોય તે મુલ્કી જગા સાથે સંકળાયેલ સામાન્ય જોખમ ઉપરાંત તેને માટે માંદગી કે ઈજાનો સંભવ વધારે હોય એવી કોઈ ખાસ કામગીરી બજાવતા આવેલી માંદગીને કારણે અશક્ત બનનાર કોઈપણ કાયમી કે હંગામી સરકારી કર્મચારીને નિયમ-૭૨ ની જોગવાઈઓ લાગુ પડશે.

(૨) ખાસ અશક્તતાની રજાની મંજૂરીના આવા કિસ્સા નીચેની શરતોને અધીન રહેશે :-

(ક) અશક્તતા રોગને કારણે થઈ હોય તો અમુક ચોક્કસ ફરજની બજવણી તેના સીધા કારણરૂપ છે એવું તબીબી મંડળે પ્રમાણિત કરવું પડશે;

(ખ) લશ્કરી દળ સાથેની ફરજ સિવાયની નોકરી દરમ્યાન જો સરકારી કર્મચારી આવી અશક્તતાનો ભોગ બન્યો હોય, તો તે રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીના મતે તેના સ્વરૂપ કે તેના ઉદ્‌ભવતા સંજોગોની બાબતમાં, એવી અપવાદરૂપ હોવી જોઈએ કે જે આ પ્રકારની રજા મંજૂર કરવાના અસામાન્ય વ્યવહારને વાજબી ઠરાવે; **અને**

(ગ) તબીબી મંડળે ભલામણ કરેલી ગેરહાજરીની મુદ્દતને અંશતઃ આ નિયમ હેઠળ રજા દ્વારા અને અંશતઃ બીજી રજા દ્વારા આવરી લઈ શકાય અને પ્રાપ્ત રજા તુલ્ય રજાના પગારે મંજૂર કરેલી તે ખાસ અશક્તતા રજા એકસો વીસ દિવસ કરતાં વધુ થવી ન જોઈએ.

***નોંધ :*** *સરકારી કર્મચારી ધારણ કરતા હોય તે મુલ્કી જગા સાથે સંકળાયેલા સામાન્ય જોખમ કરતાં તે ઉપરાંતના જોખમના પરિણામે માંદગી કે ઈજા વેઠી હોય તેવા પ્રસંગે જ આ નિયમ હેઠળ ખાસ અશક્તતાની રજા મળવાપાત્ર રહેશે.*

૭૪. **હૉસ્પિટલ રજા :** (૧) વર્ગ-૪ ના સરકારી કર્મચારીઓને કે જેઓની સેવાઓ યંત્રસામગ્રીના જોખમી સંચાલનની, સ્ફોટક પદાર્થો તથા ઝેરી ઔષધો અને તેવી બીજી ચીજો સાથેની અથવા કોઈ ખતરનાક કાર્યોની કામગીરી સાથે સંકળાયેલ હોય તેવા કર્મચારીની માંદગી અથવા ઈજા, તેમની સરકારી ફરજ અદા કરતાં ઉઠાવેલ જોખમને લઈને સીધી રીતે થવા પામી હોય અને તેને કારણે હૉસ્પિટલમાં કે અન્યથા તબીબી સારવાર નીચે હોય તેઓના કિસ્સામાં રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી હૉસ્પિટલ રજા આપી શકશે.

***અપવાદ :*** *જેમની ફરજો અકસ્માત કે માંદગીના જોખમ સાથે સંકળાયેલ હોય અને માંદગી કે ઈજા તેમની સરકારી ફરજ અદાયગીના ક્રમ દરમિયાન સીધી રીતે થવા પામેલ ન હોય તો પણ તેવા નીચે દર્શાવેલ સરકારી કર્મચારીઓને પણ તેમની માંદગી માટે હૉસ્પિટલ રજા મંજૂર કરી શકાશે :-*

*(૧) હેડ કોન્સ્ટેબલના દરજ્જાથી ઉચ્ચ દરજ્જાના ન હોય તેવા તાલીમીઓ સહિતના પોલીસ અધિકારીઓ;*

*(૨) કારકુની મહેકમ સિવાયના નશાબંધી અને આબકારી ખાતાના સરકારી કર્મચારીઓ;*

*(૩) માસિક રૂ. ૪૪૦૦ થી વધુ નહિ એટલો પગાર મેળવતા જંગલ ખાતાના કારકુનો સિવાયના જંગલ ખાતાના તાબાના અધીનસ્થ (સબોર્ડીનેટ) કર્મચારીઓ.*

(૨) અધિકૃત તબીબી ચિકિત્સક પાસેથી મેળવેલ તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાથી હૉસ્પિટલ રજા મંજૂર કરવામાં આવશે.

(૩) રજા મંજૂર કરનાર અધિકારીને યોગ્ય લાગે તેટલી સમય માટે મળવાપાત્ર પ્રાપ્ત રજા અથવા અર્ધપગારી રજામાં મળતા રજા પગાર જેટલો રજાનો પગાર હૉસ્પીટલ રજા માટે મંજૂર કરી શકાશે.

(૪) હૉસ્પીટલ રજા, રજાના હિસાબમાં ઉધારવામાં આવશે નહિ અને તે રજા અન્ય કોઈ પ્રકારની મળવાપાત્ર રજા સાથે જોડી શકાશે, પરંતુ આવી સંયોજીત રજા સહિતનો કુલ સમયગાળો અઠ્ઠાવીસ માસથી વધુ થવો જોઈએ નહિ.

(૫) (ક) સન ૧૯૨૩ ના કામદારોને વળતર આપવા બાબતનો અધિનિયમ (સને ૧૯૨૩ નો ૮ મો) જેને લાગુ પડતો હોય તેવી વ્યક્તિની બાબતમાં, આ નિયમ હેઠળ ચૂકવવાપાત્ર રજા પગારની રકમ સદરહુ અધિનિયમની કલમ-૪ ની પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) હેઠળ ચૂકવવાપાત્ર વળતરની રકમ જેટલો ઘટાડો કરવામાં આવશે.

(ખ) ત્રણ વર્ષની કોઈપણ મુદ્દતમાં પ્રાપ્ત રજાના પગારે સરકારી કર્મચારીને મંજૂર કરી શકાય તેવી રજાની મુદ્દત વધુમાં વધુ ત્રણ માસ સુધી મર્યાદિત છે. આ મર્યાદાના હેતુ માટે, અર્ધપગારની હૉસ્પીટલ રજાને પ્રાપ્ત રજા પગાર ઉપરની રજા કરતાં અડધા સમયની રજા ગણાય છે.

***સૂચના :*** *ઠરાવેલ ત્રણ માસની મર્યાદાથી વધી ન જાય તે પ્રમાણે સરકારી કર્મચારીને તેના નોકરીના પ્રથમ ત્રણ વર્ષ દરમ્યાન હૉસ્પીટલ રજા આપવામાં કોઈ વાંધો નથી.*

***નોંધ :*** *આ નિયમમાં જણાવેલ ''ત્રણ વર્ષ'' ની મુદ્દત ગણતરી મંજૂરી માટે પ્રસ્તાવિત હૉસ્પીટલ રજાની ખરેખર મુદ્દતની સમાપ્તિની અગાઉથી ઉલટાક્રમે કરવી.*

૭૫. **નાવિકોને માંદગીની રજા :** (૧) સરકારી જહાજ ઉપર અધિકારી, વોરન્ટ અધિકારી કે નાના અધિકારી તરીકે નોકરી કરતો સરકારી કર્મચારી, જો માંદગી અથવા ઈજા માટે તેના જહાજ ઉપર કે હૉસ્પીટલમાં સારવાર લેતો હોય તો, રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી, તેને છ અઠવાડિયાથી વધુ નહિ તેટલી મુદ્દતની રજા પૂરા પગાર જેટલા રજાના પગારે આપી શકશે.

**પરંતુ** જો સરકારી તબીબી અધિકારી એવું પ્રમાણિત કરે કે સરકારી કર્મચારી માંદા હોવાનો ઢોંગ કરે છે અથવા દારૂના નશાને કારણે કે તેવી આપસંડોવણીને કારણે થઈ હોય અથવા તેવી બિમારી કે ઈજાની ઉગ્રતા સ્વયં પોતાના ઈરાદાપૂર્વકના કૃત્યને કારણે થયેલ હોય, તો આવી રજા મંજૂર કરી શકાશે નહિ.

(૨) નીચેની શરતોનું પરિપૂર્ણ થતી હોય તો, પોતાની ફરજ બજાવતાં અશક્તતા થવા પામેલ નાવિકને વધુમાં વધુ ત્રણ માસથી વધુ નહિ એટલી મુદત માટે પૂરા પગારની રજાના પગારે રજા મંજૂર કરી શકાશે :-

(૧) સરકારી તબીબી અધિકારીએ અશક્તતા અંગે પ્રમાણપત્ર આપવું જોઈએ અને નાવિકની પોતાની બેદરકારીથી કે બિનઅનુભવને કારણે અશક્તતા થયેલ હોવી ન જોઈએ.

(૨) આવી રજા, રજાના હિસાબ સામે ઉધારાતી નથી.

(૩) સન ૧૯૨૩ ના કામદારોને વળતર આપવા બાબતનો અધિનિયમ (સને ૧૯૨૩ નો ૮ મો) જેમને લાગુ પડે છે, તેવી તેવી વ્યક્તિની બાબતમાં, આ નિયમ હેઠળ ચૂકવવાપાત્ર રજા પગારની રકમ સદરહુ અધિનિયમની કલમ-૪ ની પેટા-કલમ (ઘ) હેઠળ ચુકવવાપાત્ર વળતરની રકમ જેટલો ઘટાડો કરવામાં આવશે.

૭૬. **ક્ષય / કેન્સર / કુષ્ઠ રોગની રજા :** સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણના વિભાગ દ્વારા નિયત કરાયેલ અને વખતોવખત સુધારેલ ક્ષય, રોગ, કેન્સર કે કુષ્ઠ રોગથી પીડાતા સરકારી કર્મચારીઓને સવલતો આપતા નિયમો હેઠળ, તે તે રોગોથી પીડાતા સરકારી કર્મચારી પણ રજાના હકદાર થશે.

## પ્રકરણ - ૭

## અભ્યાસ રજા

૭૭. **અભ્યાસ રજાની મંજૂરી માટે શરતો :** (૧) જાહેર હિતની તાકીદના ઔચિત્યને અનુલક્ષી સરકારી કર્મચારીની ફરજના ક્ષેત્ર સાથે સીધો અને નિકટનો સંબંધ ધરાવતા વ્યાવસાયિક અથવા ટેક્નીકલ વિષયોમાં ભારતમાં કે ભારત બહાર ઉચ્ચતર અભ્યાસ અથવા વિશેષતા પ્રાપ્ત તાલીમ મળવાનું શક્ય બનાવવા, આ પ્રકરણમાં નિર્દિષ્ટ શરતોને અધીન રહી તેને અભ્યાસ રજા મંજૂર કરી શકાશે.

(૨) નીચેના કિસ્સાઓમાં પણ અભ્યાસ રજા મંજૂર થઈ શકશે -

(ક) સરકારી કર્મચારીના ફરજના ક્ષેત્ર સાથે સંબંધિત છે અને જાહેર હિતના દૃષ્ટિ બિંદુથી સરકારને ચોક્કસ લાભદાયી નીવડશે એવું પ્રમાણિત કરવામાં આવે તો, જેમાં હાજરી આપવી પડતી ન હોય તેવી નિયમિત શૈક્ષણિક કે અર્ધશૈક્ષણિક અભ્યાસક્રમ કે અભ્યાસ પ્રવાસમાં જોડાવા માટે;

(ખ) જાહેર વહીવટની પૃષ્ઠભૂમિ અગર ઢાંચા સાથે સંકળાયેલ અભ્યાસક્રમના હેતુ માટે નિમ્નદર્શિત શરતોને અધીન રહીને -

(૧) નિશ્ચિત અભ્યાસક્રમને કે અભ્યાસ પ્રવાસને રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીએ માન્ય કરેલ હોવો જોઈએ;

(૨) સરકારી કર્મચારી પરત આવે ત્યારે અભ્યાસ રજા દરમ્યાન તેણે કરેલ કામગીરીનો પૂર્ણ અહેવાલ સાદર કરવો આવશ્યક છે.

(ગ) જો અભ્યાસક્રમ સરકારી કર્મચારીના કાર્ય સાથે સીધો અગર નિકટનો સંબંધ ધરાવતો ન હોય પરંતુ પોતાની સરકારી કર્મચારી તરીકેની શક્તિઓમાં સુધાર લાવવા તેનો માનસિક વિકાસ કરી શકે તેવી શક્યતા હોય અને તે જાહેર હિતની અન્ય શાખાઓના કર્મચારીઓ સુષ્ઠ સંકલન માટે સાધનરૂપ નીવડે તેમ હોય તો તેમાં જોડાવા માટે.

(૩) નીચેની શરતો સંતોષાય નહિ તો અભ્યાસ રજા મંજૂર કરી શકાશે નહિ -

(ક) રજા મંજૂર કરનાર સત્તાધિકારી એમ પ્રમાણિત કરે કે જાહેર હિતની દૃષ્ટિએ સૂચિત અભ્યાસક્રમ કે તાલીમ ચોક્કસપણે લાભદાયી નીવડી શકે તેમ છે;

(ખ) શૈક્ષણિક કે સાહિત્યિક સિવાયના અન્ય વિષયક અભ્યાસ આગળ ધપાવવા માટે હોય; **અને**

(ગ) આવી રજા જો ભારત બહારની હોય, તો ભારત સરકારના નાણાં મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ, તેવી અભ્યાસ રજા માટે થનાર ખર્ચ માટે વિદેશી હૂંડિયામણ ફાળવવા માટે સંમત થાય તો.

(૪) નાણાં મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ અથવા ભારત સરકારના શૈક્ષણિક મંત્રાલય દ્વારા સંચાલિત કોઈ યોજના હેઠળ જે વિષયો માટેના અભ્યાસ માટે ભારતમાં પૂરતી સગવડો ઉપલબ્ધ હોય તેવા વિષયોના ભારત બહારના અભ્યાસક્રમ માટે અભ્યાસ રજા મંજૂર કરવામાં આવશે નહિ.

(૫) સામાન્યતઃ નીચેના સરકારી કર્મચારીને અભ્યાસ રજા મંજૂર કરવામાં આવશે નહિ -

(ક) સરકાર હેઠળ જેણે પાંચ વર્ષ કરતાં ઓછી નોકરી કરી હોય તેવા સરકારી કર્મચારીને; **અથવા**

(ખ) સરકાર હેઠળ રાજપત્રિત જગા ધારણ ન કરતા હોય તેવા સરકારી કર્મચારીને; **અથવા**

(ગ) અભ્યાસ રજાની સમાપ્તિ બાદની સરકારી કર્મચારીની તેની ફરજ પર હાજર થવાની અપેક્ષિત તારીખથી ત્રણ વર્ષની અંદર સરકારી નોકરીમાંથી નિવૃત્ત થવાના હોય અથવા જેને આવી રીતે નિવૃત્ત થવાનો વિકલ્પ ઉપલબ્ધ હોય તેવા કર્મચારીને.

(૬) સરકારી કર્મચારીની રજા ઉપરની ગેરહાજરીને કારણે તેના નિયમિત કાર્યના સંપર્કથી તેને અલગ કરે અથવા સંવર્ગમાં ખલેલ ઉપસ્થિત કરે તેવી અભ્યાસ રજા અવાર-નવાર મંજૂર કરી શકાશે નહિ.

૭૮. **અભ્યાસ રજા માટે અધિકતમ સમયગાળો :** સરકારી કર્મચારીને મંજૂર કરવામાં આવતી વધુમાં વધુ અભ્યાસ રજા -

(ક) અપવાદરૂપ કારણો સિવાય, સામાન્યતઃ એકી સમયે બાર માસથી વધુ થાય નહિ એટલી; **અને**

(ખ) સમગ્ર નોકરીના ગાળામાં વધુમાં વધુ બધી થઈને ચોવીસ માસની (જેમાં બીજા કોઈ નિયમો હેઠળ મંજૂર કરેલ અભ્યાસ રજા સહિતની).

*નોંધ : ચોવીસ માસની ગેરહાજરીની મર્યાદામાં વેકેશનના સમયગાળાનો સમાવેશ થાય છે.*

૭૯. **અભ્યાસ રજા મંજૂર કરતા સક્ષમ સત્તાધિકારી :** સરકારી કર્મચારી સરકારના જે વહીવટી વિભાગ હેઠળ નોકરી કરતા હોય તે વિભાગ, નાણા વિભાગ સાથે પરામર્શ કરી, તેને અભ્યાસ રજા મંજૂર કરી શકશે.

૮૦. **અભ્યાસ રજા માટેની અરજી :** (૧) (ક) અભ્યાસ રજા માટેની અરજી રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીને યોગ્ય પ્રણાલી દ્વારા સાદર કરવાની રહેશે.

(ખ) સરકારી કર્મચારીએ તેની આવી અરજીમાં અપેક્ષિત અભ્યાસક્રમ કે અભ્યાસક્રમોની તથા જે પરીક્ષામાં ઉપસ્થિત થવા વિચાર્યું હોય તેની વિગતોની સ્પષ્ટતા કરવી પડશે.

(૨) સરકારી કર્મચારી માટે અરજીમાં જ્યારે સંપૂર્ણ વિગતો આપવાનું તેને માટે શક્ય ન હોય તો અથવા કાર્યક્રમ ભારતમાં સ્વીકૃત થઈ ચૂકેલ હોય પણ ભારત છોડ્યા બાદ તેને તેમાં કોઈ ફેરફાર કરવાનો હોય, તો તેણે યથાપ્રસંગ, મિશનના વડા અધિકારીને અથવા રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીને, જેમ બને તેમ જલદી આવા કાર્યક્રમની વિગતો સાદર કરવી પડશે અને પોતાના જોખમે તેમ કરવા તૈયાર ન હોય, તો રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી તરફથી અભ્યાસક્રમ માટે રજાની મંજૂરી મળે નહિ ત્યાં સુધી આવો અભ્યાસ શરૂ કરશે નહિ કે તે અંગે કોઈ ખર્ચ કરશે નહિ.

૮૧. **અભ્યાસ રજાની અરજીની રજૂઆત અને તેની મંજૂરી :** (૧) આ નિયમોમાં અન્યથા જોગવાઈ કરવામાં આવેલ હોય તે સિવાયના કિસ્સામાં, અભ્યાસ અંગેની બધી અરજીઓ, નિયત પ્રણાલી મારફતે સરકારને સાદર કરવી પડશે અને તેમાં અપેક્ષિત અભ્યાસક્રમ અથવા અભ્યાસક્રમોની તથા જે પરીક્ષામાં ઉપસ્થિત થવા વિચાર્યું હોય તેની વિગતોનો સ્પષ્ટતાપૂર્વક નિર્દેશ કરવો પડશે. જો આવો અભ્યાસક્રમ ભારત બહારનો હોય, અને જો તે દેશમાં ભારતનું મિશન હોય, તો સંબંધિત વહીવટી વિભાગ તે મિશનના વડાને અભ્યાસક્રમના કાર્યક્રમની માન્ય કરેલ એક નકલ મોકલશે.

(૨) સંબંધિત વહીવટી વિભાગ અભ્યાસક્રમની વિગતોની જાણ મિશનના વડાને કરશે.

(૩) જે પરીક્ષા અથવા અભ્યાસક્રમના ખાસ અભ્યાસક્રમમાં ઉત્તિર્ણ થયેલ હશે તે અંગેના પ્રમાણપત્રો જેમાં અભ્યાસક્રમનો હવાલો ધરાવનાર સત્તાધિકારીની કોઈ ટિપ્પણી હશે તો તે સહિતની દરેક વિગતો અભ્યાસક્રમ પૂરો થયા બાદ યોગ્ય નમૂનામાં (જે મિશનના વડા પાસેથી મેળવી લેવું) પ્રમાણપત્ર સહિત સંબંધિત મિશનના વડા અધિકારીને રવાના કરવી પડશે. ભારતીય મિશન ન હોય તેવા કિસ્સામાં આવું પ્રમાણપત્ર સંબંધિત વહીવટી વિભાગને રવાના કરવાનું રહેશે.

૮૨. **અભ્યાસ રજાનો હિસાબ અને બીજા પ્રકારની રજા સાથે તેનું સંયોજન :** (૧) અભ્યાસ રજા સરકારી કર્મચારીના રજાના હિસાબમાં ઉધારવામાં આવશે નહિ.

(૨) બીજા પ્રકારની રજાઓ સાથે અભ્યાસ રજા જોડી શકાશે, પરંતુ અસાધારણ રજા સિવાયની બીજા કોઈપણ પ્રકારની રજા સાથે જોડવાના કિસ્સામાં, સરકારી કર્મચારીની નિયમીત ફરજમાંથી ગેરહાજર રહેવાનો પ્રસ્તુત કુલ સમયગાળો, કોઈપણ સંજોગોમાં, અઠ્ઠાવીસ માસ કરતાં વધુ થવો જોઈએ નહિ.

(૩) જ્યારે સરકારી કર્મચારીને અભ્યાસ રજાના સંયોજનમાં બીજા કોઈપણ બીજા પ્રકારની રજા મંજૂર કરવામાં આવી હોય, ત્યારે જો તે ઈચ્છે તો, એવી બીજા પ્રકારની રજાની સમાપ્તિ પહેલાં અભ્યાસ શરૂ કરી શકશે, પરંતુ અભ્યાસક્રમ સાથે સુસંગત આવી રજા અભ્યાસ રજા તરીકે ગણવામાં આવશે નહિ.

***નોંધ :*** *ઉપરોક્ત પેટા-નિયમ (૨) માં દર્શાવેલ અઠ્ઠાવીસ માસની મર્યાદામાં વેકેશનના સમયગાળાનો સમાવેશ થાય છે.*

૮૩. **અભ્યાસક્રમ ઉપરાંત લંબાવવામાં આવેલ અભ્યાસ રજાનું નિયમન :** સરકારી કર્મચારીને મંજૂર કરવામાં આવેલ અભ્યાસ રજા ટૂંકી પડે અને સક્ષમ સત્તાધિકારી પાસેથી આવી તૂટનો સમયગાળો સામાન્ય રજા તરીકે ગણવાની પૂર્વમંજૂરી મેળવી ન હોય, તો અભ્યાસ રજા પૂરી થયેથી તેણે ફરજ પર હાજર થવું પડશે.

૮૪. **અભ્યાસ રજા દરમ્યાન રજાનો પગાર :** (૧) અભ્યાસ રજા દરમ્યાન સરકારી કર્મચારી તેને અર્ધપગારી રજા દરમ્યાન મળવાપાત્ર રકમ જેટલો રજા પગાર આકારી શકશે.

(૨) રજાના પગાર માટે (પ્રથમના એકસો દિવસની પ્રાપ્ત રજા સિવાયની) કેન્દ્ર સરકારે નિયત કરેલ વિનિમયના દર, અભ્યાસ રજા દરમ્યાનના રજાના પગારને લાગુ પડશે.

૮૫. **અભ્યાસ ભથ્થાની મંજૂરી અંગેની શરતો :** (૧) સરકારી કર્મચારીને, કોઈ માન્ય સંસ્થામાં, નિશ્ચિત અભ્યાસક્રમ આગળ ધપાવવા માટે અથવા કોઈ નિશ્ચિત પ્રવાસ માટે તેણે ગાળેલ ખાસ વર્ગના કોઈ સમય માટે તેમજ અભ્યાસક્રમના અંતે પરીક્ષા આપવા માટે અભ્યાસ રજા મંજૂર કરવામાં આવી હોય ત્યારે, તેને અભ્યાસ ભથ્થું મંજૂર કરવામાં આવશે.

(૨) સરકારી કર્મચારીને જ્યારે તેના રજાના પગાર ઉપરાંત કોઈ સરકારી કે બિનસરકારી સંસાધન દ્વારા કોઈ શિષ્યવૃત્તિ કે સ્ટાઈપેન્ડ મેળવવા કે રાખી લેવા કે અંશકાલીન રોજગારી દ્વારા અન્ય કોઈ મહેનતાણું મેળવવા કે રાખી લેવા પરવાનગી આપવામાં આવી હોય ત્યારે -

(ક) (સરકારી કર્મચારીએ, જો ખર્ચ કરેલ હોય, તો તેવી ફીનો ખર્ચ તેણે મેળવેલ શિષ્યવૃત્તિ, સ્ટાઈપેન્ડ અથવા મહેનતાણાંમાંથી બાદ કરતાં) તેણે મેળવેલ આવી શિષ્યવૃત્તિ અથવા સ્ટાઈપેન્ડ અથવા મહેનતાણાંની ચોખ્ખી રકમ, અન્યથા મળવાપાત્ર અભ્યાસ ભથ્થાં કરતાં વધી જાય, તો તેને અભ્યાસ ભથ્થું મળવાપાત્ર થશે નહિ.

(ખ) પરંતુ સરકારી કર્મચારીએ, જો કરેલ હોય, તો તેવી ફીનો ખર્ચ તેણે મેળવેલ શિષ્યવૃત્તિ, સ્ટાઈપેન્ડ અથવા અંશકાલીન રોજગારી દ્વારા મેળવેલ મહેનતાણામાંથી બાદ કરતાં તેણે મેળવેલ આવી શિષ્યવૃત્તિ, અથવા સ્ટાઈપેન્ડ અથવા મહેનતાણાંની ચોખ્ખી રકમ, અન્યથા મળવાપાત્ર અભ્યાસ ભથ્થાં કરતાં ઓછી હોય, ત્યારે ચોખ્ખી મેળવેલ રકમ અને અભ્યાસ ભથ્થાના તફાવતની રકમ, રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી, મંજૂર કરી શકશે.

(૩) અભ્યાસક્રમમાં પોતે જ પોતાની અનુકૂળતા માટે ઉપસ્થિત કરેલ અંતરાયોના સમયગાળા માટે સરકારી કર્મચારીને અભ્યાસ ભથ્થું મંજૂર કરવામાં આવશે નહિ.

**સિવાય કે** આવા અંતરાય જો માંદગીને કારણે ઉપસ્થિત થયો હોય તો રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી અથવા મિશનના વડા અધિકારી એકીસમયે ચૌદ (૧૪) દિવસ કરતાં વધુ નહિ એવા સમયગાળા માટે અભ્યાસ ભથ્થું મંજૂર કરી શકશે.

(૪) બધુ મળીને ચોવીસ માસ કરતાં વધુ સમયગાળા માટે અભ્યાસ ભથ્થું મંજૂર કરી શકાશે નહિ.

(૫) અભ્યાસક્રમ દરમ્યાન આવતા પૂરેપૂરા વેકેશનના સમયગાળા માટે પણ નીચેની શરતોએ અભ્યાસ ભથ્થું મંજૂર કરી શકાશે :-

(ક) સરકારની અથવા પ્રસંગાનુસાર રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીની સૂચનાથી જ્યારે સરકારી કર્મચારી વેકેશન દરમ્યાન કોઈ ખાસ અભ્યાસક્રમમાં કે વ્યાવહારિક તાલીમમાં હાજરી આપતા હોય ત્યારે; **અથવા**

(ખ) આવી કોઈ સૂચનાના અભાવમાં તેણે વેકેશન દરમ્યાન પણ અભ્યાસ ચાલુ રાખેલ છે તેવા સંતોષકારક પુરાવા, યથાપ્રસંગ, મિશનના વડા અધિકારી સમક્ષ કે રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી સમક્ષ, તે રજૂ કરે ત્યારે :

**પરંતુ** અભ્યાસક્રમના અંતે આવેલ વેકેશન બાબતે ચૌદ દિવસની અધિકતમ મર્યાદામાં રહી તેને મંજૂરી આપવામાં આવશે.

***નોંધ :*** *વધુમાં વધુ જે ચોવીસ માસના ગાળા માટે અભ્યાસ ભથ્થુ મળવાપાત્ર છે તેની ગણતરીમાં વેકેશનના જે સમયગાળા માટે અભ્યાસ ભથ્થું આકારવામાં આવેલ હોય તે સમયગાળો લક્ષમાં લેવામાં આવશે.*

૮૬. **અભ્યાસ ભથ્થાના દર :** (૧) અભ્યાસ ભથ્થાના દર નીચે પ્રમાણેના રહેશે :-

| **દેશનું નામ** | **દૈનિક અભ્યાસ ભથ્થું** |
|---|---|
| ઓસ્ટ્રેલિયા | ૧૨ પાઉન્ડ £ (સ્ટર્લીંગ) |
| યુરોપ ખંડ | ૧ પાઉન્ડ £ (સ્ટર્લીંગ) |
| ભારત | સરકારી કર્મચારીના પ્રવાસ ભથ્થાનું નિયમન કરતા ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો, ૨૦૦૨ હેઠળ તેના અભ્યાસની જગાએ પ્રવાસ પર છે તેમ સમજી જે પૂરૂં દૈનિક ભથ્થું મેળવવા તે હકદાર થતા હોય તેના કરતાં અડધું ભથ્થું. |
| ન્યુઝીલેન્ડ | ૧૨ પાઉન્ડ £ (સ્ટર્લીંગ) |
| યુનાઈટેડ કિંગડમ | ૧૬ પાઉન્ડ £ (સ્ટર્લીંગ) |
| યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા | ૩૦ ડોલર $ |

(૨) અન્ય દેશોમાં અભ્યાસ રજા ભોગવતા સરકારી કર્મચારીઓને મંજૂર કરવામાં આવો અભ્યાસ ભથ્થાનો દર દરેક કિસ્સામાં સરકારે ખાસ નિશ્ચિત કર્યા મુજબનો રહેશે.

(૩) સરકારી કર્મચારીની ફરજની જગા અને અભ્યાસની જગા એક જ હોય તેવા કિસ્સામાં તેને મળતા રજાના પગાર અને અભ્યાસ ભથ્થાની એકત્રિત રકમ, તે રકમ કરતાં વધવી જોઈએ નહિ, જે પગારની રકમ તે ફરજ પર હોત ત્યારે તેણે આકારી હોત.

૮૭. **અભ્યાસ ભથ્થાની ચૂકવણીની પદ્ધતિ :** (૧) રાજપત્રિત સરકારી કર્મચારીના કિસ્સામાં તેને અભ્યાસ ભથ્થાની ચૂકવણી તે મતલબના તેના પ્રમાણપત્રને અધીન રહેશે કે તે કોઈ સ્કોલરશીપ / સ્ટાઈપેન્ડ કે અંશકાલીન રોજગારી માટે અન્ય કોઈ મહેનતાણું મેળવતા નથી.

(૨) નિયમ-૭૭ ના પેટા-નિયમ (૫) ના ખંડ (ખ) ની જોગવાઈ હેઠળ આપવામાં આવેલી છૂટછાટ હેઠળ અભ્યાસ રજા મંજૂર કરવામાં આવી હોય તેવા બિનરાજપત્રિત સરકારી કર્મચારી કિસ્સામાં તેણે તેના ઉપાડ અધિકારી પાસેથી ઉપરોક્ત પેટા-નિયમ (૧) માં નિર્દિષ્ટ પ્રમાણપત્ર મેળવી તેના અભ્યાસ ભથ્થાની આકારણીના બિલ સાથે બીડવું પડશે.

(૩) સરકારી કર્મચારી તેના અભ્યાસક્રમમાં હાજરી આપ્યા બાબતનું પ્રમાણપત્ર રજૂ કરવામાં અથવા પોતે જે સમયનું અભ્યાસ ભથ્થું આકારેલ છે તે સમયનો તેણે ઉચિત ઉપયોગ કરેલ છે તેમ રજા મંજૂર કરનાર

સક્ષમ સત્તાધિકારીને ખાતરી આપવા નિષ્ફળ જાય તેના પરિણામે તેને અતિચૂકવણી થાય તે રકમ પરત જમા કરાવવાની લેખિત બાંયધરી આપે એ શરતે દરેક મહિનાના અંતે અભ્યાસ ભથ્થાની કામચલાઉ ચૂકવણી કરવામાં આવશે.

(૪) (ક) માન્ય સંસ્થાઓના કોઈ ચોક્કસ અભ્યાસક્રમના કિસ્સામાં જ્યારે અભ્યાસ રજા ભારતમાં ગાળેલ હોય અથવા બીજા એવા દેશમાં કે જ્યાં ભારતીય મિશન ન હોય ત્યાં ગાળેલ હોય, ત્યારે અભ્યાસક્રમોમાં હાજરી આપ્યા બાબતનું ઉચિત પ્રમાણપત્ર રજૂ કરવામાં આવતા અભ્યાસ ભથ્થાની ચૂકવણી રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી કરશે, જ્યારે અન્ય કિસ્સાઓમાં આવી ચૂકવણી મિશનના વડા કરશે.

(ખ) અભ્યાસ ભથ્થાની આકારણીના સમર્થનમાં રજૂ કરવાના હાજરી અંગેનું પ્રમાણપત્ર, જો તે સરકારી કર્મચારી શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતો હોય તો સત્રને અંતે અને અન્ય સંસ્થામાં અભ્યાસ કરતો હોય તો ત્રણ માસથી ઓછો નહિ તેવા સમયાંતરે, મોકલવા પડશે.

(૫) (ક) માન્ય કરવામાં આવેલ અભ્યાસક્રમમાં તે અભ્યાસના કાર્યક્રમનો સમાવેશ થતો ન હોય અથવા ફક્ત તે જ અભ્યાસના કાર્યક્રમનો બનેલ ન હોય ત્યારે તેના સમય કેવી રીતે ગાળવામાં આવ્યો દરરોજના કાર્યક્રમની રોજનીશી તેમજ અભ્યાસ દરમ્યાન અભ્યાસના કાર્ય પદ્ધતિઓ અને સંચાલનન વ્યવસ્થાઓનું સ્વરૂપ તેમજ આવી કાર્યપદ્ધતિઓ કે વ્યવસ્થાઓ ભારતમાં અપનાવવાની શક્યતાઓ સહિતનો સૂચનો અંગેના સંપૂર્ણ અહેવાલ સરકારી કર્મચારીએ, રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીને સીધે સીધા અથવા મિશનના વડા અધિકારી મારફતે મોકલવો પડશે.

(ખ) આવી રોજનીશી અને અહેવાલ દર્શાવે કે સરકારી કર્મચારીએ તેના સમયનો ઉચિત રીતે ઉપયોગ કરેલ છે તો કેટલા સમય માટે અભ્યાસ ભથ્થું મંજૂર કરવું તેનો નિર્ણય રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી લેશે.

૮૮. **અભ્યાસ ભથ્થા ઉપરાંત અન્ય ભથ્થાંની પાત્રતા :** નિયમ-૮૫ હેઠળ આપવામાં આવેલ વિશિષ્ટ મંજૂરી સિવાયના કિસ્સામાં સરકારી કર્મચારીને મંજૂર કરવામાં આવેલ અભ્યાસ રજા દરમ્યાન અભ્યાસ ભથ્થા અથવા મુસાફરી ભથ્થા સિવાયનું કોઈપણ ભથ્થું મળવાપાત્ર નથી.

૮૯. **અભ્યાસ રજા દરમ્યાન મુસાફરી ભથ્થું :** જે સરકારી કર્મચારીને અભ્યાસ રજા મંજૂર કરવામાં આવી હોય તેને સામાન્ય રીતે મુસાફરી ભથ્થું ચૂકવી શકાશે નહિ, પરંતુ અપવાદરૂપ સંજોગોમાં આવું ભથ્થું ચૂકવવા સરકાર મંજૂરી આપી શકશે.

૯૦. **અભ્યાસ માટેની ફી નો ખર્ચ :** જે સરકારી કર્મચારીને અભ્યાસ રજા મંજૂર કરવામાં આવી હોય તેણે સામાન્ય રીતે અભ્યાસ અંગેની ફી નો ખર્ચ પોતે જ ભોગવવાનો રહેશે, પરંતુ અપવાદરૂપ કિસ્સાઓમાં સરકાર આવી ફી ચૂકવવા સરકાર મંજૂરી આપી શકશે :

**પરંતુ** સરકારી કર્મચારી તેને મળતા રજાના પગાર ઉપરાંત કોઈપણ સ્રોત દ્વારા શિષ્યવૃત્તિ કે સ્ટાઈપેન્ડ મેળવતા હોય અથવા તેને અંશકાલીન રોજગારી સંબંધે કોઈ મહેનતાણું મેળવવા અને રાખી લેવા મંજૂરી આપવામાં આવી હોય, તો તેવા કોઈપણ કિસ્સામાં તેને ફી ના ખર્ચની ચૂકવણી કરી કરવામાં આવશે નહિ.

૯૧. **અભ્યાસ રજા બાદ નિવૃત્તિ કે રાજીનામું :** (૧) જો સરકારી કર્મચારી અભ્યાસ રજા પરથી ફરજ પર પરત આવ્યા સિવાય અથવા ફરજ પર પરત આવ્યા બાદના ત્રણ વર્ષની અંદર રાજીનામું આપે કે નોકરીમાંથી નિવૃત્ત થાય કે અન્યથા નોકરી છોડી દે, ત્યારે તેણે નીચે દર્શાવેલ રકમ પરત આપવી પડશે :-

(૧) (ક) રજાના પગારની ખરેખર રકમ, અભ્યાસ ભથ્થા ફી નો ખર્ચ, જો કરવામાં આવેલ હોય તો, મુસાફરી અથવા અન્ય ખર્ચ, અંગેનો સરકારે કરેલ ખર્ચ; **અને**

(૧) (ખ) તેનું રાજીનામું સ્વીકાર્યા તારીખ પહેલાં અથવા તેને નિવૃત્ત થવા કે અન્યથા નોકરી છોડી દેવા પરવાનગી આપવામાં આવી હોય તે તારીખ પહેલાં વિદેશી સરકારે, પ્રતિષ્ઠાનો એ અને ટ્રસ્ટો જેવી અન્ય કોઈ એજન્સીઓ અભ્યાસક્રમ અંગે જો કોઈ ખર્ચ કરેલ હશે, તો માગણી કરવામાં આવતાં તે ખર્ચ કરતાં બમણી રકમ, સરકારી લોન પર વખતોવખત લેવામાં આવતા વ્યાજના દરે થતા વ્યાજ સહિત.

**પરંતુ** આ નિયમનું કોઈપણ નીચેના કિસ્સામાં લાગુ પડશે નહિ -

(૧) અભ્યાસ રજા પરથી ફરજ પર પાછા ફર્યા બાદ તબીબી કારણોસર નિવૃત્ત થવાની પરવાનગી જે સરકારી કર્મચારીઓને આપવામાં આવી હોય તેને; **અથવા**

(૨) અભ્યાસ રજા પરથી ફરજ પર ફર્યા બાદ કોઈ વૈધાનિક કે સ્વાયત્ત સંસ્થામાં કે સરકારના નિયંત્રણ હેઠળની કોઈ સંસ્થામાં નોકરી માટે પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવેલ સરકારી કર્મચારીનો જાહેર હિતમાં જે તે વૈધાનિક કે સ્વાયત્ત સંસ્થા કે સંસ્થામાં સમાવેશ કરવાના હેતુથી તેને સરકારની નોકરીમાંથી પાછળથી નિવૃત્ત થવા માટે પરવાનગી આપવામાં આવી હોય.

(૨) (ક) આવા સરકારી કર્મચારીએ ભોગવેલ અભ્યાસ રજાની શરૂઆતની તારીખે તેના રજાના ખાતામાં જે નિયમિત રજાઓ સિલકમાં હશે તે રજાઓમાં અભ્યાસ રજા પરિવર્તિત કરવામાં આવશે. આ હેતુ માટે અભ્યાસ રજાના અનુસંધાનમાં લીધેલ રજાઓના યોગ્ય મેળ બેસાડવા છતાં જો નિયમીત રજાઓની માત્રા અભ્યાસ રજા કરતાં ઓછી થાય, તો ખૂટતા સમયગાળાને અસાધારણ રજા તરીકે ગણવી પડશે.

(ખ) અભ્યાસ રજાના પરિવર્તનને પરિણામે સરકારી કર્મચારીને મળવાપાત્ર થતા રજાનો પગાર તેણે આકારેલ રજાના પગાર કરતાં ઓછો થતો હોય તો તેણે વધારાની રકમ ઉપરોક્ત પેટા-નિયમ (૧) હેઠળ થતી વસૂલાતની રકમ ઉપરાંત પરત આપવી પડશે.

૯૨. **બંધણીખત કરી આપવા બાબત :** (૧) કાયમી નોકરીમાં હોય તેવા દરેક સરકારી કર્મચારી જેઓને જ્યારે અભ્યાસ રજા અથવા તેની મુદ્દતમાં વધારો મંજૂર કરવામાં આવ્યો હોય, તેની રજા અથવા તેની મુદ્દતના વધારાની શરૂઆત પહેલાં તેણે નમૂના-૬ અથવા નમૂના-૭ માં જે તે કિસ્સાનુસાર, આ નિયમો સાથે સંલગ્ન બંધણીખત, આપવું પડશે. જ્યારે આવી રજા કે રજાની મુદ્દતમાં વધારો જો કાયમી નોકરીમાં ન હોય તેવા સરકારી કર્મચારીને મંજૂર કરવામાં આવે તો બંધણીખત આ નિયમો સાથે સંલગ્ન નમૂના-૮ અથવા નમૂના-૯ માં કિસ્સાનુસાર આપવું પડશે.

(૨) અભ્યાસ રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીએ જે તે ઓડિટ અધિકારી અથવા પગાર અને હિસાબી અધિકારીને એ મતલબનું પ્રમાણપત્ર મોકલવું પડશે કે સરકારી કર્મચારીએ આવશ્યક બંધણીખત કરી આપેલ છે.

૯૩. **અભ્યાસ રજા સિવાયની રજા દરમ્યાન અભ્યાસક્રમની શરૂઆત :** નિયમ-૭૭ હેઠળ નિયત યોગ્ય અધિકારીની મંજૂરીને અધીન રહી, સરકારી કર્મચારી પ્રાપ્ત રજા દરમ્યાન અભ્યાસક્રમ સ્વીકારશે અગર શરૂ કરી શકશે અને નિયમ-૮૫ ને અધીન રહીને તે અંગેનું અભ્યાસ ભથ્થું તે આકારી શકશે.

૯૪. **બઢતી, પેન્શન, પ્રવરતા (સીનિયોરીટી) રજા અને ઈજાફાના હેતુ માટે અભ્યાસ રજાની ગણતરી :** (૧) ઈજાફા, બઢતી, પેન્શન, પ્રવરતા (સીનિયોરીટી) અને રજાના હેતુ માટે અભ્યાસ રજા, ફરજ તરીકે ગણવામાં આવશે.

(૨) અર્ધપગારી સિવાયની બીજી રજા ઉપાર્જિત કરવા માટે અભ્યાસ રજા દરમ્યાન ગાળેલ સમયગાળાને આ નિયમો હેઠળ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

## પ્રકરણ - ૮
## પ્રકીર્ણ

૯૫. **રજાના હેતુ માટે હંગામી તથા અવેજી નોકરીની ગણતરી :** સરકારી કર્મચારીએ કેન્દ્ર સરકાર કે કોઈપણ અન્ય રાજ્ય સરકાર હેઠળ હંગામી કે અવેજી ધોરણે નોકરી કરેલ હોય અને ત્યારબાદ ફરજમાં તૂટ પડ્યા સિવાય ગુજરાત સરકાર હેઠળ તેને કાયમ કરવામાં આવેલ હોય તો તેવી નોકરીની ગણતરી રજાના હેતુ માટે તો જ હિસાબમાં લેવામાં આવશે, જો અન્ય રાજ્યની સરકારે નિયત કરેલ નિયમો દ્વારા તે કર્મચારીની નોકરીમાં તૂટ ગણ્યા સિવાય તેને નોકરીમાં ચાલુ રાખવામાં આવ્યો હોત અને તેને કાયમ કરવામાં આવેલ હોત, તેવી નોકરી રજાના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવતી હોય અને જો તે અન્ય સરકાર ગુજરાત સરકારના કર્મચારીઓની હંગામી અને અવેજી ધોરણે કરેલ નોકરી સંબંધે સમાન પ્રક્રિયા અપનાવતી હોય.

૯૬. **એડવોકેટ જનરલને રજા :** જો એડવોકેટ જનરલને પૂરા સમય સરકારી ફરજમાં રાખ્યા ન હોય, પરંતુ તેમનો પગાર ચોક્કસ દરથી નક્કી કરવામાં આવ્યો હોય, તો તેમને નીચે પ્રમાણે રજા મંજૂર કરી શકાશે :-

(ક) જો સરકારને બીજો કોઈ વધારાનો ખર્ચ ન થવાનો હોય, તો ઉચ્ચ અદાલતના વેકેશન દરમ્યાન પૂરા પગારની રજા. આવી રજા ફરજ તરીકે ગણાશે.

(ખ) છ વર્ષની ફરજ બાદ ફક્ત એક જ વખત છ માસ કરતાં વધુ નહીં તેવી અર્ધપગારી રજા.

(ગ) આખી નોકરી દરમ્યાન તબીબી પ્રમાણપત્રના આધારે બાર માસ કરતાં વધારે નહીં તેટલી અર્ધપગારી રજા અને જ્યારે મહત્તમ બાર માસનો સમય પૂરો થઈ ગયો હોય તો અપવાદરૂપે કિસ્સામાં તબીબી મંડળની ભલામણથી તબીબી પ્રમાણપત્રને આધારે છ માસ કરતાં વધુ નહીં તેટલી રજા.

(ઘ) નિયમ-૬૦ માં ઠરાવેલી શરતોએ અધીન અસાધારણ રજા.

(ચ) આ નિયમના કોઈપણ ખંડ હેઠળ મળવાપાત્ર રજા અન્ય કોઈપણ ખંડ હેઠળ મળવાપાત્ર રજા સાથે સંયોજિત કરી શકાશે.

૯૭. **કરારના ધોરણે નીમેલા સરકારી કર્મચારીઓને રજાની મંજૂરી :** કરાર પર નીમવામાં આવેલા સરકારી કર્મચારીઓ પરચૂરણ રજા સિવાય અન્ય કોઈપણ પ્રકારની રજાના હકદાર થશે નહિ.

૯૮. **માનદ્‌વેતનથી નવાજવામાં આવતા હોય તેવા સરકારી કર્મચારીને રજા :** નિયમ-૯૬ ની ઠરાવેલ શરતોએ માનદ્‌વેતન મેળવતા સરકારી કર્મચારીને તો જ અર્ધપગારી રજા મંજૂર કરી શકાશે, જો તે પોતાની ગેરહાજરી દરમ્યાન તેની ફરજ બજાવવા સરકારને વધારાનો ખર્ચ ન થાય તેવી વ્યવસ્થા કરે અને તેની આવી અર્ધપગારી રજાનું પૂરેપૂરું માનદ્‌વેતન તેની જગાએ તેની અવેજીમાં કામ કરતી વ્યક્તિને ચૂકવવામાં આવે.

***અપવાદ :*** *તબીબી ખાતાના માનદ પ્રોફેસરો અને વ્યાખ્યાતાઓને આ નિયમ લાગુ પડતો નથી.*

૯૯. **અંશકાલીન અને બિન સતત નોકરીના સરકારી કર્મચારીઓને રજા :** (૧) અર્ધપગારની રજા સિવાયની અન્ય કોઈ પ્રકારની રજા નીચેના કર્મચારીઓને મંજૂર કરી શકાશે નહિ :-

(૧) પ્રાદેશિક ભાષાના અંશકાલીન વ્યાખ્યાતાઓ;

(૨) પૂરા પગારના વળતરથી કામ કરતા તબીબી ખાતાના અંશકાલીન પ્રાધ્યાપકો અને વ્યાખ્યાતાઓ;

(૩) મજૂર કમિશનર હેઠળની જુદી જુદી કચેરીઓમાં નોકરીમાં રાખવામાં આવતો અંશકાલીન (સ્ટાફ) કર્મચારીગણ;

(૪) અંશકાલીન પ્રાધ્યાપકો, મદદનીશ પ્રાધ્યાપકો, વ્યાખ્યાતાઓ અને શિક્ષકો.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ મળવાપાત્ર અર્ધપગારી રજાનું પ્રમાણ ફરજ પરના દરેક વર્ષે પંદર દિવસનું રહેશે.

***નોંધ :*** *અનેક મહિનાઓમાં વહેંચાયેલ ખરેખર ફરજના ૩૬૫ દિવસનું વર્ષ આ નિયમના હેતુ માટે ''ફરજ પરનું દરેક વર્ષ'' મનાશે.*

(૩) પેટા-નિયમ (૧) હેઠળ એકીસમયે મંજૂર કરવાની અધિકતમ અર્ધપગારી રજાના પ્રમાણની મર્યાદા નેવુ દિવસની રહેશે પરંતુ એ શરતે કે તેટલી રજા ઉપાર્જિત કરી હોય.

(૪) વેકેશન ખાતામાં ફરજ બજાવતા અધિકારીઓ વેકેશનને આગળ અથવા પાછળ જોડીને, અર્ધપગારી રજા ભોગવી શકશે, પરંતુ બંને રીતે નહીં. તેઓને વેકેશનના સમય માટે પૂરો પગાર મળશે અને તેનાથી સરકારને વધારાનો ખર્ચ ન થાય તો તે ફરજ તરીકે ગણવામાં આવશે.

**નોંધ :** અર્ધપગારી રજા વેકેશન આગળ જોડીને ભોગવવાની પરવાનગી આપવામાં આવી હોય તેવા સરકારી કર્મચારી, વેકેશન પુરૂં થયે પોતાના કાબૂ બહારના સંજોગોને કારણે હાજર ન થઈ શકે તેવા કિસ્સામાં, સક્ષમ સત્તાધિકારી જે તે કેસના ગુણદોષો ઉપરથી પોતાના વિવેકાધિકારથી આવી અનિયમિતતા ખાસ કિસ્સા તરીકે માફ કરી શકશે.

(૫) પેટા-નિયમ (૧) ના ખંડ (૨) માં ઉલ્લેખાયેલ અધિકારીઓને ભારતથી અન્ય સ્થળે, શ્રીલંકામાં, નેપાળમાં, બર્મામાં કે એડનમાં અભ્યાસ અર્થે અર્ધપગારી રજા મંજૂર કરી શકાશે, પરંતુ એ શરતોએ કે રજા પરથી પરત આવ્યા બાદ, સરકારની ઈચ્છા હોય તો, તેઓ સરકારમાં વધુમાં વધુ પાંચ વર્ષની નોકરી કરશે અને તેમાં ચૂકતા પ્રસંગે તેઓ અર્ધપગારી રજા દરમ્યાન મેળવેલ બધી જ રકમ સરકારને પરત ભરપાઈ કરી આપશે.

(૬) કોઈપણ કિસ્સામાં નિમણૂકની મુદ્દત પૂરી થવાની તારીખ પછીની તારીખો સુધી અર્ધપગારી રજા લંબાવાશે નહિ.

(૭) અર્ધપગારી રજા હક તરીકે માંગી શકાશે નહિ.

**૧૦૦. શારકામના મિકેનીક, મુકાદમ અને તાલીમ પામેલા મજૂરો (કૂલી) ને રજા :** કૃષિ વિભાગમાં શારકામના કામ માટે રાખેલ શારકામ મિકેનીક, મુકાદમ અને તાલીમ પામેલા મજૂરો (કૂલી) ને :-

(૧) એકીસમયે અધિકતમ સાઠ દિવસની મર્યાદાને અધીન, તેમણે બજાવેલ ફરજના સમયગાળાના એક અગીયારાંશ (૧/૧૧) પ્રમાણે રજા મંજૂર કરી શકાશે; તે રજા માટે રજા પર જતાં પહેલાં તેણે ઉપાર્જન કરેલ રકમ જેટલું માસિક રજા ભથ્થું તેને આપી શકાશે; **અને**

(૨) કર્મચારીએ પાંચ વર્ષથી ઓછી નહિ એટલી નોકરી કરેલ હશે, તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાના વધારાના એક અગીયારાંશ (૧/૧૧) પ્રમાણે રજા તબીબી પ્રમાણપત્ર આધારે મંજૂર કરી શકાશે અને તે રજા માટે તેણે રજા પર જતાં પહેલાંની ઉપાર્જન કરેલ રકમ કરતાં અડધી રકમ જેટલું માસિક રજા ભથ્થું તેને આપી શકાશે.

## પ્રકરણ - ૯

## રદ કરવા બાબત અને અપવાદો

**૧૦૧. રદ કરવા બાબત અને અપવાદો :** (ગુજરાત સરકારે અપનાવેલા) મુંબઈ મુલ્કી સેવા નિયમો, ૧૯૫૯ ના જ્યાં સુધી રજા સાથે અનુરૂપ જે કોઈપણ નિયમો સંબંધિત હોય તે નિયમો આથી રદ કરવામાં આવે છે.

**પરંતુ** આમ રદ થયેલા નિયમો હેઠળ કરવામાં આવેલ કોઈપણ કાર્ય અથવા કોઈ પગલું આ નિયમોની જોગવાઈના અમલને અસર થશે નહિ.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી**

**(સુધીર માંકડ)**
**સરકારના મુખ્ય સચિવ**

# પરિશિષ્ટ - ૧

[જૂઓ નિયમ-૭ અને ૮]

## *ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨*
## *હેઠળ જેઓને સત્તા સોંપવામાં આવી છે તે અધિકારીઓ*

| ક્રમ | નિયમ ક્રમાંક | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ છે તે સત્તાધિકારી | વ્યાપ | નોંધ | વિવરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ૯(૨૩)(ચ) | ફરજ ઉપર હાજર થવા ફરજિયાત રોકાણના સમયને નિયમિત કરવા અંગેનો અધિકાર | વહીવટી વિભાગ | પંદર દિવસ સુધીનો | પંદર દિવસ સુધીનો | |
| ૨. | ૯(૩૪) | ખાતાના વડા તરીકે અધિકારીને જાહેર કરવા અંગે | વહીવટી વિભાગ | નીચેની શરતોના પાલનને અધીન પૂર્ણ સત્તા :-<br>૧. અધિકારી ઓળખી શકાય તેવી સંસ્થાના વડા હોવા જોઈએ.<br>૨. અધિકારીના પગાર ધોરણનો ન્યુનતમ પગાર સરકારના નાયબ સચિવના પગાર ધોરણના ન્યુનતમ પગાર કરતાં ઓછો ન હોવો જોઈએ.<br>૩. આ અધિકાર કેવળ વહીવટ ખાતાના સચિવ દ્વારા જ વાપરવામાં આવે. | | |
| ૩. | ૯(૫૨) | બે માસથી વધુ નહિ એટલા સમય માટે કાર્યકારી નિમણૂક કરવા અંગે | દરેક કચેરીના રાજપત્રિત વડા | તેમના નિયંત્રણ હેઠળના વર્ગ-૩ ની જગા ધારણ કરનાર સરકારી કર્મચારીઓ | ઉમેદવારોની માન્ય યાદી જો રાખવામાં આવી હોય તો તેમાંથી નિમણૂકો આપવી. આવી બધી નિમણૂકોની જાણ સત્વરે નિમણૂક અધિકારીને કરવી. | |

| ક્રમ | નિયમ ક્રમાંક | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ છે તે સત્તાધિકારી | વ્યાપ | નોંધ | વિવરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪. | ૯(૫૨) | બાર માસ કરતાં વધુ નહિ તેટલા સમય માટે કાર્યકારી નિમણૂકો કરવા અંગે | તમામ ખાતાના વડાઓ | તેમના નિયંત્રણ હેઠળની વર્ગ-૨ ની જગા ધારણ કરતા સરકારી કર્મચારીઓને | ૧. માન્ય કરેલ ભરતી નિયમોના આધારે નિમણૂકો કરવી.<br>૨. બઢતી અથવા બદલી સિવાયની નિમણૂકો જાહેરખબરના માધ્યમથી કરવી.<br>૩. નિમણૂકો અંગેનો અહેવાલ સત્વરે સરકારને મોકલી આપવો.<br>૪. સીધી ભરતીના ન્યૂનતમ પગાર ધોરણ ઉપર નિમણૂકો કરવી.<br>૫. સરકારી કર્મચારીઓની પસંદગી યાદી રાખવામાં આવી હોય તો તેમાંથી બઢતી ઉપરની નિમણૂકો કરવી. | |
| ૫. | ૯(૫૨) | બાર માસ કરતાં વધુ નહિ તેટલા સમય માટે કાર્યકારી નિમણૂક કરવા અંગે. | ૧. શિક્ષણ નિયામક<br>૨. ટેકનિકલ શિક્ષણ નિયામક<br>૩. આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ કમિશ્નર. | શિક્ષણ આપવા સંબંધે ફરજો બજાવતા તેમના નિયંત્રણ હેઠળના વર્ગ-૧ ની જગા ધરાવતા સરકારી કર્મચારીઓને. | ઉપરોક્ત મુદ્દા-૪ ના કિસ્સામાં દર્શાવેલ શરતોએ. | |
| ૬. | ૯(૫૨) | તાલીમ અંગે પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવેલ સરકારી કર્મચારીઓને સ્થાને કાર્યકારી નિમણૂક કરવા અંગે | રજા અંગે પડેલી ખાલી જગાઓમાં નિમણૂક કરવાનો અધિકાર ધરાવતા કોઈપણ અધિકારી | તેમના નિયંત્રણ હેઠળના તમામ કર્મચારીઓને | ઉપરોક્ત મુદ્દા-૪ ના કિસ્સામાં દર્શાવેલ શરતોએ | |

| ક્રમ | નિયમ ક્રમાંક | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ છે તે સત્તાધિકારી | વ્યાપ | નોંધ | વિવરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૭. | ૯(૬૦) | પેન્શન મંજૂર કરવાની સત્તા | (૧) સચિવાલયના વહીવટી ખાતાઓ | સંપૂર્ણ સત્તા | ખાતાના વડાની બાબતમાં | |
| | | | (૨) દરેક ખાતાના વડા | ઉપર મુજબ | ખાતાના વડા સિવાયના વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ જ અધિકારીઓની બાબતમાં | |
| | | | (૩) નિમણૂક અધિકારી | ઉપર મુજબ | વર્ગ-ત્રણ અને વર્ગ-ચાર ના તમામ જ સરકારી કર્મચારીઓની બાબતમાં | |
| ૮. | ૨૭ | (૧) લેણી અને મળવાપાત્ર પ્રાપ્ત રજા, અર્ધાપગારી રજા અથવા રૂપાંતરીત રજા મંજૂર કરવાની સત્તા. | વહીવટી ખાતાઓ, ખાતાઓના વડા અને કચેરીઓના વડા. | આ નિયમો હેઠળ મળવાપાત્ર લેણી રજા | એ શરતે કે પ્રાપ્ત રજા, અર્ધાપગારી રજા અને રૂપાંતરિત રજાની કુલ રાશી ૨૪૦ દિવસ કરતાં વધવી ન જોઈએ. | |
| | | (૨) અસાધારણ રજા મંજૂર કરવાની સત્તા. | - ઉપર મુજબ - | ૫૪૦ દિવસ સુધીની રકમ | એ શરતે કે જો રજા પ્રાપ્ત રજા અને / અથવા અર્ધાપગારી રજા અને / અથવા રૂપાંતરિત રજા સાથે જોડવામાં આવેલ હોય તેવી રજાની કુલ રાશી ૪૦૦ દિવસ કરતાં વધવી ન જોઈએ. | |

| ક્રમ | નિયમ ક્રમાંક | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ છે તે સત્તાધિકારી | વ્યાપ | નોંધ | વિવરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | (૩) અસાધારણ રજા મંજૂર કરવાની સત્તા. | વહીવટી ખાતુ | (૧) જ્યારે રજાની કુલ રાશી ૫૪૦ દિવસ કરતાં વધુ હોય.<br>(૨) જ્યારે પ્રાપ્ત રજા અને / અથવા અર્ધાપગારી રજા અને / અથવા રૂપાંતરિત રજા સાથે જોડવામાં આવેલ હોય ત્યારે રજાની કુલ રાશી ૪૦૦ દિવસ કરતાં વધવી ન જોઈએ. | નાણાં વિભાગની સહમતિ સાથે. | |
| | | (૪) ખાસ અશક્તતા રજા અને હૉસ્પીટલ રજા મંજૂર કરવાની સત્તા. | વહીવટી ખાતુ | નિયમ હેઠળ મળવાપાત્ર | નાણાં વિભાગની સહમતિ સાથે. | |
| ૯. | ૩૯ | તબીબી અધિકારીએ પૂર્ણતઃ અને કાયમી રીતે વધુ નોકરી માટે અશક્ત જાહેર કરેલ હોય તેવા સરકારી કર્મચારીને રજા મંજૂર કરવાની સત્તા. | તેને પેન્શન મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી | સંપૂર્ણ સત્તા | | |
| ૧૦. | ૪૪ | રજા પૂરી થયા બાદ ગેરહાજર સરકારી કર્મચારીને રજા મંજૂર કરવાની સત્તા. | રજા મંજૂર કરનાર સત્તાધિકારી | સરકારી કર્મચારી તેની રજા પૂરી થયેથી તેના વહીવટી નિયંત્રણ હેઠળ પરત થશે એ શરતે, સંપૂર્ણ સત્તા. | | |

| ક્રમ | નિયમ ક્રમાંક | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવેલ છે તે સત્તાધિકારી | વ્યાપ | નોંધ | વિવરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧૧. | ૬૯ | પ્રસૂતિ રજા મંજૂર કરવાનો અધિકાર | કચેરીના વડા | તેમની હેઠળના મહિલા સરકારી કર્મચારીઓ અંગે. | | |
| ૧૨. | ૭૨ અને ૭૩ | ઈરાદાપૂર્વક કરેલ અગર અકસ્માત થયેલ ઈજા માટે ખાસ અશક્તતા રજા મંજૂર કરવાનો અધિકાર. | ખાતાના સચિવો | સંપૂર્ણ સત્તા | | |
| ૧૩. | ૭૫ | સરકારી જહાજો ઉપર તબીબી સારવાર હેઠળના અધિકારીઓને તેમની માંદગી અંગે રજા મંજૂર કરવાની સત્તા. | નિયમ-૩૭ હેઠળ રજા મંજૂર કરનાર કોઈપણ સક્ષમ સત્તાધિકારી. | સંપૂર્ણ સત્તા | | |

# પરિશિષ્ટ - ૨

## [જૂઓ નિયમ-૯ (૩૪)]

## *ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ ના વિવિધ નિયમ સમુચ્ચયોના હેતુ માટે ખાતાના વડા તરીકે ગણવામાં આવેલા અધિકારીઓની સૂચિ*

**૧.૦ કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ :**

૧.૧ સરકારના સચિવ

૧.૨ કૃષિ નિયામક

૧.૩ પશુપાલન નિયામક

૧.૪ ખાંડ નિયામક

૧.૫ નિયામક, સહકારી મંડળીઓ

૧.૬ અધ્યક્ષ, ગુજરાત રાજ્ય સહકારી ન્યાયપંચ

૧.૭ બાગાયત નિયામક

**૨.૦ શિક્ષણ વિભાગ :**

૨.૧ સરકારના (શિક્ષણ) સચિવ

૨.૨ સરકારના સચિવ (તાંત્રિક અને ઉચ્ચ શિક્ષણ)

૨.૪ ઉચ્ચતર શિક્ષણ કમિશ્નર

૨.૪ કમિશ્નર, મધ્યાહ્ન ભોજન અને શાળાઓ

૨.૫ નિયામક, પ્રાથમિક શિક્ષણ

૨.૬ નિયામક, તાંત્રિક શિક્ષણ

૨.૭ નિયામક, એન.સી.સી.

૨.૮ નિયામક, રાજ્ય પરિયોજના ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ

૨.૯ નિયામક, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

૨.૧૦ નિયામક, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ

૨.૧૧ અધ્યક્ષ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ

૨.૧૨ ગુજરાત પ્રાથમિક શિક્ષણ ન્યાયપંચ, અમદાવાદ

૨.૧૩ નિયામક, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન

૨.૧૪ અધ્યક્ષ, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ

૨.૧૫ રાજ્ય પરિયોજના નિયામક

૨.૧૬ અધ્યક્ષ, ટેકનિકલ પરીક્ષા બોર્ડ

**૩.૦ ઊર્જા અને પેટ્રોકેમીકલ વિભાગ :**

૩.૧ સરકારના સચિવ

૩.૨ મુખ્ય વિદ્યુત ઈન્સ્પેકટર અને વિદ્યુતવેરા સમાહર્તા

૩.૩ સચિવ, ગુજરાત વિદ્યુત નિયમન આયોગ

૩.૪ પેટ્રોલિયમ નિયામક

**૪.૦ નાણાં વિભાગ :**

૪.૧ સરકારના સચિવ

૪.૨ નિયામક, હિસાબ અને તિજોરીઓ

૪.૩ કમિશ્નર, વેચાણવેરા

૪.૪ પ્રમુખ, ગુજરાત વેચાણવેરા ન્યાયપંચ

૪.૫ વીમા નિયામક

૪.૬ નિયામક, પેન્શન અને પ્રોવિડંટ ફંડ

**૫.૦ અન્ન , નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ :**

૫.૧ સરકારના સચિવ

૫.૨ નાગરિક પુરવઠા, નિયામક

૫.૩ અન્ન નિયામક

૫.૪ અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક

૫.૫ રજિસ્ટ્રાર, ગ્રાહક તકરાર નિવારણ આયોગ

૫.૬ નિયંત્રક, તોલ અને માપ વિજ્ઞાન

**૬.૦ વન અને પર્યાવરણ વિભાગ :**

૬.૧ સરકારના સચિવ

૬.૨ અગ્ર મુખ્ય વન સંરક્ષક

૬.૩ વન સંરક્ષક

**૭.૦ સામાન્ય વહીવટ વિભાગ :**

૭.૧ સરકારના સચિવ

૭.૨ રાજયપાલશ્રીના સચિવ

૭.૩ રાજયપાલશ્રીના ગૃહ નિયામક

૭.૪ તપાસ કમિશનર અને સભ્ય સચિવ, સતત તકેદારી સેલ

૭.૫ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક

૭.૬ મૂલ્યાંકન નિયામક

૭.૭ સચિવ, ગુજરાત જાહેર સેવા આયોગ

૭.૮ સચિવ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

૭.૯ મુખ્ય સંપાદક, ગુજરાત જિલ્લા સર્વ સંગ્રહ

૭.૧૦ ભાષા નિયામક

૭.૧૧ તાલીમ કમિશનર અને નિયામક, સરદાર પટેલ રાજય વહીવટી ભવન

૭.૧૨ નિવાસી આયુકત, નવી દિલ્હી

૭.૧૩ સચિવ, ગુજરાત મુલ્કી સેવા ન્યાયપંચ

૭.૧૪ રજિસ્ટ્રાર, માનનીય લોકાયુક્ત કચેરી

૭.૧૫ સચિવ, રાજય ચૂંટણી પંચ

**૮.૦ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ :**

૮.૧ સરકારના સચિવ

૮.૨ આરોગ્ય, તબીબી અને તબીબી શિક્ષણ કમિશનર

૮.૩ અધિક નિયામક (આરોગ્ય), આરોગ્ય, તબીબી અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી

૮.૪ અધિક નિયામક (તબીબી), આરોગ્ય, તબીબી અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી

૮.૫ અધિક નિયામક (તબીબી શિક્ષણ), આરોગ્ય, તબીબી અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી

૮.૬ તબીબી સેવા નિયામક (કામદાર રાજય વીમા યોજના)

૮.૬ નિયામક, ભારતીય તબીબ પદ્ધતિ અને હોમિયોપેથી

૮.૭ કમિશનર, અન્ન અને ઔષધ નિયંત્રણ વહીવટી સંસ્થા તંત્ર

૮.૮ મધ્યસ્થ તબીબી ભંડાર સંસ્થાના ભંડારધારક નિયામક

**૯.૦ ગૃહ વિભાગ :**

૯.૧ સરકારના સચિવ

૯.૨ પોલીસ મહાનિયામક અને મહાનિરીક્ષક

૯.૩ મહાસેનાપતિ, હોમ ગાર્ડ્ઝ

૯.૪ અધિક પોલીસ મહાનિરીક્ષક, પોલીસ કોમ્પ્યુટર સેન્ટર

૯.૫ જેલોના ઈન્સ્પેક્ટર જનરલ

૯.૬ વાહન-વ્યવહાર નિયામક

૯.૭ સચિવ, ગુજરાત તકેદારી આયોગ

૯.૮ સૈનિક કલ્યાણ નિયામક

૯.૯ નાગરિક સંરક્ષણ નિયામક

૯.૧૦ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા

૯.૧૧ અધિક પોલીસ મહાનિયામક પબ્લીક પ્રોસીકયુશન

૯.૧૩ કમિશનર અને અધિક પોલીસ મહાનિયામક, નશાબંધી અને આબકારી જકાત

૯.૧૩ પોલીસ મહાનિયામક અને નિયામક, લાંચ રૂશ્વત વિરોધી ખાતુ

**૧૦.૦ ઉદ્યોગો અને ખાણકામ વિભાગ :**

૧૦.૧ સરકારના સચિવ

૧૦.૨ ઉદ્યોગ કમિશ્નર

૧૦.૩ કુટીર ઉદ્યોગ કમિશ્નર

૧૦.૩ ભૂસ્તર વિજ્ઞાન અને ખાણકામ કમિશ્નર

૧૦.૫ નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી

૧૦.૬ પ્રવાસન કમિશ્નર

૧૦.૭ ચૂકવણી કમિશ્નર

૧૦.૮ વ્યાપાર અને વાણિજ્ય કમિશ્નર

**૧૧.૦ માહિતી અને પ્રસારણ વિભાગ :**

૧૧.૧ સરકારના સચિવ

૧૧.૨ માહિતી નિયામક

૧૧.૩ મનોરજન કર કમિશ્નર

**૧૨.૦ નર્મદા અને જળ સંપત્તિ વિભાગ :**

૧૨.૧ સરકારના સચિવ

૧૨.૨ મુખ્ય ઈજનેરો

૧૨.૩ વર્તુળના અધિક્ષક ઈજનેરો

૧૨.૪ જળસંપત્તિ તપાસ વર્તુળના અધિક્ષક ઈજનેરો

૧૨.૫ ક્ષેત્ર વિકાસ કમિશ્નર

૧૨.૬ અધિક કલેક્ટરો (સિંચાઈ)

૧૨.૭ નિયામક, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા

૧૨.૮ હિસાબી મુખ્ય નિયંત્રક (નર્મદા યોજના)

**૧૩.૦ શ્રમ અને રોજગાર વિભાગ :**

૧૩.૧ સરકારના સચિવ

૧૩.૨ મજુર કમિશ્નર

૧૩.૩ ગ્રામ મજુર કમિશ્નર

૧૩.૪ રોજગાર અને તાલીમ નિયામક

૧૩.૫ રજિસ્ટ્રાર, ઔદ્યોગિક અદાલત અને વેતન બોર્ડ

૧૩.૬ રજિસ્ટ્રાર, મજુર અદાલત

**૧૪.૦ કાયદા વિભાગ :**

૧૪.૧ સરકારના સચિવ

૧૪.૨ એડવોકેટ જનરલ

૧૪.૩ ચેરીટી કમિશ્નર

૧૪.૪ મુખ્ય ન્યાયાધીશ, સ્મોલ કોઝ કોર્ટ

૧૪.૫ મુખ્ય ન્યાયાધીશ, સીવીલ કોર્ટ, અમદાવાદ

૧૪.૬ જિલ્લા અને સેશન્સ જજ

૧૪.૭ ઓફિશીયલ ટ્રસ્ટી અને એડમિનિસ્ટ્રેટર જનરલ

૧૪.૮ મુખ્ય ન્યાયાધીશ, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ.

૧૪.૯ રજીસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ

૧૪.૧૦ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના સભ્ય સચિવ

૧૪.૧૧ મુખ્ય ન્યાયાધીશ, ફેમીલી કોર્ટ

૧૪.૧૨ નિરીક્ષક અધિકારી (કોર્ટ ફીઝ) અને હોદ્દાની રૂએ મુખ્ય નિરીક્ષક (કોર્ટ ફીઝ)

૧૪.૧૩ રજિસ્ટ્રાર, ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદ ન્યાયપંચ

**૧૫.૦ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ્ય વિકાસ વિભાગ :**

૧૫.૧ સરકારના સચિવ

૧૫.૨ વિકાસ કમિશનર

૧૫.૩ ગ્રામ વિકાસ કમિશનર

૧૫.૪ સચિવ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

૧૫.૫ નિયામક, રાજય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થા

૧૫.૬ ગ્રામ વિકાસ કમિશનર

**૧૬. વૈધાનિક અને સંસદિય બાબતોનો વિભાગ :**

૧૬.૧ સરકારના સચિવ

**૧૭.૦ બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ :**

૧૭.૧ સરકારના સચિવ

૧૭.૨ મત્સ્યોદ્યોગ કમિશનર

**૧૮.૦ મહેસૂલ વિભાગ :**

૧૮.૧ સરકારના સચિવ

૧૮.૨ જિલ્લા કલેકટર

૧૮.૩ જમીન સુધારણા કમિશનર

૧૮.૪ પ્રમુખ, ગુજરાત મહેસૂલ ન્યાયપંચ

૧૮.૫ રાહત નિયામક

૧૮.૬ સચિવ (અપીલો)

૧૮.૭ સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક

૧૮.૮ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ

૧૮.૯ ઈન્સ્પેકટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન

**૧૯.૦ માર્ગ અને મકાન વિભાગ :**

૧૯.૧ સરકારના સચિવ

૧૯.૨ મુખ્ય ઈજનેર

૧૯.૩ મુખ્ય સ્થપતિ અને નગર નિયોજક

૧૯.૫ નિયામક, સ્ટ્રાફ ટ્રેનીંગ કોલેજ

૧૯.૬ નિવાસન નિયામક

૧૯.૭ ઉપવન અને બગીચા નિયામક

૧૯.૮ વર્તુળના અધીક્ષક ઈજનેરો

**૨૦.૦ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ :**

૨૦.૧ સરકારના સચિવ

૨૦.૨ નિયામક, સમાજ સુરક્ષા

૨૦.૩ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ

૨૦.૪ નિયામક, વિકસતીજાતિ કલ્યાણ

૨૦.૫ વિકલાંગ કમિશનર

**૨૧.૦ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ :**

૨૧.૧ સરકારના સચિવ

૨૧.૨ મુખ્ય નગર નિયોજક

૨૧.૩ નગરપાલિકા નિયામક

**૨૨.૦ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ :**

૨૨.૧ સરકારના સચિવ

૨૨.૨ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

૨૨.૩ સંગ્રહાલય નિયામક

૨૨.૪ પુરાતત્વ નિયામક

૨૨.૫ અભિલેખાગાર નિયામક

૨૨.૬ ગ્રંથાલય નિયામક

૨૨.૭ નિયામક, ગુજરાત ખેલકુદ સત્તામંડળ

**૨૩.૦ મહિલા અને બાળ વિકાસ વિભાગ :**

૨૩.૧ સરકારના સચિવ

૨૩.૨ કમિશનર, મહિલા અને બાળ વિકાસ વિભાગ

**૨૪.૦ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ :**

૨૪.૧ સરકારના સચિવ

**૨૫.૦ ગુજરાત વિધાનસભા સચિવાલય :**

૨૫.૧ ગુજરાત વિધાનસભા સચિવાલયના સચિવ

# પરિશિષ્ટ - ૩

[જૂઓ નિયમ-૩૯]

## *વેકેશન / નોન-વેકેશન ખાતામાં નોકરી કરતા સરકારી કર્મચારીઓની સૂચિ*

નિયમ-૫ ની શરતો પરિપૂર્ણ થયેથી નીચે દર્શાવેલ વર્ગોના સરકારી કર્મચારીઓ વેકેશન ખાતામાં નોકરી કરતા ગણાશે :-

**૧ (ક) શિક્ષણ ખાતા હેઠળ :**

વહીવટી અને નિરીક્ષક અધિકારીઓ અને તેમના મહેકમ સિવાયના શાળાઓ તથા કોલેજોના શૈક્ષણિક ખાતાના તમામ સરકારી કર્મચારીઓ.

**નોંધ :** નીચેના વર્ગોના સરકારી કર્મચારીઓ નોન-વેકેશન ખાતાના સરકારી કર્મચારી ગણવામાં આવશે :-

(૧) કૉલેજો સહિતની તમામ શૈક્ષણિક સંસ્થાઓના કારકુનો અને અન્ય દફતરી (મીનીસ્ટીરીઅલ) કર્મચારીઓ;

(૨) કૉલેજો સહિતની તમામ શૈક્ષણિક સંસ્થાના ગ્રંથપાલો તથા મદદનીશ ગ્રંથપાલો;

(૩) સરકારી કૉલેજોના રજીસ્ટ્રારો;

(૪) શૈક્ષણિક સંસ્થાઓની કચેરીઓ સાથે સંકળાયેલા વર્ગ-૪ ના કર્મચારીઓ.

**૨. આરોગ્ય, તબીબી, તબીબી શિક્ષણ અને સંશોધન નિયામકની કચેરી હેઠળ :**

(ક) સરકારી તબીબી કૉલેજોમાં, નીચેના સિવાયનો, પૂર્ણકાલીન શૈક્ષણિક કર્મચારીગણ;

(૧) કૉલેજના આચાર્યનો હોદ્દો ધારણ કરનાર અધિકારી;

(૨) રોગવિજ્ઞાનના પ્રાધ્યાપક;

(૩) રોગવિજ્ઞાનના વ્યાખ્યાતા;

(૪) જીવાણુ વિજ્ઞાનના વ્યાખ્યાતા;

(૫) સૌથી સીનિયર હોય તેવા રોગવિજ્ઞાનના જૂનિયર વ્યાખ્યાતા; **અને**

(૬) સૌથી સીનિયર હોય તેવા જીવાણુ વિજ્ઞાનના જૂનિયર વ્યાખ્યાતા.

**નોંધ :** સરકારી દંત કૉલેજ અને ચિકિત્સાલયમાં નિયુક્ત કરવામાં આવેલા નીચેના પૂર્ણકાલીન શૈક્ષણિક કર્મચારીગણને નોન-વેકેશન ખાતાના ગણવામાં આવશે :-

(૧) દંતવિજ્ઞાનના પ્રાધ્યાપક તથા દંત શલ્ય ચિકિત્સક (ડેન્ટલ સર્જન);

(૨) દંત વિજ્ઞાનના વ્યાખ્યાતા;

(૩) દંત શાસ્ત્રના પૂર્ણકાલીન નિદર્શક.

**૩. આયુર્વેદ નિયામકની કચેરી હેઠળના -**

(ક) સરકારી આયુર્વેદિક કૉલેજોના નીચે દર્શાવેલ પદધારકો :-

(૧) શરીર વિજ્ઞાન, જીવાણુ વિજ્ઞાન અને આરોગ્ય વિજ્ઞાનના વ્યાખ્યાતા.

(૨) દ્રવ્યગુણ અને રસશાસ્ત્રના વ્યાખ્યાતા.

(૩) રોગ નિદાનના જૂનિયર વ્યાખ્યાતા.

(૪) ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા.

(૫) શરીર રચના વિજ્ઞાનના નિદર્શક

(૬) શરીર વિજ્ઞાનના નિદર્શક (ફીઝીયોલોજી)

(૭) રોગવિજ્ઞાનના નિદર્શક.

(૮) દ્રવ્યગુણ અને રસશાસ્ત્રના નિદર્શક.

(૧૦) શરીર વિજ્ઞાન, રસાયણ શાસ્ત્ર અને જીવ વિજ્ઞાનના નિદર્શક.

**નોંધ :** સરકારી આયુર્વેદિક કોલેજની નીચેની જગાઓના ધારકોને નોન-વેકેશન ખાતાના ગણવામાં આવશે :-

(૧) આચાર્ય-સહ-અધીક્ષક.

(૨) શરીર વિજ્ઞાન, જીવ રસાયણ શાસ્ત્ર અને રોગશાસ્ત્રના પ્રાધ્યાપક.

(૩) ઔષધ નિદાન, ઔષધ નિર્માણ અને મટીરીયા મેડીકાના વ્યાખ્યાતા.

(૪) પ્રાધ્યાપક, શરીર અને શલ્ય શલાક્ય.

(૫) પ્રાધ્યાપક, દોષધાતુ, મળ વિજ્ઞાન અને રોગ નિદાન.

(૬) પ્રાધ્યાપક, દ્રવ્યગુણ અને રસશાસ્ત્ર (ઔષધ નિર્માણ)

(૭) પ્રાધ્યાપક, કાર્યચિકિત્સા.

(૮) પ્રાધ્યાપક, કૌમાર ભારિત્ય.

**૪. ન્યાય ખાતા હેઠળ -**

જિલ્લા અને સેશન્સ ન્યાયાધીશ, અપીલ સુનાવણીની સત્તા ધરાવતા મદદનીશ ન્યાયાધીશો અને શહેર સિવિલ અને સેશન્સ ન્યાયાલય, અમદાવાદના મુખ્ય ન્યાયાધીશો તથા અધિક અને સહ સેશન્સ ન્યાયાધીશો સિવાયના તમામ ન્યાયિક અધિકારીઓ અને તેમની કચેરીના વર્ગ-૪ સહિતના સરકારી કર્મચારીઓ.

**નોંધ-૧ :** કામદાર અદાલતોના ન્યાયાધીશો તથા કર્મચારીગણની જગાઓ નોન-વેકેશન ખાતાની ગણવામાં આવશે.

**નોંધ-૨ :** ઔદ્યોગિક ન્યાયપંચના ન્યાય નિર્ણાયક (એડ્જ્યુડીકેટર) ની જગાઓ નોન-વેકેશન ખાતાની ગણવામાં આવશે.

**નોંધ-૩ :** સિવિલ જજ - સહ - મેજીસ્ટ્રેટોને વેકેશન ખાતામાં ગણવામાં આવશે.

**નોંધ-૪ :** ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટોની જગાઓ.

અધિક મુખ્ય મેટ્રોપોલીટન તથા અધિક મુખ્ય મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટરો અને મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટો નોન-વેકેશન ખાતાના ગણવામાં આવશે.

**૫. પોલીસ ખાતા હેઠળ -**

નિયમિત વેકેશન આપવામાં આવતી હોય તેવા પોલીસ તાલીમ કૉલેજ સાથે સંકળાયેલ કર્મચારીગણના સદસ્યો.

**નોંધ :** પોલીસ તાલીમ કૉલેજના મદદનીશ પોલીસ અધીક્ષક, ઉપઅધિક્ષક અને ભાષા-માસ્તર વેકેશન ખાતામાં ગણવામાં આવતા નથી. પરંતુ તાલીમ કોલેજમાં તાલીમ હેઠળના ઈન્સ્પેક્ટરો અને સબ-ઈન્સ્પેક્ટરોને વેકેશન ખાતામાં નોકરી કરતા ગણવામાં આવે છે.

**૬. મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી હેઠળ :**

(વર્ગ-૪ ના કર્મચારીગણ સિવાયના) સરકારી મત્સ્યપાલન શાળાઓ સાથે સંકળાયેલ કર્મચારીગણ.

## નમૂનો - ૧

[જૂઓ નિયમ-૨૪]

***રજા મેળવવા અથવા લંબાવવા માટેની અરજી***

૧. અરજદારનું નામ :

૨. ધારણ કરેલ હોદ્દો :

૩. ખાતુ, કચેરી અને શાખા :

૪. પગાર :

૫. હાલની જગા પર મળતું ઘરભાડું અને અન્ય વળતર ભથ્થા :

૬. રજાનો પ્રકાર અને સમયગાળો :

૭. રવિવાર અને જાહેર રજાઓ, રજાની આગળ / પાછળ જોડવાનો પ્રસ્તાવ હોય તો તે :

૮. રજા માટે અરજી કરવાનું કારણ :

૯. છેલ્લી રજા ઉપરથી હાજર થયા તે તારીખ અને તે રજાનો પ્રકાર અને સમયગાળો :

૧૦. રજાના સમયગાળા દરમ્યાન સરનામું :

૧૧. * નોકરીમાંથી મારૂં રાજીનામું અથવા મારી મરજિયાત નિવૃત્તિના પ્રસંગે, હું નીચેની રકમો પરત કરવા બંધાઉ છું :-

(૧) જો નિયમ-૫૭ ના પેટા-નિયમ (૧) લાગુ પડ્યો ન હોત, તો મને જે રૂપાંતરિત રજા મળવાપાત્ર ન હોત તે અંગે મળેલ રજા પગાર અને મળવાપાત્ર અર્ધપગારી રજા અંગેના રજા - પગાર એ બંને વચ્ચેના તફાવતની રકમ.

(૨) જો નિયમ-૫૯ ના પેટા-નિયમ (૧) લાગુ પડ્યો ન હોત તો જે રકમ મળવાપાત્ર ન હોત તે રજા દરમ્યાન મેળવેલ રજા - પગાર.

૧૨. * હું પ્રમાણિત કરૂં છું કે આ અરજીની તારીખે મને બે અથવા તેથી વધુ જીવિત બાળકો નથી.

* જે લાગુ ન પડતું હોય તે છેકી નાંખવું.

૧૩. નિયંત્રક અધિકારીનું ટિપ્પણ અને/અથવા ભલામણ

**સહી (તારીખ સાથે)**

**હોદ્દો :**

૧૪. રજા મંજૂર કરવા સક્ષમ સત્તાધિકારીના હુકમો.

**સહી (તારીખ સાથે)**

**હોદ્દો :**

* જો અરજદાર કોઈપણ વળતર ભથ્થું મેળવતો હોય, તો રજા પૂરી થયે, સરકારી કર્મચારી તે જ જગાએ અથવા તે જ પ્રકારની તેવા સમાન ભથ્થાં મેળવતી જગાએ હાજર થવાનો સંભવ છે કે કેમ તે ઉલ્લેખ પણ આ હુકમમાં કરવો.

**અરજદારની સહી**

**(તારીખ સહિત)**

# નમૂનો - ૨

[જૂઓ નિયમ-૨૫]

## *રજાનો હિસાબ*

**પ્રાપ્ત રજા**

| કેલેન્ડરના અડધા વર્ષની નોકરીની વિગતો | | અર્ધ વર્ષમાં નોકરીના પૂરા થયેલ માસ | અર્ધ વર્ષની શરૂઆતમાં જમા થયેલ પ્રાપ્ત રજા | કેલેન્ડરના આગળના અર્ધ વર્ષ દરમ્યાન ભોગવેલ (કોલમ-૩૬) અસાધારણ રજાના દિવસોની સંખ્યા | (કોલમ-૫ ના સમયગાળાની એક દશાંશ) પ્રાપ્ત થયેલ રજાની બાદબાકી | સિલકની કુલ રજા દિવસોમાં (કોલમ-૪ વત્તા કોલમ-૧૧ - બાદ કોલમ-૬) | લીધેલ રજા | | | રજા પરથી પાછા ફરતાં પ્રાપ્ત રજાની સિલક (કોલમ-૭ ઓછા કોલમ-૧૦) | રજા મંજૂરીના હુકમના નંબર અને તારીખ | કચેરીના વડાની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તારીખથી | તારીખ સુધી | | | | | | તારીખથી | તારીખ સુધી | રજાના દિવસો | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |

**અર્ધપગારી રજા (ખાનગી કાર્ય અંગેની અને તબીબી પ્રમાણપત્ર ઉપરની) રૂપાંતરિત રજા અને બિનજમા રજા**

| નોકરીની લંબાઈ | | | રજાની સિલક | | ઉપાર્જિત કરેલી અર્ધપગારી રજાની સામે લીધેલ રજા | | | તબીબી પ્રમાણપત્રના આધારે પૂરા પગારની રૂપાંતરિત રજા અથવા જાહેર હિતમાં માન્ય અભ્યાસ માટે તબીબી પ્રમાણપત્રના આધાર વિના લીધેલ રજા * | | | અર્ધપગારી રજામાં ફેરવવામાં આવતી રૂપાંતરિત રજા (કોલમ-૧૧ થી બેવડી) | સિલક (કોલમ-૫ - ૮ - ૧૨) | રજા મંજૂરીના હુકમના નંબર અને તારીખ | કચેરીના વડાની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તારીખથી | તારીખ સુધી | કેલેન્ડરના અર્ધ વર્ષમાં નોકરીના પૂરા થયેલ માસ | અર્ધ વર્ષની શરૂઆતમાં જમા થયેલ અર્ધપગારી રજા | રજાની સિલક (કોલમ-૪ વત્તા ૨૪) | તારીખથી | તારીખ સુધી | દિવસોની સંખ્યા | તારીખથી | તારીખ સુધી | દિવસોની સંખ્યા | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |

*** સંપૂર્ણ નોકરી દરમ્યાન ૧૮૦ દિવસની અડધા પગારી રજા દર્શાવતી ૯૦ દિવસની રૂપાંતરિત રજાની મર્યાદામાં રહીને**

# નમૂનો - ૨

[જૂઓ નિયમ-૨૫]

## *રજાનો હિસાબ*

**અર્ધપગારી રજા (ખાનગી કાર્ય અંગેની અને તબીબી પ્રમાણપત્ર ઉપરની રૂપાંતરિત રજા અને બિનજમા રજા) ચાલુ**

સમગ્ર નોકરી દરમ્યાન સિલકમાં ન હોય તેવી બિનજમા રજા ૩૬૦ દિવસની મર્યાદામાં

| તબીબી પ્રમાણપત્રના આધારે પૂરા પગારની રૂપાંતરિત રજા | | | સમગ્ર નોકરી દરમ્યાન ૧૮૦ દિવસની અર્ધપગારી રજામાં ફેરવવામાં આવેલ ૯૦ દિવસની રૂપાંતરિત રજા | | | સિલકમાં ન હોય તેવી બિનજમા રજા (કોલમ-૧૮ વત્તા ૨૧) | લીધેલી કુલ અર્ધપગારી રજા (કોલમ-૧૨ વત્તા ૨૨) | રજા ઉપરથી પાછી ફરતાં અર્ધપગારી રજાની સિલક (કોલમ-૫ - ૨૩) | રજા મંજૂરીના હુકમનો નંબર અને તારીખ | કચેરીના વડાની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તારીખથી | તારીખ સુધી | દિવસોની સંખ્યા | તારીખથી | તારીખ સુધી | દિવસોની સંખ્યા | | | | | |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |

**નોકરી દરમ્યાન લીધેલી અસાધારણ રજા અને અન્ય પ્રકારની રજા**

| રજાનો પ્રકાર | રજાનો ગાળો | | | રજા મંજૂરીના હુકમના નંબર અને તારીખ | ટિપ્પણી | કચેરીના વડાની સહી |
|---|---|---|---|---|---|---|
| | તારીખથી | તારીખ સુધી | દિવસોની સંખ્યા | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

## નમૂનો - ૩

[જૂઓ નિયમ-૩૫]

### *સરકારી કર્મચારીને રજા, રજાના દિવસો લંબાવવા અથવા રૂપાંતરિત રજાની ભલામણ અંગેનું તબીબી પ્રમાણપત્ર*

..... નું (અહીં અરજદારે સિવિલ સર્જન અથવા અધિકૃત તબીબી ચિકિત્સક સમક્ષ પોતાનું નામ લખવું) નિવેદન.

ધારણ કરેલ જગા .....

ઉંમર .....

કુલ નોકરી .....

તબીબી પ્રમાણપત્રના આધારે આ પૂર્વે લીધેલી રજા અંગેની ગેરહાજરીના દિવસોની રજાના સમયગાળા .....

ટેવો .....

બિમારી .....

હું ....., (નામ) ..... નો સિવિલ સર્જન / તબીબી અધિકારી

આ કિસ્સાની સાવચેતીપૂર્વક અંગત તપાસ કર્યા બાદ આથી પ્રમાણિત કરૂં છું કે -

શ્રી / શ્રીમતિ / કુમારી ..... નું આરોગ્ય કથળેલી પરિસ્થિતિમાં છે અને હું ગંભીરતાપૂર્વક અને પ્રમાણિકપણે જાહેર કરૂં છું કે મારી ઉચ્ચતમ નિર્ણય શક્તિ પ્રમાણે તેના / તેણીના આરોગ્યમાં સુધારા માટે ફરજ પરની ગેરહાજરી અનિવાર્યપણે આવશ્યક છે અને તેને / તેણીને તારીખ ..... થી ..... સુધીની રજાની મંજૂરી માટે ભલામણ કરૂં છું.

**સિવિલ સર્જન / અધિકૃત મેડિકલ**

**રજીસ્ટર્ડ તબીબી વ્યવસાયી**

**ચિકિત્સક / રજિસ્ટર્ડ**

**મેડિકલ પ્રેક્ટિશનર**

**નોંધ :** જેમ બને તેમ નિકટતાપૂર્વક આ નમૂનાને વળગી રહેવું અને સરકારી કર્મચારીની સહી લીધા બાદ નમૂનાની પૂર્તતા કરવી. સરકારી કર્મચારીને અમુક સ્થળેથી કે અમુક સ્થળે ફેરફારની આવશ્યક્તા છે અથવા અમુક લત્તામાં જવા માટે તેની યોગ્યતા નથી એ મતલબનું પ્રમાણપત્ર આપવાની પ્રમાણપત્ર આપનાર અધિકારીને છૂટ નથી. પરંતુ, અરજદારે તેવા કારણોસર સંબંધિત વહીવટી અધિકારીને કરેલ અરજી સંબંધે તે અધિકારીએ એવી સ્પષ્ટ ઈચ્છા પ્રદર્શિત કરેલ હોય, અને અરજદારની નોકરી માટેની યોગ્યતાના પ્રશ્નના નિરાકરણ માટે અરજદારને તબીબી મંડળ (મેડિકલ બોર્ડ) પાસે મોકલવાની છૂટ છે અને કેવળ ત્યારે જ આવા પ્રમાણપત્રો આપી શકાશે.

* ભલામણ કરવામાં આવેલ રજાનો ગાળો બે માસ સુધીનો છે કે તેથી વધુ છે તે લક્ષમાં લઈ આ વાક્યમાંથી કાં તો અપ્રસ્તુત શબ્દો છેકી નાંખી તેમાં સુધારો કરવો અથવા તો સંપૂર્ણ વાક્ય છેકી નાખવું.

## નમૂનો - ૪

[જૂઓ નિયમ-૩૭ (૪)]

***રજા પરથી પાછા ફરતાં યોગ્યતા અંગેનું તબીબી પ્રમાણપત્ર***

સરકારી કર્મચારીની સહી .....

અમે તબીબી મંડળના સદસ્યો

હું ..... સિવિલ સર્જન / અધિકૃત તબીબી ઉપચારક / રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર આથી ભારપૂર્વક પ્રમાણિત કરીએ છીએ કે મેં / અમે ઉપર સહી કરનાર શ્રી / શ્રીમતિ / કુમારી ..... ની સાવચેતીપૂર્વક તપાસ કરતાં જણાયેલ છે કે તેની / તેણીની બિમારીમાં સુધારો થયેલ છે અને તે / તેણી સરકારી નોકરીએ હાજર થવા હવે યોગ્યતા ધરાવે છે. જેના આધારે રજા આપવામાં કે લંબાવી આપવામાં આવેલ તે મૂળ તબીબી પ્રમાણપત્ર (ત્રો) અને કેસની હકીકતો (અથવા તેની નકલો) પણ તપાસેલ છે અને / અગર મારા નિર્ણય ઉપર આવવામાં લક્ષમાં લીધેલ છે.

**તારીખ .....** **સિવિલ સર્જન / અધિકૃત તબીબી ચિકિત્સક /**
**રજિસ્ટર્ડ તબીબી વ્યવસાયી**

**નોંધ :** મૂળતઃ જેના આધારે રજા આપવામાં કે લંબાવવામાં આવેલ હોય તેવા મૂળ તબીબી પ્રમાણપત્ર(ત્રો) અને કેસની હકીકતો, ઉપરોક્ત પ્રમાણપત્ર આપવા માટે તે પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારી સમક્ષ રજૂ કરવા આવશ્યક છે.

## નમૂનો - ૫

[જૂઓ નિયમ-૫૮ (૪)]

***સરકારી કર્મચારીના કુટુંબના સભ્યની બિમારીના***
***આધારે રૂપાંતરિત રજા માટેનું તબીબી પ્રમાણપત્ર***

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ..... કચેરી / વિભાગમાં નોકરી કરતા શ્રી / શ્રીમતિ /કુમારી ..... નું તેણીના / તેમના પતિનું / તેમની પત્નીનું / કાયદેસરના અને સાવકા પુત્ર / પુત્રી / અપરિણીત બહેન / ભાઈ / પિતા / માતાનું આરોગ્ય જોતાં તે કે જેમને ..... બિમારી છે અને મારી સારવાર હેઠળ છે તેમની તબિયતના સંભાળ રાખવા માટે ..... દિવસની રજા જરૂરી છે.

**સિવિલ સર્જન**
**સ્ટાફ સર્જન**
**અધિકૃત તબીબી ચિકિત્સક**
**રજિસ્ટર્ડ તબીબી વ્યવસાયી**

## નમૂનો - ૬

[જૂઓ નિયમ-૯૨]

***અભ્યાસ અંગેની રજા પર જતા કાયમી નોકરી પરના સરકારી કર્મચારીએ કરી આપવાનું ખત***

આ ખતથી સર્વને જાણ થાય કે હું ....., રહેવાસી ....., જિલ્લાના ..... ગામમાં હાલ ..... ખાતા/કચેરીમાં ..... તરીકે નોકરી કરતા, સરકારને માગણી કરેથી ચૂકવવા રૂ..... (રૂપિયા ..... ફક્ત) ની રકમ તથા સરકારી લોન ઉપર જે તે પ્રવર્તમાન સમયે અમલમાં હોય તેટલા સરકારી દરેથી તે રકમનું માગણીની તારીખથી વ્યાજ, અને જો ચૂકવણી ભારત સિવાય બહારના દેશમાં કરવામાં આવે તો તે દેશ અને ભારત વચ્ચેના પ્રવર્તમાન વિનિમયના સત્તાવાર દરે વિનિમય કરી થતી સમાન રકમ તેમજ એટર્ની તથા અસીલ વચ્ચેના બધા જ ચાર્જ અને ખર્ચ, સરકાર કરે અથવા સરકારને કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તે તમામ ચૂકવવામાં આવે એ અંગે ગુજરાતના રાજ્યપાલશ્રી (આ ખતમાં હવે પછી જેનો ઉલ્લેખ ''સરકાર'' તરીકે કરવામાં આવ્યો છે) સાથે આથી હું પોતે, મારા વારસો, એક્ઝીક્યુટરો અને વહીવટકર્તાઓ આ ખતથી દૃઢતાપૂર્વક બંધાઈએ છીએ.

જેની સાખરૂપે બે હજાર ..... ના ..... માસની ..... તારીખના રોજ મેં સહી કરી છે.

સહી .....

સાક્ષી (૧) .....

સાક્ષી (૨) .....

હવે મને એટલે કે ..... ને સરકારે અભ્યાસ અંગેની રજા મંજૂર કરેલ છે અને તેથી સરકારના (હિતના) સુચારુ રક્ષણ માટે નિમ્ન લિખિત શરતોએ આ ખત કરી આપવા હું બંધાયેલ છું.

હવે ઉપરોક્ત લેખિત ખતની શરત એ છે કે અભ્યાસની રજા પૂરી થયેથી ફરજ ઉપર હાજર થયા વિના અથવા ફરજ ઉપર પરત આવ્યા બાદ ત્રણ વર્ષના સમયગાળામાં નોકરીમાંથી રાજીનામું આપું કે નિવૃત્ત થાઉં તેવા પ્રસંગે કોઈપણ સમયે તાત્કાલિક સરકારને અથવા સરકાર સૂચના આપે તે મુજબ માગણીની તારીખથી સરકારી લોન ઉપર અમલમાં હોય તેટલા વ્યાજના સરકારી દરથી વ્યાજ સહિત ઉક્ત રૂ..... (રૂપિયા .....) ચૂકતે કરી આપીશ.

તેમજ ઉપર્યુક્ત રીતે આ લેખિત ખતના નાણાંની ચૂકવણી પૂરી થઈ જતાં આ ખત રદબાતલ અને બિનઅસરકાર ઠરશે, અન્યથા આ ખત પૂર્ણપણે અમલી અને વાસ્તવિક ગણાશે.

આ ખત અંગે ભરવાની થતી સ્ટેમ્પ ડ્યુટી ભરવા ગુજરાત સરકાર સંમત થયેલ છે.

જેની સાખરૂપે ઉક્ત ..... એ આ ખત સાક્ષીઓની રૂબરૂમાં સહી કરીને સોંપ્યુ.

(૧) .....

(૨) .....

**ખતનો સ્વીકાર કર્યો**

**ગુજરાતના રાજ્યપાલશ્રીને માટે અને તેમના વતી.**

## નમૂનો - ૭

[જૂઓ નિયમ-૯૨]

***જે કાયમી નોકરી પરના સરકારી કર્મચારીની અભ્યાસ અંગેની રજાની મુદ્દત લંબાવી આપવામાં આવી હોય તેઓએ કરી આપવાનું ખત***

આ ખતથી સર્વને જાણ થાય કે હું ....., રહેવાસી ....., જિલ્લાના ..... ગામમાં હાલ ..... ખાતા/કચેરીમાં ..... તરીકે નોકરી કરતા, સરકારને માગણી કરેથી ચૂકવવા રૂ..... (રૂપિયા ..... ફક્ત) ની રકમ તથા સરકારી લોન ઉપર જે તે પ્રવર્તમાન સમયે અમલમાં હોય તેટલા સરકારી દરેથી તે રકમનું માગણીની તારીખથી વ્યાજ, અને જો ચૂકવણી ભારત સિવાય બહારના દેશમાં કરવામાં આવે તો તે દેશ અને ભારત વચ્ચેના પ્રવર્તમાન વિનિમયના સત્તાવાર દરે વિનિમય કરી થતી સમાન રકમ તેમજ એટર્ની તથા અસીલ વચ્ચેના બધા જ ચાર્જ અને ખર્ચ, સરકાર કરે અથવા સરકારને કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તે તમામ ચૂકવવામાં આવે એ અંગે ગુજરાતના રાજ્યપાલશ્રી (આ ખતમાં હવે પછી જેનો ઉલ્લેખ ''સરકાર'' તરીકે કરવામાં આવ્યો છે) સાથે આથી હું પોતે, મારા વારસો, એક્ઝીક્યુટરો અને વહીવટકર્તાઓ આ ખતથી દૃઢતાપૂર્વક બંધાઈએ છીએ.

જેની સાખરૂપે બે હજાર ..... ના ..... માસની ..... તારીખના રોજ મેં સહી કરી છે.

હવે તેથી મને ..... ને સરકારે અભ્યાસ અંગેની રજા તા..... થી તા..... સુધી મંજૂર કરેલ જેના અવેજમાં મેં તા..... ના રોજ રૂ..... (રૂપિયા ..... ફક્ત) નું ખત ગુજરાતના રાજ્યપાલશ્રીની તરફેણમાં કરી આપેલ.

અને હવે મારી વિનંતીથી તા..... સુધી અભ્યાસની રજા લંબાવી આપવા મંજૂરી આપેલ છે.

અને તેથી સરકારના (હિતના) સુચાસ રક્ષણ માટે નિમ્ન લિખિત શરતોએ આ ખત કરી આપવા બંધાઉ છું.

હવે ઉપરોક્ત લેખિત ખતની શરત એ છે કે અભ્યાસની રજા પૂરી થયેથી ફરજ ઉપર હાજર થયા વિના અથવા ફરજ ઉપર પરત આવ્યા બાદ ત્રણ વર્ષના સમયગાળામાં નોકરીમાંથી રાજીનામું આપું કે નિવૃત્ત થાઉં તેવા પ્રસંગે કોઈપણ સમયે તાત્કાલિક સરકારને અથવા સરકાર સૂચના આપે તે મુજબ માગણીની તારીખથી સરકારી લોન ઉપર અમલમાં હોય તેટલા વ્યાજના સરકારી દરથી વ્યાજ સહિત ઉક્ત રૂ..... (રૂપિયા .....) ચૂકતે કરી આપીશ.

તેમજ ઉપર્યુક્ત રીતે આ લેખિત ખતના નાણાંની ચૂકવણી પૂરી થઈ જતાં આ ખત રદબાતલ અને બિનઅસરકાર ઠરશે, અન્યથા આ ખત પૂર્ણપણે અમલી અને વાસ્તવિક ગણાશે.

આ ખત અંગે ભરવાની થતી સ્ટેમ્પ ડ્યુટી ભરવા ગુજરાત સરકાર સંમત થયેલ છે.

જેની સાખરૂપે ઉક્ત ..... એ આ ખત સાક્ષીઓની રૂબરૂમાં સહી કરીને સોંપ્યુ.

સાક્ષીઓ :

(૧) .....

(૨) .....

**ખતનો સ્વીકાર કર્યો**

**ગુજરાતના રાજ્યપાલશ્રીને માટે અને તેમના વતી.**

## નમૂનો - ૮

[જૂઓ નિયમ-૯૨]

### *અભ્યાસ અંગેની રજા પર જતા કાયમી નોકરી પર ન હોય તેવા સરકારી કર્મચારીઓએ કરી આપવાનું ખત*

આ ખતથી સર્વને જાણ થાય કે અમો ....., રહેવાસી ....., જિલ્લાના ..... ગામમાં હાલ ..... ખાતા/કચેરીમાં ..... તરીકે નોકરી કરતા (હવે પછી બંધન ધારી તરીકે સંબોધિત) અને શ્રી ..... તે શ્રી ..... ના દિકરા અને શ્રી ..... તે શ્રી ..... ના દિકરા (જેઓ હવે પછી જામીનદાર તરીકે સંબોધિત છે) તેઓ સરકારે માગણી કરેથી ચૂકવવા રૂ..... (રૂપિયા ..... ફક્ત) ની રકમ તથા સરકારી લોન ઉપર જે તે પ્રવર્તમાન સમયે અમલમાં હોય તેટલા સરકારી દરેથી તે રકમનું માગણીની તારીખથી વ્યાજ અને જો ચૂકવણી ભારત સિવાય બહારના દેશમાં કરવામાં આવે તો, તે દેશ અને ભારત વચ્ચેના પ્રવર્તમાન વિનિમયના સત્તાવાર દરથી વિનિમય કરી થતી સમાન રકમ તેમજ એટર્ની તથા અસીલ વચ્ચેના બધા જ ચાર્જ અને ખર્ચ જે સરકાર કરે અથવા સરકારને કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તે તમામ ચૂકવવામાં આવે એ અંગે ગુજરાતના રાજ્યપાલશ્રી (આ ખતમાં હવે પછી જેનો ઉલ્લેખ ''સરકાર'' તરીકે કરવામાં આવ્યો છે) સાથે અમો, અમારા વારસો, એક્ઝીક્યુટરો અને વહીવટકર્તાઓ આ ખતથી સંયુક્ત અને વ્યક્તિગતરૂપે દૃઢતાપૂર્વક બંધાઈએ છીએ.

જેની સાખરૂપે બે હજાર ..... ના ..... માસની ..... તારીખના રોજ મેં સહી કરી છે.

બંધનધારીની સહી.

જામીન ..... (૧)

જામીન ..... (૨)

સાક્ષી ..... (૧)

સાક્ષી ..... (૨)

હવે તેથી બંધનધારીને અભ્યાસ અંગેની રજા મંજૂર કરાયેલ છે અને તેથી સરકારના (હિતના) સુચારુ રક્ષણ માટે નિમ્ન લિખિત શરતોએ આ ખત કરી આપવા બંધાયા છીએ.

હવે ઉપરોક્ત લેખિત ખતની શરત એ છે કે અભ્યાસની રજા પૂરી થયેથી ફરજ ઉપર હાજર થયા વિના અથવા ફરજ ઉપર પરત આવ્યા બાદ ત્રણ વર્ષના સમયગાળામાં નોકરીમાંથી રાજીનામું આપું કે નિવૃત્ત થાઉં તેવા પ્રસંગે કોઈપણ સમયે તાત્કાલિક સરકારને અથવા સરકાર સૂચના આપે તે મુજબ માગણીની તારીખથી સરકારી લોન ઉપર અમલમાં હોય તેટલા વ્યાજના સરકારી દરથી વ્યાજ સહિત ઉક્ત રૂ..... (રૂપિયા .....) ચૂકતે કરી આપીશ.

અને આ લેખિત ખતના નાણાંની ઉપર્યુક્ત રીતે બંધનધારી શ્રી ..... અને / અથવા જામીનદારો શ્રી ..... અને / અથવા શ્રી ..... ચૂકવી આપે ત્યારે આ લેખિત જવાબદારી રદબાતલ અને બિનઅસરકારક થશે, અન્યથા પૂર્ણપણે અમલી અને વાસ્તવિક ગણાશે.

પરંતુ હંમેશા સરકારે અથવા તેણે અધિકૃત કરેલ વ્યક્તિ દ્વારા તત્કાલિન સમય પૂરતી આપેલ (મુદત), કોઈ મનાઈ કે ત્રૂટિને કારણે (એની જાણ હોય કે ન હોય અથવા એ બાબતમાં એમની સંમતિ હોય કે ન હોય તો પણ) જામીનદારોની ન તો જવાબદારી ઓછી કે પૂર્ણ થયેલ ગણાશે, ન તો જામીનદારો (૧) ..... અને (૨) ..... અથવા બંનેમાંથી કોઈ એકની સામે દાવો કરતાં પહેલાં બંધનધારી સામે લેણાંની રકમ માટે દાવો કરવાની સરકારને કોઈ આવશ્યક્તા રહેશે.

આ ખત અંગે ભરવાની થતી સ્ટેમ્પ ડ્યુટી ભરવા ગુજરાત સરકાર સંમત થયેલ છે.

ઉપર્યુક્ત બંધનધારી નામે શ્રી ..... એ ઉપર્યુક્ત નામે શ્રી ..... અને શ્રી ..... ની રૂબરૂમાં પોતપોતાની સહીઓ કરીને સોંપ્યું.

**ખતનો સ્વીકાર કર્યો**

**ગુજરાતના રાજ્યપાલશ્રીને માટે અને તેમના વતી.**

## નમૂનો - ૯

[જૂઓ નિયમ-૯૨]

***અભ્યાસ અંગેની રજા લંબાવવાની મંજૂરી મેળવતા અને કાયમી નોકરી પર ન હોય તેવા સરકારી કર્મચારીએ કરી આપવાનું ખત***

આ ખતથી સર્વને જાણ થાય કે અમો ....., રહેવાસી ....., જિલ્લાના ..... ગામમાં હાલ ..... ખાતા/કચેરીમાં ..... તરીકે નોકરી કરતા (હવે પછી બંધન ધારી તરીકે સંબોધિત) અને શ્રી ..... તે શ્રી ..... ના દિકરા અને શ્રી ..... તે શ્રી ..... ના દિકરા (જેઓ હવે પછી જામીનદાર તરીકે સંબોધિત છે) તેઓ સરકારે માગણી કરેથી ચૂકવવા રૂ..... (રૂપિયા ..... ફક્ત) ની રકમ તથા સરકારી લોન ઉપર જે તે પ્રવર્તમાન સમયે અમલમાં હોય તેટલા સરકારી દરેથી તે રકમનું માગણીની તારીખથી વ્યાજ અને જો ચૂકવણી ભારત સિવાય બહારના દેશમાં કરવામાં આવે તો, તે દેશ અને ભારત વચ્ચેના પ્રવર્તમાન વિનિમયના સત્તાવાર દરથી વિનિમય કરી થતી સમાન રકમ તેમજ એટર્ની તથા અસીલ વચ્ચેના બધા જ ચાર્જ અને ખર્ચ જે સરકાર કરે અથવા સરકારને કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તે તમામ ચૂકવવામાં આવે એ અંગે ગુજરાતના રાજ્યપાલશ્રી (આ ખતમાં હવે પછી જેનો ઉલ્લેખ ''સરકાર'' તરીકે કરવામાં આવ્યો છે) સાથે અમો, અમારા વારસો, એક્ઝીક્યુટરો અને વહીવટકર્તાઓ આ ખતથી સંયુક્ત અને વ્યક્તિગતરૂપે દઢતાપૂર્વક બંધાઈએ છીએ.

જેની સાખરૂપે બે હજાર ..... ના ..... માસની ..... તારીખના રોજ મેં સહી કરી છે.

હવે તેથી બંધનધારીને અભ્યાસ અંગેની રજા તા..... થી તા..... સુધી મંજૂર આપવામાં આવેલ છે જેના અવેજમાં ગુજરાતના રાજ્યપાલશ્રીના પક્ષમાં રૂ..... (રૂપીયા .....) નું તા..... ના રોજ ખત કરી આપેલ છે.

અને તેથી બંધનધારીને મંજૂર કરાયેલ અભ્યાસની રજામાં તેમની વિનંતીથી તા..... સુધી વધારો મંજૂર કરવામાં આવેલ છે તેથી બંધનધારી નિમ્નલિખિત શરતોએ આ ખત કરી આપવા બંધાયેલ છે.

અને તેથી ઉપરોક્ત બંધનધારી વતી ઉક્ત જામીનદારો આ ખત જામીન તરીકે આપવા બંધાયા છીએ.

હવે ઉપરોક્ત લેખિત ખતની શરત એ છે કે અભ્યાસની રજા પૂરી થયેથી ફરજ ઉપર હાજર થયા વિના અથવા ફરજ ઉપર પરત આવ્યા બાદ ત્રણ વર્ષના સમયગાળામાં નોકરીમાંથી રાજીનામું આપું કે નિવૃત્ત થાઉં તેવા પ્રસંગે કોઈપણ સમયે તાત્કાલિક સરકારને અથવા સરકાર સૂચના આપે તે મુજબ માગણીની તારીખથી સરકારી લોન ઉપર અમલમાં હોય તેટલા વ્યાજના સરકારી દરથી વ્યાજ સહિત ઉક્ત રૂ..... (રૂપિયા .....) ચૂકતે કરી આપીશ.

અને આ લેખિત ખતના નાણાંની ઉપર્યુક્ત રીતે બંધનધારી શ્રી ..... અને / અથવા જામીનદારો શ્રી ..... અને / અથવા શ્રી ..... ચૂકવી આપે ત્યારે આ લેખિત જવાબદારી રદબાતલ અને બિનઅસરકારક થશે, અન્યથા પૂર્ણપણે અમલી અને વાસ્તવિક ગણાશે.

પરંતુ હંમેશા સરકારે અથવા તેણે અધિકૃત કરેલ વ્યક્તિ દ્વારા તત્કાલિન સમય પૂરતી આપેલ (મુદ્દત), કોઈ મનાઈ કે ત્રૂટિને કારણે (એની જાણ હોય કે ન હોય અથવા એ બાબતમાં એમની સંમતિ હોય કે ન હોય તો પણ) જામીનદારોની ન તો જવાબદારી ઓછી કે પૂર્ણ થયેલ ગણાશે, ન તો જામીનદારો (૧) ..... અને (૨) ..... અથવા બંનેમાંથી કોઈ એકની સામે દાવો કરતાં પહેલાં બંધનધારી સામે લેણાંની રકમ માટે દાવો કરવાની સરકારને કોઈ આવશ્યક્તા રહેશે.

આ ખત અંગે ભરવાની થતી સ્ટેમ્પ ડ્યુટી ભરવા ગુજરાત સરકાર સંમત થયેલ છે.

ઉપર્યુક્ત સરકારી કર્મચારી શ્રી ..... ના સાક્ષી તરીકે આજે તા..... ના રોજ સહી કરી છે.

શ્રી ..... એ નીચેનાઓની રૂબરૂ મહોર કરી સોંપેલ છે :

૧.

૨.

**ખતનો સ્વીકાર કર્યો**

**ગુજરાતના રાજ્યપાલશ્રીને માટે અને તેમના વતી.**

# ગુજરાત ભુક્કી સેવા નિયમો, ૨૦૦૨

## સંપૂર્ણ અનુક્રમણિકા

# [ ૧ ]

## ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | **પ્રકરણ - ૧** | |
| | **સામાન્ય** | |
| ૧. | ટૂંકી સંજ્ઞા અને આરંભ : | ૧ |
| ૨. | વ્યાપ્તિ : | ૧ |
| ૩. | અર્થઘટનની સત્તા : | ૧ |
| ૪. | છૂટછાટની સત્તા : | ૧ |
| ૫. | કરારની શરતોની કાયદેસરતા : | ૧ |
| ૬. | પગાર, ભથ્થાં અને રજાની માગણીઓનું નિયમન : | ૧ |
| ૭. | સત્તા વાપરવા બાબત અને તેની સોંપણી બાબત : | ૨ |
| ૮. | છૂટછાટના કારણો ઓડિટ અધિકારીને દર્શાવવા બાબત : | ૨ |
| | **પ્રકરણ - ૨** | |
| | **વ્યાખ્યા** | |
| ૯. | વ્યાખ્યા : | ૩ |
| | **પ્રકરણ - ૩** | |
| | **નોકરીની સામાન્ય શરતો** | |
| ૧૦. | પેન્શનપાત્ર નોકરી માટેની ભરતી અંગે વયમર્યાદા : | ૧૫ |
| ૧૧. | નોકરીમાં કાયમી નિયુક્તિ અથવા નોકરીમાં ચાલુ રાખવા બાબતે શારીરિક યોગ્યતાના તબીબી પ્રમાણપત્ર અંગેની પૂર્વશરત : | ૧૫ |
| ૧૨. | તબીબી પ્રમાણપત્ર ઉપર કોણ સહી કરશે : | ૧૬ |
| ૧૩ | તબીબી મંડળ : | ૧૬ |
| ૧૪. | ખોડ ધરાવતા સરકારી કર્મચારીની બીજી કચેરીમાં બદલી : | ૧૭ |
| ૧૫. | હંગામી નોકરીના છ માસની અંદર તબીબી પ્રમાણપત્રની રજૂઆત : | ૧૭ |
| ૧૬. | સેવાપોથીમાં તબીબી તપાસની નોંધ : | ૧૮ |
| ૧૭. | અશક્તતા પેન્શન મેળવતા પેન્શનરે પુનર્નિયુક્તિ પહેલાં તબીબી સમિતિનું પ્રમાણપત્ર રજૂ કરવાનું ફરજિયાત : | ૧૮ |
| ૧૮. | નિવૃત્તિ બાદ તુરત પુનર્નિયુક્તિ : | ૧૮ |
| ૧૯. | ખોડખાંપણ અંગે છૂટછાટની કોણ અને ક્યારે મંજૂરી આપી શકે : | ૧૮ |
| ૨૦. | ધારણાધિકારની પ્રાપ્તિ અને અંત : | ૧૮ |
| ૨૧. | એક જ સમયે સરકારી કર્મચારી દ્વારા જગાઓ પર ધારણાધિકાર ધરાવવા અંગેના નિયંત્રણો : | ૧૮ |
| ૨૨. | ધારણાધિકાર જળવાઈ રહેવો : | ૧૮ |
| ૨૩. | ધારણાધિકારની મોકૂફી : | ૧૯ |
| ૨૪. | પૂર્વલક્ષી ધારણાધિકાર મોકૂફી અને પરિણામી બઢતી : | ૨૦ |
| ૨૫. | ધારણાધિકાર કે મોકૂફ રાખેલ ધારણાધિકારની સમાપ્તિ ક્યારે ન કરી શકાય : | ૨૦ |
| ૨૬. | બીજી જગા પર ધારણાધિકારની તબદીલી : | ૨૦ |
| ૨૭. | ઓછો પગાર ધરાવતી જગાએ બદલી પરવાનગી પાત્ર : | ૨૧ |
| ૨૮. | પગાર અને ભથ્થાં કઈ તારીખથી અસરકારક બને : | ૨૧ |

| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૨૯. | બદલી ઉપર છૂટા થનાર કર્મચારીએ બદલીની જગાએ હાજર થવાની સંભવિત તારીખની જાણ હવાલો સોંપનાર કર્મચારીને કરવા બાબત : | ૨૧ |
| ૩૦. | હવાલો સોંપવાની તારીખ કઈ રીતે નિશ્ચિત કરવી : | ૨૧ |
| ૩૧. | હવાલાની લેવડ-દેવડ મુખ્ય મથકમાં હવાલો સુપરત કરનાર તથા સંભાળનાર સરકારી કર્મચારીઓની હાજરીમાં કરવી : | ૨૧ |
| ૩૨. | બઢતીની તારીખ કઈ રીતે નિશ્ચિત કરવી : | ૨૨ |
| ૩૩. | પ્રોવિડન્ટ અને અન્ય ફંડ : | ૨૨ |
| ૩૪. | સરકારી કર્મચારીનો સંપૂર્ણ સમય સરકારના નિયમનપાત્ર છે : | ૨૨ |
| ૩૫. | હંગામી સરકારી કર્મચારીની નોકરીની સમાપ્તિ : | ૨૨ |
| ૩૬. | સરકારી નોકરીમાંથી રાજીનામું : | ૨૨ |
| | **પ્રકરણ - ૪** | |
| | **સેવાના રેકર્ડની જાળવણી** | |
| ૩૭. | ખાતાના વડા અધિકારીઓના સેવાના રેકર્ડની જાળવણી : | ૨૫ |
| ૩૮. | રાજપત્રિત અને બિનરાજપત્રિત સરકારી કર્મચારીઓના સેવાપોથીની જાળવણી : | ૨૫ |
| ૩૯. | સેવા પત્રકની જાળવણી : | ૨૬ |
| ૪૦. | સેવાપોથીમાં પ્રસંગોની તથા જન્મ તારીખની નોંધ કરવાની પદ્ધતિ : | ૨૬ |
| ૪૧. | નિમ્નપદે રાજ્યેત્તરોહણ કે નોકરીમાંથી દૂર કરવા વગેરેના કારણો સેવાપોથીમાં દર્શાવવા બાબત : | ૨૮ |
| ૪૨. | ચારિત્ર્ય અંગેના વ્યક્તિગત પ્રમાણપત્રનો સમાવેશ સેવાપોથીમાં નહિ કરવા બાબત : | ૨૮ |
| ૪૩. | કચેરીના વડા અધિકારીએ સરકારી કર્મચારીને તેની સેવાપોથી બતાવવા બાબત : | ૨૮ |
| ૪૪. | બદલી પ્રસંગે સેવાપોથી પૂર્ણ કરી મોકલી આપવા બાબત : | ૨૮ |
| ૪૫. | નોંધ કરવાની ખાતાના વડાની જવાબદારી : | ૨૮ |
| ૪૬. | સેવાપોથી અને સેવા પત્રકની વાર્ષિક ખરાઈ કરવા બાબત : | ૨૯ |
| ૪૭. | પોલીસ કર્મચારીઓના સેવા પત્રકની જાળવણી : | ૨૯ |
| ૪૮. | સેવાપોથી અને સેવા પત્રકના નિરીક્ષણ બાબત : | ૨૯ |
| ૪૯. | નોકરીની સમાપ્તિ બાદ સરકારી કર્મચારીને તેમની સેવાપોથી સુપરત નહિ કરવા બાબત : | ૩૦ |
| ૫૦. | નોકરીના રેકર્ડમાંથી વીમા કંપનીઓને ઉતારા આપવા બાબત : | ૩૦ |
| | **પ્રકરણ - ૫** | |
| | **વૈજ્ઞાનિક અને ટેકનિકલ સંશોધનમાં રોકાયેલ સરકારી કર્મચારીઓને (એકાધિકાર) પેટન્ટ આપવા બાબત** | |
| ૫૧. | સરકારી કર્મચારીએ કરેલ સંશોધન અંગે તેને એકાધિકાર (પેટન્ટ) મેળવવા ઉપર નિયંત્રણ બાબત : | ૩૧ |
| ૫૨. | નિયમ-૫૧ લાગુ પાડવા બાબત સરકારનો નિર્ણય આખરી : | ૩૧ |
| | **પ્રકરણ - ૬** | |
| | **રદ કરવા બાબત અને અપવાદો** | |
| ૫૩. | રદ કરવા બાબત અને અપવાદો : | ૩૨ |
| | પરિશિષ્ટ - ૧ ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ હેઠળ જેઓને સત્તા સુપરત કરવામાં આવી છે તે અધિકારીઓ | ૩૩ |
| | પરિશિષ્ટ - ૨ ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ ના વિવિધ નિયમ સમુચ્ચયોના હેતુ માટે ખાતાના વડા તરીકે ગણવામાં આવેલા અધિકારીઓની સૂચિ | ૩૬ |

| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| પરિશિષ્ટ - ૩ | ઉમેદવારોની શારીરિક યોગ્યતાની તપાસણી અંગેના નિયમો | ૪૧ |
| અનુસૂચિ - ક | | ૪૬ |
| અનુસૂચિ - ખ | માન્ય જોગવાઈઓ સંબંધના નિયમનો | ૪૬ |
| | જોડાણ - એ દરેક સેવાઓ માટે પ્રાથમિક દૃષ્ટિ ધોરણ | |
| | જૂથ - ક | ૪૭ |
| | જૂથ - ખ | ૪૭ |
| | જૂથ - ગ | ૪૭ |
| | જૂથ - ઘ | ૪૭ |
| | જૂથ - ચ | ૪૭ |
| | જોડાણ - ખ નિર્ણાયક મંડળના માર્ગદર્શન માટેના નિયમો | ૪૯ |
| અનુસૂચિ - ગ | શારીરિક યોગ્યતાની તપાસ કરાવવા જતા ઉમેદવારે લઈ જવાનો જાણકારી પત્ર | ૫૦ |
| અનુસૂચિ - ઘ | તબીબી તપાસ માટે મોકલવામાં આવતા ઉમેદવારે કરવાના એકરારનો નમૂનો | ૫૧ |
| પરિશિષ્ટ - ૪ | નોકરીનું પ્રમાણપત્ર | ૫૨ |
| પરિશિષ્ટ - ૫ | જે સરકારી કર્મચારીઓની ફરજોમાં વૈજ્ઞાનિક અથવા ટેકનિકલ સંશોધનનો સમાવેશ થતો હોય, તેઓએ કરેલી શોધના એકાધિકાર (પેટન્ટ) ને નિયમન કરતી સૂચનાઓ | ૫૪ |
| | એકાધિકાર કચેરીને પરભારી એકાધિકાર પ્રાપ્ત કરવાની અરજી ફાઈલ કરવા અંગેની વિનંતી તથા તે સાથે જોડવાનું કામચલાઉ વિશિષ્ટ વિગતવર્ણન | ૫૭ |


---

# ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકૂફી, બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨

## અનુક્રમણિકા


| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | **પ્રકરણ - ૧ - સામાન્ય** | |
| ૧. | ટૂંકી સંજ્ઞા અને આરંભ : | ૧ |
| ૨. | વ્યાપ્તિ : | ૧ |
| ૩. | અર્થઘટનની સત્તા : | ૧ |
| ૪. | છૂટછાટની સત્તા : | ૧ |
| ૫. | કરારની શરતોની કાયદેસરતા : | ૧ |
| ૬. | પગાર, ભથ્થાં અને રજાની માગણીઓનું નિયમન : | ૧ |
| ૭. | સત્તા વાપરવા બાબત અને તેની સોંપણી બાબત : | ૧ |
| ૮. | છૂટછાટના કારણો ઓડિટ અધિકારીને દર્શાવવા બાબત : | ૨ |
| | **પ્રકરણ - ૨ - વ્યાખ્યા** | |
| ૯. | વ્યાખ્યા : | ૩ |
| | **પ્રકરણ-૩ - ફરજ પર જોડાવાનો સમય** | |
| ૧૦. | ક્યારે મળવાપાત્ર : | ૧૫ |
| ૧૧. | અન્ય સરકારો હેઠળ નવી જગા પર નિમણૂક મળી હોય તેવા કાયમી સરકારી કર્મચારીને ફરજ પર જોડાવા માટેનો મળવાપાત્ર સમય : | ૧૫ |
| ૧૨. | એક જ મથકે નિમણૂકમાં ફેરફાર : | ૧૫ |
| ૧૩. | બીજા સરકારી કર્મચારી સાથે પ્રવાસમાં જોડાવા માટેનો સમય : | ૧૬ |
| ૧૪. | અનુસંધાને આવતી રજાઓને કારણે ફરજ પર જોડાવાનો સમયમાં લંબાવવો : | ૧૬ |
| ૧૫. | જોડાવાના સમયની ગણતરી કેવી રીતે કરવી : | ૧૬ |
| ૧૬. | એક જગાએથી બીજી જગાએ જતો હોય તે સમય દરમ્યાન નિમણૂકમાં ફેરફાર કરવામાં આવે ત્યારે મળવાપાત્ર ફરજ પર જોડાવાનો સમય : | ૧૭ |
| ૧૭. | એક જગાએથી બીજી જગાએ જવાના સમય દરમ્યાન લીધેલ રજા : | ૧૭ |
| ૧૮. | રજા દરમ્યાન નિમણૂક થતાં ફરજ પર જોડાવાના સમયની ગણતરી : | ૧૭ |
| ૧૯. | હવાલો સોંપવાના સ્થળેથી જોડાવવાના સમયની ગણતરી : | ૧૮ |
| ૨૦. | પ્રવાસ દરમ્યાન પ્રવાસના સ્થળે જ મુખ્ય મથક બદલાય તેવા કિસ્સામાં જૂના મુખ્ય મથકથી નવા મુખ્ય મથકે જોડાવાના સમયની ગણતરી : | ૧૮ |
| ૨૧. | ફરજ પર જોડાવાના સમયની મંજૂરી માટે ખાસ જોગવાઈઓ : | ૧૮ |
| ૨૨. | વર્કચાર્જ્ડ કર્મચારીગણને મળવાપાત્ર ફરજ પર જોડાવાનો સમય : | ૧૮ |
| ૨૩. | વેકેશન દરમ્યાન બદલી : | ૧૮ |
| ૨૪. | વેકેશનને રજા સાથે જોડવામાં આવે ત્યારે મળવાપાત્ર ફરજ પર જોડાવાનો સમય : | ૧૮ |
| ૨૫. | જ્યારે હવાલામાં વિવિધ ભંડાર (સ્ટોર્સ) કે છૂટક કે વિસ્તરિત કામો અથવા કચેરીઓનો સમાવેશ થતો હોય ત્યારે ફરજ પર જોડાવાનો સમય લંબાવી આપવા બાબત : | ૧૮ |
| ૨૬. | ફરજ પર જોડાવાના સમયનો સરકાર દ્વારા લંબાવવો : | ૧૮ |
| ૨૭. | કયા સંજોગોમાં ફરજ પર જોડાવાનો સમય સક્ષમ સત્તાધિકારી લંબાવી શકે : | ૧૮ |
| ૨૮. | ઓડિટ અધિકારી દ્વારા નિયમ-૨૭ હેઠળની છૂટછાટ સંબંધે સરકારને અહેવાલ મોકલવા ખાતાના વડાને કાર્યવાહી કરવાની જાણ કરવા બાબત : | ૧૯ |

| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૨૯. | પોતાની વિનંતીથી થયેલી બદલીના પ્રસંગે ફરજ પર જોડાવવાનો સમય મળવાપાત્ર નથી : | ૧૯ |
| ૩૦. | અતિરોકાણ : | ૧૯ |
| ૩૧. | ફરજ પર જોડાવાના સમય દરમ્યાન પગાર : | ૧૯ |
| ૩૨. | અન્ય સરકાર હેઠળની જગાએ જોડાવા માટે મળતો જોડાવાનો સમય : | ૨૦ |
| | **પ્રકરણ-૪ - રાજ્યેતર સેવા** | |
| ૩૩. | વ્યાપ : | ૨૧ |
| ૩૪. | આ નિયમો અમલમાં આવ્યા બાદ રાજ્યેતર સેવામાં થયેલ બદલી નવી બદલી ગણાશે : | ૨૧ |
| ૩૫. | રાજ્યેતર સેવામાં બદલી ક્યારે અસ્વીકાર્ય : | ૨૧ |
| ૩૬. | સંમતિ વિના રાજ્યેતર સેવામાં બદલી કરી શકાય નહિ : | ૨૧ |
| ૩૭. | રજા દરમ્યાન રાજ્યેતર સેવામાં બદલી : | ૨૧ |
| ૩૮. | રાજ્યેતર સેવાના નિયોક્તા પાસેથી પગાર આકારણીની તારીખ : | ૨૧ |
| ૩૯. | રાજ્યેતર સેવામાંના સરકારી કર્મચારીઓના મહેનતાણાના નિયમન અંગેના સિદ્ધાંતો : | ૨૧ |
| ૪૦. | રાજ્યેતર સેવામાં બદલી પ્રસંગે કરવાની શરતો અને બોલીઓ : | ૨૨ |
| ૪૧. | નિવૃત્તિ પૂર્વેની રજા દરમ્યાન રાજ્યેતર સેવાનું નિયમન : | ૨૩ |
| ૪૨. | નિવૃત્તિ બાદ રાજ્યેતર સેવામાં ચાલુ રહેવા બાબત : | ૨૩ |
| ૪૩. | રાજ્યેતર સેવા દરમ્યાન રાજપત્રિત સરકારી કર્મચારીને સિવિલ સર્જનની સારવાર પ્રાપ્ય કરાવવા માટેની શરતો : | ૨૩ |
| ૪૪. | પેન્શન અને રજાના પગારના ખર્ચનો ફાળો ચૂકવવા માટે સરકારી કર્મચારીની પ્રાથમિક જવાબદારી : | ૨૩ |
| ૪૫. | પેન્શન અને રજાના પગારના ફાળાના દર : | ૨૪ |
| ૪૬. | અમુક કિસ્સાઓમાં ફાળાની માફી : | ૨૪ |
| ૪૭. | ફાળાની ચૂકવણી મુલતવી રાખી શકાય નહિ : | ૨૪ |
| ૪૮. | ફાળો ચૂકવ્યો હોય ત્યારે પેન્શન અને રજાના પગારનો દાવો : | ૨૪ |
| ૪૯. | ચડી ગયેલા ફાળા પર ચૂકવવાના વ્યાજનો દર : | ૨૫ |
| ૫૦. | ચઢેલ વ્યાજની માફી : | ૨૫ |
| ૫૧. | ફાળો નહિ ભરવાના પરિણામ : | ૨૫ |
| ૫૨. | રાજ્યેતર સેવામાંથી પરત આવતા, પગાર અને ફાળો આપવાનો બંધ થવાની તારીખ : | ૨૫ |
| ૫૩. | બળિયા ટાંકનારાઓના ફાળાઓની યાદી : | ૨૫ |
| ૫૪. | રાજ્યેતર સેવામાંથી પુનરાગમન / પાછા બોલાવી લેવા : | ૨૫ |
| ૫૫. | કઈ તારીખની અસરથી રાજ્યેતર સેવામાંથી પરત આવેલ ગણાય : | ૨૬ |
| ૫૬. | રાજ્યેતર સેવામાંના સરકારી કર્મચારીએ રજા અથવા રજાનો પગાર સ્વીકારવા અંગેની તેની વ્યક્તિગત જવાબદારી : | ૨૬ |
| ૫૭. | રાજ્યેતર સેવાના કર્મચારીએ રજા અને રજા પગારના નિયમોથી પોતાને વાકેફ રાખવા જોઈએ : | ૨૬ |
| ૫૮. | ભારતમાં રાજ્યેતર સેવા દરમ્યાન રજા અને રજાના પગારની ચૂકવણીની મંજૂરી : | ૨૬ |
| ૫૯. | ભારત બહાર રાજ્યેતર સેવા દરમ્યાન રજાની મંજૂરી : | ૨૬ |
| ૬૦. | રાજ્યેતર સેવા દરમ્યાન ભારત / ભારત બહારની નોકરીની ગણતરી : | ૨૬ |
| ૬૧. | મંજૂરી સિવાય, રાજ્યેતર સેવાના નિયોક્તા પાસેથી પેન્શન કે ગ્રેજ્યુઈટીનો સ્વીકાર બિનપરવાનગી પાત્ર : | ૨૭ |
| ૬૨. | રાજ્યેતર સેવા દરમ્યાન સરકારી કર્મચારીની તેની સંવર્ગમાં બઢતીના નિયમન અંગે સિદ્ધાંતો : | ૨૭ |
| ૬૩. | રાજ્યેતર સેવામાં બે કે વધુ જગાઓ ધારણ કરનારના પગારની બાંધણી : | ૨૭ |

| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૬૪. | સરકારની સેવામાં નિયુક્તિ દરમ્યાન પગાર બાંધણી માટે રાજ્યેતર સેવાનો પગાર ગણતરીમાં નહિ લેવા બાબત : | ૨૭ |
| ૬૫. | જેમના લાભ માટે કે જેમની વિનંતીથી જગાઓ ઊભી કરવામાં આવી હોય તેમની પાસેથી મહેકમના ખર્ચ અંગે કરવાની થતી વસૂલાત : | ૨૮ |
| | **પ્રકરણ-૫ - ફરજમોકૂફી, બરતરફી અને રૂખસદ** | |
| ૬૬. | બરતરફી અથવા રૂખસદની તારીખથી પગાર અને ભથ્થાનો અંત : | ૨૯ |
| ૬૭. | ફરજમોકૂફી દરમ્યાન રજા મળવાપાત્ર નથી : | ૨૯ |
| ૬૮. | ફરજમોકૂફી દરમ્યાન નિર્વાહ ભથ્થુ અને વળતર ભથ્થા : | ૨૯ |
| ૬૯. | નિર્વાહ ભથ્થામાંથી સરકારી લેણાં વસૂલ લેવા બાબત અને ફરજમોકૂફી દરમ્યાન નોકરી ન સ્વીકાર્યા બાબતનું પ્રમાણપત્ર : | ૩૦ |
| ૭૦. | જ્યારે સરકારી કર્મચારીની અપીલ કે પુનઃસમીક્ષાને પરિણામે તેની બરતરફી, રૂખસદ કે ફરજમોકૂફી રદ કરી નોકરીમાં પુનઃસ્થાપિત કરવામાં આવેલ હોય તો તેની ફરજ પરની ગેરહાજરીની મુદ્દત માટે પગાર અને ભથ્થાનું નિયમન : | ૩૧ |
| ૭૧. | નોકરીમાં પુનઃસ્થાપનાના સમયે ફરજમોકૂફીની મુદ્દતનું રજામાં પરિવર્તન : | ૩૨ |
| ૭૨. | કોઈ કાયદા હેઠળ ગિરફતાર કે અટક કરવામાં આવેલ સરકારી કર્મચારીને નિર્વાહ ભથ્થાની ચૂકવણી : | ૩૩ |
| ૭૩. | નિર્વાહ ભથ્થુ આખરી ચૂકવણી સામે સરભર કરવા બાબત : | ૩૩ |
| ૭૪. | પાયરી કે જગા ઉતાર, રૂખસદ કે બરતરફીના પરિણામે, તેના એક વર્ષ બાદ ખાલી પડેલી જગાઓ કાયમી ધોરણે ભરવા બાબત : | ૩૩ |
| ૭૫. | નોકરીમાં પુનઃસ્થાપનાથી પગાર અને ભથ્થાની મંજૂરી કાર્યકારી ગોઠવણ રદ કરી શકે : | ૩૩ |
| | **પ્રકરણ-૬ - ભારત બહાર પ્રતિનિયુક્તિ** | |
| ૭૬. | અભ્યાસની રજા મંજૂર કરવાથી ધ્યેય પાર પડે તેમ હોય ત્યારે ભારત બહાર પ્રતિનિયુક્તિ પરવાનગીપાત્ર નથી : | ૩૪ |
| ૭૭. | ભારત બહાર પ્રતિનિયુક્તિ દરમ્યાન પગાર અને વળતર ભથ્થાની પાત્રતા : | ૩૪ |
| ૭૮. | પરદેશમાં રજા દરમ્યાન વ્યક્તિની પ્રતિનિયુક્તિ : | ૩૪ |
| ૭૯. | ભારત બહાર પ્રતિનિયુક્તિના સમયની ગણતરી : | ૩૪ |
| ૮૦. | ભારત સરકારે ઠરાવ્યા પ્રમાણેના દરે માનદ્ વેતન તૂલ્ય રકમની વિદેશી હૂંડિયામણની ગણતરી : | ૩૪ |
| ૮૧. | ભારત બહાર પ્રતિનિયુક્તિ દરમ્યાન રજાના પગાર અને પેન્શનપાત્ર પગારની ગણતરી માટે પગારનો નિર્ણય યોગ્ય અધિકારી કરશે : | ૩૪ |
| ૮૨. | વિદેશી ચલણમાં પગારના હિસ્સાની આકારણી : | ૩૫ |
| ૮૩. | પરદેશમાં પ્રતિનિયુક્તિ દરમ્યાન મુસાફરી ભથ્થું : | ૩૫ |
| ૮૪. | વિભિન્ન તાલીમી યોજનાઓ હેઠળ પરદેશમાં તાલીમ લેવા માટે પ્રયોજિત કરવામાં આવેલ સરકારી કર્મચારીની પ્રતિનિયુક્તિ અંગેની શરતો અને બોલીઓ : | ૩૫ |
| ૮૫. | પોલીસ મહાનિદેશક, પોલીસ કમિશનર અથવા નિયામક, તબીબી સેવાઓ અને આરોગ્ય અને તબીબી શિક્ષણ અને સંશોધનના આદેશાનુસાર ભારત બહાર પ્રતિનિયુક્તિ : | ૩૫ |
| | **પ્રકરણ - ૬ - રદ કરવા બાબત અને અપવાદ** | |
| ૮૬. | રદ કરવા બાબત અને અપવાદ : | ૩૬ |
| | પરિશિષ્ટ - ૧ ગુજરાત મુલ્કી સેવા (હાજર થવાનો સમય, ફરજમોકૂફી વગેરે) નિયમો, ૨૦૦૨ હેઠળ જેઓને સત્તા સુપરત કરવામાં આવી છે તે અધિકારીઓ | ૩૭ |
| | પરિશિષ્ટ - ૨ ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ ના વિવિધ નિયમ સમુચ્ચયોના હેતુ માટે ખાતાના વડા તરીકે ગણવામાં આવેલા અધિકારીઓની સૂચિ | ૪૧ |

| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| પરિશિષ્ટ - ૩ | સરકારી કર્મચારીઓની રાજ્યેત્તર સેવામાં પ્રતિનિયુક્તિ અંગેની પ્રમાણભૂત શરતો અને બોલીઓ | ૪૬ |
| પરિશિષ્ટ - ૪ | રાજ્યેત્તર સેવામાં સરકારી કર્મચારીઓની બદલી અંગે માર્ગદર્શક સૂચનાઓ | ૪૮ |
| પરિશિષ્ટ - ૫ | રાજ્યેત્તર સેવાના સરકારી કર્મચારીઓના કિસ્સામાં રજા અને પેન્શનના ફાળા અંગેની વસૂલાતના નિયમન અંગેના નિયમો | ૫૧ |
| પરિશિષ્ટ - ૬ | ભારત બહારની પ્રતિનિયુક્તિના સમયગાળા માટે મુસાફરી ભથ્થાં તથા પેસેજના નિયમન અંગેના નિયમો | ૫૩ |
| પરિશિષ્ટ - ૭ | તાલીમ માટે વિદેશમાં મોકલવામાં આવતા સરકારી કર્મચારીઓને પગાર અને ભથ્થા, આવવા - જવા અંગેના પેસેજ વગેરે મંજૂર કરવા અંગેની શરતો અને બોલીઓ | ૫૫ |
| ફોર્મ - એ | તાલીમ માટે વિદેશમાં પ્રતિનિયુક્તિ પર જતા સરકારી કર્મચારીએ કરી આપવાનું ખત | ૫૮ |
| ફોર્મ - બી | જામીનખત | ૫૯ |
| ફોર્મ - સી | જેમને વિદેશમાં તાલીમ અંગેની પ્રતિનિયુક્તિ / તાલીમ અંગેની રજા લંબાવી આપેલી હોય તેવા સરકારી કર્મચારીએ કરી આપવાનું પૂરક ખત | ૬૦ |
| ફોર્મ - ડી | પૂરક જામીનખત | ૬૧ |


---

## ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | **પ્રકરણ - ૧ - સામાન્ય** | |
| ૧. | ટૂંકી સંજ્ઞા અને આરંભ : | ૧ |
| ૨. | વ્યાપ્તિ : | ૧ |
| ૩. | અર્થઘટનની સત્તા : | ૧ |
| ૪. | છૂટછાટની સત્તા : | ૧ |
| ૫. | કરારની શરતોની કાયદેસરતા : | ૧ |
| ૬. | પગાર, ભથ્થાં અને રજાની માગણીઓનું નિયમન : | ૧ |
| ૭. | સત્તા વાપરવા બાબત અને તેની સોંપણી બાબત : | ૧ |
| ૮. | છૂટછાટના કારણો ઓડિટ અધિકારીને દર્શાવવા બાબત : | ૨ |
| | **પ્રકરણ - ૨ - વ્યાખ્યા** | |
| ૯. | વ્યાખ્યા : | ૩ |
| | **પ્રકરણ - ૩ - સામાન્ય શરતો** | |
| ૧૦. | રજાનો હક : | ૧૬ |
| ૧૧. | રજાની અરજીની મંજૂરી માટે વિચારણા : | ૧૬ |
| ૧૨. | રજાની મંજૂરીથી સંવર્ગનું સંખ્યાબળ અનુચિત પ્રમાણમાં ઘટવું ન જોઈએ : | ૧૬ |
| ૧૩. | સામાન્યતઃ એ જ મથકના અથવા જિલ્લાના બીજા સરકારી કર્મચારી મારફતે રજા પર ગયેલા સરકારી કર્મચારીની ફરજોની બજવણી : | ૧૬ |
| ૧૪. | રજાના એક પ્રકારનું બીજા પ્રકારમાં રૂપાંતર : | ૧૬ |
| ૧૫. | જુદા જુદા પ્રકારની રજાઓનું સંયોજન : | ૧૭ |
| ૧૬. | સળંગ રજાની મહત્તમ મુદત : | ૧૭ |
| ૧૭. | ફરી રજા લેવાના આશયથી રજાના અંતે ઔપચારિક રીતે ફરજ પર હાજર થવાની પરવાનગીનો નિષેધ : | ૧૭ |
| ૧૮. | અન્ય સરકારની સેવામાં હંગામી બદલી વખતે અથવા રાજ્યેતર સેવા દરમ્યાન નિયમોનો અમલ : | ૧૭ |
| ૧૯. | રાજ્યેતર સેવા દરમ્યાન પ્રતિનિયુક્તિ કે રાજ્યેતર સેવાની સમાપ્તિ વેળાએ રજા પગારની ચૂકવણી અને તેની ભરપાઈ (રીઈમ્બર્સમેન્ટ)ની પાત્રતા : | ૧૭ |
| ૨૦. | રજા દરમ્યાન નોકરી કે રોજગારીનો સ્વીકાર : | ૧૭ |
| ૨૧. | એક વર્ષની સળંગ નોકરી કરેલ હોય તેવી પ્રથમ નિમણૂક છોડી દીધા બાદ છ દિવસમાં ફરી નિમાયેલ હંગામી સરકારી કર્મચારીની રજા આગળ ખેંચવા બાબત : | ૧૮ |
| ૨૨. | નોકરીમાંથી છૂટા કરવાથી કે રાજીનામાથી રજાની સિલકનો અંત : | ૧૮ |
| ૨૩. | વળતર અથવા અશક્તતા પેન્શન પર નિવૃત્ત થયેલ સરકારી કર્મચારીને ફરી નોકરીમાં લેવામાં આવે તે પૂર્વેની નોકરી રજાના હેતુ માટે ગણવા બાબત : | ૧૮ |

| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | **પ્રકરણ - ૪ - રજાની મંજૂરી અને રજા પરથી પરત ફરવા બાબત** | |
| ૨૪. | રજા માટેની અરજી : | ૧૯ |
| ૨૫. | રજાનો હિસાબ : | ૧૯ |
| ૨૬. | રજાના હકની ચકાસણી : | ૧૯ |
| ૨૭. | રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી : | ૧૯ |
| ૨૮. | પગાર અને હિસાબ અધિકારી દ્વારા રજાની પાત્રતા પ્રમાણિત કર્યા બાદ જ ખાતાના વડાને રજાની અંતિમ મંજૂરી : | ૧૯ |
| ૨૯. | રજા ઉપર હોય અથવા હેરફેર (ટ્રાન્ઝીટ) દરમ્યાન એક ખાતા / કચેરીમાંથી બીજે બદલી કરવામાં આવેલ સરકારી કર્મચારીની રજાની મંજૂરી અને રજાના પગારની ચૂકવણી : | ૧૯ |
| ૩૦. | અમુક સંજોગોમાં રજાની નામંજૂરી : | ૧૯ |
| ૩૧. | ટૂંકા સમયાંતરે તબીબી પ્રમાણપત્ર આધારિત વારંવાર રજાની મંજૂરી : | ૧૯ |
| ૩૨. | તબીબી મંડળની રચના : | ૨૦ |
| ૩૩. | તબીબી મંડળ સમક્ષ સરકારી કર્મચારીની ઉપસ્થિતિ : | ૨૦ |
| ૩૪. | તબીબી મંડળની બેઠક બોલાવવી : | ૨૦ |
| ૩૫. | સરકારી કર્મચારીને માંદગીના કારણોસર રજાની મંજૂરી : | ૨૦ |
| ૩૬. | ચોથા વર્ગના સરકારી કર્મચારીઓને માંદગીના કારણોસર રજાની મંજૂરી : | ૨૦ |
| ૩૭. | તબીબી પ્રમાણપત્ર કાઢી આપવાનું નિયમન કરતી શરતો : | ૨૦ |
| ૩૮. | તબીબી પ્રમાણપત્રથી રજાનો હક્ક પ્રસ્થાપિત થતો નથી : | ૨૧ |
| ૩૯. | રજા પરથી ફરજ પર પાછા ફરવાની સંભાવના ન હોય તેવા સરકારી કર્મચારીને રજા : | ૨૧ |
| ૪૦. | રજાનો પ્રારંભ અને સમાપ્તિ : | ૨૨ |
| ૪૧. | રજાના દિવસોનું જાહેર રજા સાથે સંયોજન : | ૨૨ |
| ૪૨. | રજા પૂરી થતાં પહેલાં ફરજ પર પરત બોલાવવા : | ૨૩ |
| ૪૩. | રજા પરથી પરત આવવું : | ૨૩ |
| ૪૪. | રજા પૂરી થયા પછીની ગેરહાજરી : | ૨૪ |
| ૪૫. | રજા પૂરી થવાના અને રજા પરથી ફરજ પર હાજર થવાના સમય વચ્ચેનો સમયગાળો અતિક્રમણ (ઓવરસ્ટેયલ) ગણવા બાબત : | ૨૪ |
| | **પ્રકરણ - ૫ - લેણી અને મળવાપાત્ર રજાના પ્રકારો** | |
| ૪૬. | વેકેશન ખાતાઓ સિવાયના અન્ય ખાતાના કર્મચારી માટે પ્રાપ્ય રજા : | ૨૫ |
| ૪૭. | રજા પ્રવાસ રાહત સમયે પ્રાપ્ય રજાનું રોકડમાં રૂપાંતર : | ૨૬ |
| ૪૮. | વેકેશન ખાતું : | ૨૬ |
| ૪૯. | બે નિમણૂકો ધરાવતા સરકારી કર્મચારી : | ૨૭ |
| ૫૦. | વેકેશન ખાતામાં કામ કરતી વ્યક્તિઓને પ્રાપ્ય રજા : | ૨૭ |
| ૫૧. | અનુગામી અને પશ્ચાદગામી જાહેર રજાઓને વેકેશન સાથે જોડવા બાબત : | ૨૭ |
| ૫૨. | વેકેશન ખાતાના સરકારી કર્મચારીઓને પોતાના ખર્ચે રજા પરથી પરત બોલાવવા પાત્ર : | ૨૭ |
| ૫૩. | વેકેશન નહિ ભોગવ્યાનું ઓડિટને આપવાનું પ્રમાણપત્ર : | ૨૮ |
| ૫૪. | સરકારી કર્મચારીએ વેકેશનનો હિસ્સો ભોગવવા પર નિષેધ : | ૨૮ |
| ૫૫. | વેકેશન ખાતામાંથી નોન-વેકેશન ખાતામાં બદલી થતાં નોકરીના ગાળાની સમાપ્તિ : | ૨૮ |
| ૫૬. | પૂર્વસૂચના વિના વેકેશન ખાતાના સરકારી કર્મચારી રાજીનામું આપે તો તે પગારનો હકદાર નહિ : | ૨૮ |

| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૫૭. | અર્ધપગારી રજા : | ૨૮ |
| ૫૮. | રૂપાંતરિત રજા : | ૨૯ |
| ૫૯. | બિનજમા રજા : | ૩૦ |
| ૬૦. | અસાધારણ રજા : | ૩૧ |
| ૬૧. | અજમાયશી કે એપ્રન્ટીસને મળતી રજા : | ૩૧ |
| ૬૨. | નિવૃત્તિ બાદ પુનર્નિયુક્તોને મળતી રજા : | ૩૨ |
